# સ્વાધ્યાય

પુસ્તક ૧૨ દીપોત્સવી
અંક ૧ વિ. સં. ૨૦૩૦

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

સંપાદક
ભોગીલાલ જ. સાંડેસરા
નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા



ચિત્ર ૩
કમલાંકિત 'સમતલ' વિતાન, નીલકંઠ મન્દિર, નાડોલ
[ ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી ઢાંકીનો લેખ ]



ચિત્ર ૫
કમલાંકિત સમતલ વિતાન, રંગમંડપ, સોમેશ્વર મન્દિર, નાડોલ
[ ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી ઢાંકીનો લેખ ]

સ્વાધ્યાય

દીપોત્સવી, વિ. સં. ૨૦૩૦ પુસ્તક ૧૨

નવેમ્બર, ૧૯૭૪ અંક ૧

# હીરાણંદકૃત 'દીવાલી ગીત'

ભોગીલાલ જ. સાંડેસરા

હીરાણંદસૂરિ અથવા હીરાણંદ એ પીપલગચ્છના જૈન આચાર્ય હતા. મારુ-ગુર્જર ભાષાના તેઓ એક નોંધપાત્ર કવિ હતા. વિક્રમના પંદરમા શતકમાં તેઓ થઈ ગયા. શાન્તિસૂરિના શિષ્ય વીરદેવસૂરિના શિષ્ય વીરપ્રભસૂરિના તેઓ શિષ્ય હતા. વિદ્યાવિલાસની લોકકથાને પદ્ય-વારતાનું રૂપ આપતો તેમનો 'વિદ્યાવિલાસ પવાડો'[૧] સં. ૧૪૮૫માં રચાયો છે. મંત્રી વસ્તુપાલનું ઇતિવૃત્ત આલેખતો તથા એનાં સત્કૃત્યોને બિરદાવતો તેમનો ઐતિહાસિક 'વસ્તુપાલ રાસ'[૨] પણ એ જ વર્ષમાં રચાયો છે. એમના 'કલિકાલ રાસ'ની રચના સં. ૧૪૮૬માં થઈ છે, જ્યારે 'કલિયુગબત્રીસી'માં રચ્યાસાલ નથી. 'કલિકાલ રાસ'માં પ્રવર્તમાન વિષમ સમય પરત્વે સર્વસામાન્ય નિરૂપણ છે. જ્યારે 'કલિયુગબત્રીસી'માં, શ્રાવક-શ્રાવિકાઓમાં વરતાતી ભાવહીનતા પરત્વે ગુરુ પોતાના શિષ્ય આગળ બત્રીસ કડીઓમાં અસંતોષ વ્યક્ત કરે છે.[૩] 'સ્થૂલિભદ્ર બારમાસા' એ પણ હીરાણંદની એક નોંધપાત્ર રચના છે.[૪]

આ પહેલાં પ્રકાશિત થયેલી હીરાણંદની ઉપર્યુક્ત રચનાઓ ઉપરાંત નીચેની કૃતિઓ પણ અગાઉ જાણવામાં આવી છે—'દશાર્ણભદ્ર રાસ' અને 'જંબુસ્વામી વિવાહલો' (સં. ૧૪૯૫),[૫] 'સમ્યકત્વમૂલ બાર વ્રત રાસ' (સં. ૧૪૯૪) અને 'લક્ષ્મી-સરસ્વતી વિવાદ ગીત',[૬] 'દશાર્ણભદ્ર રાસ', 'શત્રુંજય ભાસ', 'નલરાજા ગીત', 'કર્મવિચાર ગીત', 'પ્રાસ્તાવિક કવિત્ત' અને 'અઢાર નાત્રાંની સજ્ઝાય.'[૭]

---

૧ મુદ્રિત: 'ગુર્જર રાસાવલી'માં (ગાયકવાડ્ઝ ઓરિયેન્ટલ સિરીઝ, ગ્રન્થ ૧૧૮), સંપાદકો: બ. ક. ઠાકોર, મોહનલાલ દેસાઈ અને મધુસૂદન મોદી.

૨ મુદ્રિત: 'સ્વાધ્યાય, પુ. ૧, અંક ૧ (ઑક્ટોબર ૧૯૬૩), સંપાદક: ભોગીલાલ સાંડેસરા.

૩ બંને મુદ્રિત: 'સ્વાધ્યાય', પુ. ૧૧, અંક ૧ (ઑક્ટોબર, ૧૯૭૩), સંપાદક: ભોગીલાલ સાંડેસરા.

૪ મુદ્રિત: 'બારમાસા સંગ્રહ', ખંડ ૧, સંપાદક: શિવલાલ જેસલપુરા.

૫ 'જૈન ગુર્જર કવિઓ', ભાગ ૧, પૃ. ૨૬-૨૭.

૬ 'સ્વાધ્યાય', પુ. ૧૧, પૃ. ૪૧.

૭ 'બારમાસા સંગ્રહ', ખંડ ૧, પ્રસ્તાવના, પૃ. ૩.

હીરાણંદકૃત 'દીવાલી ગીત'ની નોંધ આ પહેલાં ક્યાંય લેવાઈ નથી. વડોદરા યુનિવર્સિટીના ગુજરાતી વિભાગની હસ્તલિખિત સંગ્રહપોથી નં. ૧૨૭ના પત્ર ૮ ઉપર આ ગીત લખાયેલું છે. આ સંગ્રહપોથીમાંની અનેક કૃતિઓની નકલ ભુવનવલ્લભગણિ નામે જૈન સાધુએ સં. ૧૫૫૯ અને ૧૫૬૦માં કરેલી હોઈ આ ગીતની નકલ પણ એ અરસામાં થઈ હશે એવું અનુમાન થાય. ('સ્વાધ્યાય'ના ગયા અંકમાં છપાયેલું અજ્ઞાત કવિકૃત 'સત્યભામા ગીત' પણ એ પોથીમાંથી મળેલું છે.) પ્રસ્તુત 'દીવાલી ગીત'માં દિવાળીના ઉત્સવનું અધ્યાત્મ દૃષ્ટિએ રૂપકપ્રધાન રોચક વર્ણન હીરાણંદે કર્યું છે. ગીતને અંતે હીરાણંદ કહે છે: "આમ (આધ્યાત્મિક, સદાચરણપ્રધાન) દિવાળી જે કરે છે તે અપાર સુખ પામે છે. (આ સિવાય) બીજું સહુ કારમું-કૃત્રિમ છે; સાચા આ વિચારો છે."

## મૂલ કાવ્ય

### રાગ મારુણી ધન્યાસી

તીરથ માહિઇં જગિ વડઉં, સેત્તુજ તીરથરાઉ;
પરવ દીવાલી જગિ વડઉં, ઘરિ ઘરિ મંગલચાર. ૧

દીવાલી દિન આવીઉ, તિહાં દિન દિન ધન સુવિહાંણુ;
વીરઇં સિવસુખ પ્રામીઉં, ગોયમ કેવલ નાંણ. ૨

નિઘટ સઘટ ઘર લીંપીઇ, પાત્રહ દીજઇ દાંન;
નિરમલ સીલિઇ ધવલીઇ, થાઇ અમર વિમાન. ૩

દીવાલી તપ દીવડુ, દુરીયાં કરઇ વિણાસ;
ભાવના જલભરિ ન્હાહીઇ, મંગલ ધવલ વિલાસ. ૪

સ્વેત પટુલા પહિરીઇ, વિનય વિવેક વિચાર;
જિનવરપૂજા મુંદ્રડી, હાર હીઇ નવકાર. ૫

સમકિત સાલ સોહામણાં, પંચ સુમતિ પકવાન;
ઉપશમ દાલિ સુઆલડી, આદર સુધૃત સમાન. ૬

સાચૂં વયણ સવિ સાલણાં, જીવદયા રસ ઘોલ;
સલલિત વયણ સહિગુરુ તણાં, નિત નિત નવ રે તંબોલ. ૭

નિત નિત ગોયમ ગાઇઇ, તેહ નમતાં વીર જિણંદ;
ચઉવિહ સંઘ વધામણૂં, બોલઇ **હીરાણંદ.** ૮

ઇમ દીવાલી જે કરઇ, તે સુખ લહઇ અપાર;
બીજૂં સહૂઇ કારિમૂં, સાચા એહ વિચાર. ૯

॥ ઇતિ દીવાલી ગીતં ॥

# સર્વહિતૈષી શ્રીકૃષ્ણ

ઉપેન્દ્રરાય જ. સાંડેસરા

(સ્વાધ્યાય, પુ. ૧૧, અંક ૪, પૃ. ૩૨૩ થી ચાલુ)

બીજે દિવસે પ્રભાતમાં પ્રાતઃકાળની ધર્મક્રિયાઓ પતાવીને પાંડવો તેમ જ યાદવો—શ્રીકૃષ્ણ, સાત્યકિ-ભીષ્મ પાસે આવ્યા. ભીષ્મનું પ્રવચન ચાલુ થયું. ત્યારબાદ તેના અનુસંધાનમાં યુધિષ્ઠિરે પ્રશ્ન કરતાં પિતામહ ભીષ્મે ચાર વર્ણના અને ચાર આશ્રમના ધર્મો (કર્તવ્યો) કહેવા માંડ્યા. તેમાં ગઈ કાલની જેમ આજે પણ એમણે

> नमो धर्माय महते नमो कृष्णाय वेधसे ।
> ब्राह्मणेभ्यो नमस्कृत्वा धर्मान्वक्ष्यामि शाश्वतान् ॥ १२-६०-६

એ શબ્દો પુનઃ ઉચ્ચાર્યા અને પ્રવચનનો આરંભ કર્યો. [એટલે એમ ભાસે છે કે પિતામહ દરરોજ પ્રવચનનો આરંભ આ રીતે ધર્મ, ધર્મરૂપ શ્રીકૃષ્ણ અને બ્રહ્મવેત્તાઓને નમન કરીને કરતા હશે.]

[પિતામહનાં પ્રવચનો 'શાન્તિપર્વ' અને 'અનુશાસનપર્વ' એ બે વિશાળ પર્વોમાં સંગૃહીત છે. એમાં મહાભારતરૂપી જ્ઞાનહિમાલયનાં રત્નોની અખૂટ ખાણો ધરાવતાં ગગનચુમ્બી શિખરો છે, અથવા મહાભારતરૂપી મહાસાગરના અથાગ ઊંડાણવાળા અનેક રત્નાકર સમુદ્રો છે.]

આ પ્રવચનોમાં અવારનવાર શ્રીકૃષ્ણને લગતા કેટલાક સંદર્ભો આવે છે. તેમાંના મહત્ત્વના નીચે પ્રમાણે છે :

## (क) શાન્તિપર્વના સંદર્ભ

**अ. ૮૨.** કંસવધ પછી યાદવોનું સત્તાવાર નેતૃત્વ ઉગ્રસેન જેવા નબળા હાથમાં પડ્યું. પરિણામે ઈર્ષ્યાળુ યાદવોના કુસંપના ઝેરી ડંખ શ્રીકૃષ્ણને પણ વેઠવા પડ્યા. એમણે નયવેત્તા નારદની સલાહ લીધી. નારદે એમને સંયમ અને ઋજુતાથી કામ લેવા સલાહ આપી. (જુઓ ખંડ ૧, પ્રકરણ ૫, 'કંસચાણૂરમર્દક'.)

**अ. ૧૧૧.** સંકટોને કોણ તરી જાય?...રજસ્-તમસ્‌ને શાન્ત કરી સત્ત્વમાં સ્થિર રહેનારા ...,નારાયણના ભક્તો; અર્થાત્ રક્ત કમળ સમાન નેત્રોવાળા, પીતાંબરધારી, સર્વવ્યાપક અને યુધિષ્ઠિરના સુહૃદ્, ભ્રાતા અને મિત્ર તથા સંબન્ધી પુરુષોત્તમ શ્રીકૃષ્ણનો ભક્તિથી આશ્રય લેનારા, આ લોકનાં અને પરલોકનાં દુસ્તર સંકટોને તરી પાર કરી જાય.

**अ. ૨૦૦.** અપરાજિત ગોવિન્દનું તાત્ત્વિક સ્વરૂપ શું? જામદગ્ન્ય રામ, દેવર્ષિ નારદ, કૃષ્ણ દ્વૈપાયન, અસિત, દેવલ, મહાતપસ્વી વાલ્મીકિ અને માર્કણ્ડેય (આ આચાર્યો) ગોવિન્દના

અદ્‌ભુત માહાત્મ્યને વર્ણવે છે...આ કેશવ ભગવાન ઈશ્વર, પ્રભુ અને પુરુષ છે. એ અન્તર્યામીએ મહાભૂતો સર્જ્યાં. જળમાં શયન કર્યું. એમની નાભિમાંથી કમળ ઊગ્યું. તેમાં પિતામહ બ્રહ્મા જન્મ્યા. બ્રહ્માને તમસ્‌માંથી સૌથી પ્રથમ જન્મેલ ( અર્થાત્ તમસ્‌નું પ્રતીક ) મધુ દૈત્ય મારવા ઇચ્છતો હતો, પરન્તુ ભગવાને એ દૈત્યને માર્યો માટે તે મધુસૂદન કહેવાયા. એ પછી બ્રહ્માએ સૃષ્ટિનું સર્જન કર્યું. ઇત્યાદિ...આ સત્યવિક્રમ અચિન્ત્ય શ્રીકૃષ્ણ પરમાત્મા છે, કેવળ મનુષ્ય નથી.

**અ. ૨૦૨.** શ્રીકૃષ્ણના ( વિષ્ણુના ) વરાહ અવતારનું વર્ણન. એમાં ભગવાનને યોગસારથિ ( ૨૦૨-૨૦ ) તથા ભૂતાચાર્ય ( ૨૦૨-૨૬ ) કહ્યા છે.

**અ. ૨૦૩.** શ્રીકૃષ્ણ સર્જક-સંહારક શાશ્વત બ્રહ્મ. અનાદિ-અનન્ત કાલચક્ર. અક્ષર, અવ્યક્ત, અમૃત, શાશ્વત બ્રહ્મ તે જ શ્રીકૃષ્ણ... એ પછી યોગ અને અધ્યાત્મવર્ણન. ( એ વર્ણન અ. ૨૧૦ સુધી. )

**અ. ૨૨૩.** ઉગ્રસેન-શ્રીકૃષ્ણનો સંવાદ. સદ્‌ગુણોથી જગતમાં સર્વપ્રિય અને સર્વથા અભિનન્દાતા નારદના ગુણો શ્રીકૃષ્ણે વર્ણવ્યા. નારદમાં શીલ, ચારિત્ર્ય, દક્ષતા, વિદ્વત્તા અને અક્રોધ-અલોભ આદિ સજ્જનોમાં જ વસે એવા સદ્‌ગુણો ઉપરાંત હૃદયસોંસરા ઊતરે તેવા સદ્‌ગુણો પૈકી કેટલાકઃ—નારદ સર્વ સંગોમાં અનાસક્ત પણ જાણે અજ્ઞાનીઓને આસક્તિવાળા હોય એવા દેખાય છે. એમનો સંશય દીર્ઘજીવી નથી. માન મેળવવા સમાધિ નથી કરતા. કદી આત્મસ્તુતિ નથી કરતા. ઈર્ષ્યા વિનાના, દૃઢ સંભાષણ કરનારા, પ્રકૃતિ( સ્વભાવ, માયા )ની નિંદા કર્યા વિના દુનિયાની વિવિધ પ્રવૃત્તિઓ અને સંસર્ગવિદ્યા( સૃષ્ટિજ્ઞાન )માં કુશળ થયેલા છે. કોઈ પણ આગમની( ગુરુપરંપરાની, શાસ્ત્રપરંપરાની ) અસૂયા કરતા નથી. તપથી આજીવિકા કરતા નથી. સમયનો સદ્‌વ્યય કરનારા છે, મનને વશ રાખનારા છે, કૃતશ્રમ, કૃતપ્રજ્ઞ, સમાધિમાં જ પરિતૃપ્ત રહેનાર, નિયમસ્થ અને અપ્રમત્ત છે; સ્થિરબુદ્ધિ અને અનાસક્ત છે; સર્વગુણસંપન્ન, દક્ષ, શુચિ, બહાદુર, સમયને પારખનારા અને નયશાસ્ત્રને જાણનારા નારદ ઉપર કોને પ્રેમ ન થાય?

**અ. ૨૭૧.** વિષ્ણુમહિમાવર્ણનના અંતભાગમાં ચતુર્વ્યૂહનો નિર્દેશ. અહીં વ્યૂહોનાં વિશિષ્ટ નામ આપ્યાં છે. તુરીયાર્ધ ( વાસુદેવ વ્યૂહ ); અર્વાક્‌સ્થિત ( સંકર્ષણ વ્યૂહ ); વિધાતા ( પ્રદ્યુમ્ન વ્યૂહ ); સનત્કુમાર ( અનિરુદ્ધ વ્યૂહ ). (૧૨-૨૭૧-૬૧ થી ૬૩)

**અ. ૩૨૧ થી ૩૩૮.** નારાયણીય. આ વિભાગમાં પાઞ્ચરાત્રભાગવતધર્મનું વિશિષ્ટ વર્ણન છે. આ વિભાગ ભારતીય વૈષ્ણવ સંપ્રદાય કુટુંબનું મૂળ છે. એમાં નારાયણને વિશ્વાત્મા અને ધર્મના પુત્ર સનાતન ચતુર્મૂર્તિ—નર, નારાયણ, હરિ અને કૃષ્ણ—રૂપે વર્ણવ્યા છે. પરન્તુ પ્રસ્તુત વિભાગની એક ખાસ વિશિષ્ટતા છે. એમાં ઐકાંતિક ભાગવત ધર્મ અને અવેસ્તાનો ( જરથોસ્તી ધર્મનો ) સુન્દર સમન્વય છે. એમાંના કેટલાક મહત્ત્વના નિર્દેશ અહીં ઉદાહરણરૂપે રજૂ કર્યા છે. આમાંના ઘણા નિર્દેશ તો જગતના ધર્મોનું તુલનાત્મક અધ્યયન કરવા અને ધર્મોનો વિકાસક્રમ સમજવા પણ ઉપયોગી થઈ પડે એવા છે.

( ૧ ) મ.ભા.નો ઉપરિચર વસુ અને અવેસ્તાનો રાજા વિસ્તાસ્પ એક જણાય છે.

( ૨ ) મ.ભા.ના દેવ હરિમેધસ્ ( અર્થાત્ નારાયણ ) તે અહુર ( હરિ ) મઝ્દ ( મેધસ્ ).

(૩) પાંચરાત્રિકો 'પંચકાલજ્ઞો'—પાંચ સમય પ્રાર્થના કરનારા. વૈદિક અનુગમમાં ત્રણ સમયની પ્રાર્થનાનું વિધાન છે. પારસીઓમાં પ્રાર્થનાના પાંચ સમય છે.

ઇસ્લામનો પાંચ નમાજનો રિવાજ પારસીઓના અનુકરણમાં છે. ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ માને છે કે સંસ્કૃત 'નમઃ' ઉપરથી ફારસી 'નમાઝ' શબ્દ આવ્યો છે.

(૪) મ. ભા. સત્યપૂત વાણી, મનઃશુદ્ધિ અને કર્મશુદ્ધિ નિર્દેશે છે. જરથોસ્તી અનુગમમાં હૂખ્ત (સૂક્ત), હુમત (સુમત, મનઃશુદ્ધિ) અને હુવર્સ્ત (કર્મશુદ્ધિ) છે.

(૫) 'નારાયણીય'માં ઉલ્લિખિત સાત ચિત્રશિખણ્ડિન્ ઋષિઓ પારસીઓના સાત અમેષસ્પેન્દ અર્થાત્ સાત અમૃતાત્મા સાથે ઘણા મળતા છે

['વિષ્ણુસહસ્રનામ' ૨૫–૮૭ (= મ. ભા. ૧૩-૧૩૫-૨૫, ૮૭)માં વિષ્ણુનું એક નામ 'વસુમના' છે તે અને જરથોસ્તી 'વોહુમનો' એક જ છે.]

પ્રસ્તુત વિભાગમાં નારાયણના ચતુર્વ્યૂહનું વર્ણન છે: વાસુદેવ (= ક્ષેત્રજ્ઞ, નિર્ગુણ પરમાત્મા), તેમાંથી સંકર્ષણ (= જીવ. એ શેષ પણ કહેવાય છે.), અને સંકર્ષણમાંથી પ્રદ્યુમ્ન (= મન) ઉત્પન્ન થાય છે; અને પ્રદ્યુમ્નમાંથી અનિરુદ્ધ (= અહંકાર. એ મહેશ્વર છે.) ઉત્પન્ન થાય છે. અનિરુદ્ધ બનેલા પ્રદ્યુમ્નમાંથી (અહંકારયુક્ત મનમાંથી) સ્થાવરજંગમ જગત ઉત્પન્ન થાય છે (૧૨-૩૨૬-૩૦ થી ૪૦; ૬૮ થી ૭૪.). વળી એમાં નારાયણના વરાહ, નરસિંહ, વામન, જામદગ્ન્ય રામ, દાશરથિ રામ, કૃષ્ણાવતાર થવાની ભવિષ્યવાણી છે (આ વિગત નારાયણ નારદને ભવિષ્યવાણીના રૂપમાં કહે છે). એમાં હંસ અને હયશિર અવતારરૂપે પોતે લાવ્યા હતા; એ વેદોની પોતે જ પૂર્વે કૃતયુગમાં રચના કરી હતી એમ નારાયણ કહે છે, વગેરે વિગત પણ છે. (ક્ષેપક ૮૩૫માં મત્સ્ય, કૂર્મ, વરાહ, નરસિંહ, વામન, (પરશુ)રામ, રામ, બલરામ, શ્રીકૃષ્ણ અને કલ્કી એ દશાવતારનો નિર્દેશ છે.) અત્રે આપેલા ચતુર્વ્યૂહના જ્ઞાનને 'મહોપનિષદ્' તથા 'પઞ્ચરાત્ર'શાસ્ત્ર કહ્યું છે. ઉપદેશ પ્રાપ્ત કર્યા પછી, નારાયણ અંતર્ધાન થતાં, નારદ ભગવાન નર-નારાયણનાં(૦ની મૂર્તિનાં) દર્શન કરવા માટે બદરિકાશ્રમ ગયા (૧૨-૩૨૬-૬૯ થી, ૯૮ થી ૭૪.).

શ્રીકૃષ્ણે અર્જુનને પોતાનાં કેટલાંક નામોનું નિર્વચન કહ્યાનો વૃત્તાંત (અ. ૩૨૮ થી અ. ૩૩૦) છે....તમસના પ્રતીક મધુ દૈત્ય તથા રજસના પ્રતીક કૈટભ દૈત્યને હણીને વાસુદેવે (નારાયણે) બ્રહ્માને વેદ પાછા લાવી આપ્યાની કથા અ. ૩૩૫માં છે.

...ભગવદ્ગીતાનો, અ. ૩૩૬-૮માં સ્વયં ભગવાને ગાયેલી ગીતા તરીકે અને ૩૩૬-૪૯માં હરિગીતા તરીકે અત્યન્ત નોંધપાત્ર ઉલ્લેખ છે.

## (ख) અનુશાસનપર્વ

**અ. ૧૧.** 'શ્રી-રુક્મિણીસંવાદ'. જુઓ ખંડ ૧, પ્રકરણ ૮, 'લગ્નો'.

**અ. ૧૪થી ૧૭.** ભીષ્મની વિનંતીથી શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને શિવમાહાત્મ્ય અને શિવ-સહસ્રનામ કહ્યું. આ પુરાણ છે. એમાં આવતા શ્રીકૃષ્ણચરિત્રના મહત્ત્વના અંશો માટે જુઓ ખંડ ૧, પ્રકરણ ૮, 'લગ્નો'.

**અ. ૩૨.** ‘ પૂજ્ય કોણ ? ’ એ વિષય ઉપર નારદે શ્રીકૃષ્ણને પ્રવચન આપેલું તેનો ‘ પુરાતન ઇતિહાસ ’.

**અ. ૩૪, શ્લોક ૧૯થી ૨૯.** પાપમુક્ત થવા માટે બ્રાહ્મણની સેવા કરવી એમ કહેતો પૃથ્વી-વાસુદેવસંવાદનો ‘ પ્રાચીન ઇતિહાસ ’. એમાં પૃથ્વી બ્રાહ્મણોની સેવા કરવા શ્રીકૃષ્ણને ઉપદેશ આપે છે.

**અ. ૬૯ અને ૭૧-૧થી ૩.** બ્રહ્મસ્વહરણથી આવી પડતી મુસીબત વર્ણવતું ‘ નૃગોપાખ્યાન ’. એમાં નૃગે કોઈ એક બ્રાહ્મણની ગાયનું અજાણ્યે હરણ કરવાથી એ રાજા દ્વારકાના કૂવામાં કાચંડો થઈને પડ્યો હતો, તેનો શ્રીકૃષ્ણે ઉદ્ધાર કર્યાની કથા છે. બ્રાહ્મણોનું માહાત્મ્ય વર્ણવતા આ પૌરાણિક પ્રસંગમાંથી, દ્વારકામાં પીવાના પાણીની તંગી હતી એમ જણાય છે.

**અ. ૧૦૦.** પૃથ્વીએ શ્રીકૃષ્ણને ગૃહસ્થધર્મ ( પંચમહાયજ્ઞ )નો ઉપદેશ કર્યો.

**અ. ૧૨૬થી ૧૩૪.** વિષ્ણુ તથા મહેશ્વરનો પ્રભાવ વર્ણવતું પુરાણ. તે પૈકી અ. ૧૨૬માં શ્રીકૃષ્ણના પુત્રપ્રાપ્તિ માટેના બાર વર્ષના વ્રતનું પૌરાણિક વર્ણન છે; અને અ. ૧૨૭થી ૧૩૪માં શ્રીકૃષ્ણના સાન્નિધ્યમાં નારદે ‘ ઉમા-મહેશ્વરસંવાદ ’નો વૃત્તાંત કહ્યો છે.

**અ. ૧૩૫.** ‘ સર્વ પાપ અને ભયનો નાશ કરનારું ’ વિખ્યાત ‘ વિષ્ણુસહસ્રનામસ્તોત્ર ’. (‘ નારદ પઞ્ચરાત્ર ’માં ૪-૩ અને ૪-૮ એમ બે સ્થળે એ ‘ વિષ્ણુસહસ્રનામસ્તોત્ર ’ છે. ‘ ગરુડ-પુરાણ ’ ૧૫માં ત્રીજું સ્તોત્ર મળે છે. જુઓ મ.ભા. ‘ અનુશાસનપર્વ ’ની સમીક્ષિત વાચના, પૃ. ૭૦૫. )

**અ. ૧૪૩.** ‘ તમે શાથી બ્રાહ્મણોનું અર્ચન કરો છો ? ’ એવા ધર્મરાજના પ્રશ્નના ઉત્તરમાં ભીષ્મે જણાવ્યું કે, ‘ મારી શક્તિ ક્ષીણ થતી જાય છે, તેથી આ પ્રશ્નનો ઉત્તર શ્રીકૃષ્ણ આપશે. ’ અને તે પછી અચિન્ત્ય શ્રીકૃષ્ણનું સ્તવન કર્યું.

**અ. ૧૪૪.** હવે શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરના પ્રશ્નનો ઉત્તર આપતાં પ્રદ્યુમ્ન સાથે પ્રસ્તુત વિષયમાં ચર્ચા થયેલી એ વર્ણવી સ્વાનુભવ કહ્યો. એમાં અપાર ક્રોધી દુર્વાસાનું પોતે કેવી રીતે ભક્તિથી આતિથ્ય કર્યું હતું તે વર્ણવતાં ( જુઓ ખંડ ૧, પ્રકરણ ૮, ‘ લગ્નો ’) આ હકીકત કહી: દુર્વાસા શ્રીકૃષ્ણના આવાસે અતિથિ તરીકે હતા તે દરમિયાન એમણે એક સમયે જમવા માટે પાયસ માગ્યો. ગરમાગરમ દૂધપાક જમ્યા પછી દુર્વાસાએ ઉચ્છિષ્ટ દૂધપાકથી શ્રીકૃષ્ણને તેમનું શરીર લીંપી દેવા આજ્ઞા કરી. શ્રીકૃષ્ણે મસ્તક સુદ્ધાંત સર્વ અંગો આ ઉચ્છિષ્ટ દૂધપાકથી લીંપી દીધાં અને પછી પાસે ઊભેલાં રુકિમણીને પણ આ ઉચ્છિષ્ટ દૂધપાકથી લીંપી દીધાં. તે પછી રુકિમણીને દુર્વાસાએ રથમાં જોડીને પરોણો ઘોંચવા માંડચો. ( આ અને એવાં બીજાં અપકૃત્યોથી પણ શ્રીકૃષ્ણ ક્રોધે ન ભરાયા તેથી ) પ્રસન્ન થઈને દુર્વાસાએ એમણે વરદાન આપ્યાં : ‘ મહાભુજ કૃષ્ણ ! તેં ક્રોધ જીત્યો છે. હું તારા ઉપર પ્રસન્ન થયો છું. મનુષ્યોને જેવો અન્ન ઉપર ભાવ હોય છે તેવો જ ભાવ તારા ઉપર થશે. જગતમાં જ્યાં સુધી તારી પુણ્યકીર્તિ રહેશે ત્યાં સુધી તું ત્રિભુવનમાં વિશિષ્ટ રહીશ. તું જગતમાં સર્વપ્રિય થઈશ. મધૂસૂદન ! તેં જેટલાં ગાત્રોને દૂધપાકથી

લીંપ્યાં છે તેટલાંમાં તારી ઇચ્છા હશે ત્યાં સુધી મૃત્યુનો ભય નહિ રહે. પણ દીકરા ! તેં તારા પગનાં તળિયાંમાં તેનો લેપ કેમ ન કર્યો ? આ મને ગમ્યું નથી.'[૨૯] (આ અધ્યાયની બીજી વિગત માટે જુઓ ખંડ ૧, પ્રકરણ ૮, 'લગ્નો'.)

આ પ્રસંગ બ્રાહ્મણોનું વર્ણગત અતિમહત્ત્વ દર્શાવવા સાથે શ્રીકૃષ્ણના સ્વધામગમનનો મુગ્ધ માનસમાં મેળ બેસાડવા વર્ણવાયેલો છે. શ્રીકૃષ્ણના પ્રતાપી ચરિત્ર સાથે દુર્વાસાનો પ્રસંગ જરા પણ બંધ બેસે એવો નથી.

**અ. ૧૪૫.** દુર્વાસાને શંકરના અવતાર વર્ણવી શ્રીકૃષ્ણે ધર્મરાજને મહેશ્વર માહાત્મ્ય કહ્યું એમાં 'પ્રાતઃકાળમાં હું જે 'શતરુદ્રિય' સ્તોત્રનો પાઠ કરું છું, એ તને કહું છું', એમ બોલીને શિવપરાક્રમ વર્ણવ્યાં. ('શતરુદ્રિય', 'વાજસનેયિ-સંહિતા' ૧૬માં આવે છે. મ.ભા.માં 'દ્રોણપર્વ' અ. ૧૭૩ને 'શતરુદ્રિય' સંજ્ઞા આપેલી છે. તે અધ્યાય સાથે પ્રસ્તુત અધ્યાય મળતો હોઈ અહીં કેટલીક વિગતોનો સંક્ષેપ છે. જુઓ ખંડ ૪, પ્રકરણ ૨, 'સારથિપ્રવર', નોંધ ૩૬.)

**અ. ૧૪૬.** શ્રીકૃષ્ણે મહેશ્વરનાં નામોનું વિવરણ અને માહાત્મ્ય કહ્યું.

**અ. ૧૫૨.** ભીષ્મનાં ધર્મવચનો પૂર્ણ થયાં. યુધિષ્ઠિર, પાંડવો વગેરે પ્રકૃતિસ્થ (સ્વસ્થ) થયા. વેદવ્યાસે પાંડવોને અને ધીમાન શ્રીકૃષ્ણને હવે હસ્તિનાપુર જવાની (જઈને રહેવાની) અનુજ્ઞા આપવા ભીષ્મને કહ્યું, અર્થાત્ ભીષ્મનિર્યાણ સુધી હસ્તિનાપુરથી કુરુક્ષેત્ર આવવાનું નહિ. ભીષ્મે પાંડવોને આશીર્વાદ આપ્યા. સૂર્ય ઉત્તરાયણના થતાં (તુરત જ) આવવા જણાવીને જવાની અનુજ્ઞા આપી.

શ્રીકૃષ્ણ, યુધિષ્ઠિર અને બીજાં સઘળાં હસ્તિનાપુર પાછાં ફર્યાં.

[ રાષ્ટ્રીય ગ્રન્થનિધિ સમા મહાભારતનાં આ બે સંગ્રહપર્વોમાં રાજધર્મ, યુદ્ધધર્મ, મોક્ષધર્મ અને દાનધર્મનું બીજા આનુષંગિક વિષયો સાથેનું વિવરણ છે. આ બે પર્વના જ્ઞાનસાર-સંગ્રહની વિશિષ્ટતાનો લાભ લઈને તેમાં અનેક નાનામોટા, ઉત્તમ-સામાન્ય કવિજનોએ પોતાની રચનાઓ મૂકેલી જણાય છે. તેનો વિવેકપુરઃસર તલસ્પર્શી અભ્યાસ ભારત અને વિશ્વની સંસ્કૃતિના વિકાસમાં અમૂલ્ય ફાળો આપવાની ક્ષમતા ધરાવે છે. ]

સૂર્ય ઉત્તરાયણના થયા, એટલે યુધિષ્ઠિર, ધૃતરાષ્ટ્ર-ગાન્ધારી-કુન્તી વગેરેને આગળ કરીને કુરુક્ષેત્ર જવા નીકળ્યા. શ્રીકૃષ્ણ-વિદુર વગેરે એમની પાછળ પાછળ ચાલ્યા. ભીષ્મના અગ્નિઓને સાથે લીધા. કુરુક્ષેત્રમાં આવ્યા. મૃત્યુની પ્રતીક્ષા કરતા જાહ્નવીપુત્ર ભીષ્મને નમન કર્યું, બોલ્યા :

---

૨૯. પગના તળિયામાં બાણ વાગવાથી સ્વધામ પધારવાના બનાવનો અહીં આ પુરાણકથાથી ઈશારો કર્યો છે. જુઓ ૧૬-૫-૨૦.

સર° ગ્રીક મહાકાવ્ય 'ઇલિયડ'નો એક પ્રસંગઃ સમુદ્રદેવી થેટિસે પોતાનો દીકરો એકિલિસ અભેદ્ય બને તે માટે તેને સ્ટીકસ નદીમાં ઊંધે માથે આખો ઝબકોળ્યો. પરન્તુ તેને પગની એડીથી પકડી રાખેલો તેથી એડીનો એટલો ભાગ ભેદ્ય રહ્યો. પરિણામે એડી ઉપર ઝેરી બાણ વાગવાથી એનું મરણ થયું.

*Vide*, *The Reader's Digest Great Encyclopaedia Dictionary*, Vol. III, p. 1342.

'આપ સાંભળી શકતા હો તો હવે આજ્ઞા કરો. તમે કહેલા સમયે હું તમારા અગ્નિઓ તથા આચાર્યો વગેરેને લઈને આવ્યો છું. તમારા પુત્ર મહારાજા ધૃતરાષ્ટ્ર, સમર્થ શ્રીકૃષ્ણ અને બીજા રાજાઓ પણ આવ્યા છે, તો જરા આંખો ખોલીને નજર કરી લો.' (૧૩-૧૫૩-૧ થી ૨૩)

પિતામહે આંખો ઉઘાડી. યુધિષ્ઠિરને ધન્યવાદ આપ્યા. ધૃતરાષ્ટ્રને ધર્મરાજ સાથે હળીમળીને રહેવા અને શોક ન કરવાની શિખામણ આપી[30] (૧૩-૧૫૩-૨૪ થી ૩૫), અને અંતિમ સમયે શ્રીકૃષ્ણ(નું અનુધ્યાન કરી)ને જીવનનું વિહંગાવલોકન કરતાં કહેવા માંડ્યા: "ભગવાન ! દેવાધિદેવ ! સુરાસુરનમસ્કૃત ! શંખચક્રગદાધર ! ત્રિવિક્રમ ! હું તમને નમસ્કાર કરું છું. કૃષ્ણ ! વૈકુણ્ઠ ! પુરુષોત્તમ ! હવે મને (મહાપ્રયાણની) અનુજ્ઞા આપો. તમે પાંડવોનું રક્ષણ કરજો, કારણ કે આપ જ એમના આશ્રય છો. મેં મન્દબુદ્ધિ દુર્યોધનને પૂર્વે કહ્યું હતું: 'જ્યાં કૃષ્ણ છે ત્યાં ધર્મ છે અને જ્યાં ધર્મ છે ત્યાં જય છે, માટે પુત્ર ! વાસુદેવરૂપી તીર્થથી (સંકટરૂપી નદી પાર કરવાના સ્થાન વડે) પાંડવો સાથે સંધિ કરી લે'. વળી 'સંધિ કરવાનો આ ઉત્તમ સમય છે', એમ એને મેં વારંવાર કહ્યું હતું, પરન્તુ એ મૂર્ખશિરોમણિએ મારું વચન માન્યું નહિ, અને પૃથ્વીનો વિનાશ કરાવીને પોતેય મૃત્યુ પામ્યો. (૧૩-૧૫૩-૩૬ થી ૪૧)

'વીર ! નરસહિત બદરિવનમાં ઘણા લાંબા સમય સુધી (સર્વના હિત અર્થે, જગતકલ્યાણ માટે તપ કરવા) વસનાર પુરાણ ઋષિશ્રેષ્ઠ દેવ એવા તમને હું (પૂર્ણપણે) જાણું છું. **त्वां तु जानाम्यहं वीर पुराणमृषिसत्तमम् । नरेण सहितं देवं बदर्यां सुचिरोषितम् ॥ १३-१५३-४२ ॥** એ જ રીતે નારદ અને મહાતપસ્વી વેદવ્યાસે મને કહ્યું હતું કે, એ બન્ને નર-નારાયણે મનુષ્ય જાતિમાં જન્મ ધારણ કર્યો છે.' (૧૩-૧૫૩-૪૨, ૪૩)

વાસુદેવે પ્રેમસભર અન્તઃકરણથી અનુજ્ઞા આપી: 'ભીષ્મરાજ ! હું તમને (મહાપ્રયાણની) અનુજ્ઞા આપું છું. તમે વસુઓના લોકને પામો. મહાદ્યુતે ! (સર્વાન્તર્યામી એવા) મેં તમારામાં જરાય વૃજિન (પાપ અને દૈન્યનું શલ્ય) દીઠું નથી. રાજર્ષિ ! તમે તો બીજા માર્કણ્ડેય જેવા પિતૃભક્ત છો, તેથી તો મૃત્યુ પણ નમ્ર સેવકની જેમ તમારા કાબૂમાં છે.' (૧૩-૧૫૩-૪૪,૪૫)

શ્રીકૃષ્ણે અનુજ્ઞા આપતાં ભીષ્મે પાંડવો, ધૃતરાષ્ટ્ર અને અન્ય સુહૃદોની વિદાય માગી. '**सत्ये प्रयतितव्यं वः सत्यं च परमं बलम् ।** તમે સત્યારાધનનો પરમ પ્રયત્ન કરજો, કારણ કે સત્ય જ પરમ બળ છે...' એ આખરી સંદેશો આપી સૌને આલિંગન કર્યું. (૧૩-૧૫૩-૪૬ થી ૫૦)

ત્યારપછી પિતામહ ભીષ્મે યોગધારણાથી પ્રાણોને અનુક્રમે મસ્તકમાં ચડાવી દીધા, અને ત્યાંથી તેમનો આત્મા આકાશમાર્ગે ચાલી નીકળ્યો. તે પછી સંપૂર્ણ માન સહિત ભીષ્મનો

---

૩૦. રાજધર્મના પ્રવચનમાં ભીષ્માચાર્યે ગણરાજ્યોમાં-પ્રજાસત્તાકોમાં હળીમળીને રહેવાની અનિવાર્યતા પ્રબોધતાં કહેલું આ વચન સાર્વભૌમ સત્ય દર્શાવતું હોઈ અત્રે તુલના માટે મૂક્યું છે:

गणानां च कुलानां च राज्ञां च भरतर्षभ ।
वैरसंदीपनावेतौ लोभामर्षौ जनाधिप ॥ १२-१०८-१०

**હે ભરતર્ષભ રાજવી ! લોભ અને અમર્ષ,** આ બે દુર્ગુણો, ગણો (પ્રજાસત્તાકના મતદારો. આપણું ભારત ગણરાજ્ય છે), કુળો અને રાજાઓમાં વૈરને પ્રજ્વલિત કરે છે.

પિતૃમેધ ( અગ્નિસંસ્કાર ) કરવામાં આવ્યો.[૩૧] સૌએ એમની ચિતાની પ્રદક્ષિણા કરી. અગ્નિ-સંસ્કાર પૂરો થતાં પાંડવો ગંગાતીરે ગયા. તેમની પાછળ વ્યાસાદિ ઋષિઓ, શ્રીકૃષ્ણ, ભરતોની સ્ત્રીઓ અને નગરજનો પણ ગંગાતીરે ગયાં. સૌએ ભીષ્મને ઉદકદાન કર્યું. એટલામાં જળમાંથી શોકવિહ્વળ ભાગીરથી દેવી રડતી રડતી બહાર આવી અને કરુણ વિલાપ કરવા માંડી. (૧૩-૧૫૪-૧ થી ૨૫)

ત્યારે દામોદર શ્રીકૃષ્ણે મહાનદી ગંગાને આશ્વાસન આપ્યું: 'ભદ્રા ! ધીરજ ધર. શુભદર્શનવાળી ! તું શોક ન કર. તારો પુત્ર પરમસિદ્ધિને પામ્યો છે, એમાં શંકા જ નથી. એ મહાતેજસ્વી વસુ દેવ હતા, પરન્તુ શોભના ! શાપને કારણે મનુષ્યપણું પામ્યા હતા. એનો તારે શોક કરવાનો ન હોય. **नैनं शोचितुमर्हसि ।**[૩૨] ( સર૦ ગીતા ૨-૨૫, ૨૬, ૨૭, ૩૦ ). તેઓ ક્ષાત્રધર્મ મુજબ રણભૂમિમાં ઘૂમતાં ધનંજયના હાથે મૃત્યુ પામ્યા છે, શિખંડી ( જેવા મામૂલી )ના હાથે નહિ. મહારણમાં બાણ ઉઠાવીને ઊભેલા કુરુશાર્દૂલ ભીષ્મને સાક્ષાત્ ઇન્દ્ર પણ હણી શકે નહિ. શુભાનને ! તારો પુત્ર સ્વેચ્છાએ સ્વર્ગે સંચર્યો છે. સર્વ દેવો પણ એને યુદ્ધમાં હણી શકે એમ નહોતા. માટે શ્રેષ્ઠ ગંગાદેવી ! કુરુનન્દન ભીષ્મનો શોક ન કર. તારો પુત્ર વસુઓના લોકમાં ગયો છે તેથી શાન્ત થા.' ( ૧૩-૧૫૪-૨૬થી ૩૨ )

---

૩૧. (क) ભીષ્મે યોગવિધિથી પ્રાણોને અનુક્રમે ( મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધિ, આજ્ઞા અને છેવટે સહસ્રાર ચક્રમાં ) ઊંચે ચડાવી દીધા ત્યારે એક આશ્ચર્યકારક ઘટના બની હતી એવું કવિએ નિરૂપ્યું છે. પિતામહ જે જે ગાત્રોને પ્રાણમુક્ત કરતા હતા તે તે ગાત્રો **વિ-શલ્ય** ( **શલ્યરહિત** ) બનતાં હતાં. ક્ષણવારમાં તો સર્વના દેખતાં યોગયુક્ત ભીષ્મ **વિ-શલ્ય** થઈ ગયા.

આ કયાં શલ્ય ? સ્થૂલ બાણોનાં શલ્ય હશે, કદાચ ( સર૦ આદિ શંકરાચાર્યે 'બ્રહ્મસૂત્ર' ૪-૨-૨૦ ઉપરના ભાષ્યમાં જણાવ્યું છે તે, 'આ કથા તો અર્ચિરાદિ માર્ગની સ્તુતિ અર્થે છે. બાકી જેને બ્રહ્મસાક્ષાત્કાર થયો છે તે દક્ષિણાયનમાં મૃત્યુ પામે તોપણ તેને જ્ઞાનનું ફળ મળે જ, અર્થાત્ બ્રહ્મપ્રાપ્તિ થાય જ'). જોકે બાણો આટલા લાંબા કાળ સુધી એમના ક્ષીણ દેહમાં ટકી રહ્યાં હોય તો તે પણ મહાયોગીના શરીરમાંથી નીકળી જઈ શકે. પણ આ શલ્યો તો, પિતામહે આખી જિંદગી જે ત્યાગ કર્યા કર્યો, જેમને માટે ત્યાગ કર્યા કર્યો, તેમના તરફથી જ અપમાન, નિન્દા, ગેરસમજણો, અને સામાન્યતઃ જીવન વિફળ લાગે તેવા કટુતમ સાંસારિક અનુભવોનાં હતાં. અંતકાળે ભીષ્મ કૃતાર્થ હતા. સાક્ષાત્ પરમાત્મા નારાયણની વિનંતીથી અને તેમની ઉપસ્થિતિમાં ભીષ્મે ધર્મનાં વ્યાખ્યાન આપ્યાં, અને નારાયણનીઅનુજ્ઞા મેળવીને દૈન્ય કલેશના બધી જાતનાં શલ્યોથી અન્તર્બાહ્ય સર્વ ગાત્રોને મુક્ત કરીને એમણે મહાપ્રયાણ કર્યું. આટલી ભારે તપસ્યાપછી આવાં અવગણના અને અપમાનોનાં સ્વજનો તરફથી વાગેલાં શલ્યોથી મુક્ત બનવું એ પરમ આશ્ચર્યકારી ઘટના છે.

(ख) બીજાં સમ્માનો સાથે, 'કૌરવરાજની સ્ત્રીઓ કુરુકુલોદ્ભવ ભીષ્મને હાથમાં પંખા લઈને ચારે બાજુથી પવન ઢોળવા માંડી' ( ૧૩-૧૫૪-૧૧ ) એ નિર્દેશ પિતામહના દૃઢ બ્રહ્મચર્યને અનુલક્ષીને ઘણો મહત્ત્વનો બની રહે છે.

(ग) સર૦ निःशल्यो व्रती । 'તત્ત્વાર્થ સૂત્ર' ૭-૧૩. 'જે શલ્ય વિનાનો હોય તે વ્રતી સંભવે'. શલ્ય ત્રણ પ્રકારનાં હોય છે: (૧) દંભ, ડોળ કે ઠગવાની વૃત્તિ, (૨) ભોગોની લાલસા, (૩) સત્ય ઉપર શ્રદ્ધા ન ચોટવી અથવા અસત્યનો આગ્રહ. જેમ કાંટો કે બીજી કોઈ તીક્ષ્ણ વસ્તુ શરીરમાં ભોંકાઈ હોય તો શરીર-મનને અસ્વસ્થ કરે છે, એમ આ દોષો પણ આત્માને અસ્વસ્થ કરે છે.

૩૨ જુઓ ઉપર નોંધ ૧૮.

ગંગાએ શોક ત્યજ્યો, અને કૃષ્ણાદિ રાજાઓ પણ તેનો સત્કાર કરીને તથા તેની અનુજ્ઞા લઈને ( તેમ જ ભીષ્મને અંજલિ આપીને ) પાછા ફર્યા. ( ૧૩-૧૫૪-૩૩, ૩૪ )

* * *

મહાભારતના પ્રસ્તુત વિભાગમાં શ્રીકૃષ્ણના સર્વહિતૈષી સૌમ્ય રૂપનું દર્શન થાય છે. એમની ઇચ્છા ધર્મરાજને શોકવિમુક્ત કરીને સર્વધર્મપાલનમાં—સુવ્યવસ્થિત, સર્વહિતકારી રાજ્યશાસન કરવામાં—સ્થિર કરવાની છે. તે માટે ધર્મરાજને સર્વ ધર્મોનું જ્ઞાન આપવું છે. આ કાર્ય સ્વયં કરી શકે જ; પરન્તુ પરમ ભક્ત અને મર્યાદાપુરુષોત્તમ રામચન્દ્ર સમા ભીષ્મ દ્વારા એ જ્ઞાનદાન કરાવ્યું છે. આવી ઉત્કૃષ્ટ વ્યવસ્થા કરીને શ્રીકૃષ્ણે પોતાના સર્વહિતૈષી સ્વરૂપનો પરિચય આપ્યો છે; એક ધર્મ ફેરંત ઋજુચિત્ત સમ્રાટ જગતમાં ધર્મરાજ્ય સ્થાપન કરવાનું સ્વકર્તવ્ય ( સ્વધર્મ ) ત્યજીને, પરમાર્થના અંચળા નીચે આત્યંતિક રીતે કેવળ પોતાની એકની મનઃશાન્તિ અને ' ધર્મ ' સાધવાની, ' મોક્ષ 'ની લોલુપ ''સ્વાર્થી ' ઇચ્છા રાખે છે; અને તેથી તેઓ સ્વ તેમ જ પર અર્થાત્ પ્રજાઓને પણ ભયાવહ એવો સંન્યાસ લેવાનું રડતા હ્રદયે વિચારે છે : તેમને શ્રીકૃષ્ણે સમગ્ર ચાતુર્વર્ણ્ય પ્રજાના હિત માટે રાજ્યધુરા ગ્રહણ કરવા અને ભીષ્મ પાસેથી ધર્મરહસ્ય સાંભળવા વારંવાર પ્રેર્યા,[૩૩] અને તેમને ' સર્વ જગતના હિત માટે ' સિંહાસનારૂઢ પણ કર્યા. પછી શ્રીકૃષ્ણે જ યુધિષ્ઠિરને ધર્મબોધ કરવા ભીષ્મને વિનંતી કરી. અનેક સપ્તાહોથી શરશય્યા ઉપર પોઢી રહેવાથી થતાં દુઃખપીડાને કારણે ક્ષીણ અને અશક્ત થયેલા પરમ ભક્ત ભીષ્મને એમણે જ જ્ઞાનમાત્રમાં ઉત્કટપણે આગળ વધવાની સ્વચ્છ જ્ઞાનદૃષ્ટિ અને બોધ કરવાની શક્તિ બક્ષી. એમના યશઃશરીરને અમર કર્યું, સાથે ભીષ્મના બોધ દ્વારા સમગ્ર જગતનું હિત સાધવાનું મૂળભૂત કાર્ય પણ પાર પાડયું.

ભગવાન શ્રીકૃષ્ણ અહીં સવહિતૈષી નિરૂપાયા છે—ઐતિહાસિક લોકસંગ્રહી મહાપુરુષ તેમ જ સર્વવ્યાપી સર્વાન્તર્યામી વાસુદેવ એમ બન્ને રૂપે. બન્ને સ્વરૂપોનું સુભગ, માંગલ્યકારી, સન્નિષ્ઠાપ્રેરક નિર્મળ સંયુક્ત ચિત્રણ ઋજુ અને નમ્ર ભાવકને ભીષ્માચાર્યની જેમ આજે પણ જ્ઞાનચક્ષુ પ્રદાન કરે છે. પોતાની શક્તિમાત્રનું ભાન ( કે ગુમાન ) ખોઈને સંપૂર્ણપણે ભગવાનને શરણે જઈ એનું યંત્ર બનનારને શરશય્યા ઉપર ( કે જ્વાળામુખી સમી ધધકતી અગ્નિજ્વાળાઓ ઉપર પણ ) અપ્રતિમ સ્થૈર્ય, ભક્તિ અને અપરોક્ષ વિજ્ઞાન બક્ષે છે. આત્મામાં વસી રહેલા સર્વસ્વરૂપ પરમાત્માનું નિર્મળ ચિત્તરૂપી સ્વચ્છ દર્પણમાં દર્શન કરાવીને સતતયુક્ત બનાવે છે.

## પરિશિષ્ટ ૧

## ભીષ્મસ્તવરાજ

( સંદર્ભ ' શાન્તિપર્વ ' ૪૭-૨૩ થી ૫૪ )

૧. દૈત્યોનો નાશ કરનારા અદિતિના હિરણ્યવર્ણના ગર્ભને ( હિરણ્યગર્ભને ) જેણે એકમાંથી બાર રૂપે પ્રકટ કર્યા તે **સૂર્યાત્માને** હું વંદન કરું છું. ( ૧૨-૪૪-૨૩ )

---

૩૩ ततस्तं नृपतिश्रेष्ठं चातुर्वर्ण्यहितेप्सया ।
पुनराह महाबाहुर्यदुश्रेष्ठो महाद्युतिः ॥ १२-३८-२०.

બાર આદિત્યઃ ધાતા, મિત્ર, અર્યમા, શક્ર, વરુણ, અંશ, ભગ, વિવસ્વાન્, પૂષા, સવિતા, ત્વષ્ટા અને વિષ્ણુ. ( ૧-૫૯-૧૫, ૧૬ )

૨. જે શુક્લપક્ષમાં દેવોને તથા કૃષ્ણપક્ષમાં પિતૃઓને અમૃતથી તૃપ્ત કરે છે અને જે દ્વિજોનો રાજા છે તે **સોમાત્માને** હું વન્દું છું. ( ૧૨-૪૭-૨૪ )

૩. ઘોર તમસ્રૂપી અન્ધકારની પાર રહેલા તેજસ્વી પુરુષને—પરમાત્માને, જાણીને પ્રાણી મૃત્યુનું અતિક્રમણ કરે છે તે **જ્ઞેયાત્માને** હું વન્દું છું. ( ૧૨-૪૭-૨૫ )

સર૦ શ્વેતાશ્વતર ૩-૮.

૪. બૃહત્ ઉક્થોના ( સ્તોત્રોના ) પાઠમાં અને મહાયજ્ઞોમાં અગ્નિ પ્રકટાવતી વેળા વિપ્રો જે બૃહત્ પરમાત્માનું સ્તુતિગાન કરે છે તે **વેદાત્માને** હું નમું છું. ( ૧૨-૪૭-૨૬ ).

૫. ઋગ્, યજુસ્, સામ જેમનાં નામ છે, પાંચ પ્રકારની આહુતિઓ જેમનાં રૂપ છે, તથા સપ્તતન્તુ દ્વારા જેનું આયોજન થાય છે તે **યજ્ઞાત્માને** હું પ્રણામ કરું છું. ( ૧૨-૪૭-૨૭ )

પાંચ આહુતિ અને સપ્તતન્તુ માટે જુઓ 'ઋગ્વેદ' ૧૦-૫૨-૪; ૧૨૪-૧.

૬. યજુર્વેદ જેનું નામ છે, છન્દો જેનું ગાત્ર છે, ત્રિવૃત્ યજ્ઞ જેનું મસ્તક છે, રથંતર બૃહતી સામ જેની આંખો છે એ **સ્તોત્રાત્મા** સુવર્ણ ભગવાનને હું નમું છું. ( ૧૨-૪૭-૨૮ )

સર૦ 'ભાગવત' ૬-૮-૨૯.

૭. વિશ્વસ્રષ્ટાઓના—પ્રજાપતિઓના એક હજાર વર્ષના ( વિશ્વસૃજામયન ) યજ્ઞમાં જે ઋષિ સુવર્ણ વર્ણના પક્ષી તરીકે પ્રગટ્યા હતા તે **હંસાત્મા** પ્રભુને હું પ્રણામ કરું છું. ( ૧૨-૪૭-૨૯ )

પ્રજાપતિઓના સહસ્રસંવત્સર યજ્ઞ માટે સર૦ 'કાત્યાયન શ્રૌતસૂત્ર' ૨૪-૫-૨૪; વળી જુઓ ખંડ ૧, પ્રકરણ ૯, 'શિષ્ટસંપ્રતિપત્તિસત્રો'.

૮. પદરૂપી અંગવાળા, સંધિરૂપી સાંધાઓવાળા, સ્વર અને વ્યંજનરૂપી રૂપવાળા તથા જે અક્ષર અને નિત્ય કહેવાય છે તે **વાગાત્મા** ભગવાનને હું નમન કરું છું. ( ૧૨-૪૭-૩૦ )

૯. અમૃતમાંથી ઉત્પન્ન થયેલા ઋત તત્ત્વ વડે ધર્મ અને ધર્માર્થ વ્યવહારોરૂપી ( સદાચરણરૂપી ) અંગોથી જે સત્ વસ્તુઓ અને સજ્જનોના સેતુનું નિર્માણ કરે છે તે **સત્યાત્મા** ભગવાનને હું નમસ્કાર કરું છું.[૩૪] ( ૧૨-૪૭-૩૧ )

૧૦. પૃથક્ ધર્મો પાળનારા અને પૃથક્ ધર્મ-ફળની ઇચ્છાવાળા, પૃથક્ ધર્મો દ્વારા જેનું અર્ચન કરે છે તે ધર્માત્માને હું નમું છું.[૩૫] ( ૧૨-૪૭-૩૨ )

---

૩૪ यस्तनोति सतां सेतुमृतेनामृतयोनिना ।
धर्मार्थव्यवहाराङ्गैस्तस्मै सत्यात्मने नमः ॥ १२-४७-३१

३५ यं पृथग्धर्मचरणाः पृथग्धर्मफलैषिणः ।
पृथग्धर्मैः समर्चन्ति तस्मै धर्मात्मने नमः ॥ १२-४७-३२

૧૧. શરીરરૂપી ક્ષેત્રમાં ક્ષેત્રજ્ઞ તરીકે રહેલા અને વ્યક્ત શરીરમાં અવ્યક્તપણે વસી રહેલા જેમને મહર્ષિઓ શોધે છે તે **ક્ષેત્રાત્માને** મારાં નમન હજો. (૧૨-૪૭-૩૩)

સર૰ ગીતા અ. ૧૩; ૭-૨૪, ૨૫; ૯-૧૧.

૧૨. સાંખ્યવેત્તાઓ જેને આત્માની અંદર રહેલા સોળ ગુણોવાળા સત્તરમા દગાત્મા—દ્રષ્ટા—કહે છે તે **સાંખ્યાત્મા** ભગવાનને હું નમું છું. (૧૨-૪૭-૩૪)

૧૩. યોગીઓ નિદ્રા, શ્વાસ અને ઇન્દ્રિયોને વશ કરી સત્ત્વગુણમાં રહીને જે જ્યોતિ-સ્વરૂપનું દર્શન કરે છે તે **યોગાત્મા** પ્રભુને હું નમું છું. (૧૨-૪૭-૩૫)

૧૪. પુણ્યપાપથી અલિપ્ત થઈ, પુનર્જન્મના ભયથી મુક્ત થયેલા શાન્ત સંન્યાસીઓ જેમને પામે છે તે **મોક્ષાત્માને** હું પ્રણામ કરું છું. (૧૨-૪૭-૩૬)

સર૰ 'વિષ્ણુપુરાણ' ૨-૮-૧૦૧, ૧૦૨.

યોગી અને સંન્યાસીની વ્યાખ્યા જુઓ ગીતા ૬-૧.

૧૫. હજાર યુગને અંતે જે ભડભડતી જ્વાળાવાળા અગ્નિરૂપે ભૂતોને ભરખી જાય છે તે **ઘોરાત્માને** હું નમું છું. (૧૨-૪૭-૩૭)

૧૬. એમ સર્વ ભૂતોનું ભક્ષણ કર્યા પછી વિશ્વને સમુદ્રાકાર કરીને જે બાળસ્વરૂપે એકલા શયન કરે છે તે **માયાત્મા** પ્રભુને હું નમસ્કાર કરું છું. (૧૨-૪૭-૩૮)

જુઓ 'આરણ્યક પર્વ' અ. ૧૮૬, ૧૮૭.

૧૭. હજારો મસ્તકવાળા જે અમિતાત્મા પુરુષ ચાર સમુદ્રોમાં શયન કરે છે તે **યોગનિદ્રાત્મા** ભગવાનને મારાં નમન છે. (૧૨-૪૭-૩૯)

૧૮. જે કમળલોચન અજન્માની નાભિમાં આખું કમળરૂપી વિશ્વ પ્રતિષ્ઠિત છે તે **પદ્માત્મા** (કમળસ્વરૂપ) પરમાત્માને હું નમન કરું છું. (૧૨-૪૭-૪૦)

૧૯. વાદળાં જેમના કેશ છે, જેમનાં અંગોની સન્ધિઓમાં નદીઓ વહે છે અને જેમની કૂખમાં ચારે સમુદ્રો છે તે **તોયાત્મા** ભગવાનને હું નમન કરું છું. (૧૨-૪૭-૪૧)

૨૦. જે દિવસ, ઋતુ, અયન અને વર્ષરૂપી પોતાના અંશોથી યુગેયુગમાં ઘૂમી રહ્યા છે, જે સર્જન અને પ્રલયના કર્તા છે તે **કાલાત્મા** ભગવાનને હું નમસ્કાર કરું છું. (૧૨-૪૭-૪૨)

૨૧. બ્રાહ્મણ જેનું મુખ છે, ક્ષત્રિય જેની ભુજા છે, વૈશ્ય જેની જંઘા અને ઉદર છે તથા શૂદ્ર જેનાં ચરણ છે તે **વર્ણાત્મા** પ્રભુને હું પ્રણામ કરું છું. (૧૨-૪૭-૪૩)

સર૰ વેદનું 'પુરુષસૂક્ત', 'ઋગ્વેદ' ૧૦-૯૦-૧૧ ઇ.

૨૨. અગ્નિ જેનું મુખ છે, દ્યુલોક જેનું મસ્તક છે, આકાશ જેની નાભિ છે, પૃથ્વી જેનાં ચરણ છે, સૂર્ય જેનું ચક્ષુ છે, દિશાઓ જેના કાન છે તે **લોકાત્મા** ભગવાનને હું નમન કરું છું. (૧૨-૪૭-૪૪)

૨૩ પંચેન્દ્રિયોના શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ એ વૈશેષિક (ખાસ) ગુણોથી લપટાઈને જે લોકો વિષયોમાં રમમાણ રહે છે, તે વિષયોમાંથી જે લોકોનું રક્ષણ કરે છે તે **ગોપ્ત્રાત્મા** ભગવાનને હું નમન કરું છું. (૧૨-૪૭-૪૫)

૨૪. અન્ન તથા પ્રાણ જેનું ઇન્ધન છે, જે રસ તથા પ્રાણની વૃદ્ધિ કરી પ્રાણીઓને જિવાડે છે તે **પ્રાણાત્માને** હું નમન કરું છું. (૧૨-૪૭-૪૬)

૨૫. જે કાળ, યજ્ઞ, સત્ અને અસત્‌થી પર છે, જે પોતે અનાદિ અને વિશ્વના આદિ છે તે **વિશ્વાત્મા** પ્રભુને હું નમસ્કાર કરું છું. (૧૨-૪૭-૪૭)

૨૬. સૃષ્ટિના રક્ષણ માટે જે સ્નેહ અને રાગરૂપી બન્ધનથી પ્રાણીઓને મુગ્ધ કરી દે છે તે **મોહાત્મા** ભગવાનને હું પ્રણામ કરું છું. (૧૨-૪૭-૪૮)

૨૭. જ્ઞાનીઓ પાંચમાં (પાંચ ઇન્દ્રિયો, પાંચ વિષયો) રહેલા જ્ઞાનને જાણ્યા પછી, આ આત્મજ્ઞાન છે એમ બરાબર સમજી જાય છે તે **જ્ઞાનાત્મા** પ્રભુને હું નમું છું. (૧૨-૪૭-૪૯).

૨૮. જેનું શરીર અપરિમેય છે, જેને ચોમેર અનન્ત દૃષ્ટિ છે અને જે અપારપરિમાણ છે તે **ચિન્ત્યાત્મા** પ્રભુને હું નમન કરું છું. (૧૨-૪૭-૫૦)

૨૯. જે નિત્ય જટા, દંડ અને કમંડલુ ધારણ કરે છે, જે વિશાળ ઉદરવાળા છે તે **બ્રહ્માત્મા**—બ્રહ્મસ્વરૂપ પરમાત્માને હું પ્રણામ કરું છું. (૧૨-૪૭-૫૧)

સર° 'અગ્નિપુરાણ' ૪૯-૧૪.

૩૦. જે મહાત્મા શૂલધારી, દેવોના રાજા, ભસ્મથી ચર્ચિત અને ઊર્ધ્વ ધ્વજાવાળા છે તે **રુદ્રાત્મા** ભગવાનને હું નમન કરું છું. (૧૨-૪૭-૫૨)

૩૧. પંચભૂતને જેમણે આત્મસાત્ કર્યાં છે, જે ભૂતોના સર્જક અને સંહારક છે, જે ક્રોધ-દ્રોહ-મોહથી રહિત છે તે **શાન્તાત્મા** ભગવાનને હું પ્રણામ કરું છું. (૧૨-૪૭-૫૩)

૩૨ જેનામાં સર્વ કંઈ છે, જેનાથી સર્વ ઉદ્‌ભવે છે, જે સર્વરૂપ છે, જે સર્વવ્યાપી છે અને જે સદાય સર્વમય છે તે **સર્વાત્મા** પરમાત્માને હું નમસ્કાર કરું છું. (૧૨-૪૭-૫૪)

* * *

આ રીતે મેં વિદ્યા અને તપના ઉદ્‌ભવસ્થાન અજન્મા ભગવાન શ્રીવિષ્ણુનું સ્તવન કરીને તેમનું વાગ્યજ્ઞથી અર્ચન કર્યું છે, તો જનાર્દન ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ

इति विद्यातपोयोनिरयोनिर्विष्णुरीडितः ।
वाग्यज्ञेनार्चितो देवः प्रीयतां मे जनार्दनः ॥ १२-४७-६३

(આ સ્તોત્રના ક્ષેપક શ્લોકોમાં બીજાં બત્રીસેક નામ વડે સ્તુતિ કરી છે, પણ એમાં કંઈ ખાસ વિશિષ્ટતા નથી.)

## પરિશિષ્ટ ૨

## પિતામહ ભીષ્મ પરણ્યા હતા

(સંદર્ભ 'શાન્તિપર્વ' ૫૦-૨૦; નોંધ ૧૭)

પિતામહ ભીષ્મના લગ્ન અંગે સીધો કંઈ ઉલ્લેખ પ્રાપ્ત થતો ન હોવા છતાં, અન્ય સંદર્ભો જોતાં જણાય છે કે પિતામહનું લગ્ન થયું હતું.

(૧) પિતા માટે સત્યવતીનું માગું કરવા ગયેલા દેવવ્રત એમની વિશ્રુત પ્રતિજ્ઞા લેતાં બોલ્યા હતા: 'દાશરાજ! નૃપોત્તમ! પિતા માટે સર્વ રાજાઓના સાંભળતાં મારાં વચન સાંભળી લો. રાજાજી! રાજ્ય તો મેં પૂર્વે જ ત્યજ્યું છે.**હવે સંતાન અર્થે આ પ્રતિજ્ઞા કરું છું.** (अपत्यहेतोरपि च करोम्येष विनिश्चयम् ॥) **હે દાશ! આજથી આરંભીને હું બ્રહ્મચારી રહીશ.** (अद्यप्रभृति मे दाश ब्रह्मचर्यं भविष्यति ॥) અપુત્ર રહેવા છતાંય મને સ્વર્ગમાં અક્ષય લોકો સાંપડશે.' (૧-૯૪-૮૬થી ૮૮)

આ સાથે દક્ષિણની વાચનાએ સ્વીકારેલ પાઠ જોતાં જણાશે કે દક્ષિણની વાચના તૈયાર કરનારાઓને ભીષ્મનાં લગ્ન થયાનો સંભવ જણાતો હતો: 'જન્મ ધારણ કર્યા પછી હું કંઈ પણ અસત્ય બોલ્યો નથી. એટલે જ્યાં સુધી મારા દેહમાં પ્રાણ હશે ત્યાં સુધી હું સંતાન ઉત્પન્ન નહિ કરું. માટે મારા પિતાને કન્યા આપ. હું રાજ્ય અને મૈથુનનો સર્વથા ત્યાગ કરું છું. દાશ! તને સત્ય કહું છું કે હું ઊર્ધ્વરેતા બનીશ.' ('આદિપર્વ' ક્ષેપક ૯૮૮)

ક્ષેમેન્દ્રકૃત 'ભારતમંજરી' (ઈ. સ. ૧૦૫૦), અમરચંદ્રસૂરિકૃત 'બાલભારત' (ઈ. સ.ની ૧૩મી સદી), મલધારી દેવપ્રભસૂરિકૃત 'પાંડવચરિત્ર' (શાકે ૧૪૮૦ કરતાં પૂર્વે)માં મ.ભા.ના 'અદ્યપ્રભૃતિ' શબ્દોને પુષ્ટ કરતાં લખાણ છે.

(૨) ભીષ્મ પિતામહે ૩૦ (અથવા વધુ) અશ્વમેધ કરેલા. (જુઓ ૬-૨૨-૧૫. પૂર્વાર્ધમાં 'ધર્મસંસ્થાપક' પ્રકરણમાં ઉપર્યુક્ત નિર્દેશ.)

ભટ્ટ કુમારિલે (ઈ. સ. ૬૫૦-૭૦૦) ભારતીય સમાજમાં જેમનું મહત્ત્વનું સ્થાન છે એવા દસ મહાપુરુષોએ ક્યાં ક્યાં ધર્મનું અતિક્રમણ કર્યું હતું તેનું વિવેચન કર્યું છે. એમાં પિતામહે કરેલા અશ્વમેધોને લક્ષમાં રાખીને નીચે મુજબ સમીક્ષા કરી છે:

'સદાચારીઓમાં ધર્મવ્યતિક્રમ અને મહાપુરુષોમાં પણ સાહસ જણાય છે. પ્રજાપતિ, ઇન્દ્ર, વસિષ્ઠ, વિશ્વામિત્ર, યુધિષ્ઠિર, કૃષ્ણ દ્વૈપાયન, **ભીષ્મ,** ધૃતરાષ્ટ્ર, વાસુદેવ, અર્જુન વગેરે અને ઘણા અદ્યતનોમાં પણ...ભીષ્મ તો 'ભાઈઓમાં એક ભાઈને પણ જો પુત્ર હોય તો તે પુત્ર વડે સર્વ ભાઈઓને પુત્રવાળા સમજવા એમ મનુએ કહ્યું છે' ('મનુસ્મૃતિ' ૯-૧૮૨); તદનુસાર વિચિત્રવીર્યના ક્ષેત્રજ પુત્રોને કારણે પુત્રવાન હતા અને પિતૃઋણમાંથી મુકત થયેલા. તેથી **કેવળ યજ્ઞ કરવા માટે પત્નીસંબન્ધ હતો** એમ અર્થાપત્તિથી, કહ્યા વિના પણ સમજાય છે. केवलयज्ञार्थ-पत्नीसंबन्ध आसीदित्यर्थापत्त्या अनुक्तमपि गम्यते ॥

'વળી જેમણે જાણતા હતા છતાં પણ શાસ્ત્રાર્થનું અતિક્રમણ થશે એ ડરથી પિતાને પિંડદાન દીધું નહોતું તેઓ એકાકી રહીને યજ્ઞ કેવી રીતે કરે ?' (નિર્દિષ્ટ પ્રસંગ માટે જુઓ મ.ભા. ૧૩-૮૩-૧૧થી)

यो वा पिण्डं पितुः पाणौ विज्ञातेऽपि न दत्तवान् ।
शास्त्रार्थातिक्रमाद्भीतो यजेदेकाक्यसौ कथम् ॥

—'તન્ત્રવાર્તિક', ૧-૩, પૃ. ૧૨૭,૧૩૫.

અશ્વમેધ એક એવો મહાયજ્ઞ છે કે જેમાં પત્ની વગર ચાલે જ નહિ. આમે વૈદિક યજ્ઞોમાં યજમાનને પત્ની હોવી જ જોઈએ. અશ્વમેધની ખાસ વિધિઓ જોતાં વિશિષ્ટ રીતે જરૂરી.

અશ્વમેધ સામાન્યતઃ ચક્રવર્તીઓ કરે, પરન્તુ બીજાઓ પણ કરી શકે. પુરાણું ઉદાહરણ : ભગવાન શ્રીકૃષ્ણના પિતા વસુદેવે અશ્વમેધ કરેલો (૨-૪૨-૯; ૧૭-૮-૨૧). અર્વાચીન જમાનામાં અઢારમી સદીના પૂર્વાર્ધમાં રાજસ્થાનમાં આમેરના (અટલે કે જયપુર રાજ્યના) મોગલોના ખંડિયા સવાઈ જયસીંગે અશ્વમેધ કરેલો (Vide *History of Dharmaśāstra* Vol. II-II, p. 1239)

વળી જુઓ 'ઉદ્યોગપર્વ' ૧૩૭-૧૬માં દ્રોણના શબ્દો : '(દુર્યોધન !) અમે (એટલે કે ભીષ્મ-દ્રોણે) દાન કર્યાં છે, **હોમ કર્યા છે** (हुतम्), અધ્યયન કર્યું છે, બ્રાહ્મણોને ધનથી તૃપ્ત કર્યા છે. અમારું આયુષ્ય પણ પૂરું થયું છે, તેથી તું અમને બન્નેને કૃતકૃત્ય જ જાણી લે.'

(૩) પિતામહના સ્વર્ગારોહણ પ્રસંગે યુધિષ્ઠિર હસ્તિનાપુરથી નીકળ્યા ત્યારે મોખરે ભીષ્મના અગ્નિઓને લઈ જવામાં આવતા હતા. भीष्मस्याग्नीननुव्रजन् । (૧૩-૧૫૩-૧૧). આના ઉપર પં. નીલકંઠે ટીકામાં લખ્યું છે : भीष्मस्याग्नीन् इति । तेन तस्यापि पत्नी आसीत् । यद्वा संस्कारकान् अग्नीन् । એમ પિતામહને પત્ની હોવાની શકયતા વ્યક્ત કરી છે. વળી યુધિષ્ઠિરે ભીષ્મને પોતે આવી પહોંચ્યાની જાણ કરતાં કહ્યું છે : 'વિભો ! તમારા અગ્નિઓને લઈને હું સમયસર હાજર થયો છું'. (૧૩-૧૫૩-૨૦)

'આહિતાગ્નિ' ગૃહસ્થાશ્રમી હોય એમ જાણીતું છે, તેમ જ આહિતાગ્નિના મૃત્યુ પછી તેના શબની સાથે અગ્નિઓને પણ દાહસંસ્કાર માટે સ્મશાનમાં લઈ જવામાં આવે છે.

(૪) 'આદિપર્વ' ૯૭-૯ થા ૧૧માં સત્યવતી ભીષ્મને કાં તો નિયોગ દ્વારા કે કાં ધર્મપૂર્વક પત્ની કરીને સંતાનોત્પત્તિ કરવા આગ્રહ કરે છે. તેના ખુલાસામાં ટીકાકાર નીલકંઠ સ્પષ્ટતાથી લખે છે : ब्रह्मचर्यसंकल्पात्प्रभृति त्यक्तान् संतत्यर्थमङ्गीकुरु ॥

(૫) ઉપરના સંદર્ભોના અનુસંધાનમાં, પાંડવોના રાજસૂય પ્રસંગે શિશુપાલે ભીષ્મને ઉદ્દેશીને ઉપાલંભો આપ્યા હતા, તેમાં કહ્યું હતું : 'તું મોહથી અથવા નપુંસકતાને લીધે બ્રહ્મચર્ય પાળે છે' (૨-૩૮-૨૪). તેની પાછળ એવો ટોણો હોવા સંભવ છે કે, પોતાનું ક્લીબત્વ ઢાંકવા માટે, ભાર્યા હોવા છતાં ભીષ્મ બ્રહ્મચર્યનો દંભ કરે છે.

પિતામહે જ્યારે બ્રહ્મચર્યપાલનની પ્રતિજ્ઞા લીધી ત્યારે એમની વય ચાલીસ વર્ષની હતી (જુઓ 'આદિપર્વ' અધ્યાય ૯૪). સામાન્યતઃ જે ઉંમરે પહોંચ્યા અગાઉ મનુષ્ય પરણી જાય એવી તે ઉંમર છે—એ જમાનામાં અને આજે પણ.

ઉપરના મુદ્દાઓનુ અવલોકન કરતાં જણાય છે કે ભીષ્મ પરણ્યા હતા, એમણે વૈદિક કર્મ કરવા અગ્નિસ્થાપન કરેલું, અને તે પછી સત્યવતી સાથે પિતાનું લગ્ન થઈ શકે તે માટે બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધેલી.

ગૃહસ્થ બ્રહ્મચારી રાષ્ટ્રપિતા ગાંધીજી અને ભારતના પિતામહ ભીષ્મના બ્રહ્મચર્ય વચ્ચેનું સામ્ય સરખાવવા યોગ્ય છે. ગાંધીજીએ કરેલા બ્રહ્મચર્યના અભૂતપૂર્વ અને અશ્રુતપૂર્વ પ્રયોગો માટે જુઓ *The Last Phase*, Vol. I, Book twoમાં 'બ્રહ્મચર્ય' પ્રકરણ, પૃ. ૨૦૯-૨૪૪. તેમાંય પૃ. ૨૦૯ ઉપરનું શુકદેવનું દૃષ્ટાંત, અને પૃ. ૨૩૭ ઉપર 'ભાગવત'ના શ્લોકોનું પ્રમાણ આપી ગાંધીજીના લોકોત્તર વર્તનનું મૂલ્યાંકન કરતા વિભાગો.[૩૬]

અવિવાહિત ભીષ્મના બ્રહ્મચર્ય કરતાં વિવાહિત ભીષ્મનું બ્રહ્મચર્ય વધુ સંયમ માગી લે અને તેથી એ અનેકશઃ આદરણીય અને પ્રેરણાદાયી હોય. દુરાધર્ષ એવા કામના પણ વિજેતા ભીષ્મનું ચારિત્ર્યતેજ ભારતીય પ્રજાને ( અને તેની મારફતે વિશ્વની પ્રજાઓને ) યુગો સુધી પ્રેરણા આપી શકે એવું ઓજસ્વી છે.

---

૩૬. પિતામહ ભીષ્મે, શ્રીરામકૃષ્ણ પરમહંસની જેમ, વિવાહિત હોવા છતાં પૂર્ણ બ્રહ્મચર્ય પાળ્યું હોય એમ પણ સંભવે. કુમારિલે 'કેવળ યજ્ઞ કરવા માટે પત્નીસંબન્ધ હતો' એમ નોંધ કરી છે તે આ સંદર્ભમાં અત્યંત ઉચિત રીતે બંધ બેસે છે. એટલે કે ભીષ્મે ઠાકુર શ્રીરામકૃષ્ણની જેમ આજીવન બ્રહ્મચારી રહેવાનો નિર્ણય મનમાં રાખીને વિવાહ કર્યો હોય. એવા સંયોગમાં પિતામહને ચકિત હૃદયે અને પૂજ્યભાવે વારંવાર પ્રણામ-નમસ્કાર કરવાનું જ સૂઝે.

# છાયાનાટક

બિપિનચંદ્ર કાપડિયા

નાટ્યશાસ્ત્રને અનુલક્ષીને ભારતીય પરંપરામાં પ્રાચીન ગ્રંથોને લુપ્ત કરીને પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કરનાર નાટ્યશાસ્ત્રવિષયક પ્રાચીન વિશ્વસનીય કૃતિ તે સુપ્રસિદ્ધ ભરતમુનિરચિત નાટ્યશાસ્ત્ર. પ્રાચીન સમયમાં દુનિયાની વિવિધ ભાષાઓમાં નાટકના સિદ્ધાન્તો, પ્રકારો તથા શાસ્ત્ર વિષે શાસ્ત્રીય સંશોધનાત્મક ઢબે લખાયેલી એકમાત્ર કૃતિ તે ભરતપ્રણીત નાટ્યશાસ્ત્ર. આ વિષયમાં પ્રાચીનતર કૃતિઓ તે શિલાલિન્ અને કૃશાશ્વનાં નટસૂત્રો જેનો ઉલ્લેખ પાણિનિએ અષ્ટાધ્યાયીસૂત્ર ૪.૩.૧૧૦-૧૧૧માં[૧] કર્યો છે. પરંતુ, જેવી રીતે પાણિનિના વ્યાકરણે બધાં પૂર્વગામીઓનાં વ્યાકરણોને પશ્ચાદ્ભૂમિમાં ફેંકી દીધાં; જેવી રીતે કૌટિલ્યના અર્થશાસ્ત્રે બધા પ્રાચીન અર્થશાસ્ત્રના ગ્રંથોને દબાવી દીધા; જેવી રીતે વાત્સ્યાયનના કામસૂત્રે એતદ્વિષયક પૂર્વકાલીન ગ્રંથોને લુપ્ત કરી દીધા; તેવી રીતે ભરતમુનિના ખ્યાતનામ નાટ્યશાસ્ત્રે પૂર્વાચાર્યોના નાટ્યવિષયક ગ્રંથોને અંધારાની ગર્તામાં ધકેલી દીધા. ભરતમુનિના નાટ્યશાસ્ત્રમાં ૩૬ અધ્યાયમાં ૬૦૦૦ શ્લોકો આવેલા છે.

कृतानुकरणं लोके नाट्यमेतद् भविष्यति। (नाट्यशास्त्रम् काव्यमाला ४२, પૃ. ૧૨, પાદટીપ ૯).

નાટકની વ્યાખ્યા આપી રૂપક અને ઉપરૂપકના આ પ્રમાણે અનુક્રમે ૧૦ અને ૧૮ પ્રકારોની ચર્ચા ૨૦મા અધ્યાયમાં કરી છે. આટલા આટલા પ્રકારો તથા ઉપપ્રકારોની મીમાંસા ભરતે નાટ્યશાસ્ત્રમાં કરી હોવા છતાં પણ વિશિષ્ટ પ્રકારના **છાયાનાટકની** ચર્ચા કે ઊહાપોહ નથી કર્યો ભરતે કે નથી કર્યો તેના પ્રસિદ્ધ ટીકાકારોએ. અર્વાચીન લેખક વિશ્વનાથે પણ સાહિત્યદર્પણમાં ઉપરૂપકાદિની સૂચિમાં છાયાનાટકનો ઉલ્લેખ નથી કર્યો.

છાયાનાટકનો અર્થ સુસ્પષ્ટ નથી. ડૉ. એસ. કે. ડેએ[૨] કબૂલ કર્યું છે કે 'છાયાનાટક' શબ્દનો અભિપ્રેતાર્થ અત્યંત સંદેહપ્રેરક છે. છાયાનાટક વિષે વિદ્વાનોએ આ પ્રકારની માહિતી આપી છે: નાટકની રૂપરેખા, નાટકની છાયા, અથવા અર્ધનાટક (પિશેલ), છાયાની અવસ્થામાં નાટક (લેવી); દૂતાંગદને તથા તેવાં નાટકોને ધ્યાનમાં લેતાં છાયાનાટક તે છે કે જેમાં તે વિષયનાં લખાયેલાં નાટકોનું

---

૧. પાણિનિ : અષ્ટાધ્યાયી :

पाराशर्यशिलालिभ्यां भिक्षुनटसूत्रयोः (४-३-११०).

........शैलालिनो नटाः। कर्मन्दकृशाश्वादिनिः (४-२-१११)

भिक्षुनटसूत्रयोरित्येव........कृशाश्विनो नटाः॥

2. History of Sanskrit Literature, p. 501.

સંક્ષિપ્તીકરણ છે. છાયાનાટકના[1] આ અર્થમાં નાટ્યશાસ્ત્રના સિદ્ધાન્તવિદોને તે કોઈ પણ રીતે જ્ઞાત નથી. તેથી પ્રાચીન સમયમાં તેના અસ્તિત્વ વિષે શંકા થાય છે, તથા સંસ્કૃત નાટકના વિકાસમાં તેનો મહત્ત્વનો હિસ્સો હતો તેવા વિધાન માટે પણ શંકાને અવકાશ રહે છે.

છાયાનાટકનું શીર્ષક જેને આપવામાં આવ્યું છે તે બધાં છાયાનાટકોમાં પ્રથમ સ્થાન સમયના ક્રમમાં સુભટકૃત દૂતાંગદનું છે. સંભવિત છે કે લેખકને છાયાનાટક નામકરણ આપવાનાં ભાસના પ્રતિમાનાટકે તથા ભવભૂતિકૃત ઉત્તરરામચરિતના છાયાંકે મદદ કરી હોય. પ્રતિમાનાટકનું તેવું નામ પાડવામાં આવ્યું છે કેમકે તેમાં દશરથનું પૂતળું રંગમંચ પર નવી ભાત પાડે છે. તેવી રીતે ઉત્તરરામચરિતના છાયાંકમાં સીતાની છાયા વિશિષ્ટ પ્રકારના નાટક સંબંધી રૂઢિપ્રયોગને દાખલ કરે છે. સામાન્ય રીતે સંસ્કૃત નાટકોનાં નામ કોઈ વિશિષ્ટ પ્રસંગ કે પ્રયોગ જેનાથી નાટકનું વસ્તુ વિશિષ્ટ રીતે વિકસાવવામાં આવે છે તેના પરથી પાડવામાં આવે છે. જેમ કે મૃચ્છકટિકમાં માટીની ગાડી, કુન્દમાલામાં કુન્દપુષ્પોની માલા, વેણીસંહારમાં વેણી, આશ્ચર્યચૂડામણિમાં મુકુટમણિ, રત્નાવલીમાં હીરાનો હાર, વિદ્ધશાલભંજિકામાં નાયિકાની પ્રતિમા અને રત્નપંચાલિકામાં રત્નજડિત પૂતળું. આવી કલાત્મક રીતે નાટકકારોએ ચમત્કારી આવિર્ભાવોને મહત્ત્વનું સ્થાન આપી તેના પરથી નાટકનાં નામ પાડ્યાં છે.

હવે આ છાયાનાટકોને આ સંદર્ભમાં તપાસીએ. સુભટકવિના દૂતાંગદમાં પ્રસ્તાવના આ પ્રમાણે છે :—

**महाराजाधिराजश्रीमत्त्रिभुवनपालदेवस्य परिषदाज्ञया प्रबंधविशेषमुपक्रममानोऽस्मि अद्य वसन्तोत्सवे देवश्रीकुमारपालदेवस्य यात्रायां......श्रीसुभटेन विनिर्मितं दूतांगदं नाम छायानाटकमभिनेतव्यम् ।**

પ્રસ્તાવના જણાવે છે કે ત્રિભુવનપાલની સભાના સભાસદોની સૂચનાથી સુભટકવિએ દૂતાંગદ છાયાનાટક રચ્યું અને જે રાજા કુમારપાલે પ્રસ્થાપિત કરેલા સોમનાથના શિવમંદિરના શુભ પ્રસંગોની સ્મૃતિરૂપે વસંતોત્સવના પ્રસંગે ભજવાયું હતું. નાટકના અંતે પુષ્પિકામાં આમ લખ્યું છે: **इति सुभटकविप्रणीतं दूतांगदं नाम छायानाटकम् ।** પરંતુ, આપણે અહીં ધ્યાનમાં રાખવું પડશે કે મહાભારત ૧. ૧૨. ૨૯૪. ૫ પરની નીલકંઠની ટીકામાં બતાવ્યું છે તે પ્રમાણે આ છાયાનાટકમાં બારીક કપડાના પડદા પર પૂતળીઓની છાયા પ્રતિબિંબિત કરી છાયાની અસર ઉપજાવવામાં આવતી નથી. કૃતિના પૃ. ૯ પર આપવામાં આવેલી રંગમંચીય સૂચના સ્પષ્ટ કરે છે કે મનુષ્ય નટો દ્વારા વિવિધ પાત્રોની ભૂમિકા ભજવવામાં આવી છે, જેમકે **ततः प्रविश्य पटाक्षेपेण ।**

આ પ્રકારનાં નાટકોને ભજવવાની વિશિષ્ટ રીતિ સંગીતચૂડામણિમાં[2] બતાવેલી રીત જેવી છે. આમાં રંગમંચ પર બે પડદા હોય છે. પહેલો જાડો જેને પ્રેક્ષકો સૌ પ્રથમ જોઈ શકે,

---

૧. છાયાનાટક અને તેના કર્તા આ પ્રમાણે છે: સુભટ કવિ-કૃત દૂતાંગદ (લગભગ ૧૨૫૦), સોમેશ્વરકૃત ઉલ્લાઘરાઘવ (૧૩મી સદી), મેઘપ્રભાચાર્યકૃત ધર્માભ્યુદય, રામદેવ વ્યાસકૃત સુભદ્રાપરિણય (ન) [૧૪મી સદી]; પાંડવાભ્યુદય અને રામાભ્યુદય; રામપાણિવાદ કૃત સીતારાઘવ; શમામૃત (અજ્ઞાતકર્તૃક); જે. ટી. પરીખકૃત છાયાશાકુન્તલ (૧૯૫૭).

૨. ત્રિવેણી પૃ. ૭૨૨ જ્યાં આની એક હસ્તપ્રતનો ઉલ્લેખ કર્યો છે.

જેને નાટક શરૂ થતાં ઉપાડી લેવાય છે તથા બીજો સૂક્ષ્મ પારદર્શક છે જેની પાછળ રહી નટો પોતપોતાનો ભાગ ભજવે છે અથવા નૃત્યકારો નૃત્ય કરે છે. દૂતાંગદમાં છાયાસીતા માયામૈથિલીનું પાત્ર આમ ભજવે છે :

( ततः प्रविशति प्रहस्तेन सह मायामैथिली )

मैथिली : जयतु जयत्वार्यपुत्रः । ( इत्यभिदधाना रावणोत्संगमारोहति । )

रावण : ( स्वगतम् ) साधु भो मायामयि, साधु जानासि दशकण्ठमाराधयितुम् ।

अङ्गद : ( सविषादमात्मगतम् ) अपि नाम जानकी पण्याङ्गनाचरितमाचरेत् । भवतु विलोकयामि तावत् ।

रावण : देवि, विदेहनन्दिनि, प्रतिबोध्यतां रामप्रहितोऽयं शाखामृगः ।

मायामैथिली : ( अङ्गदं सबहुमानं विलोक्य ) वत्स, अङ्गद मम वचनेन प्रतिबोध्यतां रावणम् ।

एषामुपरि कस्मात् खिद्यसे राघव तद्व्रज निजं नगरम् ।
दत्ताहं निजहृदये साक्षीकृत्य मदनमेतस्मै ॥ २८ ॥
अपि च
मयि रावणाङ्कजविलासहंस्यामथ रघुनाथः ।
राक्षसभटैरनिर्जितभरतं भूषयतु निजराज्यम् ॥ २९ ॥

આ નાટકમાં માયામૈથિલી તે છાયા છે જેનું સ્પષ્ટીકરણ નીચેના ઉદ્ધરણ પરથી થાય છે:—

ततस्तेजोमयं रूपमसहन्ती विवस्वतः ॥
नारीमुत्पादयामास स्वशरीरादनिन्दिताम् ।
त्वाष्ट्रीरूपेण नाम्ना छायेति भामिनी तदा ॥
किं करोमीति पुरतः स्थितां तामभ्यभाषत ।
छाये त्वं मम भर्तारमस्मदीयं वरानने ॥
अपत्यानि मदीयानि मातृस्नेहेन पालय ।
तथेत्युक्त्वा तु सा देवमगमत् कापि सुव्रता ॥
कामयामास देवोऽपि संज्ञेयमिति चादरात् ।
जनयामास तस्यां तु पुत्रं च मनुरूपिणम् ॥ मत्स्य पु. ११. ४-८

આ રીતે છાયાનો પ્રયોગ ઘણો પ્રાચીન લાગે છે. રામાયણમાં રણાંગણમાં રામના સૈન્યને નાસીપાસ કરવા માટે માયાસીતાના મૃત્યુનો ઉલ્લેખ કરાયો છે. મરતાં મરતાં તે રામ માટે વિલાપ કરે છે. ( रा. युद्धकाण्ड ८१ ) કાલિદાસના રઘુવંશમાં નન્દિની ગાય દિલીપની પરીક્ષા માયાસિંહની[1] નિર્મિતિ દ્વારા કરે છે. સંસ્કૃત નાટ્યસાહિત્યમાં ધીરે ધીરે માયાવી પાત્રોનો વિકાસ થતો હોય તેમ લાગે છે. પ્રારંભિક દશામાં ઇન્દ્રજાલના પ્રયોગથી કોઈ પાત્ર બીજા પાત્રનું સ્વરૂપ ધારણ કરી મૂળ પાત્ર દ્વારા ન ભજવવાનું કાર્ય કરતો. આનું પ્રયોજન નાટકમાં મુખ્ય પાત્રને છેતરવાનું હતું. મહાવીરચરિતમાં શૂર્પણખા મંથરાનું રૂપ ધારણ કરે છે. આશ્ચર્ય-ચૂડામણિમાં રાવણ, તેનો રથ હાંકનાર અને શૂર્પણખા ક્રમશઃ રામ, લક્ષ્મણ અને સીતાનાં સ્વરૂપો ધારણ કરે છે, બાલ-

---

1 मायां मयोद्भाव्य परीक्षितोऽसि. रघु २.६२.

રામાયણમાં માયામય, શૂર્પણખા અને તેની દાસી ક્રમશઃ દશરથ, કૈકેયી અને મંથરાનાં સ્વરૂપો ધારણ કરે છે. વળી, આ નાટકમાં લેખકે નવો પ્રયોગ પણ કર્યો છે. મૂળ સીતાને મળતી એવી છાયાસીતા રાવણને આશ્વાસન આપે છે. સીતાનું પૂતળું હોય છે, જેના મોઢામાં એક પક્ષી ગોઠવવામાં આવ્યું છે. સ્પર્શ કરે છે ત્યારે રાવણને ખબર પડે છે કે તે ખરી સીતા નથી. રાજશેખર પ્રમાણે રણાંગણમાં આ સીતાનો શિરચ્છેદ કરીને રામને લડતાં નાસીપાસ કરાય છે.

સમય જતાં, ૧૩મી સદીમાં, જયદેવે પ્રસન્નરાઘવમાં આ નાટકીય પદ્ધતિમાં પરિવર્તન કર્યું. છઠ્ઠા અંકમાં જાદુ દ્વારા જેનું વિદ્યાધરોએ નિર્માણ કર્યું છે તેવી માયાસીતાને ઉત્પન્ન કરવામાં આવી છે. અપહરણ કર્યા પછી અશોકવૃક્ષની નીચે રાખવામાં આવેલી સીતા માટે વિલાપ કરી રહેલા રામને આશ્વાસન આપવા આ માયાસીતાને નિર્માણ કરી છે. માયાસીતા રામ માટે વિલાપ કરે છે. આ સંદર્ભમાં તપાસતાં, ૧૩મી સદીમાં સૌ પ્રથમ સુભટકવિએ દૂતાંગદમાં માયાપાત્રનો વિકાસ કર્યો. આ સદીમાં સુભટકવિના નાના સમકાલીન સોમેશ્વરે ઉલ્લાઘરાઘવના ચોથા અંકની અંતિમ પંક્તિમાં લખ્યું છે કે :—

इति कुमारसूनोः श्रीसोमेश्वरदेवस्य कृतावुल्लाघराघवेच्छायानाटके चतुर्थोऽङ्कः समाप्तः इति ।

રામ અને સીતાના સંવાદ દરમ્યાન ઉલ્લાઘરાઘવમાં આ રીતે માયાસીતાનો ઉલ્લેખ થયો છે :

રામ : (सवैलक्ष्यम्) प्रिये श्रूयताम् ।
इह हि मायाकृतामपि मृगाक्षि मतिं तदीयां
सत्यां विहन् न सहसैव मृतोऽस्मि यस्मात् ।
व्रीडाजडस्तदहमेव मृषानुरक्तः
शक्तो न दर्शयितुमात्ममुखं पुरस्ते ॥

सीता : अज्जउत्त एसोवि जणो इत्थ समाणावराहज्जेव ।

राम : (विमृश्य) प्रिये कदाचिदस्मदीयमपि कृत्तविलूनं शिरस्तवाग्रे तैर्दुरात्मभिर्दर्शितं भविष्यति ।

સમય જેનો જ્ઞાત નથી એવા મેઘપ્રભાચાર્ય રચિત ધર્માભ્યુદયને[1] લેખકે છાયાપ્રબંધ એવું નામ આપ્યું છે. આ નાટકમાં રંગમંચીય સૂચના આ પ્રમાણે છે:—

यवनिकान्तराद् यतिवेषधारी पुत्तलकस्तत्र स्थापनीयः

અહીં છાયા પૂતળાના (statue) રૂપમાં છે, જેને માનવીય પાત્રથી જુદી તારવવી અશક્ય છે. આ રંગમંચ પર સમાધિસ્થ સ્થિતિમાં રહેલા યતિનું પાત્ર ભજવાય છે. આ એક જૈન નાટક છે જેમાં એક રાજાને જૈન મતના અનુયાયી બનાવાયા છે. કેટલાક વિદ્વાનો આ નાટકને પ્રતીકાત્મક છાયા નાટક ગણે છે; કારણ કે અહીં પૂતળીઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે જેમકે ;

यवनिकान्तराद् यतिवेषधारी पुत्तलकस्तत्र स्थापयितव्यः । (पृ. १५)

---

૧. પ્રકાશિત : જૈન આત્માનંદ ગ્રંથમાળા, ભાવનગર, ૧૯૧૮ .

૧૫મી સદીમાં રામદેવ વ્યાસની કલમમાંથી સુભદ્રાપરિણય[1], રામાભ્યુદય, અને પાંડવાભ્યુદય ત્રણ છાયાનાટકો લખાયાં છે. સુભદ્રાપરિણયમાં અર્જુન રંગમંચ પર યતિના વેશમાં આવે છે.

ધર્માભ્યુદય જેવાં ભારતીય છાયાનાટકો ઈન્ડોનેશિયામાં પણ ઉપલબ્ધ થાય છે. તેમને "Wayang" કહેવામાં આવે છે. આ નાટકો ભજવતી વખતે સૂત્રધાર (dalang) પડદા પર ચામડાની કે લાકડાની પૂતળીઓને પ્રતિબિંબિત કરે છે. ઇન્ડોનેશિયાની ભૂમિ તથા વાતાવરણને અનુરૂપ રહી આવાં છાયાનાટકો સવિશેષ રામાયણ તથા મહાભારતના પ્રસંગોમાંથી નિર્માયેલાં છે.

જેને છાયાનાટકથી વ્યપદિષ્ટ કરાયાં છે તેવાં છાયાનાટકોથી શું અભિપ્રેત થાય છે તે વિષે વિદ્વાનોમાં મતભેદ પ્રવર્તે છે. કેટલાંક તેને છાયાનાટક (Shadow-play) માને છે જ્યારે બીજાં નાટકનું અનુકરણ માને છે. કેટલાંક એમ માને છે કે સંસ્કૃત નાટકનો વિકાસ છાયાનાટકમાંથી થયો જ્યારે બીજાં તેથી ઊલટું માને છે. છાયાનાટકો જે કંઈ મળ્યાં છે તે ૧૩મી સદીની આસપાસ રચાયેલાં તથા ત્યારપછીનાં છે જે પૂરવાર કરે છે કે સંસ્કૃત નાટકનો વિકાસ અને આવિર્ભાવ છાયાનાટકમાંથી થયો તે સિદ્ધાંત ગ્રહણ કરી શકાય, માની શકાય તેવો નથી, કારણ કે, પાણિનિ પહેલાં અને મહાભાષ્યકાર પતંજલિના સમયમાં સંસ્કૃત નાટ્યશાસ્ત્ર-નાટકોએ સુંદર વિકાસ સાધી લીધો હતો. મહાભાષ્યમાં[2] પતંજલિએ કંસવધ અને બલિબંધ નાટકનો ઉલ્લેખ કર્યો છે. તદુપરાંત તેને ભજવવા વિષે પણ લખ્યું છે. ગમે તેમ પણ નાટ્યશાસ્ત્રમાં ભરતે જે નાટકો તથા તેના પ્રકાર-ઉપપ્રકારાદિની ચર્ચા કરી છે તેનો વિકાસ છાયાનાટકમાંથી થયો લાગતો નથી.

હનૂમન્નાટકને લેખકે છાયાનાટક ગણાવ્યું નથી પણ તેણે છાયાનાટકનું બિરૂદ ધારણ કર્યું છે. આ નાટકમાં પણ માયાસીતાને આ રીતે રજૂ કરી છે:—

> पापं विरच्य समरे जनकस्य पुत्रीं
> हा राम राम रमणेति गिरं गिरन्तीम् ।
> खड्गेन पश्यत वदन्निति रे प्रवीराः
> मायामयीं शिव शिवेन्द्रजिदाजघान ॥ १२-१३.

છાયાનાટકમાં પૂતળીનો પ્રયોગ થતો તે આપણે જોયું. કોઈ છાયાનાટકમાં લખાણ સાથેનાં ચિત્રોનો પ્રયોગ પણ થતો. ઉલ્લાઘરાઘવમાં વૃકમુખ અને કાર્પટિકના સંવાદમાં આમ જોવા મળે છે:

---

૧ સરસ્વતી ભવન સંસ્કૃત સિરિઝમાં નારાયણ શાસ્ત્રી ખિસ્તેએ સંપાદિત કરેલ છે.

२ आख्यातोपयोगे १-४-२९. उपयोग इति किमर्थम् नटस्य शृणोति ग्रंथिकस्य शृणोति, उपयोग इत्युच्यमानेऽपि अत्र प्राप्नोति । एषोऽपि उपयोगः । अतश्च उपयोगो यदारम्भकाः रङ्गं गच्छन्ति नटस्य श्रोष्यामः ग्रन्थिकस्य श्रोष्याम इति । हेतुमति च ३-१-२६ गच्छ हन्यते कंसः, गच्छ घानिष्यते कंसः, किं गतेन हतः कंसः ।

अजादेर्द्वितीयस्य ६-१-२ व्यंजनानि पुनर्नरभार्यावत् भवन्ति । तद्यथा नटानां स्त्रियो रंगगता यो यः पृच्छति कस्य यूथं कस्य यूयं तं तं तव तवेत्याहुः ।

वृकमुखः सखे, कियदप्यन्तर्गतं मया रामलक्ष्मणयोः स्वरूपं स्वामिनो मनो-
विनोदाय पत्रपट्टे विन्यस्तमस्ति । तदवलोकयतु । ( इति पट्टमर्पयति )
कार्पटिकः ( गृहीत्वा विलोक्य च ) साधु महामते साधु छायानाट्यानुसा-
रेण मनोहरमिदमालिखितं भवता । ( इति वाचयति )

ચિત્રપટ પર અંકિત છાયાનાટકનું સ્વરૂપ સંસ્કૃત નાટક સાહિત્યમાં જવલ્લે જ જોવા મળે છે. ૧૩મી સદીના પ્રસન્નરાઘવમાં ચિત્રપટનો ઉપયોગ થયો છે. અહીં પ્રથમ અને સાતમા અંકમાં ચિત્રપટનો પ્રયોગ થયો છે રાવણના પ્રેમને તુચ્છકારી રહેલી સીતા તરફથી પ્રત્યુત્તર ન મળતાં પ્રેમપીડા સહન કરી રહેલા રાવણને આશ્વાસન આપવા ચિત્રપટ ચીતરવામાં આવ્યો છે. ચિત્ર રાવણના હાથમાં છે. તેમાં સમુદ્ર, સુગ્રીવના તાબા હેઠળનું વાનરસૈન્ય, હાથમાં ધનુષ ધારણ કરી રહેલા રામ અને લક્ષ્મણ, સમુદ્રકાંઠે સૂતેલા, સુકાયેલા રામ, બાણથી વિંધાયેલા જળચરોવાળો સમુદ્ર તથા રામનો આશ્રય સ્વીકૃત કરેલા વિભીષણ છે. ચિત્રની નીચે નિમ્નલિખિત શ્લોક છે:—

त्रासं मुञ्च समुद्र ! कोपदहनो रामस्य पास्यत्ययं
बन्दीभूतसुरेन्द्रसुन्दरदृशामक्ष्णोरमुद्रं पयः ।
कामं ते मकरीगणो विहरतामेते च लङ्केश्वर-
स्त्रीगण्डस्थलपत्रभङ्गमकरीविध्वंसिनः सायकाः ॥ ७.११

अद्यैवास्य विभीषणस्य शरणापन्नस्य मूर्ध्ना नते-
रानृण्यं विदधात्ययं रघुपतिर्लङ्काधिपत्यश्रियम् ।
एतस्यैव भुजाविह प्रतिभुवौ सुग्रीवराज्यार्पणे ।
त्रैलोक्यप्रथमानसत्यचरितौ सर्वे वयं साक्षिणः ७.१२

૧૮મી સદીમાં રામપાણિવાદ સીતારાઘવના ચોથા અંકમાં ચિત્રપટનો આશરો લે છે. આ ચિત્રમાં ચિત્રકૂટ પર્વત પર લક્ષ્મણ સહિત સીતાને ચીતર્યાં છે. ચિત્રની સીતાને રાવણ ખરી સીતા માની તેના ચરણમાં પડવા માગે છે. આ બધું જોઈ રહેલો પ્રહસ્ત સ્વગત કહે છે:—

अहो प्रकृतावप्यस्यां सत्यजानकीबुद्ध्यैव प्रलपति देवः ।

**શમામૃતને** તેના કર્તા છાયાનાટક ગણે છે. આમાં માનવીય પાત્રો હરણના સ્વાંગમાં જોવા મળે છે. આ વસ્તુસ્થિતિને લીધે નાકટનું નામ આ રીતે રાખ્યું છે.

ઉપર્યુક્ત વિવેચનને આધારે આપણે આવા નિષ્કર્ષ પર આવી શકીએ કે ૧૩મી સદીમાં નિમ્નલિખિત ચાર લક્ષણો ધારણ કરનાર નાટકને છાયાનાટકનું અભિધાન અપાતું:

૧. માયાવી પાત્ર રંગમંચ પર પોતાનું પાત્ર ભજવતું પરંતુ પ્રેક્ષકો સાચા પાત્રથી આ પાત્રને અલગ તારવી શકતા નહિ, જેમકે દૂતાંગદ.

૨. મૂર્તિ કે પૂતળાને રંગમંચ પર પાત્રને ઠેકાણે પ્રસ્થાપિત કરવામાં આવતું, જેમકે ધર્માભ્યુદય.

૩. ચિત્રપટ કે જેની સાથે થોડા શ્લોકો લખેલા હોય છે, તેનાં રંગમંચ પરનાં કેટલાંક પાત્રો નિરીક્ષણ તથા અભ્યાસ કરે છે. ચિત્રાંકિત પાત્રો રંગમંચનાં પાત્રોના મન પર તેવી અસર ઉપજાવે છે જેવી રંગમંચનાં સાચાં પાત્રો ઉપજાવી શકે.

૪. કેટલાંક પાત્રો વેશપલ્ટો કરીને અથવા પ્રાણીના રૂપમાં રંગમંચ પર દેખાય છે.

ગમે તેમ, પણ સંસ્કૃત સાહિત્યને પ્રેક્ષકો અને પડદા વચ્ચે પડછાયો પાડી છાયા-નાટક જેવું કરાતું ન હતું; તેવી રીતે છાયાનાટક વિશાળ નાટકનું સંક્ષિપ્ત સ્વરૂપ પણ ન હતું.

બીજું, રામાયણનું વસ્તુ, તથા રામ, સીતા જેવાં રામાયણનાં પાત્રોને કેન્દ્રમાં રાખી ઘણાંખરાં છાયાનાટકો લખાયાં છે. પ્રો. જે. ટી. પરીખે સંભવતઃ આવાં નાટકોમાંથી પ્રેરણાનાં પીયૂષ પીને છાયા-શાકુન્તલની[1] રચના કરી હોય એમ લાગે છે. આ વીસમી સદીના છાયા-નાટકની જરા ચર્ચા કરી લઈએ. છાયાશાકુન્તલ ૨૫ પૃષ્ઠનું નાટક છે. આ નાટકમાં શકુન્તલા અને તેની માની સખી સાનુમતી તિરસ્કરિણીનો સહારો લઈ રંગમંચ પર હોય છે તથા આશ્રમમાં દુષ્યન્તની સ્થિતિ નજરેનજર જુએ છે. આ નાટકમાં પાત્રોએ તિરસ્કરિણીનો ઉપયોગ કર્યો છે. કાલિદાસે વિક્રમોર્વશીયમમાં ઉર્વશીને તિરસ્કરિણીનો ઉપયોગ કરાવી પુરૂરવા અને વિદૂષકનો વાર્તાલાપ તથા નાયકની સ્થિતિનું અવલોકન કરાવ્યું છે. ભવભૂતિએ ઉત્તર રામચરિતમાં સીતાને રામની સ્થિતિનું પ્રત્યક્ષ અવલોકન કરાવ્યું છે.

છાયાશાકુન્તલમાં સંસ્કૃત નાટકની નાન્દીનો સામાન્ય પ્રયોગ સૂચના વગર કરવામાં આવ્યો હોય તેમ લાગે છે. મેનકાની સખી સાનુમતી તાપસીના વેષમાં પ્રવેશ કરે છે જેને આશ્રમ-દેવતા પુષ્પાંજલિથી સત્કારે છે. શકુન્તલાના પ્રત્યાખ્યાન પછી કણ્વ-ગૌતમીએ આશ્રમ ત્યજી દીધો છે અને તેમના વગર આશ્રમ કેવો છે તેનું પ્રત્યક્ષીકરણ કરવા તે આવી છે એમ સંવાદ દ્વારા જાણવા મળે છે. શકુન્તલાનો પુત્ર ૧૫ વર્ષનો થયો છે. તિરસ્કરિણી હેઠળ શકુન્તલા આશ્રમની પરિસ્થિતિનું જાતે વિહંગાવલોકન કરશે. દુષ્યન્ત પણ કારણવશાત્ આશ્રમમાં રથ ઉતારે છે. રાજા મૂર્છા પામે છે. અકારણ પત્નીનો પરિત્યાગ કરનારને આશ્વાસન આપવાની પોતાની ઇચ્છા ક્રિયાન્વિત કરવા શકુન્તલા નથી માગતી. છેવટે સ્પર્શથી ભાનમાં લાવે છે. દુષ્યન્ત શકુન્તલાના સ્પર્શને અનુભવે છે, ઓળખે છે પણ તિરસ્કરિણીમાં હોવાથી દુષ્યન્ત શકુન્તલાને જોઈ શકતો નથી. અનસૂયા રાજાના આગમનને વધાવે છે. સંસ્મરણશીલ ભૂમિભાગો દુષ્યન્તને બતાવાય છે. અનસૂયા અને દુષ્યન્તના વાર્તાલાપમાં દુર્વાસાનો શાપ, શચીતીર્થમાં વીંટીનું પડી જવું, માછીમાર પાસેથી વીંટીની પ્રાપ્તિ, શકુન્તલાનું સ્મરણ વગેરે પ્રસંગો કલાત્મક રીતે યોજ્યા છે. રાજા વીંટી બતાવે છે ત્યારે શકુન્તલા વીંટી સરકી પડી તે સ્થિતિ સંભારે છે. પ્રિયંવદાના પ્રશ્ને રાજા વીંટી ક્યારે, કેવી રીતે, કોની પાસેથી મળી તે સમજાવે છે. રાજા ફરીથી મૂર્છાન્વિત થાય છે. બંને સખીઓ રાજાને આશ્વાસન આપે છે. સાનુમતી શકુન્તલાને સંબોધે છે કે : वत्से पुनरपि प्रियपाणिस्पर्शेन सञ्जीवयैनम् । तदेव तस्य रसायनम् । (પૃ. ૨૩). પ્રિયંવદા શકુન્તલાને યાદ કરતી કહે છે: (सबाष्पम्) हा, प्रियसखि शकुन्तले क्वासि । (પૃ. ૨૩). શકુન્તલા સમીપ પહોંચે છે.

---

१ छायाशाकुन्तलम् : जीवनलाल परीख, १९५७, M. T. B. College, Surat.

દુષ્યન્ત ફરી જાગ્રત થાય છે. શકુન્તલા સરકી જવા માગે છે: कृतं कर्तव्यम् । अपसरामि तावत् । (પૃ. ૨૪), દુષ્યન્ત પ્રિયા જતી રહી એમ કહે છે. પ્રિયંવદા કહે છે: गृहीतोऽनेन नूनमुन्मत्तानां पन्थाः : (પૃ. ૨૪). રાજા જવા માગે છે. સાનુમતી પણ શકુન્તલાને કહે છે: एतावदेव ते दर्शनसौभाग्यम् । तदेहि आवामपि भगवन्मारीचादेशमनुसरावः । (પૃ. ૨૫). આ રીતે તિરસ્કરિણી હેઠળ આખો પ્રસંગ ભજવાય છે. દુષ્યન્ત કણ્વના આશ્રમના પ્રદેશોમાં પૂર્વસ્મૃતિસહિત ફરે છે, ભૂતકાળ અનુભવે છે, યાદ કરે છે, માને છે, અનસૂયા અને પ્રિયંવદાનો સથવારો મેળવે છે, બે વાર મૂર્છા પામે છે, બંને વાર.અદૃષ્ટ શકુન્તલા જાગૃત કરે છે. શકુન્તલા ૧૫ વર્ષ બાદ પ્રેમીને જુવે છે, સ્પર્શે છે, સાંભળે છે. આ રીતે સાનુમતી, શકુન્તલા, અનસૂયા, પ્રિયંવદા એવાં ચાર પાત્રો દ્વારા પ્રત્યાખ્યાન પછીના પ્રસંગને હૃદયંગમ બનાવી નાટ્યોચિત રીતે તિરસ્કરિણીના પ્રયોગ દ્વારા લેખકે કલાત્મક રીતે છાયાશાકુન્તલનાં ૨૫ પૃષ્ઠોમાં રંગમંચ પરનાં પાત્રો માટે અદૃષ્ટ શકુન્તલાનું સંયોજન કર્યું છે. છેલ્લો ૫૧મો શ્લોક ભરતવાક્ય જેવો છે.

અંગ્રેજી સાહિત્યમાં ધ ટેમ્પેસ્ટ(The Tempest)માં એક પાત્ર આખા નાટક દરમ્યાન જ્યારે જ્યારે રંગમંચ પર આવે છે ત્યારે ત્યારે દૃષ્ટ કે અદૃષ્ટ સ્વરૂપમાં રજૂ થાય છે. અન્ય ભાષામાં પણ આવાં નાટકો લખાયાં જ હશે અને તેનો અભ્યાસ અપેક્ષિત રહે છે.[1]

---

1. The Oxford English Dictionary Vol. IX, 1961, p. 592 gives this information : "Shadow-play : a play in which the actors appear as shadows cast upon a screen placed between the stage and the auditorium."

# ચૌલુક્ય ગુર્જરેશ્વરોનાં દાનશાસનો અને તેમાં વ્યક્ત થતું ગુજરાતદર્શન

નવીનચંદ્ર આચાર્ય

દાનશાસનો એ ભૂમિદાન અંગેના દસ્તાવેજો છે. ભૂમિદાન શાશ્વત પ્રકારનું હોવાથી એ અંગે આપવામાં આવેલ દાનપત્ર પેઢી દરપેઢી સાચવી રાખવું પડતું. આથી તેને તાંબાની ધાતુના પતરા ઉપર કોતરવામાં આવતાં. આવું દાનપત્ર, તામ્રપત્ર કે તામ્રશાસનના નામે ઓળખાતું.[1] પતરાની એક બાજુ પર લખાણ કોતરવામાં આવતું. જો લખાણ લાંબું હોય તો બે કે ત્રણ પતરાંનો ઉપયોગ થતો.[2] આવાં પતરાંને ઉપર નીચે કાણાં પાડી જોડવામાં આવતાં. સામાન્ય રીતે પતરાંની એક બાજુ લખાણ કોતરવામાં આવતું, કિનારો વાળવામાં આવતી કે જેથી પતરાં એકબીજાને ઘસાવાથી લખાણ ઘસાઈ ન જાય. તેમ છતાં કોઈક વાર લખાણ લાંબું હોય તો પતરાની પાછળની બાજુએ કોતરવામાં આવતું.[3]

તામ્રપત્રોનાં લખાણોમાં દાન આપનારની વંશાવળી, સંવત, દેયભૂમિની વીગતો, દાન આપવાનો હેતુ તથા દાન આપનારની હયાતી બાદ દાનને ચાલુ રાખવા માટેનો અનુરોધ, લખનારનું નામ, અધિકારીનું નામ તથા તામ્રપત્રની સત્યતા માટે લખાણને અંતે રાજાની મુદ્રા છાપવામાં આવતી.

ધર્મદાનોમાં ભૂમિદાનનો મહિમા વિશેષ મનાતો. ભૂમિદાનથી ભૂમિ લેનારને ઘણો ફાયદો થતો. ધર્મશાસ્ત્રોમાં સંક્રાંતિ, ગ્રહણ, વ્યતીપાત વગેરે પર્વોમાં દાન આપવાનો સવિશેષ મહિમા વર્ણવ્યો છે.[4] ચૌલુક્ય રાજવીઓનાં ઉપલબ્ધ દાનપત્રો મોટે ભાગે ભૂમિદાનને લગતાં જણાય છે. આ દાન ગ્રહણ,[5] સંક્રાંતિ,[6], વ્યતીપાત[7] અમાસ જેવા પર્વોએ આપવામાં આવ્યાનો ખાસ

---

૧ ધર્મશાસ્ત્રોમાં પણ દાનશાસનોને તામ્રપત્ર પર કોતરવાનું કહેવામાં આવ્યું છે:

पट्टे वा ताम्रपत्रे वा स्वमुद्रोपरिचिह्नितम्

—યાજ્ઞવલ્ક્યસ્મૃતિ–૧.૩૧૯.

૨ ચૌલુક્ય રાજવીઓનાં ઘણાં દાનશાસનો બે પતરાં પર કોતરેલાં છે. વાઘેલા સોલંકીકાલનું એક દાનશાસન પથ્થર પર કોતરેલું છે.—ગુજરાતના ઐતિહાસિક લેખો (ટૂંકું ૩૫ 'ગુ. ઐ. લે.').

૩ રાષ્ટ્રકૂટ રાજવી ઇન્દ્ર ૩જો, ગોવિંદ ૪થાનાં ખંભાતનાં, ગોવિંદ ૫માનાં સાંગલીનાં, ચૌલુક્ય રાજવી કર્ણદેવ ૧લાનાં નવસારીનાં તામ્રપત્રોમાં પતરાની બન્ને બાજુ લખાણ કોતરેલ છે.

૪ षडयज्ञे विवाहे च संक्रान्तौ ग्रहणे तथा ।
पुत्रजन्मे व्यतीपाते दत्तं भवति चाक्षयं ॥

—વિવાહપદ્ધતિ

૫ આચાર્ય ગિ. વ., ગુ. ઐ. લે., નં. ૧૩૭, ૧૩૮, ૧૪૦अ, ૧૪૩, ૧૪૩ब, ૧૫૯, ૧૬૦, ૨૦૫

૬ ગુ. ઐ. લે., ૧૪૦अ, ૧૪૩ब, ૧૫૯, ૧૬૫     ૭ એજન., ૧૬૦

ઉલ્લેખ લેખમાંથી મળે છે. તીર્થસ્થળે સ્નાન કરીને દાન આપવાનો મહિમા વિશેષ હતો. મૂલરાજે શ્રીસ્થલ( સિદ્ધપુર )માં સરસ્વતી નદીમાં સ્નાન કરીને દાન આપ્યું હતું.[૮] સંભવ છે કે દરેક વખતે તીર્થસ્થળમાં સ્નાન કરવાની શકયતા ન પણ હોય. તેમ છતાં રાજા સ્નાન કરીને સફેદ વસ્ત્ર ધારણ કરીને હાથમાં સંકલ્પ માટે જળ લઈને ભૂમિદાન આપતો એમ સર્વ લેખો પરથી જાણવા મળે છે.

સામાન્ય રીતે દાનપત્રો લંબચોરસ આકારનાં જણાય છે. તેમ છતાં તેની લંબાઈ પહોળાઈ લખાણ પ્રમાણે વધતી ઓછી થતી રહે છે. મૂલરાજના સમયનાં તામ્રપત્રોની લંબાઈ પહોળાઈ વધુમાં વધુ ૭ × ૧૦ ઇંચની[૯] અને ઓછામાં ઓછી ૭ ૧/૨ × ૫ ઇંચની[૧૦] જોવા મળે છે.[૧૧] ભીમદેવ ૧લાના તામ્રપત્રોનું માપ વધુમાં વધુ ૯" × ૭"[૧૨] અને ઓછામાં ઓછું ૩ ૫/૮" × ૪ ૭/૮" જોવા મળે છે,[૧૩] કર્ણદેવ, સિદ્ધરાજ જયસિંહ, અજયપાલ, ભીમદેવ ૨જો વગેરેના સમયનાં તામ્રપત્રો જોતાં આ માપમાં ધીમે ધીમે વધારો થતો જણાય છે.[૧૪] ભીમદેવ ૨જાના તામ્રપત્રોનું કદ ૬ ૧/૮" × ૯ ૩/૪" થી ૧૪" × ૧૫" સુધીનું છે.[૧૫] વાઘેલા સોલંકી રાજવી વીસલદેવના તામ્રપત્રનું માપ ૧૧" × ૧૧ ૩/૪" છે.[૧૬]

આમ સમયે સમયે લખાણ પ્રમાણે પતરાનું કદ વધતું ઓછું થતું રહ્યું છે. લખાણ મોટે ભાગે બે પતરામાં લખાતું પણ કોઈક વાર ત્રીજા પતરાનો પણ ઉપયોગ પડતો[૧૭] લેખને કોતરતી વખતે તેની લાંબી બાજુ આડી રાખવામાં આવતી. તામ્રપત્રમાં લેખની વિગતો એક બાજુ લગભગ ૨૦ થી ૨૨ લીટીઓ અને બંને બાજુ થઈ લગભગ ૪૦ લીટીઓ સુધી લખવામાં આવતી. દરેક લીટીઓમાં લગભગ ૩૦ જેટલા અક્ષરો સમાવવામાં આવતા.[૧૮] સર્વ લેખો સંસ્કૃત ભાષામાં લખાયેલા છે અને લિપિ દેવનાગરી જણાય છે. સામાન્ય રીતે બે પતરાં અને એથી વધારે પતરાંવાળાં તામ્રપત્રો કડીઓથી જોડાયેલાં છે. કડી લગભગ ૧/૪ ઈંચ જાડી તથા ૨ ૧/૪ ઈંચના વ્યાસની હોય એમ જણાય છે. કડીના સાંધા ઉપર રાજમુદ્રા લગાડવામાં આવતી.[૧૯]

---

૮ એજન., ૧૩૭, ૨૧૬   ૯ એજન., ભા. ૨ લે. ૧૩૭   ૧૦ એજન., ૧૩૮

૧૧ આ સમયે અન્ય રાજ્યોમાં આ કરતાં મોટાં તામ્રપત્રો લખાતાં. મૂલરાજની નજીકના સમયના રાષ્ટ્રકૂટ રાજવીઓ ઇન્દ્ર ૩જો, ગોવિંદ ૪થો વગેરેનાં ઓછામાં ઓછાં ૧૧ ૧/૨" × ૮ ૧/૨" અને વધુમાં વધુ ૧૩ ૫/૮" × ૧૦ ૩/૮"ના માપનાં તામ્રપત્રો મળેલ છે. ગુ. ઐ. લે., ૧૩૨,-૧૩૬ વિ. સં. ૧૦૨૬ના પરમાર સીયકના તામ્રપત્રનું માપ ૧૩ ૭/૮" × ૭ ૧/૨"નું છે; ગુ. ઐ. લે., ૨૩૮. શક. સં. ૮૩૬નું વઢવાણમાંથી મળેલ ધરણીવરાહનું તામ્રપત્ર ૧૨ ઇંચ પહોળું છે; ગુ. ઐ. લે., ૨૩૬.

૧૨ ગુ. ઐ. લે.., ૧૩૯   ૧૩ ગુ. ઐ. લે., ૧૪૯   ૧૪ જુઓ સાથેનો ચાર્ટ.

૧૫ ગુ. ઐ. લે., ૧૫૯   ૧૬ ગુ. ઐ. લે., ૨૧૬

૧૭ ગુ. ઐ. લે., ૧૬૫, ૧૭૦

૧૮ ડૉ. આચાર્ય ન. આ. 'વાઘેલાકાલીન લેખનકળા,' સ્વાધ્યાય પૃ. ૪, અં. ૩, વર્ષ ૧૯૬૭

૧૯ ડૉ. આચાર્ય ન. આ. ગુજરાતનો સોલંકીકાલીન ઇતિહાસ, પૃ. ૨૩૮

લેખની શરૂઆત મંગળસૂચક શબ્દો, ચિહ્નો અથવા મંગળાચરણથી થાય છે. ચૌલુક્ય-કાલીન ઉપલબ્ધ તામ્રપત્રોમાં શરૂઆતમાં ૐ[20], ૐ સ્વસ્તિ[21], સ્વસ્તિ[22], ૐ[।][23], [ળ] સ્વસ્તિ[24], ૧॥ સ્વસ્તિ[25], ॥ળ૦॥ સ્વસ્તિ[26] જેવાં ચિહ્નો જોવા મળે છે. આ સર્વ ચિહ્નો મંગળસૂચક છે. કેટલાક લેખોમાં શરૂઆત ॐ नमो भगवते वासुदेवाय,[27] ॐ नमो विश्वनाथाय[28] વગેરેથી કરવામાં આવી છે. આ સ્પષ્ટ રીતે રાજાનો પોતાનો ધર્મ તરફનો નિર્દેશ હોય એમ લાગે છે. શરૂઆતના રાજવીઓ ચામુંડરાજ, કર્ણદેવ ૧લો, અજયપાલ વગેરેના દાનપત્રોમાં મંગળાચરણનો શ્લોક જોવા મળે છે. ચામુંડના તામ્રપત્રમાં જિનદેવ સ્તુતિ[29], કર્ણદેવ ૧લાના તામ્રપત્રમાં વરાહ અવતારની સ્તુતિ[30] તથા અજયપાલના તામ્રપત્રમાં શિવની સ્તુતિ કરવામાં આવી છે.[31]

ઘણા લેખોમાં મિતિ લેખની શરૂઆતમાં આપવામાં આવી છે. કેટલાકમાં લેખની વચ્ચે અને કેટલાકમાં લેખને અંતે મિતિ આપવામાં આવી છે. મિતિ મોટે ભાગે વિ. સં.માં મળે છે. તેમ છતાં કેટલાકમાં વલભી સંવત, સિંહ સંવત, હિજરી સંવત વગેરેમાં મળે છે ઘણા લેખોમાં મિતિ અંકમાં મળે છે જ્યારે ઘણામાં અંકમાં તેમ જ શબ્દોમાં મળે છે.[32]

ઉપલબ્ધ તામ્રપત્રોમાં ચૌલુક્ય રાજવીઓની વંશાવળી જોવા મળે છે. પણ ભીમદેવ ૧લાના તથા વાઘેલા સોલંકી રાજવી વીસલદેવના તામ્રપત્રમાં લાંબી વંશાવળી જોવા મળતી નથી.[33] લખાણનો કેટલોક ભાગ ગદ્યમાં હોય છે જ્યારે કેટલોક ભાગ પદ્યમાં હોય છે.

---

૨૦ ગુ. ઐ. લે., ૧૩૮, ૧૪૦, ૧૪૦अ, ૧૪૩, ૧૫૯, ૨૪૩

૨૧ એજન., ૧૪૩अ, ૧૪૩ब, ૧૫૭, ૧૬૨

૨૨ એજન., ૧૪૪इ, ૧૫૮, ૧૬૦, ૧૬૫

૨૩ એજન., ૧૪૮क

૨૪ એજન, ૧૭૦

૨૫ એજન., ૨૦૧

૨૬ એજન., ૨૧૬

૨૭ એજન., ૧૪૧-૧૪૨
ઈ. સ. ૧૦૫૦ના લાટના ત્રિલોચનપાલના તામ્રપત્રમાંથી ૧ ॐ नमो विनायकाय લખેલું મળે છે. —ગુ. ઐ. લે., ભા. ૩; નં. ૨૩૯
ચૌલુક્ય રાજવીઓના ઘણા શિલાલેખો ॐ नमः शिवायથી શરૂ થયેલા જોવા મળે છે. પણ તામ્રપત્રો ॐ नमः शिवायથી શરૂ થતાં જણાતાં નથી.

૨૮ ગુ. ઐ. લે., ૨૧૪

૨૯ ગુ. ઐ. લે., ૧૩૬अ

૩૦ એજન., ૧૪૧-૧૪૨

૩૧ એજન., ૧૫૭—હરસોલમાંથી મળેલા પરમાર સીયકના વિ. સં. ૧૦૦૫ના દાનશાસનમાં મંગળાચરણમાં વિષ્ણુના નરસિંહ અવતારની સ્તુતિ કરવામાં આવી છે. આમ આ સમયે ગુજરાત માળવામાં વિષ્ણુના અવતારોની સ્તુતિ લેખોમાં સ્થાન પામી જણાય છે.

૩૨ દા. ત. ૐ स्वस्ति श्रीमद्विक्रमनृपकालातीत संवत्सरे शतेषु द्वादशसु षटषष्ठ्यधिकेषु लौकिक मार्ग्गमासस्य शुक्लपक्षचतुर्दश्यां गुरुदिने अत्रांकतोः पि श्री विक्रम संवत् १२६६ वर्षे सीसिंह संवत् ९६ वर्षे लौकि० मार्ग्ग शुदि गुराव. ગુ. ઐ. લે., ૧૬૨

૩૩ ગુ. ઐ. લે., ૧૪૦, ૨૧૬

દાનપત્રો પરથી જણાય છે કે ભૂમિદાન આપવાનો અધિકાર રાજાનો હોવા છતાં રાણી અને રાજકુમાર પણ ભૂમિદાન આપી શકે છે.[૩૪] ભૂમિદાન મોટે ભાગે દેવમંદિરોને અપાતું તેમ છતાં બ્રાહ્મણોને પણ ભૂમિદાન દેવાયાના ઉલ્લેખો મળે છે. દાન આપવાનો મુખ્ય હેતુ પોતાના અને પોતાના માતાપિતાના પુણ્યની વૃદ્ધિ થાય એ છે. ભૂમિદાનમાં સામાન્ય રીતે ગામ, ખેતર, બગીચો, કૂવો વગેરેનું દાન અપાતું. આ દાનનો ભોગવટો દાન લેનાર તેમ જ એના વારસો સૂર્ય ચંદ્ર ટકે ત્યાં સુધી કરે એમ જણાવાતું. દાનનો મુખ્ય હેતુ દાન લેનારની આર્થિક સ્થિતિ સુધારવાનો હોવાથી દાન કરમુક્ત રહેતું.

દાન આપતી વખતે રાજા સ્નાન કરી, સ્વચ્છ વસ્ત્ર ધારણ કરી; પૂર્વાભિમુખ બેસીને, હાથમાં જળ લઈને સંકલ્પ કરતો. સંકલ્પને લગતું લખાણ લગભગ બધાં જ દાનપત્રોમાં સરખું જોવા મળે છે.[૩૫]

આ પછી દાન લેનાર તથા દાનને લગતી વીગતો દાનશાસનોમાં જોવા મળે છે. દાન લેનાર જો બ્રાહ્મણ હોય તો તેનું નામ જ્ઞાતિ અને ગોત્રનો ઉલ્લેખ કરવામાં આવતો. આવાં કેટલાંક દાનપત્રો મળેલ છે.[૩૬] દાન શૈવ ધર્મના સાધુને અપાયાનું પણ જાણવા મળે છે.[૩૭] ઘણાં દાન દેવમંદિરોને મળેલ છે.

દાનપત્રમાં દાનપત્રને લગતી વીગતો સંપૂર્ણ રીતે આપવામાં આવેલ છે. ભૂમિદાનમાં ગામ, વાવ, કૂવા, ખેતર, બગીચો વગેરેનો સમાવેશ થાય છે. આ દાનની આગળપાછળની સીમા દાનપત્રોમાં સ્પષ્ટ કરવામાં આવેલ છે. જેમ કે,

........સાણના વાયવ્ય કોણના ભાગમાં બે હલવાહ ભૂમિનો બગીચો.

......પુરની સીમા

अ પૂર્વે નીલછી ગામ

ब દક્ષિણે ધુસડી ગામ

क પશ્ચિમે મડુચાણા ગામ

ड ઉત્તરે ત્રિહટિ અને કુશલોડ ગામ

પલ્લડિકાની સીમા

अ પૂર્વે દ્વારવતી સત્કની પલ્લડિકા

ब દક્ષિણે રાજમાર્ગ

---

૩૪ ગુ. ઐ. લે., ૧૩૬अ, ૨૦૧

૩૫ ઉદાહરણ તરીકે જુઓ—

संकल्पितात तिथावद्येह श्रीमद् अणहिलपाटके स्नात्वा चराचर गुरुं भगवतं भवानीपतिमभ्यर्च्य संसारासारतां विचित्य नलिनीदलगतजललवतरलतरं प्राणितव्यमाकल्य ऐहिकामुस्मिकं फलमंगीकृत्य पित्रोरात्मश्च पुण्ययशोभिवृद्धये ।

૩૬ ગુ. ઐ. લે., ૧૪૦, ૧૪૦अ, ૧૪૪इ

૩૭ ગુ. ઐ. લે., ૧૩૮

क પશ્ચિમે નાનુ સરોવર અને રાજક્ષેત્ર

ड ઉત્તરે ભોજુયા ગામ[૩૮]

દાન આપનાર રાજા પોતે, પોતે કરેલા દાનપત્રને જિંદગી પર્યંત માન્ય રાખે એ સ્વાભાવિક છે, પણ એની પછી આવનાર રાજવી પોતે આ દાનને માન્ય રાખશે કે કેમ એની શંકા રહેતી. આથી દાનપત્રમાં આપેલા દાનને અનુમોદન આપવા માટે આગ્રહ રાખવામાં આવતો. રાજાની એ નૈતિક ફરજ છે, એમ જણાવવામાં આવતું. દાનના અનુપાલનથી પ્રાપ્ત થતા પુણ્યનો અને દાનનો ભંગ કરવાથી પ્રાપ્ત થતા પાપનો ખ્યાલ આપવા માટે કેટલાક શ્લોક લખવામાં આવતા. સોલંકીકાલીન ઉપલબ્ધ સર્વ દાનપત્રોમાં સામાન્ય રીતે નીચેના શ્લોકમાંથી કેટલાક શ્લોક લેવામાં આવ્યા છે. દાનશાસનમાં આ શ્લોકો ભગવાન વેદ વ્યાસે રચેલા જણાવવામાં આવે છે. મોટે ભાગે તે પુરાણોમાંથી લેવામાં આવેલ છે.

१ षष्टिं वर्षसहस्राणि स्वर्ग्गे मोदति भूमिदः ।
आच्छेत्ता चानुमन्ता च तान्येव नरके वसत् ॥

ભૂમિદાતા સાઠ હજાર વર્ષો સુધી સ્વર્ગમાં વસે છે. આપેલી ભૂમિ છીનવી લેનાર એટલાં વર્ષો નરકે જાય છે.[૩૯]

२ यानीह दारिद्र्यभयान्नरेन्द्रैर्द्धनानि धर्म्मायतनीकृतानि ।
निर्भुक्तमाल्यप्रतिमानि तानि को नाम साधुः पुनराददीत ॥

અગાઉ રાજાઓએ ધર્મ, અર્થ અને યશ દેનારાં જે દાન અહીં આપેલાં હોય તે નિર્માલ્ય જેવાં દાનોને કયો પુરુષ પાછું લઈ લે.[૪૦]

३ स्वदत्तां परदत्तां वा यो हरेत वसुन्धराम् ।
गवां शतसहस्रस्य हन्तुः प्राप्नोति किल्बिषम् ॥

પોતે આપેલી કે બીજાએ આપેલી ભૂમિ જે લઈ લે છે તે હજાર ગાયોના મારનારનું પાપ મેળવે છે.[૪૧]

४ बहुभिर्व्वसुधा भुक्ता राजभिस्सगरादिभिः ।
यस्य यस्य तदा भूमिस्तस्य तस्य तदा फलम् ॥

સગર વગેરે અનેક રાજાઓ આ ભૂમિને ભોગવી ગયા, જ્યારે જેની પાસે જે ભૂમિ હોય તેનું તેને ફલ મળે છે.[૪૨]

---

૩૮ ગુ. ઐ. લે., ૨૦૧

૩૯ ગુ. ઐ. લે., ૧૬૫...સ્કંદપુરાણ, ૩. ૩૪. ૨૬ તથા પદ્મપુરાણ, ૬. ૩૩. ૨૯-૩૦; વિષ્ણુધર્મોત્તર-પુરાણ, ૩. ૩૦૫.૩૧-૩૨

૪૦ ગુ. ઐ. લે., ૧૩૭; સ્કંદપુરાણ, ૩.૩૪.૩૬

૪૧ એજન., ૧૬૦; પદ્મપુરાણ, ૬.૩૩.૨૭

૪૨ એજન., ૧૭૦; સ્કંદપુરાણ, ૩.૩૪-૩૬

५ विन्ध्याटवीष्वतोयासु शुष्ककोटरवासिनः ।
कृष्णाहयो हि जायन्ते भूमिदायं हरन्ति ये ॥

જે આપેલું દાન છીનવી લે છે તે વિન્ધ્યની નિર્જળ અટવીઓમાં વસતા કાળા સર્પ તરીકે ગણાય છે.[૪૩]

६ दत्वा भूमिंभाविनः पार्थिवेंद्रान् भूयो भूयो याचते रामभद्र ।
सामान्योऽयं दानधर्म्मो नृपाणां स्वे स्वे काले पालनीयो भवद्भिः ॥

ભૂમિનું દાન કરીને રામભદ્ર ભાવિ રાજાઓની પાસે વારંવાર યાચના કરે છે. આ દાન ધર્મ રાજાઓને સામાન્ય છે. તે આપ લોકોએ પોતપોતાના કાળમાં પાળવો.[૪૪]

७ तडागानां सहस्रेण अश्वमेधशतेन च ।
गवांकोटिप्रदानेन भूमिहर्ता न शुद्धयति ॥

બીજાએ દાનમાં આપેલી પૃથ્વી જે પાછી લઈ લે છે અને એમ કર્યાથી એને જે પાપ લાગે છે તે પાપથી હજાર તળાવ ગળાવે, સો અશ્વમેધ યજ્ઞ કરે કે કરોડો ગાયોનું દાન કરે, તોપણ મુક્ત થતો નથી.[૪૫]

સમકાલીન રાજવીઓના દાનપત્રોમાં પણ આમાંના ઘણાખરા શ્લોકો મળે છે.[૪૬] આથી જણાય છે કે આ વખતે દાનપત્રોમાં વ્યાસના શ્લોકો લખવાની પ્રથા ગુજરાત અને અન્ય રાજ્યોમાં પ્રચલિત હશે. આ પ્રથા આજદિન સુધી ઓછા વધતા અંશે જળવાઈ રહી છે. અર્વાચીન તામ્રપત્રોમાં પણ આમાંનો એકાદ શ્લોક જોવા મળે છે.[૪૭] આમ સામાન્ય રીતે રાજવી તેના પછી ગાદીએ આવનારને પોતે આપેલા દાનને ચાલુ રાખવા વિનંતી કરે છે. આ શ્લોકો દ્વારા દાનનું મહત્ત્વ સમજાવે છે. કોઈ પણ સોલંકી રાજવીએ પોતાના આગળના રાજવીએ આપેલા દાનને નકાર્યું હોય એવું જાણવા મળતું નથી.

ઉપલબ્ધ દાનપત્રોમાંથી અધિકારીઓ, લેખક, દૂતક વગેરનું નામ મળે છે. દાનપત્રને અંતે રાજાના દસ્કત હોય છે. જેમ કે, **श्री मूलराजस्य, श्री भीमदेवस्य, श्री कर्णदेवस्य, श्री वीसलदेवस्य** વગેરે. ભીમદેવ રજાના દાનપત્રમાં તેની મહારાણીની સહી જોવા મળે છે.[૪૮] અજયપાલના દાનપત્રમાં લખાણને અંતે સૂર્ય, ચંદ્ર અને કમળ પર બેઠેલા દેવનું ચિત્ર છે. દેવને ચાર હાથ અને ચાર માથાં છે.[૪૯]

---

૪૩ એજન., ૨૦૨; સ્કંદપુરાણ, ૩.૩૪-૩૬, ભવિષ્યપુરાણ ૪.૧૬૪.૩૯

૪૪ ગુ. ઐ. લે., ૧૬૦ ૪૫ ગુ. ઐ. લે., ૨૧૬

૪૬ રાષ્ટ્રકૂટ રાજવી ઈન્દ્ર ૩જો, ગોવિંદ ૪થો, ગોવિંદ ૫માનાં દાનપત્રોમાં **षष्टिवर्षाणि॰, बहुभि॰ स्वदत्तां॰** વગેરે શ્લોક જોવા મળે છે. ગુ. ઐ. લે., ૧૩૫, ૧૩૬ માળવાના પરમાર સીયકના દાનપત્રમાં **बहुभि॰ यानीह॰** વગેરે શ્લોક મળે છે.

૪૭ મોડાસામાંથી મળેલ એક અર્વાચીન તામ્રપત્રો **स्वदत्तां**, ડૉ. આચાર્ય ન. આ.નો લેખ, બુદ્ધિપ્રકાશ.

૪૮ ગુ. ઐ. લે., ૨૦૧, ૨૦૨

૪૯ ગુ. ઐ. લે., ૧૫૭

# વિભાગ–૨

## ચૌલુકયકાલીન ગુજરાતદર્શન

### રાજકીય ઇતિહાસ :–

સાથેની યાદીમાં જણાવેલ તામ્રપત્રોનો અભ્યાસ કરતાં જણાય છે કે મૂલરાજ એ ચૌલુક્ય વંશનો પ્રથમ રાજવી હતો. લેખમાં તેને 'चौलुक्यान्वयौ' કહ્યો છે.[૧] મૂલરાજના પુત્ર ચામુંડને પણ દાનશાસનમાં चौल्किकराजवंशतिलक કહ્યો છે.[૨] મૂલરાજના પિતાનું નામ 'રાજિ' હતું. આ 'રાજિ'ના નામ આગળ મહારાજાધિરાજ પ્રયોજાયેલું હોઈ, તે કોઈ પણ સ્થળનો રાજવી હોવા સંભવ છે. મૂલરાજના નામ આગળ પણ મહારાજાધિરાજ શબ્દ પ્રયોજાયેલ છે. તે એક સ્વતંત્ર રાજવી હશે એમ આ ઉપરથી જણાય છે. તેણે સારસ્વતમંડલનો પ્રદેશ સ્વપરાક્રમથી જીત્યો હતો. તે પોતે શૈવધર્મનો અનુયાયી હતો, અને પોતાના અમલ દરમ્યાન તેણે મંડલીના શ્રી મૂલનાથદેવને કંબોઈક ગામ તથા દુર્લભાચાર્યના વિદ્વાન પુત્ર દીર્ઘાચાર્યને વરણક ગામ દાનમાં આપ્યું હતું.[૩] તેની પત્નીનું નામ માધવી હતું. આ માધવી ચાહમાન વંશના ભોજદેવની પુત્રી હતી.

તેના પુત્રનું નામ ચામુંડ હતું. આ ચામુંડના નામ આગળ યુવરાજ શબ્દ પ્રયોજાયેલ જોવા મળે છે. ચામુંડે એક જૈન મંદિરને તેના નિભાવ માટે ખેતર દાનમાં આપ્યું હતું. તેના દાનપત્ર ઉપરથી જણાય છે કે આ દાનપત્ર ઉપર તેણે પોતાના પિતાની હાજરીમાં અને પંચની સાક્ષીએ સહી કરી હતી.[૪]

ચામુંડ પછી પાટણની ગાદીએ અનુક્રમે વલ્લભરાજ અને દુર્લભરાજ નામે રાજવીઓ આવ્યા. બંનેના લેખમાં તેમને 'મહારાજાધિરાજ' શબ્દથી નવાજ્યા છે.[૫]

દુર્લભરાજ પછી ભીમદેવ ૧લો પાટણની ગાદીએ આવ્યો. આ ભીમદેવ ૧લાના સમયનાં ત્રણ તામ્રપત્રો મળ્યાં છે. પ્રથમ બે તામ્રપત્રો વિ. સં. ૧૦૮૬નાં છે. ત્રીજું વિ. સં. ૧૧૨૦નું છે. લેખ પરથી જણાય છે કે કચ્છમંડલમાં તેની સત્તા પ્રવર્તતી હતી. તેણે કચ્છમાં આવેલા નવણીસકથી આવેલા મંગલશિવના પુત્ર ભટ્ટારક અજપાલને કચ્છ મંડલમાં આવેલું મસૂરા ગામ દાનમાં આપેલું.[૬] વાસુદેવ નામના માણસને મુંડક નામનું ગામ[૭] તથા મોઢબ્રાહ્મણ જાનકને વરણાવાડા ગામમાં ત્રણ હળ જમીન દાનમાં આપેલી.[૮] તેના સમયમાં 'સાંધિવિગ્રહિક' તરીકે ચંડશર્મા હતો.[૯]

ભીમદેવ ૧લા પછી કર્ણદેવ ૧લો પાટણની ગાદીએ આવ્યો. દાનપત્રોમાં તેને 'ત્રૈલોક્યમલ્લ'[૧૦] તથા કામિનીકંદર્પ[૧૦/अ] કહ્યો છે. તેના સમયનાં શક સંવત ૯૯૬નું તથા વિ. સં.

---

૧ ગુ. ઐ. લે., ૧૩૭

૨ એજન., ૧૩૬अ આ ચૌલ્કિક, ચૌલુક વગેરે ચૌલુકય વંશ માટે જ વપરાયેલ ચૌલકય શબ્દના રૂપાંતર પામેલ શબ્દો છે

૩ ગુ. ઐ. લે., ૧૩૭, ૧૩૮ ૪ ગુ. ઐ. લે., ૧૩૬अ ૫ એજન., ૨૦૫

૬ ગુ. ઐ. લે., ૧૩૯ ૭ એજન., ૧૪૦

૮ એજન., ૧૪૦अ ૯ એજન., ૧૪૦

૧૦ એજન., ૧૪૩, ૨૦૫ ૧૦/अ એજન., ૧૬૫

૧૧૪૮નું એમ બે દાનપત્રો મળે છે.[૧૧] શક સં. ૯૯૬ના તામ્રપત્રમાં વિષ્ણુના વરાહ અવતારની સ્તુતી કરેલી છે.[૧૨] દાનપત્રો ઉપરથી તે શૈવધર્મનો અનુયાયી જણાય છે. તેણે શિવની પૂજા કરીને ચાર હલવાહ જમીન દાનમાં આપી હતી.[૧૩] લાટમાં તેની સત્તા પ્રવર્તતી હતી. લાટના તેના મંડલેશ્વર દુર્લભરાજે તલભદ્રિકા છત્રીશીમાં આવેલું ધામલાચ્છા નામનું ગામ પંડિત મહિધરને દાનમાં આપેલું.[૧૪] તેના રાજ્યમાં મહાસાંધિવિગ્રહિક તરીકે 'ચાહિલ' સત્તા પર હતો.[૧૫]

કર્ણદેવ ૧લા પછી જયસિંહે પાટણનાં સત્તાનાં સૂત્રો સંભાળ્યાં. ઉપલબ્ધ દાનપત્રોમાં તેને ત્રિભુવનગંડ, બર્બરકજિષ્ણુ, અવંતીનાથ, સિદ્ધચક્રવર્તી વગેરે બિરુદોથી નવાજ્યો છે. આ સર્વ બિરુદો તેનાં પરાક્રમો સૂચવે છે. અવંતિનાથના બિરુદ પરથી જણાય છે કે તેણે માળવા જીત્યું હશે. તેણે પોતાના અમલ દરમ્યાન પોતાના અને માતાપિતાના શ્રેયાર્થે 'ભડાણા' ગામમાં કોઈ દાન આપ્યું હતું. તેના રાજ્યમાં મહામાત્ય તરીકે શાંતુ મહેતા હતા. તે પોતે શિવનો ઉપાસક હતો.[૧૬]

સિદ્ધરાજ જયસિંહ પછી પાટણની ગાદીએ આવનાર રાજવી કુમારપાળ ઘણાં દાનેશ્વરી અને ધર્મપ્રેમી મનાય છે. તેના દાનપત્રમાં તેને 'शाकंभरीभूपाल' કહ્યો છે. આ ઉપરથી શાકંભરીના પ્રદેશ ઉપર તેની સત્તા પ્રવર્તતી હશે એમ સ્પષ્ટ થાય છે. જૂના જોધપુર સ્ટેટના નાડોલ ગામમાંથી મળેલા એક દાનપત્રમાં તેના મહામાંડલિક પ્રતાપસિંહે ત્રણ જૈન દેવળો માટે દાન આપેલ હોવાનું જણાય છે. આ વખતે મહામાત્ય તરીકે વાહડ હતો.[૧૭] કુમારપાલે પોતે શિવપૂજા કરીને ગંભૂતા પથકની સંવત્સર ગામની અમુક જમીન મધુ નામના બ્રાહ્મણના પુત્રને દાનમાં આપી હતી.[૧૮]

કુમારપાલ પછી અજયપાલ ગુર્જરેશ્વર તરીકે સત્તા પર આવ્યો. તેના સમયનાં ત્રણ દાનપત્ર મળેલ છે. તેના વિ. સં. ૧૨૩૧ના દાનપત્ર પરથી જણાય છે કે, તેના સમયમાં 'સોમાદિત્સ' મહામાત્ય તરીકે હતો. અજયપાલની સત્તા છેક લાટ સુધી પ્રવર્તતી હતી. નર્મદાકાંઠાના ચાહમાન વંશના મહામંડલેશ્વર વયજલદેવે અજયપાલના સમયમાં બ્રાહ્મણોને ભોજન માટે દાન આપ્યું હતું. દાનપત્રમાં વયજલદેવે 'મહામંડલેશ્વર' તરીકે સહી કરી છે. આ દાનપત્ર ઉપરથી તેના રાજ્યમાં અન્ય અધિકારીઓ જેવા કે દંડનાયક, ઉપરોરિ, પ્રતિહારસ્થાનક, કરણપુરુષ, શય્યાપાલ, ભટ્ટ પુત્ર વગેરે હતા. પ્રતિહાર તરીકે શોભનદેવનું નામ મળે છે અને ઉપરોરિ તરીકે વામદેવનું નામ મળે છે.[૧૯]

અજયપાલ પછી બાલમૂલરાજ, મૂલરાજ ૨જા તરીકે થોડોક સમય સત્તા પર આવ્યો. ભીમદેવ ૨જાના વિ. સં. ૧૨૬૬ના લેખમાં મૂલરાજ ૨જાને 'आहव पराभूत दुर्जय गर्ज्जनकाधिराज' કહ્યો છે.[૨૦] તેણે અજયપાલની સ્ત્રી કર્પૂરદેવીના પુણ્યાર્થે નાગર બ્રાહ્મણ પ્રભાકરને બ્રાહ્મણવાડા

---

૧૧ એજન., ૧૪૧-૧૪૩
૧૨ એજન., ૧૪૧-૧૪૨
૧૩ એજન., ૧૪૩
૧૪ ગુ. ઐ લે., ૧૪૧-૧૪૨
૧૫ એજન., ૧૪૩
૧૬ એજન., ૧૪૩अ, ૧૪૩ब
૧૭ ગુ. ઐ. લે., ૧૪૮क
૧૮ એજન., ૧૪૪ઇ
૧૯ એજન., ૧૫૭
૨૦ એજન., ૧૬૨

ગામની ૨ હલવાહ જમીન દાનમાં આપેલી.[૨૦અ] અજયપાલને કર્પૂરદેવી નામે સ્ત્રી હતી એમ આ લેખ પરથી જણાય છે.[૨૧]

મૂલરાજ ૨જા પછી ભીમદેવ ૨જો ગાદીએ આવ્યો તેણે ઘણા લાંબા સમયસુધી રાજ્ય કર્યું. એમ તેના સમયનાં મળેલ લગભગ ૧૧ દાનપત્રો પરથી જણાય છે. આ દાનપત્રો વિ.સં. ૧૨૫૬ થી વિ. સં. ૧૨૮૮ના ગાળાના છે. વચમાં એક વિ. સં. ૧૨૮૦નું જયંતસિંહનું દાનપત્ર મળેલ છે.[૨૨] આ જયંતસિંહને દાનપત્રમાં મહારાજાધિરાજ તથા એકાંગવીર કહ્યો છે. આ ઉપરથી લાગે છે કે તેણે ભીમદેવ ૨જા પાસેથી થોડાક સમય માટે સત્તાનાં સૂત્રો આંચકી લીધા હશે. ભીમદેવ ૨જાને સૂમલાદેવી નામે પત્ની હતી.[૨૩]

ભીમદેવ ૨જાનાં ઉપલબ્ધ સર્વ દાનપત્રો ઉપરથી જણાય છે કે તેણે આનલેશ્વર, સલખણેશ્વર, મૂલેશ્વર તથા સ્થાનપતિ વેદગર્ભરાશિ વગેરેને ગામ જમીન વગેરે દાનમાં આપી હતી. આ સમયે રત્નપાલ મહામાત્યતરીકે અને સોમરાજદેવ[૨૪] મહાપ્રતિહાર તરીકે સત્તા પર હતો. આ ઉપરાંત અન્ય અધિકારીઓમાં મહાસંધિવિગ્રહિક વહુદેવ[૨૫] તથા વયજલદેવનાં[૨૬] નામ મળે છે.

ભીમદેવ ૨જા પછી સત્તા પર આવનાર ત્રિભુવનપાલે સત્તાગારના કાર્પટિકોને ભોજન માટે ભાંષહર અને રાજપુરી નામે ગામ દાનમાં આપ્યાનો ઉલ્લેખ વિ.સં. ૧૨૯૯ના દાનપત્ર ઉપરથી મળેલ છે.[૨૭] આ વખતે માંડલના મૂલેશ્વરમંદિરમાં સ્થાનપતિ તરીકે વેદગર્ભરાશિ હતો. દાનપત્રમાં જણાવ્યું છે કે આ બે ગામની હદમાં કોઈ ઝઘડો થાય તો તે માટે બંને ગામના લોકો જવાબદાર ગણાશે.

આ પછી ચૌલુક્ય વંશનો અંત આવ્યો અને પાટણની ગાદી વાઘેલા સોલંકી વંશમાં ગઈ. આ વંશના રાજવી વીસલદેવનું વિ. સં. ૧૩૧૭નું એક તામ્રપત્ર મળ્યું છે. તેમાં તેને મહારાજાધિરાજ કહ્યો છે. આ ઉપરથી તે એક સ્વતંત્ર રાજવી હશે એમ સ્પષ્ટ થાય છે. આ ઉપરાંત દાનપત્રમાં તેના નામ આગળ સિંધણ સૈન્ય સમુદ્ર સશોષણ વડવાનલ, માલવધરામાન-મર્દન, મેદપાટકદેશ કલુશ રાજ્યવલ્લી કંદોરચ્છેદ, કર્ણાટ રાજ્ય જલધી તનયા સ્વયંવર પુરુષોત્તમ ભુજબલભીમ, અભિનવ સિદ્ધરાજ, અપરાર્જુન વગેરે બિરુદો લગાડેલ છે. આ સર્વ બિરુદો તેના પરાક્રમનાં સૂચક છે.બિરુદો પરથી જણાય છે કે તેણે માળવા, દેવગિરિ, મેવાડ, કર્ણાટક વગેરે પ્રદેશના રાજવીઓ સાથે યુદ્ધ કર્યું હશે. તેણે રાજા લૂણપસાજના શ્રેયાર્થે બ્રાહ્મણોને ભોજન માટે તથા બલ્લાલનારાયણ અને રૂપનારાયણના મંદિરની પૂજા અને જીર્ણોદ્ધાર માટે મેહૂણા ગામ દાનમાં આપ્યું હતું. મંદિરોના નામ પરથી આ મંદિરો વિષ્ણુનાં હોય એમ જણાય છે. તેના મહામાત્ય તરીકે નાગડ અને મહામંગલેશ્વર તરીકે રાણકશ્રી સામંતસિંહનું નામ મળે છે.[૨૮]

---

૨૦અ એજન., ૧૫૭બ

૨૧ અજયપાલને નાઈકાદેવી નામે એક સ્ત્રી હતી એમ 'પ્રબંધચિંતામણિ'માં જણાવેલ છે;— પ્ર. ચિં., પૃ. ૧૫૯. (શ્રી દુર્ગાશંકર શાસ્ત્રી–સંશોધિત)

૨૨ ગુ.ઐ.લે., ૧૬૫ ૨૩ એજન., ૨૦૧ ૨૪ એજન., ૧૬૨

૨૫ એજન., ૧૮૬ ૨૬ એજન., ૨૦૧ ૨૭ એજન., ૨૦૫

૨૮ ગુ. ઐ. લે., ૨૧૬

વીસલદેવ પછી સત્તા પર આવેલ અર્જુનદેવ પોતે શૈવધર્મી હોવા છતાં અન્ય ધર્મો તરફ ઉદાર હતો. એણે વિ. સં. ૧૩૨૦માં સ્થાનિક પંચકુલની સંમતિથી નૌવાહ પીરોજને સોમનાથમાં મસ્જિદ બાંધવાની અનુમતિ આપી હતી.[૨૯]

**રાજ્યતંત્ર :**

ઉપલબ્ધ તામ્રપત્રોને આધારે જણાય છે કે ચૌલુકયવંશના પ્રતિભાશાળી રાજવીઓ સિદ્ધરાજ જયસિંહ, કુમારપાળ વગેરેના સમયમાં ગુજરાતનું રાજ્ય સારા પ્રમાણમાં વિસ્તાર પામ્યું હતું. તેમાં કચ્છ, આબુ, ચંદ્રાવતી, માળવા અને મેવાડની સરહદના પ્રદેશોનો સમાવેશ થતો હતો. આ વંશના રાજવીઓ બાહોશ અને પ્રબળ હોવાથી તેમણે ઘણું જ કાર્યક્ષમ રાજ્યતંત્ર વિકસાવ્યું હતું.

રાજા રાજ્યનો વડો મનાતો. ચૌલુક્ય વંશના બધા રાજવીઓ સર્વોપરી હતા. રાજાના નામને છેડે રાજ, સિંહ, દેવ, પાલ, વગેરે શબ્દો પ્રયોજાતા. સ્વતંત્ર રાજવીના નામની આગળ મહારાજાધિરાજ શબ્દ પ્રયોજાતો.[૩૦] ચૌલુકયવંશનું રાજપદ વંશપરંપરાગત ચાલ્યું આવતું હતું. રાજાની હયાતિમાં પ્રાંતમાં પાટવી કુંવર સત્તાનાં સૂત્રો ધારણ કરતો પણ તે ‘મહારાજાધિરાજ’ કહેવાતો નહિ. તેના નામ આગળ યુવરાજ શબ્દ પ્રયોજાતો. સામાન્ય રીતે રાજા પોતે ભૂમિદાન આપી શકતો તેમ છતાં યુવરાજ પણ પિતાની અનુમતિથી ભૂમિદાન આપી શકતો.[૩૧] પોતાના ઉત્તરાધિકારીની નિમણૂક કરવાનો અધિકાર રાજાનો મનાતો. રાજા પોતે અપુત્ર હોય તો નાનો ભાઈ કે તેનો દીકરો સત્તા પર આવી શકતો.[૩૨]

રાજાના નામની આગળ મહારાજાધિરાજ ઉપરાંત ‘પરમેશ્વર’, પરમભટ્ટારક જેવાં વિશેષણો લગાડાતાં, તે સાથે તેના પરાક્રમનાં સૂચક એવાં બિરુદો લગાડવામાં આવતાં. દા. ત. સિદ્ધરાજ જયસિંહના નામની આગળ અવંતિનાથ...[૩૩] વગેરે, વીસલદેવના નામની આગળ માલવાધીશમાનમર્દન[૩૪]...વગેરે બિરુદો પ્રયોજાયેલાં દાનપત્રોમાંથી જોવા મળે છે.

રાજાને રાજવહીવટમાં મદદ કરવા માટે મહામાત્ય, મહામંડલેશ્વર, મહાસાંધિવિગ્રહિક, દંડનાયક, મહાપ્રતિહાર, દેશઠાકુર, ઉપરોરિ, પૂજામાત્ય વગેરે જુદા જુદા પ્રકારના અધિકારીઓ હતા. અભ્યાસ કરેલ દાનપત્રોમાંથી મહામાત્ય સાંતુ,[૩૫] રતનપાલ,[૩૬] વાહડ,[૩૭] નાગડ,[૩૮] ચાચિગદેવ, મહામંડલેશ્વર પ્રતાપસિંહ,[૩૯] મહાસાંધિવિગ્રહિક વયજલદેવ,[૪૦] ચાહિલ,[૪૧] ચંડશર્મા,[૪૨] મહાપ્રતિહારશોભનદેવ,[૪૩] ઉપરોરિ વામદેવ[૪૪] વગેરે અધિકારીઓનાં નામ મળે છે.

---

૨૯ એજન., ૨૧૭ ૩૦ ગુ. ઐ. લે., ૧૩૭, ૧૩૮ ૩૧ ગુ. ઐ. લે., ૧૩૬अ

૩૨ દુર્લભરાજ પછી તેના નાના ભાઈ નાગરાજનો પુત્ર ભીમદેવ ૧લો સત્તા પર આવ્યો હતો. સિદ્ધરાજ જયસિંહ પછી કુમારપાલ સત્તા પર આવ્યો હતો.

૩૩ ગુ. ઐ. લે., ૧૪૩अ ૩૪ એજન., ૨૧૬अ ૩૫ ગુ. ઐ. લે., ૧૪૩अ

૩૬ ગુ. ઐ. લે., ૧૬૨ ૩૭ એજન., ૧૪૮क ૩૮ એજન., ૨૧૬

૩૯ ગુ. ઐ. લે., ૧૪૮क ૪૦ એજન., ૨૦૨ ૪૧ એજન., ૧૪૦-૧૪૩

૪૨ ગુ. ઐ. લે., ૧૪૦ ૪૩ ગુ. ઐ. લે., ૧૬૨ ૪૪ એજન., ૧૫૭

સમગ્ર રાજ્યને મંડલ, પથક, વિષય વગેરે વિભાગમાં વહેંચી નાખવામાં આવ્યું હતું. દાનપત્રોમાંથી સુરાષ્ટ્ર મંડલ,[૪૫] લાટ,[૪૬] કચ્છ મંડલ,[૪૭] ટિમાણુકમંડલ,[૪૭અ] સારસ્વત-મંડલ,[૪૮] વર્દ્ધિપથક,[૪૯] ગંભૂતાપથક, વાલૌયપથક, દંડાહીપથક, ચાલીસાપથક,[૫૦] વર્દ્ધિ-વિષય[૫૦અ] વગેરે નામ મળે છે.

દેશઠાકુર, દંડનાયક, ગ્રામઠાકુર વગેરે અધિકારીઓને પ્રાંતના વહીવટ માટે નીમવામાં આવતા. નગરનો વહીવટ પંચકુલ મારફતે થતો. રાજાએ આપેલું દાન પંચકુલના અધિકારીઓ સમક્ષ જાહેર કરવું પડતું.[૫૧] અર્જુનદેવે પંચકુલની અનુમતિ લઈને નૌવાહ પીરોજને મસ્જિદ બાંધવાની અનુમતિ આપેલ તથા પીરોજે તે માટે જમીન ખરીદ કરેલી.[૫૨]

રાજ્યના વહીવટને કાર્યક્ષમ બનાવવા માટે તેને જુદાં જુદાં ખાતાંઓમાં વહેંચવામાં આવેલ. દાનશાસનોમાંથી 'શ્રીકરણ' ખાતાનો ઉલ્લેખ મળે છે. તેનો વડો મહામાત્ય હોવાનું જણાય છે. આ ખાતુ નાણાંખાતુ હોવાનો સંભવ છે.

દાનપત્રનો વિષય ભૂમિદાન હોવાથી તેમાંથી જમીનની માલિકીને લગતા કેટલાક ઉલ્લેખો મળે છે. રાજા જમીનનો માલિક ગણાતો. ભૂમિદાન આપવાનો તેને અધિકાર હતો. દાન લેનાર દાનમાં મળેલી જમીનનો ભોગવટો સૂર્યચંદ્રના અસ્તિત્વ સુધી કરી શકતો. દાનમાં આપેલી જમીન કરમુક્ત મનાતી. જમીનનો ભોગવટો હક સાબિત કરવા માટે અધિકારપત્રની આવશ્યકતા મનાતી. દાનમાં આપેલ ભૂમિની ચોક્કસ હદ દાનપત્રમાં દર્શાવવામાં આવતી. દાનમાં જ્યારે ખેતર, વાવ કે કૂવાનું દાન આપ્યું હોય ત્યારે તેનું ચોક્કસ માપ જણાવવામાં આવતું. જમીનનું માપ હલવાહ કે પાશમાં મપાતું.[૫૩]

## આર્થિક સ્થિતિ :

ઘણા પ્રાચીન કાલથી ગુજરાતમાં ખેત અને વેપારનું વિશેષ મહત્ત્વ છે. એકલા દાનપત્રો ઉપરથી ચૌલુક્યકાલની સંપૂર્ણ આર્થિક સ્થિતિનો ખ્યાલ આવવો મુશ્કેલ છે. તેમ છતાં કંઈક આછું ચિત્ર ઉપજાવી શકાય છે.

દાનમાં જમીન આપવાનો હેતુ દાન લેનારની આર્થિક સ્થિતિ સુધારવાનો હતો. રાજા પોતે જમીનનો માલિક મનાતો હોવાથી જુદા જુદા કરવેરા દ્વારા રાજ્યની આવક વધારવામાં આવતી. મંદિરોના નિભાવ માટે વેચાણની જુદી જુદી ચીજો જેવી કે અનાજ, કાપડ, મસાલા, ઘી, તેલ વગેરે ઉપર કર નાખતો.[૫૪] વાહનો પર કર લેવાતો. વેચાણની જગાઓ માંડવી કે પલ્લડિકાના નામે ઓળખાતી[૫૫]

---

૪૫ ગુ. ઐ. લે., ૧૬૨ ૪૬ એજન., ૧૪૧-૧૪૨ ૪૭ ગુ. ઐ. લે., ૧૩૯
૪૭અ ગુ. ઐ. લે., ૨૪૩ ૪૮ એજન., ૧૩૭ ૪૯ એજન., ૨૦૧
૫૦ એજન , ૧૬૫, ૧૮૬
૫૦અ ગુ. ઐ. લે., ૧૩૭, ચૌલુકચ વંશની શરૂઆતમાં મૂલરાજના દાનપત્રમાં વર્દ્ધિવિષય જણાવેલ છે, જ્યારે ભીમદેવ રજાના દાનપત્રમાં વર્દ્ધિપથક કહ્યુ છે. સંભવ છે કે વિષયનો પ્રકાર સમય જતાં નાબૂદ થયો હશે.
૫૧ ગુ. ઐ. લે., ૨૦૧, ૨૦૨ ૫૨ એજન , ૨૧૭ ૫૩ એજન., ૧૪૦, ૧૬૨, ૨૦૧
૫૪ ગુ. ઐ. લે., ૧૭૦. ૫૫ એજન., ૧૪૮ક, ૨૦૧

કર નાણુંના રૂપમાં લેવાતો હશે. રાજ્યમાં પ્રચલિત જુદા જુદા સિક્કાઓનાં નામ મળે છે. જેવા કે દ્રમ, રૂપક, વિંશોપક, ત્રિહાઈકા[૫૬] વગેરે અનાજના માપ માટે 'પાઈલા' શબ્દ મળે છે.[૫૬/૧] આ સમયના ઉપલબ્ધ અન્યલેખો પરથી આ વિશે ઘણી વધારે વીગતો મળે છે.

## ધાર્મિક સ્થિતિ :

ગુજરાતના ઇતિહાસમાં ધર્મની દૃષ્ટિએ સોલંકીકાલ ઘણું મહત્ત્વનું સ્થાન ધરાવે છે. મુસલમાન સમયની શરૂઆત પહેલાંથી ગુજરાતમાં ચોક્કસ પ્રકારના સંપ્રદાયો પ્રચલિત હતા.

ચૌલુક્ય સમયમાં લોકોમાં દાનનો મહિમા વિશેષ હતો. દાનમાં ભૂમિદાનનું મહત્ત્વ સવિશેષ હતું. સૂર્યગ્રહણ, ચંદ્રગ્રહણ, મકરસંક્રાંતિ, અમાસ, વ્યતીપાત વગેરે પર્વોના સમયે દાન આપવાનું ખાસ મહત્ત્વ હતું. દાન બે પ્રકારનું મનાતું. દેવદેય અને બ્રહ્મદેય. આ ઉલ્લેખો સ્પષ્ટ રીતે દાન શાસનોમાંથી મળે છે. દેવદેય એટલે દેવાલયને આપેલું દાન બ્રહ્મદેય એટલે બ્રાહ્મણોને આપેલું દાન. ચૌલુક્ય રાજવીઓએ ઘણાં શિવાલયો, જૈનમંદિરો વગેરેને પૂજા અને જીર્ણોદ્ધાર અર્થે દાન કરેલાં છે. ઉપલબ્ધ દાનપત્રો પરથી જણાય છે કે બ્રાહ્મણો દાન લેવાના અધિકારી મનાતા. બ્રહ્મભોજન અર્થે, વેદ ભણનાર બ્રાહ્મણોને દક્ષિણા અર્થે તેમજ વિદ્યાની કદર કરીને રાજવીઓએ દાન આપેલાં છે.[૫૭] સદાવ્રતોને પણ દાન અપાતું.[૫૮] મંદિરોના વહીવટ માટે રાજ્ય તરફથી ટ્રસ્ટીઓ નીમવામાં આવતા.[૫૯] આમ આ સર્વ પરથી જણાય છે કે રાજવીઓ અને સામાન્ય પ્રજાજનમાં ધર્મભાવના વ્યાપક પ્રમાણમાં વિકસેલી હતી.

### પૂજા :

દેવાલયોમાં દેવપૂજાના વિવિધ અંગો હોય છે તેને ઉપચાર કહે છે. મંદિરોમાં દેવપૂજા મુખ્યત્વે પંચોપચાર, દશોપચાર કે ષોડશોપચારથી કરવામાં આવે છે. દેવપૂજા જો ગંધ, પુષ્પ, ધૂપ, દીપ અને નૈવેદ્યથી કરવામાં આવે તો તેને પંચોપચાર કહે છે. ચૌલુક્યકાલ દરમ્યાન પંચોપચાર પૂજા સવિશેષ પ્રચલિત હોય તેમ જણાય છે.[૬૦] જયસિંહ સિદ્ધરાજે નીલકંઠ મહાદેવની પંચાંગ ઉપહારથી પૂજા કરી. ચામુંડે જૈન મંદિરને ધૂપદીપ નૈવેદ્ય વગેરે માટે ખેતર દાનમાં આપ્યું હતું.[૬૧] મંદિરની પૂજા માટે અન્ય રાજવીઓએ પણ દાન આપ્યાં છે.[૬૨]

### શૈવધર્મ :

આ સમયે શૈવધર્મ ગુજરાતમાં વ્યાપક પ્રમાણમાં વિસ્તર્યો હતો. સર્વ રાજવીઓ શૈવધર્મના અનુયાયી હતા. તેમણે અનેક શૈવ મંદિરોને ભૂમિદાન આપ્યું હતું.[૬૩] શિવાલયો સાથે મઠો અને આશ્રમો જોડાયેલા હતા. મઠના સ્થાનપતિ તરીકે વેદગર્ભરાશિનું સ્થાન મહત્ત્વનું હતું.[૬૪]

---

૫૬ એજન., ૧૪૮ક; 'ત્રિહાઈકા' એ રૂપિયાનો કોઈ પ્રકાર હશે. ૫૬/૧ એજન., ૧૪૩

૫૭ ગુ. ઐ. લે., ૧૪૦અ, ૧૪૪ઈ, ૧૫૭, ૧૫૮, ૧૫૯, ૨૧૬

૫૮ એજન., ૧૩૪ ૫૯ એજન., ૧૬૬, ૨૪૩

૬૦ ગુ. ઐ. લે., ૧૪૩અ, ૧૫૬, ૨૧૬ ૬૧ એજન., ૧૩૬અ

૬૨ ગુ. ઐ. લે., ૨૦૧, ૨૧૬ ૬૩ જુઓ સાથેનો ચાર્ટ.

૬૪ ગુ. ઐ. લે., ૧૬૬; આ વેદગર્ભરાશિ અને તેના પુત્રને ભીમદેવ રાજાએ ભોજન અર્થે એક ગામ અને ૨૦ હલવાહ ભૂમિ દાનમાં આપી હતી. ગુ. ઐ. લે., ૧૮૬

**વૈષ્ણવ સંપ્રદાય :**

વૈષ્ણવ સંપ્રદાય ગુજરાતમાં અસ્તિત્વમાં હતો. તેમ છતાં તેણે શૈવ ધર્મ જેટલું વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું હોય એમ જણાતું નથી.[૬૫]

**જૈન ધર્મ :**

શૈવ ધર્મની સાથે સાથે જૈન ધર્મે પણ લોકો પર પકડ જમાવી હતી. ચામુંડ તથા કુમારપાળના સામંત પ્રતાપસિંહે જૈનમંદિરોને દાન આપ્યાના ઉલ્લેખ દાનશાસનોમાંથી મળે છે.[૬૬]

**ઇસ્લામ ધર્મ :**

ઇસ્લામ ધર્મના અનુયાયીઓ પણ વાઘેલા સોલંકીકાલ દરમ્યાન ગુજરાતમાં વસ્યા હતા. તેમના માટે સોમનાથમાં નૌવાહ પીરોજે મસ્જિદ બંધાવી અને તેના નિભાવ માટે દાન આપ્યું હતું.[૬૭]

## સામાજિક સ્થિતિ :

ચૌલુક્યકાલીન સમાજ વિશેની કેટલીક વીગતો અભ્યાસ કરેલ દાનપત્રોમાંથી તારવી શકાય છે.

**બ્રાહ્મણો :**

સમાજમાં બ્રાહ્મણોનું સ્થાન ઘણું મહત્ત્વનુ હતું. તેઓ વેદપાઠી હતા. કેટલાક ચાતુર્વેદી કહેવાતા. બ્રાહ્મણો દાન લેવાના અધિકારી મનાતા. ઘણા બ્રાહ્મણોને રાજા તરફથી ભૂમિદાન મળેલ છે. તેઓમાં નાગર,[૬૮] રાયકવાલ,[૬૯] મોઢ,[૭૦] ઉદિચ્ય[૭૧] એવી પેટાજ્ઞાતિઓ હતી. બ્રાહ્મણોમાં ગોત્રો અને પ્રવરોનું મહત્ત્વ હતું. દાનશાસનોમાંથી વત્સ, માંડવ્ય, ગોત્ર, તથા માંડવ્ય, ભાર્ગવ, અંગિરા, ઉર્મિ, જમદગ્નિ એવા પાંચ પ્રવરોનાં નામ મળે છે.[૭૨]

**મનુષ્ય નામો :**

મનુષ્યનાં નામોનું અવલોકન કરતાં ગુજરાતનાં પ્રાચીન નામોની પરંપરા વિશેની કેટલીક હકીકતો મળે છે. પ્રચલિત નામોમાં બે અક્ષરનાં, ત્રણ અક્ષરનાં, ચાર અક્ષરનાં અને પાંચ અક્ષરનાં નામ જોવાં મળે છે. જેમકે કેક્ક, મધુ, કાંચન, વટેશ્વર, ચંડશર્મા, ભોગાદિત્ય, ભીમદેવ, મહિપાલ, વામદેવ, કુમારપાળ, વીસલદેવ, મંગલશિવ, વૈજલદેવ વગેરે.[૭૩] આ સર્વ નામો દેવ, ગ્રહ, પદાર્થ કે ભાવવાચક નામ પરથી પડેલાં જણાય છે. કેટલાંક નામો પરાક્રમસૂચક હોય છે.

**સ્થળનામો :**

સ્થળનાં નામ બે, ત્રણ, ચાર કે પાંચ અક્ષરના જોવા મળે છે. કોઈક છ અક્ષરનું પણ મળે છે. દા. ત. લાટ, કાલા, મંડલી, બાલેરા, બદરી, મસૂરા, કછાવલી, નાગસારિકા, વરણાવાડા,

---

૬૫ કર્ણદેવ ૧લાના શક સં. ૯૯૬ના દાનશાસનની શરૂઆત ॐ नमो भगवते वासुदेवाय થી કરી છે. અને મંગલાચરણમાં વિષ્ણુના વરાહ અવતારની સ્તુતિ કરી છે. ગુ. ઐ. લે., ૧૪૧-૧૪૨

૬૬ ગુ. ઐ. લે., ૧૪૮ક, ૧૩૬અ ૬૭ એજન., ૨૧૭ ૬૮ એજન., ૧૬૨,૧૬૯

૬૯ એજન., ૧૫૮ ૭૦ એજન., ૧૪૦અ ૭૧ એજન., ૧૪૦

૭૨ એજન., ૧૪૧-૧૪૨, ૧૫૯

૭૩ અહીં સ્થળસંકોચને કારણે મનુષ્યનામોની વીગતે ચર્ચા થઇ શકી નથી.

બ્રાહ્મણપાટક, અણહિલપાટક વગેરે. ઘણાં નામોને છેડે વાડા, પાટક, પુર વગેરે શબ્દ પ્રયોજાયેલ છે.[૭૪]

## ખોરાક :

દાનશાસનોમાંથી માનવીઓના ભોજનમાં ઉપયોગમાં લેવાતી ચીજોનાં નામ મળે છેજેમ કેઃ

અનાજ, ઘી, તેલ, મેથી, હિંગ, શ્રીખંડ, ગોળ, મરચાં, જાયફળ, જાવંત્રી, ખારેક, ખજુર વગેરે.[૭૫]

અન્ય વપરાશની ચીજો – આમળાં, પ્રવાલ, કપુર, કસ્તુરી, હિંગળોક, કુંકુમ, અગુર, માલપત્ર, નાળિયેર, હરડાં, બહેડાં કન્મ, દાંત, માંસ, મહુવસ,[૭૬] સવાહી, કાંસુ, મીણ.

સમાજમાં વર્ણસંકર શબ્દપ્રયોગ પ્રચલિત હોય તેમ જણાય છે.[૭૭]

## સંવત :

દાનશાસનો પરથી કાલગણનાની પદ્ધતિ માલૂમ પડે છે. ઉપલબ્ધ મિતિઓમાં સામાન્ય રીતે વર્ષ, માસ, તિથિ અને વાર આપેલ છે. મોટા ભાગના દાનશાસનોમાં વિક્રમ સંવત જોવા મળે છે. કેટલાકમાં શક સંવત, સિંહ સંવત વગેરે પ્રયોજાયેલ છે. અર્જુનદેવના વિ. સં. ૧૩૨૦ (ઈ. સ. ૧૨૬૪)ના દાનશાસનમાંથી મહમૂદ સંવત(હિજરી)નું વર્ષ મળે છે. વલભી સંવત અને શક સંવત તદ્દન લુપ્ત થઈ ગયો હોય એમ જણાય છે.[૭૮]

## સ્થાપત્ય :

અભ્યાસ કરેલ દાનશાસનોમાંથી કેટલાંક મંદિરોનાં નામ જેવાં કે રુદ્રમહાલય (સિદ્ધપુર), મૂલનાથદેવ (મંડલી), અરિષ્ટનેમિ (નાડોલ), લીલેશ્વર, ભીમેશ્વર, ચઉડેશ્વર, પૃથિવિદેવીશ્વર, આનલેશ્વર, સલખણેશ્વર (સલખણપુર), સમૂલેશ્વર, વીરમેશ્વર, બલ્લાલનારાયણ, રૂપનારાયણ સોમનાથ વગેરે દાનશાસનમાં વાપી અને કૂવાનો ઉલ્લેખ છે, પણ નામ આપેલ નથી.[૭૯]

## સામાન્ય સમીક્ષા :

તામ્રપત્રો એ રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ મેળવવાનું એક આધારભૂત સાધન છે. ઉપર્યુક્ત દાનશાસનોમાંથી ચૌલુકયકાલીન ગુજરાતના રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસને લગતી કેટલીક મહત્ત્વની વીગતો તારવવામાં આવી છે, પણ આ એક સર્વાંગી સંપૂર્ણ ચિત્ર નથી. આ તો દાનશાસનોનો અભ્યાસ છે. આવી રીતે ગુજરાતના ઇતિહાસને લગતી ઘણી બધી વીગતો અન્ય લેખોમાંથી, ગ્રન્થોમાંથી, પ્રશસ્તિઓમાંથી કે અન્ય પુરાવશેષોમાંથી તારવી શકાય. આ સર્વનો સંપૂર્ણ રીતે અભ્યાસ થાય તો જ ચૌલુકયકાલનું સુંદર ચિત્ર ઉપજાવી શકાય.

---

૭૪ સ્થળસંકોચને લીધે 'સ્થળનામોની' વીગતે ચર્ચા થઈ શકી નથી. વિશેષ હકીકત માટે જુઓ. ડૉ. ન. આ. આચાર્ય, 'સોલંકીકાલીન ગુજરાત'., પૃ. ૨૫૮

૭૫ ગુ. ઐ. લે., ૧૭૦

૭૬ 'મહુવસ' શબ્દનો અર્થ મળતો નથી; ગુ. ઐ. લે., ૧૭૦

૭૭ એજન., ૧૭૦

૭૮ એજન., ૨૧૭ વિશેષ માટે જુઓ સાથેનો ચાર્ટ.

૭૯ ગુ. ઐ. લે., ૧૩૭, ૧૪૮ક, ૧૬૦, ૧૬૫, ૧૭૦, ૧૯૬, ૨૦૧, ૨૦૨, ૨૧૬, ૨૧૭, ૨૪૩

## વંશાવળી

દાનશાસનોને આધારે ચૌલુક્ય રાજવીઓનો ક્રમઃ– છેલ્લા રાજવી ત્રિભુવનપાલના દાનશાસન પર આધારિત રાજવીઓનો ક્રમ–રાજવીઓ માટે સામે આંકડા આપ્યા છે.

૧

રાજિ
|
મૂલરાજ
|
ચામુંડ
|
વલ્લભરાજ
|
દુર્લભરાજ
|
કર્ણદેવ ૧લો
|
જયસિંહ સિદ્ધરાજ
|
કુમારપાલ
|
અજયપાલ
|
મૂલરાજ ૨જો
|
ભીમદેવ ૨જો[૮૦]
|
ત્રિભુવનપાલ

૨

વાઘેલા સોલંકી શાખા[૮૧]

વીસલદેવ
|
અર્જુનદેવ

૩

લાટના મંડલેશ્વરની વંશાવળી[૮૨]

ગાંગેય
|
ચંદ્રરાજ
|
દુર્લભરાજ

૪

વાંડાણા કુટુંબની વંશાવળી[૮૩]

યોગરાજ
|
વત્સરાજ
|
પ્રતાપસિંહ

---

૮૦ વિ. સં. ૧૨૮૦ના જયંતસિંહના દાનપત્રમાં ભીમદેવ ૨જા પછી જયંતસિંહને મૂક્યો છે. અહીં જયંતસિંહને 'મહારાજાધિરાજ'......ગુર્જરધરા બીજપ્રરોહૈકપર્જન્ય એકાંગવીર કહ્યો છે.— ગુ. ઐ. લે., ૧૬૫

૮૧ ગુ. ઐ. લે., ૨૧૭

૮૨ એજન., ૧૪૧–૧૪૨

૮૩ એજન., ૧૪૮ક

ચૌલુક્ય ગુર્જરેશ્વરોના

| અ. નં. | મિતિ–સંવત | ઈ. સ. | માપ | પતરાં | મંગળચિહ્ન | પર્વ | દાનપત્ર ક્યાંથી મળ્યું |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | વિ. સં. ૧૦૩૩ માગસર વદ ૯ | — | ૬"×૨$\frac{3}{4}$" | ૨ | ૧ સ્વસ્તિ | — | — |
| ૨ | ૧૦૪૩ માઘ વદ ૧૫ રવિવાર | ૯૮૭ | — | — | — | સૂર્યગ્રહણ | કડી |
| ૩ | ૧૦૫૧ માઘ સુદ ૧૫ | ૯૯૫ | ૭$\frac{1}{2}$"×૫" | ૨ | ॐ | ચંદ્રગ્રહણ | બાલેરા |
| ૪ | ૧૦૮૬ કા.સુ. ૧૫ | ૧૦૨૯ | ૯"×૭" | ૨ | ૧ | — | રાધનપુર |
| ૫ | ૧૦૮૬ વૈ.સુ. ૧૫ | ૧૦૩૦ | ૪$\frac{7}{8}$"×૩$\frac{5}{8}$" | ૨ | ॐ | — | મુંડક |
| ૬ | ૧૧૧૭ જેઠ વ. ૧૫ | ૧૦૬૧ | ૫$\frac{3}{4}$"×૪" | ૨ | ૧ | સૂર્યગ્રહણ | ભદ્રેશ્વર |
| ૭ | ૧૧૨૦ પોષ સુદ ૧૫ | ૧૦૬૪ | ૭$\frac{1}{2}$"×૪$\frac{1}{2}$" | ૨ | ॐ | ઉત્તરાયણ | પાલનપુર |
| ૮ | શક સંવત ૯૯૬ ઈ.સ. ૧૧૩૧ માગસર સુ. ૧૧ | ૧૦૭૪ | ૯$\frac{1}{2}$"×૬$\frac{3}{4}$" | ૨ | ॐ નમો ભગવતે વાસુદેવાય | — | નવસારી |
| ૯ | ૧૧૪૮ વૈ. સુદ ૧૫ સોમ | ૧૦૯૨ | — | ૨ | ॐ | ચંદ્રગ્રહણ | સૂનક |
| ૧૦ | ૧૧૮૪ ચૈ. સુ. ૧૫ સોમ | ૧૧૨૮ | ૮"×૭" | ૧ | ॐ સ્વસ્તિ | — | સુનસર |
| ૧૧ | ૧૧૯૩ ફા. વ. ૭ ભોમ | ૧૧૩૭ | ૧૦"×૭$\frac{1}{2}$" | ૧ | ૧ સ્વસ્તિ | મકરસંક્રાંતિ | ,, |
| ૧૨ | ૧૨૦૧ પોષ સુ. ૨ શનિ | ૧૧૪૪-૪૫ | ૯"×૮" | ૨ | સ્વસ્તિ | — | ,, |

## દાનશાસનોમાંથી મળતી વીગતો

| દાન આપનાર | દાન લેનાર | દાનની વિગત | વ્યાસના શ્લોક | લેખક | દૂતક | સહી | ગુ. ઐ. લે. નં. |
|---|---|---|---|---|---|---|---|
| ચામુંડ | જૈનમંદિર | ખેતર | स्वदत्तां० विन्ध्याटवी० | — | — | ચામુંડ | ૧૩૬अ |
| મૂલરાજ ૧લો | મૂલનાથદેવનું મંદિર | કંબોઈક ગામ | षष्टिवर्ष० बहुभि० यानिह० | કાંચન | — | મૂલરાજ | ૧૩૭ |
| ,, | દીર્ઘાચાર્ય | વરણક | षष्ठि० | ,, | મહત્તમ શિવરાજ | ,, | ૧૩૮ |
| ભીમદેવ ૧લો | અજપાલ | મસૂરા | षष्ठि० | વટેશ્વર | સાં. વિ. ચંડશર્મા | ભીમદેવ | ૧૩૯ |
| ,, | વાસુદેવ | ૧ હલવાહ જમીન | — | ,, | ,, | ,, | ૧૪૦ |
| ,, | ગોવિંદ(બ્રા) | જમગના | — | ,, | ભોગાદિત્ય | ,, | વ.વિ. સંશોધન પત્રિકા ૧-૨ નં.૫ |
| ,, | મોઢ બ્રા. જાનક | વરણાવાડા | — | ,, | ,, | ,, | ગુ.ઐ.લે., ૧૪૦अ |
| કર્ણદેવ ૧લાનો મંડલેશ્વર—દુર્લભરાજ | મહિધર | ધામલાચ્છા | षष्ठि० विन्ध्याटवी० | કેક્ક | (ભો)ગાદિત્ય | — | ૧૪૧-૧૪૨ |
| કર્ણદેવ ૧લો | — | ખેતર | षष्ठि० | ,, | ચાહિલ | કર્ણદેવ | ૧૪૩ |
| જયસિંહ સિદ્ધરાજ | — | — | — | — | — | — | ૧૪૩अ |
| ,, | — | — | — | — | — | — | ૧૪૩ब |
| કુમારપાલ | બ્રા. મધુનો પુત્ર | જમીનનો ટુકડો | षष्ठि० | લક્ષ્મ | પ્રભાકર | કુમારપાલ | ૧૪૪ई |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૩ | ૧૨૧૩ માગશર વ. ૧૩ શુક્ર | ૧૧૫૬-૫૭ | ૯½" × ૬⅓" | ૧ | ૐ [ I ] | — | નાડોલ |
| ૧૪ | ૧૨૩૧ કા. સુ. ૧૧ સોમ | ૧૧૭૪ | ૧૪¼ × ૯⅝ | ૨ | ૐ સ્વસ્તિ | — | — |
| ૧૫ | ૧૨૩૨ ચૈત્ર સુદ ૧૧ સોમ | ૧૧૭૬ | ૧૫ × ૧૦ | ૨ | — | — | બ્રાહ્મણવાડા |
| ૧૬ | વિ. સં. ૧૨૫૬ ભાદ. વદ અમાસ | ૧૨૦૦ | — | ૨ | સ્વસ્તિ | અમાસ | પાટણ |
| ૧૭ | સિંહ સંવત ૯૩ વિ. સં. ૧૨૬૩ ચૈ. સુ. ૧૧ રવિ | ૧૨૦૬ | ૯¼ × ૬⅛ | ૧ | ૐ | મકરસંક્રાંતિ | — |
| ૧૮ | ૧૨૬૩ | ૧૨૦૬ | — | — | — | — | આહડ |
| ૧૯ | ૧૨૬૩ શ્રા. સુ. ૨ રવિ | ૧૨૦૬ | ૧૧ × ૧૨½ | ૨ | ૐ | વ્યતીપાત | કડી |
| ૨૦ | ૧૨૬૪ અષાઢ સુદ ૨ સોમ | ૧૨૦૭ | ૧૦½ × ૭⅝ | ૨ | ૐ | — | ટિમાણા |
| ૨૧ | ૧૨૬૬ માર્ગ. સુદ ૧૪ ગુરુ સિંહ સં. ૯૬ | ૧૨૦૯-૧૦ | ૧૧¾" × ૭⅝" | ૩ | ૐ સ્વસ્તિ | — | — |
| ૨૨ | ૧૨૮૦ પોષ સુદ ૩ મંગળ | ૧૨૨૩-૨૪ | ૧૪" × ૧૫" | ૨ | સ્વસ્તિ | મકરસંક્રાંતિ | કડી |
| ૨૩ | ૧૨૮૩ કા. સુદ ૧૫ ગુરુ | ૧૨૨૬ | ૯½" × ૧૧½" | ૨ | [ળ] સ્વસ્તિ | પુનમ | ,, |

| ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
|---|---|---|---|---|---|---|---|
| કુમારપાલનો મંડલેશ્વર પ્રતાપસિંહ | જૈનમંદિર | માંડવીની ઉપજમાંથી રોજનો ૧ રૂપિયો | **बहुभि०** | મહિપાલ | — | — | १४८क |
| અજયપાલનો મંડલેશ્વર વયજલદેવ | સત્તાગારને | આલવીડ ગામ | **बहुभि० यानिह० स्वदत्तां०** | — | શોભનદેવ | વયજલદેવ | १५७ |
| મૂલરાજ ૨જો | પ્રભાકર(બ્રા) | ૨ હલવાહ જમીન | **षष्ठि० यानीह० बहुभि०स्वदत्तां० दत्त्वा०** | — | — | — | १५७ब |
| ભીમદેવ ૨જો | આસધર(બ્રા) | ૪ હલવાહ ભૂમિ | **षष्ठि० यानीह० बहुभि० पार्थिवेन्द्रान०** | ઠ.કુંવર | ભીમાક | ભીમદેવ | १५८ |
| ,, | ગોવિંદ | ૧ હલવાહ જમીન | — | વટેશ્વર | ચંડશર્મા | ,, | १५९ |
| ,, | બ્રા. | — | — | — | — | — | — |
| ,, | શૈવમંદિરો | ઈંદિલા ગામ | **षष्ठि० आच्छता० स्वदत्तां०बहुभि० दत्त्वाभूमि०** | ઠ.વોસરી | શ્રી. સૂ. | ભીમદેવ | १६० |
| મેહર જગમલ | શૈવમંદિર | જમીન | **बहुभि०** | ચંડપ | — | — | २४३ |
| ભીમદેવ ૨જો | નાગર બ્રા. માધવ | વાવ તથા હવાડા સાથે જમીન | — | — | સ્વયં | — | १६२ |
| જયંતસિંહ | શૈવમંદિરો | જમીન | **षष्ठि० बहुभि० अस्मदवंशे०** | — | — | જયસિંહ-દેવ | १६५ |
| ભીમદેવ ૨જો | શૈવમંદિર | નતાઉલી ગામ | **षष्ठि०अस्मदवंश०** | સોમસિંહ | વહુદેવ | ભીમદેવ | १६६ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| ૨૪ | ૧૨૮૭ અષાઢ સુદ ૮ શુક્ર | ૧૨૩૧ | ૧૪"×૧૫" | ૨ | [ળ] સ્વસ્તિ | — | ,, |
| ૨૫ | ૧૨૮૮ ભાદરવા સુદ ૧ સોમ | ૧૨૩૨ | ૧૧૩/૪"×૧૪" | ૨ | ॥ ળ ॥ સ્વસ્તિ | — | ,, |
| ૨૬ | ૧૨૯૫ માગસર સુદ ૧૪ ગુરુ | ૧૨૩૮ | ૧૧૩/૪"×૧૪૩/૪" | ૨ | ૬॥ સ્વસ્તિ | — | ,, |
| ૨૭ | ૧૨૯૬ માગસર વદ ૧૪ રવિ | ૧૨૩૯-૪૦ | ૧૩"×૧૫" | ૨ | ॥ ળ ॥ સ્વસ્તિ | — | ,, |
| ૨૮ | ૧૨૯૯ ચૈત્ર સુદ ૬ સોમ | ૧૨૪૩ | ૧૧ × ૧૩ | ૨ | સ્વસ્તિ | સૂર્યગ્રહણ | ,, |
| ૨૯ | ૧૩૧૭ જેઠ વદ ૪ ગુરુ | ૧૨૬૧ | ૧૧ × ૧૩૩/૪ | | ॥ ળ૦ ॥ સ્વસ્તિ | — | — |

**દાનશાસનો—**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | (વિ.) સં. ૧૨૨૯ | — | ૧' ૬" × ૧' ૧૧૩/૪" | -શિ. | ૐ નમઃ શિવાય | અક્ષયતૃતીયા | — |
| ૨ | ૧૨૩૧ ચૈ. વદ ૧૧ ગુરુ | — | ૩૩/૪' × ૪" | -શિ. | સ્વસ્તિ | — | ઊંઝા |
| ૩ | ૧૩૨૦ અષાઢ વદ ૧૩ રવિ હિજરી ૬૬૨, વલભી ૯૪૫ સિંહ ૧૪૫ | ૧૨૬૪ | — | — | ૐ | — | વેરાવળ |

| ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
|---|---|---|---|---|---|---|---|
| ,, | ,, | દેવાઉ(?) | षष्ठि० स्वदत्तां० विन्ध्याटवी० बहुभि० | ,, | ,, | ,, | ૧૭૦ |
| ,, | ,, | ૨૦ હલવાહ જમીન | षष्ठि० स्वदत्तां० विन्ध्याटवी० दत्त्वाभूमि० बहुभि० | ,, | ,, | ,, | ૧૮૬ |
| ,, | ,, | પલ્લડિકા ૧ હલવાહ જમીન | विन्ध्याटवी० दत्त्वा० बहुभि० षष्ठि० स्वदत्तां० | ,, | વયજલદેવ | ,, | ૨૦૧ |
| ,, | ,, | રાજ્યસીયણી ગામ | बहुभि० विन्ध्याटवी० स्वदत्तां० दत्त्वा० | ,, | ,, | ,, | ૨૦૨ |
| ત્રિભુવનપાલ | સત્રાગારને | ભાંષહર અને રાજ-પુરી ગામ | षष्ठि–यातायांति० बहुभि० | ,, | ,, | ત્રિભુવન-પાલ | ૨૦૫ |
| વીસલદેવ | બ્રાહ્મણો તથા વિષ્ણુનાં મંદિરો | ગામ, બગીચો વાટિકા–પલ્લડિકા | बहुभि० षष्ठि० विन्ध्याटवी० तडागानां० | ગોવિંદ | શ્રીધર | વીસલદેવ | ૨૧૬ |
| **શિલાલેખો** | | | | | | | |
| લૂણપસાક | વૈદ્યનાથ મંદિર | ઉમરથા ગામ | बहुभि०स्वदत्तां० मांधाता० | — | — | — | ૧૫૬ |
| રાજા બલ્લાલના પુત્ર કુમારસિંઘ | કાલસ્વામીનું શૈવમંદિર | અમુક પદાર્થો | — | — | — | — | ૧૫૯અ |
| નૌવાહ પીરોજે | મસ્જિદને | દુકાનો | दाता च पेरकश्चैव० | — | — | — | ૨૧૭ |

# નાડોલ અને નાડલાઈનાં દેવમંદિરો

મધુસૂદન ઢાંકી

સપાદલક્ષ-અધિપતિ ચૌહાણોની એક શાખા દશમા શતકના મધ્યભાગ આસપાસ નાડોલ—પ્રાચીન નડ્ડૂલ —માં આવી વસી હતી. ચૌહાણ વાક્પતિરાજ, પ્રથમના પુત્ર અને વિગ્રહરાજના લઘુબન્ધુ લક્ષ્મણરાજે ઈ. સ. ૯૫૩ પહેલાં ક્યારેક આ નવી, નાની શાખાની સ્થાપના કરેલી.[1]

ચન્દ્રાવતીના પરમારોના અર્બુદમણ્ડલને અડીને ઉત્તર દિશામાં આવેલી નડ્ડૂલના ચૌહાણોની શક્તિશાળી ઠકરાતે મધ્યકાલીન પશ્ચિમ ભારતનાં બે મોટાં રાજ્યો—સપાદલક્ષ અને ગુર્જરદેશ—ની વચગાળે રહી, તત્કાલીન ઇતિહાસ સર્જવામાં પોતાનો નાનો શો પણ આગવો ફાળો નોંધાવ્યો છે, ને એ જ રીતે પશ્ચિમ ભારતના સ્થાપત્યમાં, તેની ઉત્ક્રાન્તિમાં અને મધ્યકાળે પ્રવર્તમાન મારુ-ગુર્જર સ્થાપત્ય શૈલીના સર્જનમાં પોતાનો હિસ્સો પુરાવેલો હતો. મહમુદ ગઝનવીના ઈ.સ. ૧૦૨૫માં થયેલા સોમનાથ પરના આક્રમણ સમયે અને ફરી અલ્લાઉદ્દીન ખીલજીના સમયમાં તેરમા શતકના અન્ત ભાગે થયેલ આક્રમણને કારણે નાડોલે ઘણું સહન કર્યું હતું; એનાં દેવમંદિરોમાંનાં કેટલાંયે નષ્ટ થયાં અને બધાં જ ભ્રષ્ટ થયેલાં, છતાં આજે ત્યાં જે કંઈ બચ્યું છે તે નાડોલની એક જમાનાની જાહોજલાલીની યશોગાથા ગાવા ઉપરાંત મારુગુર્જર સ્થાપત્યની ઉત્ક્રાન્તિમાં ખૂટતા કેટલાક મહત્ત્વના અંકોડાઓ પૂરા પાડે છે.

વર્તમાન નાડોલ જે સ્થાને છે તે સ્થળ દશમા શતકના ઉત્તરાર્ધ પહેલાં વસ્યું ન હોવાનો અંદાજ ત્યાં વિદ્યમાન એવી પ્રાચીનતમ ઇમારતોના સ્થાપત્ય-પરીક્ષણ પરથી થઈ શકે છે. છે. અર્વાચીન નાડોલથી બે ખેતરવા પૂર્વમાં એક મોટો ટીંબો આવેલો છે, તેમાં પ્રારંભિક સર્વેક્ષકોને પુરાણા દેવમંદિરોની બેસણીઓ અવશિષ્ટ રૂપે જોવા મળેલી.[2] આ ઉપરાંત ત્યાં આઠમા શતક આસપાસ નિર્માઈ હશે તેવી એક જર્જરિત વાપી પણ દૃષ્ટિગોચર થાય છે.[3] ગુર્જર-પ્રતિહારોના જાલોર( જાલિહર-જાબાલિપુર )માં થયેલા ઉદય બાદ અહીં, તેમના શાસનના આરંભ કાળે, કોઈ નગર સ્થપાયું લાગે છે. ઉત્ખનન દ્વારા જ તેનો ઇતિહાસ જાણી શકાય તેમ હોઈ, હાલ તો નાડોલ અને તેના સમીપવર્તી ભૂભાગમાં રહેલ પ્રાચીન બાંધકામો અને તેના અવશેષો તેમ જ તેમની સ્થાપત્યશૈલી વિશે અહીં વિચારીશું.

---

1 *See* R. B. Singh, *History of the Chāhamāns*, Varanasi, 1964, pp. 233-240. લક્ષ્મણરાજ અને વિગ્રહરાજને ખટરાગ થવાથી આમ બન્યું જણાય છે. ચૌહાણ અભિલેખો વંશાવલિમાંથી લક્ષ્મણરાજનું નામ બાતલ કરે છે.

2 *See* H. B. W. Garrick, *Report of a Tour in the Punjāb and Râjapûtānâ in 1883-84 ( A S 1 )*, Vol. XXIII, pp. 96-98.

૩ આના સંદર્ભમાં હું થોડુંક આગળ ઉપર કહેવાનો છું.

આ પૂર્વે H.B.W. Garrick[૪] અને દત્તાત્રય રામકૃષ્ણ ભંડારકર દ્વારા નાડોલના જૂના અવશેષોની નોંધ લેવાઈ છે;[૫] પણ તે ઘણી સંક્ષિપ્ત હોઈ, અને તેમાં ત્યાંની કેટલીયે સંરચનાઓની વાત છોડી દેવાઈ હોઈ, અહીં તેનું વીગતે વિવરણ, ચિત્રો અને આવશ્યક હશે ત્યાં નકશાઓની પૂર્તિ દ્વારા કરવું અસ્થાને નહીં ગણાય.

નાડોલના જૈન મન્દિરોનું વિવરણ હું આ અગાઉ અન્યત્ર કરી ગયો છું;[૬] એથી અહીં નાડોલ સ્થિત દેવમન્દિરો અને આસપાસ રહેલ નાગરિક-વાસ્તુની કેટલીક કૃતિઓ—ખાસ તો વાપીઓ વિશે કંઈક વિસ્તારથી વર્ણવવા વિચાર્યું છે.*

નાડોલને ફરતો દુર્ગ હતો, જેનો કેટલોક ભાગ તેના 'વિદ્યાધરો' (વજીરીઓ, ચોરસ બુરજો) સાથે બચેલો છે. દુર્ગની (હાલ 'સૂરજ પોળ' નામે ઓળખાતી) 'પ્રતોલી'માં (?) ટોડના સમયમાં વિ. સં. ૧૦૨૪ / ઈ. સ. ૯૬૭–૬૮નો ચાહમાન લક્ષ્મણના સમયનો લેખ હતો.[૭] હાલમાં ત્યાં રહેલ સં. ૧૨૨૩ / ઈ. સ. ૧૧૬૭ના શિલાલેખમાં સં. ૧૦૩૯ / ઈ. સ. ૯૮૩નું વર્ષ ઉત્કીર્ણિત છે.† સંભવ છે કે ઈ. સ. ૯૬૭ પૂર્વે લક્ષ્મણદેવે નડ્ડૂલદુર્ગ બંધાવી દીધો હોય. નડ્ડૂલના આ દુર્ગની વિદ્યાધરીઓ ઉપર કે પછી દુર્ગસંલગ્ન જુદા ખૂબ ઊંચા લગભગ ત્રીસેક હાથ ઊંચા બે અલગ અલગ ચબૂતરાઓ પર પંચાયતન શિવમન્દિરો બંધાયેલાં, જેની શૈલી દશમા શતકના અન્ત ભાગની હોઈ, તે લક્ષ્મણનાં અંતિમ વર્ષોનાં કે પછી તેના અનુગામી રાજા શોભિતના સમયમાં બંધાયેલાં હશે. આ બે શિવાલયો ઉપરાંત ગામમાં (ત્રિપુરુષ જેમાં પ્રતિષ્ઠિત હશે તેવું), એક સમયે ત્રણ એક સરખાં અને જોડાજોડ ઉભેલાં પૂર્વાભિમુખ મન્દિરોનું ઝૂમખું પણ આ જ સમયનું જણાય છે. તદતિરિક્ત નાડોલથી અગ્નિખૂણે એકાદ કોશ દૂર આવેલ ટેકરી પર પણ એક મંદિર છે; પણ તેની શૈલી પરથી આ જ યુગમાં બન્યું હોવાનુ સૂચન કરે છે.

આમાં સૌ પહેલાં તો બજારમાંથી જતા ઊંચાં બુરજ પર સ્થિત નીલકંઠનું દેવાલય જોઈશું. ભંડારકર આનું વર્ણન કરતા નથી. આ મંદિરનો તેની જોડીનાં એવડાં જ કદ, એવાં જ

---

4 Garrick, pp. 9-98.

5 *Progress Report of the Archaeological Survey of India, Western Circle*, 1909, pp. 44-47.

6 Some Early Jaina Temples in Western India, *Shri Mahavir Jaina Vidyalaya Golden Jubilee Volume*, pt. 1, Bombay, 1968, pp. 343-345.

ભણ્ડારકર લખે છે કે : " There are many temples, new and old, both in and outside the village of Nāḍol, most of which have been described by Garrick in Archeo. Survey Report, Vol. XXIII, p. ft. I shall describe those only, which have escaped his notice, or which have been but imperfectly dealt with. " (p. 45) પણ ગૅરિકના લેખનમાં દંતકથાઓ સિવાય બીજું ઓછું સાંપડે છે.

* આ સિવાય બીજા કોઈ તલ્લક્ષિત અવશેષો આજે તો નજરે પડતા નથી.

7 *Cf.* Bhandarkar, p. 44.

† *Ibid*, p. 45.

તળ, અને એક શાં વાસ્ત્વંગ ધરાવતાં સોમેશ્વરના અહીં રજૂ કરેલા તળદર્શન પરથી ખ્યાલ આવી શકશે.

મંદિરના મૂલપ્રાસાદનું શિખર નવું છે અને રંગમંડપ કંઈક અંશે બિસ્માર હાલતમાં છે. મૂલપ્રાસાદ ( ચિત્ર. ૧ ) ત્ર્યંગી હોઈ તેમાં ' કર્ણ ' ( મૂળ ખૂણો ) ' પ્રતિરથ ' ( પઢરો ) અને ભદ્ર ( ભદ્દર )ના વિભાગ પાડેલા છે. ' પીઠ ' નીચે બે ઊંચેરા ' ભિટ્ટ 'માં, ઉપરનામાં ' અર્ધરત્ન ' અને ' ઠકારિકા ' શોભનવાળુ ' ભિટ્ટ ' ( ભાટડો ) અને તેની પર અન્યત્ર જોવામાં નહીં આવતું એવું ' ચિપ્પી ' ( ચિપલી ) સહિતનું પાતળું ' કુમુદ ' કાઢેલું છે.[૮] પીઠ ' કામોદ ' વર્ગની હોઈ તેમાં ' જાડ્યકુંભ ' ( જાડંબો ), ' કર્ણક ' ( કણી ), ' અન્તરપત્ર ' ( અંધારા ), ' છાદ્યકી ' ( છજ્જી ) અને તે ઉપર સાદી ' પટ્ટિકા ' કરેલી છે. પીઠમાં ભદ્રભાગે જાડંબાથી લઈ પટ્ટી સુધી પહોંચતું ' ઉદ્દગમ ' ભૂષણાર્થે કરેલું છે.[૯]

' વેદિબંધ 'માં ' કુંભ ' પર ' ઉદ્દગમ 'નાં શોભન કાઢેલાં છે. ' જંઘા 'માં સોમેશ્વરના મંદિરની જેમ એક કાળે મૂર્તિઓ કંડારેલી હશે, પણ તેનું ખંડન થવાથી જીર્ણોદ્ધારકોએ તે કાઢી નાખી વચ્ચેની મધ્યપટ્ટિકા પર ' પર્ણો ' કોર્યાં છે. જંઘાની ઉપર બેવડાં ' કપોતાલિ ' અને ' કંઠ ' કર્યાં છે. ભદ્રના ખત્તકો ' ( ગોખલાઓ ) ખાલી છે. રંગમંડપ ઊંડા ભદ્રોવાળો અને ચોરસાકૃતિ છે. તેના ' રાજસેન 'નો આરંભ પીઠની પટ્ટીથી કરવાને બદલે જાડંબાના તળથી કર્યો હોઈ, ' રાજસેન ' અને ' વેદી ' ( હૈયારખી ) પ્રમાણમાં લાંબાં કર્યાં છે. એ જ રીતે ' કૂટાકાર 'ને ' આસનપટ્ટ 'ના મોવાડ પર ન કોરતાં તેનો ' વેદી ' પર જુદો થર ' આસનપટ્ટ ' ( આસનપટ્ટો ) કરી તેના પર ત્રાંસુ ' કક્ષાસન ' ( ઓઘાર-પટ ) મૂકયું છે. રાજસેનમાં ' રત્ન ' અને ' પાલ 'ના ઘાટ કરેલા છે. કક્ષાસનમાં વેલ, થાંભલા વગેરેનાં શોભન છે.[૧૦] વેદિકામાં એક કાળે ભદ્ર ભાગે વચ્ચેના ફલકો પર દેવમૂર્તિઓ હશે તેમ ત્યાં વેરાયેલા કેટલાક ટુકડાઓ પરથી માની શકાય તેમ છે. ( દક્ષિણ સ્થાને બ્રહ્માની પ્રતિમા તો સ્વસ્થાને મોજૂદ છે પણ ઉત્તર બાજુની વિષ્ણુ પ્રતિમાનો ખંડ વેદિકાથી અલગ થયેલો પડેલો છે ).

રંગમંડપની અંદર " ભદ્રક " જાતિના કોરણી વગરના ચાર સ્તંભો છે. આસનપટ્ટ પર પણ તેમની લઘુ આવૃત્તિ શા સ્તંભો છે. આ સ્તંભો પણ આભૂષિત નથી; પણ ભારપટ્ટો પર જોરદાર ' અર્ધરત્નો 'ની હાર કોરેલી છે. વિતાનો સાદાં ' સમતલ ' પ્રકારનાં છે. અન્તરાલમાં ઉપર ખાનાં પાડીને તેમાં મોટું ચત્તું કમળ અને આજુબાજુ અર્ધકમળ કાઢેલાં છે ( ચિત્ર ૩ : જુઓ આ અંકમાંનું મુખપૃષ્ઠનું ચિત્ર ). પંચાયતનના કર્ણપ્રાસાદોનાં તો કેવળ પાયાનાં જ નિશાનો દેખાય છે. ( વાયવ્ય ખૂણે થોડો વધારે ભાગ બચેલો હોવાનું સ્મરણ છે. )

---

૮ ' કુમુદ ' સામાન્ય રીતે દસમી સદીના મધ્યભાગથી લઈ અન્ત સુધીનાં મંદિરોમાં જોવા મળે છે.

૯ આ વિશિષ્ટ શોભન આ નગરનાં અને આ પન્થકના સાદડી જેવાં અન્ય સ્થળોનાં મારુ-ગુર્જર મન્દિરોમાં પણ જોવા મળે છે.

૧૦ જુઓ અહીં ચિત્ર ૨માં ' આસનપટ્ટ 'ની ઉપરના ભાગમાં દેખાતો ' કક્ષાશાસન 'નો ખંડિત ભાગ.



ચિત્ર ૧

મૂલપ્રાસાદ નીલકંઠ મન્દિર, નાડોલ (દસમી શતાબ્દીનો અંત)



ચિત્ર ૨

'રાજસેન' અને 'વેદી'; નીલકંઠ મહાદેવ, નાડોલ



ચિત્ર ૧૩
નાડોલ (ધુવાંવાવ ? દેવહીવાવ ?,) (૧૧મી સદીનો મધ્યભાગ)



ચિત્ર ૬
'ચારભુજા'ના મન્દિર–સમૂહનું વચ્ચેટ વિષ્ણુનું મન્દિર, નાડોલ; જૂનો પીડનો ભાગ
(દસમા શતકનો અંત)



ચિત્ર ૮
ટેકરી પરનું શિવાલય, નાડોલ
(દસમી સદીનો અંત કે અગિયારમી સદીનો પ્રારંભ)



ચિત્ર ૯ :
ભિન્નમાલની મોટી વાપી
( આઠમા શતકનો
ઉત્તરાર્ધ )



ચિત્ર ૧૦

નાડોલની ઔથી ૯ની વાવ (દસમા શતકનો અંત ભાગ)



ચિત્ર ૧૧, ચિત્ર નં. ૧૦ની વાવનો કૂપભાગ



ચિત્ર ૧૨

નાડોલ ( રૂપવાવ ? ) ( દસમા શતકનો અંત )



ચિત્ર ૧૪
સેવાડીની વાવ (૧૧મી શતાબ્દીનો પૂર્વાર્ધ)



ચિત્ર ૧૫
સેવાડીની વાવનું
એક વધુ દૃશ્ય



ચિત્ર ૧૬

નાગરશૈલીનું તપેશ્વર મંદિર: મૂળ પ્રાસાદનો દક્ષિણ ગવાક્ષ, અલ્પપ્રાસાદ,
અને કર્ણપ્રાસાદનું દૃશ્ય (૧૧મી સદીનું પ્રથમ ચરણ)



ચિત્ર ૧૭
તપેશ્વરનું ગર્ભગૃહ
અને પ્રદક્ષિણા




રેખા ૭ સોમેશ્વર મંદિર, નાડોલ

નીલકંઠ મહાદેવનું મંદિર પૂર્વાભિમુખ છે; જ્યારે તેની પ્રતિકૃતિ સમું સોમેશ્વર મંદિર પશ્ચિમાભિમુખ છે (જુઓ તળદર્શન). મંદિરના મૂલપ્રાસાદનો (ચિત્ર ૪; જુઓ આ અંકના પાછળના પૂઠાની અંદરની બાજુ)વ્યાસ નીલકંઠ શિવાલયની જેમ ૨૨ ફૂટ ૧૧ ઇંચનો છે. અને રંગમંડપની પહોળાઈ ૪૦ ફૂટ ૮ ઇંચ છે. સમગ્ર મંદિરની લંબાઈ ૬૫ ફૂટ ૨ ઇંચ છે. રૂપેરંગે નીલકંઠ મહાદેવ જેવું જ આ મંદિર હોઈ આવશ્યક હોય તેટલી જ, આગલા મંદિરમાં ન હોય તેવી અને ત્યાં વિનષ્ટ થયા હોય અને અહીં જળવાયા હોય તેવા તત્ત્વાવશેષો વિશેની જ વીગતો જણાવીશું; જેમ કે અહીં પીઠના ભદ્રના ભાગમાં કરેલ ઉદ્‌ગમને મથાળે પટ્ટીથી લઈ વેદિબન્ધના 'ખુર' સુધી પહોંચતું 'તિલક' (તલકડું) છે. જે આગળ કહેલા તે મંદિરમાં નષ્ટ થયું છે (સરખાવો ચિત્ર ૧ અને ૪). અહીં જંઘાની ખંડિત મૂર્તિઓ જીર્ણોદ્ધારકોએ યથાવત્ રહેવા દીધી છે. ત્યાં કર્ણે દિક્‌પાલે અને પ્રતિરથે તેમ જ 'સલિલાન્તર'-(પાણીતારા)માં ચામરધારિણીઓ અને અપ્સરાઓ જોઈ શકાય છે. દિક્‌પાલો કરતાં કેટલીક અપ્સરાઓની કલાકક્ષા અને કંડાર વધારે ઊંચી કોટિનાં છે. કર્ણ અને પ્રતિરથની મૂર્તિઓનાં કમલાસનોની આજુબાજુ કાઢેલાં તલકડાં તો નીલકંઠના મન્દિરમાં પણ બચેલાં જોવાય છે. રંગમંડપમાં ઉત્તર તરફના ભદ્રનો નવખંડયુક્ત, પદ્માંકિત સમતલ વિતાન (ચિત્ર ૫, જુઓ આ અંકના મુખપૃષ્ઠની અંદરની બાજુ) છે. અહીં પણ શિખર પ્રમાણમાં પાછલા કાળનું હોય તેમ લાગે છે. મન્દિરની દ્વારશાખા બારમા શતકની મારુગુર્જર શૈલીની છે અને તે કદાચ જીર્ણોદ્ધારને સમયે થયેલા પ્રસંગે મૂળને બદલીને મૂકી હોય તેવો અંદાજ કરી શકાય.

નીલકંઠ મહાદેવ અને સોમેશ્વર મંદિર શૈલીની દૃષ્ટિએ કેટલાંક મહત્ત્વપૂર્ણ તત્ત્વો ધરાવે છે. અહીં પીઠ અને 'મંડોવર' (મંડોરા)નું આકલ્પન "મહાગુર્જર" શૈલી અનુસારનું છે: પણ 'કપિલી'(કોલિકા, કોળી)નો અભાવ, અને કોળીના અભાવે દિક્‌પાલોને મંડપસંધિબિન્દુએ, પ્રાસાદના કર્ણની મંડપમાં પડતી બાજુઓ પર જ કોરવાની તરકીબ, રંગમંડપના ભદ્ર અને કર્ણનાં માન અને પ્રાસાદના પ્રમાણથી ઘણું મોટું કરેલું તેનું પ્રમાણ, અને તેનું સારુંયે તળ, આ સિવાય મંડપની ભોં ગર્ભગૃહથી ઘણી નીચે લઈ મંડપ અન્તર્ગત અન્તચલના સ્તમ્ભોને ઊંચા પાટડા પર પ્રાગ્ગ્રીવવત્ ગોઠવવાની રીત, પ્રાસાદના સન્ધિસ્થાને મંડપને કર્ણભાગે ખુલ્લો રાખી દેવાની ખાસિયત, મંડપમાં 'નાભિચ્છન્દ' જાતિના વિતાનોનો અભાવ અને મંડપ ઉપર 'ફાંસના' કે 'સંવરણા'ની અનુપસ્થિતિ ઇત્યાદિ લક્ષણો "મહાગુર્જર" નહીં પણ ઉપલા રાજસ્થાનમાં ૮માથી લઈ દશમા શતકના ત્રીજા ભાગ સુધી પ્રવર્તમાન એવી "મહામારુ" શૈલીનાં છે. ઓસિયાનાં મહામારુ મંદિરો તો વહેલાં કહેવાય પણ આ નાડોલનાં મંદિરોથી પચાસેક વર્ષ અગાઉ બંધાયેલ કેકિન્દના નીલકંઠ મહાદેવના મન્દિરના મંડપના તળનું સ્મરણ કરાવે છે અને ત્યાંની માફક અહીં પણ વેદિકા લાંબેરી કરેલી છે, અને પ્રાસાદ-સન્ધિએ છેડા મુક્ત રાખ્યા છે.[૧૧]

નીલકંઠ મહાદેવના મંદિરથી નીચે ઈશાનમાં 'ચારભુજા'ના મન્દિરના નામથી ઓળખાતું વિષ્ણુનું મંદિર છે. મૂળે આ જગ્યાએ એક જ તળ આયોજન ધરાવતાં જોડાજોડ ઊભેલાં ત્રણ

૧૧ મારો "The Nilakaṇṭheśvara Temple at Kekind" નામક લેખ *Journal of the Oriental Institute* (Vol. XXII, No. 3, pp. 397-408)માં છપાયો છે, તેમાં તળદર્શન અપાયું છે ત્યાં આ મુદ્દો જોઈ લેવો.

મંદિરો હતાં, જેમાંથી આજે તો માત્ર વિષ્ણુનું જ આ ભવન અવશિષ્ટ રહ્યું છે. આ મન્દિર પણ નીલકંઠ અને સોમેશ્વરના કાળનું જ હોય તેમ તેના જૂના ભાગની શૈલી પરથી લાગે છે. અહીં પણ કામદ-પીઠમાં ભદ્રે ઉદ્‌ગમો કાઢેલાં છે. પણ પીઠની ઉપરનો ભાગ મહમુદ ગઝનવીના આક્રમણ બાદ તુરતમાં બંધાયો હશે અને તેનું પણ ખંડન થતાં ફરીને તેમાં સમારકામ થયું હશે તેમ જણાય છે. ( ચિત્ર ૬ ). શિખરની શૈલી ઈ. સ. ૧૦૨૫ની તરતની છે. ( ચિત્ર ૭; જુઓ આ અંકના પાછળના પૂઠાની બહારની બાજુ). પણ તેમાં ૧૭મી સદીના જીર્ણોદ્ધાર સમયે ભદ્રભાગે ઝરૂખાઓ લગાવ્યા છે અને ગ્રીવામાં 'જોગણી'નાં મુખ દાખલ કર્યાં છે. રંગમંડપમાં અલંકરણ કમ છે. વેદિકામાં અગાઉનાં બે મંદિરોની જેમ કેવળ ભદ્ર ભાગે જ વચ્ચે રથિકાયુક્ત પ્રતિમા છે, તે જીર્ણોદ્ધાર સમયની લાગે છે અને મૂળ જે ખંડિત હશે તેને બદલાવીને દાખલ કરી જણાય છે.

નાડોલના અગ્નિ ખૂણામાં ત્રણેક કિલોમીટર દૂર આવેલ ટેકરી પર પણ આ યુગનું એક મંદિર છે. તેનો મૂલપ્રાસાદ કંઈક નિરાભરણ અને નાનો પણ અન્યથા ચાર ભુજાના મંદિર જેવો છે. ( ચિત્ર ૮ ). રંગમંડપમાં ભદ્રના ભાગો લંબાવેલા નથી, તેથી સમગ્ર મંડપ જરા લાંબેરો અને સાંકડો લાગે છે. સ્તમ્ભો સાદા છે પણ નીલકંઠ-સોમેશ્વર જેવા છે, જ્યારે શિખર જાલાલંકૃત છે. જાલની શૈલી દસમી-અગ્યારમીનો સન્ધિકાળ બતાવે છે. શિખરમાં ભદ્રભાગે અન્યત્ર પુનર્ઘટન થયું લાગે છે. નીલકંઠ મહાદેવ અને સોમેશ્વરનાં મૂળ નષ્ટ થયેલાં શિખરોની જાલક્રિયા આવા પ્રકારે થઈ હશે તેવું અનુમાન થઈ શકે છે.

હવે જોઈએ અહીંની વાપીઓ વિશે. સૌથી પ્રાચીન અને અતિ જર્જરિત અને ખવાઈ ગયેલા પથ્થરોવાળી વાપી નાડોલથી પૂર્વમાં આવેલ જૂના ટીંબા પર છે.[૧૨] આ વાપી પ્રતિહાર સમયની અને આઠમા શતકથી મોડી નથી તેમ તેની શૈલી તેમ જ તેના અત્યંત પુરાણા દેખાવ પરથી તરી આવે છે. આ વાપી છે તો 'નાલીયુક્ત' ( નાળારી ), અને એથી લંબચોરસ તળની અને નાળને છેડે કૂપયુક્ત છે; પણ નાળમાં ઊતરવાનાં પગથિયાં કુંડમાં હોય તે રીતે અડખે-પડખે કર્યાં છે. ઠીક ઊંડે ઊતર્યા બાદ બે માળવાળું 'કૂટ' ( મંડપિકા ) આવે છે.[૧૩] ખરી રીતે તો જ્યાં નાલીનો આરંભ થાય ત્યાં પહેલું 'કૂટ', તે પછી એક માળવાળું ને 'રમણક' ( રમણાં ) સહિતનું બીજું 'કૂટ' અને ત્યાર પછી આ બે મજલાવાળું ત્રીજું 'કૂટ' એવો ક્રમ હોવો જોઈએ; પણ અહીં પહેલાં બે 'કૂટ'ને બદલે 'કુંડાભાસી' રચના કરી છે.[૧૪] વાપીનો આ 'સંમિશ્ર' પ્રકાર ગુજરાતમાં મળતો નથી; પણ ભિન્નમાલમાં પ્રતિહાર સમયની, આઠમા શતકના ઉત્તરાર્ધની બે વાપીઓ છે, તેમાંની એકનું ચિત્ર અહીં ક્રમાંક ૯માં રજૂ કર્યું છે; તે આ સિદ્ધાન્ત પર રચાયેલી છે. ભિન્નમાલની વાપી નાડોલની ઉપર કથિત વાપીથી વધારે વિશાળ અને ઘણી જ ઊંડી અને પ્રગલ્લભ છે; ને ત્યાં રેતી ધસી ન પડે એટલા ખાતર અંદરની દીવાલોને ક્રમશઃ સંકોચી નીચેનો ઊંડો ભાગ તબક્કાવાર સાંકડો કરતા ગયા છે, તેમ જ કૂટના નીચલા ત્રણ

---

૧૨ આ સ્થાન 'જૂના ખેડ'થી આજે પરિચયમાં છે.

૧૩ વાપિ વિષયક પરિભાષા માટે જુઓ હરિલાલ ગૌદાની, મધુસૂદન ઢાંકી અને હરિશંકર પ્રભાશંકર શાસ્ત્રી, "દાવડની વાવ અને ગુજરાતનું વાપી-વિધાન **સ્વાધ્યાય, પુ. ૬, અંક ૨**

૧૪ ઝીણકુંક રમણું અને બન્ને બાજુ આડાં પગથિયાં આ હિસાબે એકબીજા સાથે જોડાતાં ક્રમશઃ નીચે લઈ જતાં પગથિયાં.

માડો મંડપસ્તંભયુક્ત કરવાને બદલે ઉપરા ઉપર ચઢાવેલી ' પ્રતોલી 'ના રૂપે કર્યા છે એટલી વિગતો જવા દઈએ તો અન્યથા તે નાડોલની વાપીના—કુંડયુક્ત—વાપીના સિદ્ધાન્ત પર જ રચાયેલી છે.

પણ હાલ જૂના ટીંબાની વાવથી વિશાળ એવી ત્રણેક વાપીઓ હાલના નાડોલના પ્રસ્તારની આજુબાજુ જોવા મળે છે. તેમાં સૌથી જૂની વાપી શહેરના કોટની ઉત્તર બાજુથી નીકળીને અમુક અંતર ( એકાદ કિલોમીટર કે તેથી ઓછું ? ) ચાલતાં જોવા મળે છે, ( ચિત્ર ૧૦). આ વાપી કુંડાન્વિત વાપી અને કૂટાન્વિત વાપીના પ્રકારના વચગાળાનો નમૂનો છે. વિસ્તાર ( પહોળાઈની ) દૃષ્ટિએ ગુજરાતની સોલંકી કાળની મોટી વાપીઓ કરતાં દોઢી છે અને પ્રસ્તાર- ( લંબાઈ )માં પાટણની રાણી વાવની નજીક આવે છે. અહીં શરૂઆતનાં બે કૂટ ન કરતાં પગથિયાં જ કર્યાં છે, પણ તે કુંડનાં પગથિયાં જેવાં ન કરતાં સીધાં જ, ' જીના ' જેવાં કર્યાં છે. તે પછી તરત બે મજલાવાળું કૂટ આવે છે. ( જો આને માથે હજી એક કૂટ ગુજરાતની વાપીઓમાં હોય છે તેમ હોય તો ત્રણ માળ ગણાય. ) એની પાછળ ત્રણ અને ચાર મજલાવાળાં કૂટ આવેલાં છે. વાપી ઘણી પહોળી હોઈ, કૂટના માડ-મંડપોને ઝાલી રાખતા, દુર્ગની પ્રતોલીઓમાં હોય તેવા ( પણ અર્ધા ) " મલબાહુ "( કોઠા )ઓ કર્યા છે. આ વસ્તુ ગુજરાતની વાપીઓમાં જોવા મળતી નથી.

વાપીને છેડે ' કોષ્ઠ ' એટલે કૂવો કરેલો છે; તેને છાતીયાંથી ઢાંકી વચ્ચે વચ્ચે ઘડા ઉતારવા જેટલાં બાકોરાં ખુલ્લાં રાખ્યાં છે, અને કૂવા ફરતી ઊંચેરી કિનારી બાંધી તેમાં ' મદલ'- ( મદળ, ઘોડા )ની ટેકણો કાઢી, તેના પર એક કાળે ગરગડી ટેકવી ત્યાંથી સિંચણીયાં ઝુકાવતાં હશે તેમ લાગે છે. ( ચિત્ર ૧૦ ). સૌરાષ્ટ્રની જૂનાગઢ પાસેની ખેંગારવાપીના ' ભ્રમયુક્ત કૂપ '- ( ભમ્મરીયા કુવા )માં અંદરની ભ્રમણીની દિવાલે દિવાલે પ્રતોલીનાં તોરણમાં ઝરૂખાને તળિયે હોય છે તેવાં મદળ-ઘોડાની ટેકણો જોવા મળે છે, તે અપવાદ સિવાય બીજી કોઈ વાપીમાં આવી વ્યવસ્થા દેખાતી નથી.[૧૫]

વાપી દશમા શતકના અંતભાગથી અર્વાચીન જણાતી નથી.[૧૬]

આ વાપીથી કંઈક ઈશાને એક બીજી વાવ છે ( બનતાં સુધી આનું નામ ' રૂપવાવ ' છે ). આગળની વાવથી લંબાઈ પહોળાઈમાં નાની પણ પ્રમાણસરની અને સમયની દૃષ્ટિએ તેની લગોલગની છે. અહીં પગથિમાં ઉતર્યા બાદ બે માડયુક્ત કૂટ આવે છે તેના પછી ત્રણ અને ચાર માડવાળા કૂટો છે. તેમાં એકમાં તો ઉપરની દિશાએથી પગથિયાં પણ આવતાં હોય તેમ લાગે છે. તે પછી કૂપ ભાગમાં ' અરહટ ' ( રેંટ ) મૂકેલો છે. વાવમાં પાણી ઘણું છે અને જીવતી અને વપરાશમાં રહેલી વાવ છે. ( આગળ કહી તે વાવ ઓછી વપરાય છે. )

એક ત્રીજી વાવ હાલના નાડોલ અને જૂના ટીંબાના વચ્ચેના ગાળામાં શહેરના પૂર્વભાગે પણ શહેરના પાદરમાં છે. ( ચિત્ર ૧૧ ). ( આનું નામ ' ધુંવાવાવ ' કે ' દેવકીવાવ ' હોવાનું

---

૧૫ જુઓ " દાવડની વાવ અને ગુજરાતનું વાપીવિધાન " ચિત્ર ૨.

૧૬ એ સંભવિત છે કે કૂવાને ઢાંકતો છાતીયો અને કિનારીવાળો ભાગ થોડો પાછોતરા કાળનો હોય છે.

સ્મરણ છે.) નાડોલની ત્રણે વાવોમાં આ સૌથી નાની છે. તેમાં અત્યારે બે કૂટો વિદ્યમાન છે. પહેલામાં બે અને ત્રીજામાં ત્રણ માડ છે.

નાડોલ પંથકની નજદીકમાં સેવાડી ( શમીપાટી ) ગામમાં પણ નાડોલ વર્ગની એક મોટી વાપી મોજૂદ છે, તેનાં ચિત્રો અહીં તુલનાર્થે રજૂ કરીશું: ચિત્ર ૧૪-૧૫. સેવાડીની આ વાવ પણ નાડોલની ચિત્ર ૧૦માં રજૂ કરેલ વાપીની માફક પગતી છે, અને અહીં પણ કૂટ આવતાં પહેલાંની મુખ્ય સોપાનમાળાની આજુબાજુની ભીંતમાં દોઢિયાવાળા ગોખલાઓ કરેલા છે. અહીં પણ કૂટોમાં છેવટનો, પ્રકૃતિ-ભૂમિના તલ બતાવનારો માડ નથી. ( નાડોલ અને સેવાડીની આ વાવોમાં ગુજરાતની વાપીની જેમ ઉપલા બાહરી માડ હતા કે કેમ તે વિશે વિશેષ સંશોધન કરવાની જરૂર છે ). સેવાડીની આ વાવમાં નાડોલની વાપીઓની જેમ મંડપિકાઓ અને રમણકોને ઝલાવતા કોષ્ઠોની રચના પણ છે. અત્યારે તો ત્રણ કૂટ મોજૂદ છે તેમાં અનુક્રમે એક, બે અને ત્રણ માડ છે, છેલ્લેરા કૂટોના નીચલા માડો નાડોલ અને ગુજરાતની વાપીઓની જેમ પાણીમાં ડૂબેલા છે. અહીં રમણાના સ્તંભો વચ્ચાળે ક્યાંક ક્યાંક આસનપટ્ટો અને કક્ષાસનો કરેલાં છે. ( ચિત્ર ૧૫ ).[૧૭] આ વાપીનો કાળ શૈલીની દૃષ્ટિએ ૧૧મી શતાબ્દીના પૂર્વાર્ધનો છે.

નાડોલની પુરાણી વાવો ગુજરાતની જૂનામાં જૂની નાળારી અને માડ-મજલાવાળી વાવો કરતાં વિશેષ જૂની છે. માડયુક્ત કૂટવાળી વાવોની કલ્પના રાજસ્થાનમાંથી અન્ય વાસ્તુ-વિભાવનાઓ સોલંકીયુગમાં એક પછી એક તરંગોમાં આવતી રહેલી તે પ્રવાહમાં જ આવી હોય તેમ લાગે છે. આવ્યા બાદ ગુજરાતમાં તેની પોતાની રીતે તેની સંવ્યવસ્થા અને ઘટન થયાં છે. ગુજરાતની વાપીઓ, તેના કેટલાક મૂલગત સિદ્ધાન્તો અને રૂપો માટે તેના સોલંકીયુગીન મારુ-ગુર્જર દેવાલય સ્થાપત્યની જેમ ફરી એક વાર રાજસ્થાનને આભારી બની રહે છે.

નાડોલ અને સેવાડીની વાપીના સ્તંભો ' મિશ્રક ' જાતિના છે, અને તેમાં ક્યાંક ક્યાંક અલ્પ અલંકરણ જ જોવા મળે છે. અલંકાર-સમૃદ્ધ ન હોવા છતાં વિભાવ અને વિસ્તારની દૃષ્ટિએ નાડોલની પ્રથમ ચર્ચી તે વાવ ( ચિત્ર ૧૦ ) પશ્ચિમ ભારતની વાપીનો ભવ્ય લાક્ષણિક અને વિશાળ નમૂનો છે.

નાડોલ પછી જોઈએ તેનાથી બારેક કિલોમીટરના અંતરે અગ્નિકોણમાં આવેલ તેના જોડિયા શહેર નાડલાઈ ( નડૂલડાગિકા )નાં મંદિરો વિશે. નડૂલની સ્થાપના થઈ ગયા પછી અર્ધીક સદી બાદ નડૂલડાગિકાનું તોરણ બંધાયું હોય તેમ લાગે છે. અહીંનાં જૂનામાં જૂનાં મંદિરો નાડોલના જૂનામાં જૂના " લક્ષ્મણસ્વામી મંદિર "† પછીના યુગનાં છે, તેમ જ શૈલીની દૃષ્ટિએ તેમની મુદ્રા નાડોલની મુદ્રાથી થોડીક ભિન્ન છે.

અહીંના પ્રારંભમાં બનેલાં બે મંદિરો છે; આદીશ્વર અને તપેશ્વર. જૈન મંદિર આદીશ્વર વિશે અન્યત્ર વાત થઈ ગઈ છે;[૧૮] તપેશ્વર વિશે અહીં જોઈશું. બન્ને મંદિરો વ્યોમમાર્ગે

---

૧૭ ગુજરાતની વાવોમાં સૌથી ઉપરના માડમાં આવી રચના રહેતી.

† નાડોલના આ હાલ વિનમ્ર પણ સૌથી જૂના મંદિર વિશે હું અન્યત્ર ચર્ચા રહ્યો છું

૧૮ Some Early Jaina Temples in Western India, pp. 341–344.




તપેશ્વર મંદિર, નાડલાઈ

મન્ત્રબળથી મારવાડમાં રહેલ ' ખેડ ' ( ખેટક )થી આવેલાં તેવી જૈન યતિ અને શૈવ સાધુ વચ્ચેની સાંપ્રદાયિક સ્પર્ધાની પરસ્પરને ઉતારી પાડનારી અવાંછનીય દન્તકથાઓનું તારતમ્ય એટલું જ કે આ મંદિરોને બનાવનાર કારીગરો ખેડથી આવ્યા હશે, કેમ કે નાડોલનાં મંદિરો કરતાં અહીંની ભંગિ થોડી નોખી છે, અને ખેડનાં દશમા શતકનાં મંદિરો સાથે સંબંધ ધરાવતી પણ દેખાય છે.

તપેશ્વર અને આદીશ્વરનાં મંદિરો સ્પર્ધારૂપે બંધાયા હોવાની શકયતા કાઢી નાખવા જેવી નથી. બન્ને મંદિરો ઉતાવળ કરીને બાંધ્યાં હોય તેમ તેની ઘડાઈ તેમ જ બહાર દેખાતી ઘાટડાઓની ઓછપ અને અલંકરણના ત્યાગ પરથી લાગે છે. બન્નેના સાન્ધાર, મૂલપ્રાસાદોનું તળ અને અંદરના ગર્ભગૃહો પણ એક શાં છેઃ ( બાકીનો હિસ્સો પોતપોતાના સંપ્રદાયની આવશ્યકતા અનુસાર કરેલો છે ). આકાશમાર્ગે આવ્યાની વાત તો ઠીક, પણ કોણ પોતાના મંદિરને પહેલો કળશ ચઢાવે તેવી હરીફાઈ બન્ને સંપ્રદાય વચ્ચે થઈ ગઈ હોય તેવી શકયતા નકારી શકાય નહીં.

તપેશ્વરનાં મંદિરનાં તળમાં જોઈએ તો સાન્ધાર, મૂલપ્રાસાદ, કપિલી( કોળી ), રંગમંડપ અને રંગમંડપની ભદ્રે ગવાક્ષભાગે કરેલ અક્કેકી દેવકુલિકાઓનું ભદ્રપ્રાસાદરૂપે કરેલું સંયોજન છેઃ ( જુઓ તળદર્શન ). સારુંયે મંદિર ' જગતી ' પર ઊભેલું છે અને જગતીને ચાર ખૂણે ચાર કર્ણપ્રાસાદો આવેલા છે.

મૂલપ્રાસાદ મંડપાદિને પીઠ નથી, પણ વેદીબંધ પીઠની ગરજ સારે છે. કેટલેક અંશે તે ખેડના રણછોડરાય મંદિર અને નિમજના હાલ પ્રકાશમાં આવેલ મંદિર તેમ જ વસન્તગઢના સૂર્યમંદિરનું સ્મરણ કરાવે છે. વસ્તુતયા ભદ્રપ્રાસાદો બાદ કરી અને તળ આયોજન, વરમાણ અને વસન્તગઢના સૂર્યમંદિરની નજીક આવે છે.[૧૯]

કર્ણ અને ભદ્રના ઉપાંગવાળા મૂલપ્રાસાદનો વ્યાસ ૩૦ ફીટ જેટલો છે. ભદ્રે ગવાક્ષ છે : ( ચિત્ર ૧૬ ). જો ભદ્રપ્રાસાદો ન હોત તો રંગમંડપનો વ્યાસ મૂલપ્રાસાદ જેટલો કે વરમાણ–વસન્તગઢમાં છે તેમ સ્હેજ ઓછો હોત. મુખચતુષ્કી સુધી સમસ્ત મંદિરની લંબાઈ ૫૭ ફીટ જેટલી છે.

ત્ર્યંગ ગર્ભગૃહ ( ચિત્ર ૧૭ ) એક બાજુથી અહીંના આદીશ્વરના ગર્ભગૃહને મળતું છે, તો બીજી બાજુથી ગુજરાતના અગ્યારમી શતાબ્દીના પૂર્વાર્ધના મંદિરોનું સ્મરણ કરાવે છે. ગર્ભગૃહના વેદીબંધ પરના કુંભ પર ઉદ્‌ગમરૂપી સુશોભન છે અને કર્ણે-પ્રતિરથે આકર્ષક અર્ધરત્ન કંડાર્યાં છે. આનાં સમાન્તર દૃષ્ટાન્તો આપણને ગુજરાતમાં ભીમદેવ પ્રથમના કાળનાં કેટલાંક મંદિરોમાં જોવા મળે છે. માત્ર અહીંનું કામ સ્હેજ વધુ પુરાણું ભાસે છે. જંઘામાં પ્રતિમાઓ નથી અને ભદ્ર-ખતકો ખાલી છે. ખતકની સ્તંભિકાઓની વચ્ચેની ચૂંડીઓ "કટકોપેત" કરી છે તે વિશિષ્ટતા રાજસ્થાનમાં મોરિપ્રતિહાર કાળથી જોવામાં આવે છે, પણ ગુજરાતના કોઈ મંદિરમાં જોવા મળતી નથી.

' ભ્રમન્તી '( પ્રદક્ષિણા )ની પહોળાઈ ૨ ફીટ ૫ ઇંચ છે અને ભદ્ર-ગવાક્ષ સુધીની પહોળાઈ ૬ ફીટ ૪ ઇંચ છે.

---

૧૯ વસન્તગઢની વાસ્તુરચનાઓ અને ઋષીકેશનું વૈષ્ણવાયતન," **સ્વાધ્યાય** પૃ. ૭, અંક ૩

મંડપના સ્તમ્ભોમાં જોઈએ તો રંગમંડપની વચ્ચે ‘ શાલા ’ના ચાર ‘ ભદ્રક ’ જાતિના, ‘ અન્તરાલ ’ના ચાર પૈકીના આગળના તળ પરના બે અષ્ટકોણ, અને ‘ મુખાલિન્દ ’ના પટ્ટ પરનાં (આંતરિક પ્રાગ્ગ્રીવનાં) બે નીચેથી ચોરસ અને ઉપર અષ્ટાસ્ર છે. અન્તરાલના ભિત્તિસ્તંભો ‘ ભદ્રક ’ જાતિના, પ્રદક્ષિણાના ગવાક્ષોના ભીંતિયા થંભો ‘ રૂચક ’ ( ચોરસ ) જાતિના અને ભદ્રપ્રાસાદોના મુખમાં રહેલ સ્તંભો અષ્ટકોણ જાતિના છે.

સ્તંભોનો ઉપરનો અર્ધભાગ કંડાર-વિભૂષિત છે. તેમાં ‘ દર્પણ ’, ‘ ઘટપલ્લવ ’, ‘ મસૂરક ’, ‘ ગ્રાસપટ્ટી ’, અર્ધઘટ અને અર્ધરત્ન સાથે પલ્લવ કરેલાં છે. આવો કંડાર ગુજરાતમાં ‘ સોલંકીરાજ ’ મૂળરાજ પ્રથમ ( ઈ. સ. ૯૪૨–૯૯૫ )નાં અંતિમ વર્ષો અને ભીમદેવ પ્રથમના ( ઈ. સ. ૧૦૨૨–૧૦૬૧ ) પૂર્વના કાળમાં થતા ગુજરાતના વેદી પરના સ્તંભોના કંડારનું સામ્ય દર્શાવે છે. મંદિર આ રીતે સંક્રાન્તિ કાળનું હોઈ, મારુ-ગુર્જર શૈલીનો પ્રારંભિક કાળનો નમૂનો હોઈ મહત્ત્વનું છે. અન્તરાલના સ્તંભોનાં ‘ ભારપટ્ટ ’( ભારોટ )ને તળિયે કોરેલ વ્યૂહનું ચિત્ર અગાઉ પ્રકાશિત કરી દીધું છે.[૨૦]

નાડોલ-નાડલાઈની આ અદ્યાપિપર્યંત અપ્રકાશિત રહેલી, સ્થાપત્ય-વિષયક સામગ્રી ગુજરાત-રાજસ્થાનની પ્રારંભિક મારુ-ગુર્જર શૈલીના નિર્માણના પ્રશ્નોના ઉકેલમાં અને પ્રસ્તુત પ્રમેયનાં વિશેષ પ્રમાણો પૂરાં પાડતી હોઈ, બહુ આભૂષિત ન હોવા છતાંયે મહત્ત્વપૂર્ણ છે.

---

૨૦ વિમલવસહીની કેટલીક સમસ્યાઓ, **સ્વાધ્યાય**, પુ. ૯, અંક ૩, ચિત્ર ૩.



કાશીસુતકૃત 'રુકિમણીહરણ'નું પ્રથમ પૃષ્ઠ
[પ્રા. શ્રી જશભાઈ કા. પટેલ પાસેની હસ્તપ્રત]

# કાશીસુતકૃત ‘રુક્મિણીહરણ’

બહેચરભાઈ પટેલ

**હસ્તપત્રો :**

કવિ કાશીસુતકૃત “રુક્મિણીહરણ”ની બે હસ્તપ્રતો ઉપલબ્ધ છે. એક પ્રા. શ્રી જશભાઈ કા. પટેલ (વલ્લભવિદ્યાનગર) પાસેના ગુટકામાં છે. તેને આપણે “અ” પ્રત કહીશું. બીજી શ્રી ફૉર્બસ ગુજરાતી સભા, મુંબઈમાં, હસ્તપ્રત ક્રમાંક ૫૩-કની છે. એને આપણે “બ” સંજ્ઞાએ ઓળખીશું. “અ” પ્રત સં. ૧૬૫૭માં કે તેની આસપાસ લખાયેલી છે અને “બ” પ્રત સં. ૧૭૧૬માં; પણ બન્ને પ્રતોનો અભ્યાસ કરતાં “અ” પ્રત પરથી કે તેની કોઈ અન્ય પ્રતિ પરથી “બ” પ્રતિ પ્રતિલેખિત થઈ હોવાનું સ્પષ્ટ દેખાઈ આવે છે. બન્ને પ્રતિઓ એક જ પરંપરાની છે અને પહેલી પરથી બીજી લખાઈ હોય એટલી મળતી આવે છે.

**“અ” પ્રત :**

આ પ્રત ૫$\frac{1}{2}$" લાંબા અને ૪$\frac{1}{2}$" પહોળા પત્રોની લગભગ ચોરસ આકારે વચમાંથી બાંધેલી પોથી છે. પાનની ચારે બાજુ લગભગ અડધો ઇંચ જગા છોડવામાં આવી છે. હાંસિયો જુદો રાખવામાં આવ્યો નથી તેથી બંધનની બાજુએ જગા ઓછી રહી છે, ને પાનની નીચેની બાજુએ અડધા ઇંચ ઉપર એક-બે-ત્રણ દોરા સુધીની જગા છોડવામાં આવી છે. પાનની ડાબી-જમણી બાજુઓએ કાળી શાહીની બે લીટીઓથી મર્યાદા બાંધી દીધી છે, પણ ઉપર નીચે એવી હદ બાંધેલી નથી. લખાણ સામાન્ય રીતે આડું ૪" અને ઊભું ૪$\frac{1}{4}$"–૪$\frac{1}{2}$" સુધીમાં આવેલું છે. એક પૃષ્ઠમાં ૧૬–૧૭ પંક્તિઓ છે, પહેલા પૃષ્ઠ પર ૧૫ પંક્તિઓ છે ને છેલ્લા પૃષ્ઠ પર ૧૨ પંક્તિઓ છે, પણ મોટે ભાગે પૃષ્ઠમાં ૧૬ પંક્તિઓ છે. એક પંક્તિમાં ૮–૧૦ શબ્દો આવે છે. કડીનો આંક, કડવાનો આંક, રાગ, ઊથલો ને ઢાળ—નાં સ્થાન પર પાછળથી લાલ પેન્સીલથી ડાઘ કરવામાં આવ્યા છે. તે સિવાય સર્વત્ર કાળી શાહીથી ને કિત્તાથી જ લેખન થયેલું છે; ક્યાંય કશું સુશોભન નથી. પત્રને ક્રમાંક આપવામાં આવ્યા નથી. અક્ષરો સુવાચ્ય છે, નાગરી લિપિમાં મથાળું બાંધેલાં છે; જોકે તેમાં “ણ” ગુજરાતી લિપિનો છે.

પ્રસ્તુત ગુટકામાં ક્રમાનુસારે (૧) વિષ્ણુદાસકૃત “રુકમાંગદચરિત્ર,” (૨) કાશીસુતરચિત “સભાપર્વ”, (૩) વિષ્ણુદાસકૃત “નાસિકેતનું આખ્યાન,” (૪-૫) “મેગલરચિત “જાલંધરનું આખ્યાન” અને “રાજા પરીક્ષિતનું આખ્યાન,” (૬) વિષ્ણુદાસકૃત “શુકદેવનું આખ્યાન,” (૭-૮) કાશીસુતકૃત “રુક્મિણીહરણ” અને “ઘોષયાત્રા ચિત્રસેનનું આખ્યાન,” (૯) હરિદાસકૃત “રાજા નલનું આખ્યાન” (અપૂર્ણ)–એટલાં આખ્યાનો અને મેગલકૃત “જાલંધરનું આખ્યાન,” પછીનાં ત્રણ પૃષ્ઠોમાં બે પદો આવેલાં છે. પોથીમાં આરંભમાં “રુકમાંગદચરિત્ર” માં પહેલાં દસ કડવાં નથી, છેલ્લું “રાજા નલનું આખ્યાન” ૭મા કડવાની દશમી કડીથી તૂટે છે અને વચમાંનું “રાજા પરીક્ષિતનું આખ્યાન” બીજા કડવાની બીજી કડી થી શરૂ થાય છે.

આ ગુટકાનાં બધાં કાવ્યો નીચે લહિયાની નકલ કર્યાનો સમય આપતી નોંધ નથી. એક માત્ર " જાલંધરનું આખ્યાન " નીચે મુજબની લહિયાની નોંધ છે. :

સંવત ૧૬૫૭ વર્ષે, ભાદ્રપદ માસે, કૃષ્ણપક્ષે, દશમ્યાયાં તિથૌ, રવિવાસરે, ત્રંબાવતીક્ષેત્રે, મહીસંગમતીર્થે, પરંમહંસ સંન્યાશી દ્વારિકાંગિરેન લિખિતં, શાહ શ્રી. મનજી, ગજ્જરજ્ઞાતિપદિનાર્થે.

આ ઉપરથી લાગે છે કે મેગલકૃત " જાલંધરનું આખ્યાન " લહિયાએ સં. ૧૬૫૭ના ભાદરવા વદ દશમ ને રવિવારે ઉતાર્યું છે. " જાલંધરનું આખ્યાન " લખ્યા પછી ૧૬ કડવાંનું " રાજા પરીક્ષીતનું આખ્યાન " અને ૧૩ કડવાંનું " શુકદેવનું આખ્યાન " એ બે કૃતિઓ ઉતારી છે, ને ત્યાર પછી કાશીસુતનું " રુકિમણીહરણ " ઉતારેલું છે. એટલે જો ઉતારવામાં આવેલાં બધાં આખ્યાનો એક પછી એક તરત જ ઉતારાયાં હોય તો કાશીસુતકૃત " રુકિમણીહરણ " સં. ૧૬૫૭ની દિવાળી પર કે સંવત ૧૬૫૮ના કારતક માસમાં ઉતારાયું હોય.

આ પ્રતનો લહિયો સંન્યાસી દ્વારિકાગિર છે. નામ ઉપરથી તે ગોસાઈ સંન્યાસી લાગે છે. તેણે આ ગુટકો ખંભાતમાં લખ્યો હતો. શાહ શ્રી મનજીએ તેની પાસે આ ગુટકો લખાવ્યો છે. સંન્યાસી દ્વારિકાગિર સંસ્કૃતના કંઈક જાણકાર લાગે છે, ગુજરાતી કાવ્યના તો છે જ. તેથી તેની લખેલી પ્રતમાં તત્કાલીન સાહિત્યિક ભાષાનું સ્વરૂપ યથાવત્ જળવાયું લાગે છે. એની ભાષા તે જમાનામાં ગુજરાતી કાવ્યો લખવાની જે પદ્ધતિ રૂઢ હતી તેનો સારો નમૂનો છે. એમાં ગ્રામ્ય ઉચ્ચારાદિના અંશો ભાગ્યે જ દેખાય છે.

**લેખનગત વિશિષ્ટતાઓ :**

૧. અનુનાસિક પૂર્વેના વર્ણ પર બિંદુ :

દા. ત. મંન (૧. ૨), ગ્નાંન (૧. ૨), બ્રહ્મવિદ્યા (૧. ૧૦), જાંણું (૧. ૧૨), કોંણ (૧. ૧૨), ગ્રાંમ (૨. ૬).

૨. " સ " અને " શ "નો અનિયમિત ઉપયોગ :

" સ "કાર–આસ (૧. ૨), સકિઇ (૯. ૩).

" શ "કાર–શેવા (૫. ૭), કૈલાશવત (૨. ૧૧), હાશ્ય (૧૦. ૧૮), શંકટ (૪. ૧૦).

૩. યશ્રુતિ–અક્ષરગત્ય (૧. ૧૬), શ્રીગુણપત્ય (૧.૧૬), ક્ષ્યંતા (૨. ૧), ધર્ણ્ય (૨. ૧૦), લ્યાવે (૩. ૫).

૪. " ખ "ને સ્થાને " ષ "—અષિલ (૧. ૪), પાલ્યષી (૨. ૧૩), દૂષ (૨. ૨૮), ષંપણ (૩. ૧૨), ગુષ્ય (૩. ૧૯).

૫. સંયુક્તાક્ષરોમાં " અ " સ્વરનું ઉમેરણ : દુગધ (૨. ૧૧), પૃથવીપતિ (૩. ૧૩), કલપના (૬. ૧૪), પરત્યક્ષ (૩. ૩), સુરય (૩. ૨).

૬. હશ્રુતિ–તાહરી (૧. ૩), તેહનાં (૧. ૧૩), સાહામુ (૮. ૨), એહવી (૮. ૬),

૭. " ઋ "ને સ્થાને " રુ " : " ઋષિ "ને સ્થાને " રુષ્ય " (૫. ૨૪).

૮. કેટલાક શબ્દોમાં "અ"ને સ્થાને "ઊ"

ઊપરાધકૃત (૧૦. ૧૬), ઊપમાંન (૧૧. ૪), ઊભક્ષેકયા (૧૨. ૮).

૯. "ઉ"નો "ઓ":–ઓપમાઈ (૧૨. ૫)

૧૦. "ઈ" અને "ઊ" પ્રત્યે ઝોક;–હરી (૧૨. ૧), ઊત્તમ (૧૨. ૩), પીતા (૧૨. ૭), કરીઊં (૧૨. ૧૦), પાંમીઊ (૧૧. ૧), ઊપાય (૩. ૨૦), ઊદ્યાંન (૬. ૩૨), બલીઉ (૩. ૯).

૧૧. કેટલાક શબ્દોમાં "અ"ને સ્થાને "ઇ":

અવિલોકન (૮. ૪), રિણુ (૨. ૮), વિલ્લરી (૨. ૧૮), રિણછોડજી (૧૧. ૧૧).

૧૨ કેટલેક સ્થળે "જ" કે "જ્ય" ને બદલે "ય":—

યમ (૨.૪), યાંહિ (૨.૧૨), ગ્રેષ્ટ (૬.૨૦), જાણુયો (૧૧.૭) મૂંકયો (૫.૨૩), વલયો (૮.૭)

૧૩ કેટલાક શબ્દોની અમુક પ્રકારની જોડણી:

ભર્મ (૧૧.૫), તૃષા (૩.૬), વિષ્ટ (૪.૮), આગ્યા (૮.૬), હર્ણ (૧.૧૩), ચર્ણ (૧.૧૩), દર્ષ્ટિ (૬.૧૧), ભગતવશ્થલ (૬.૨૧), જીવત્તવ્ય (૬.૬).

૧૪ મહાપ્રાણ વ્યજંનને સ્થાને અલ્પપ્રાણ વ્યજંન:

શીઘ્ર (૩.૧૪)

**આરંભ:**

॥ રુકિમણીહર્ણ: ॥

॥ શ્રી ગણેશાય નમ: ॥ ॥ રાગ ધન્યાશી ॥

ગજગ્રીવા જયો રે। ધરિ તુઝનિંદ નમી ॥ પ્રતીબંધ પ્રારથૂં રે અધમતી ઓઘ વમી ॥ ૧ ॥

**અંત:** ॥ કાશીસુત કહિઇ કાંઈ ન જાણું ॥

કૃષ્ણ કૃપાલ રીદ્દિમાં આણું ॥ ૧૫ ॥ શ્રી ॥

॥ ॥ ઈતિ શ્રી રુકિમણીહર્ણ તણી કથા સમાપ્ત ॥

॥ શ્રી ॥ કડવાં ॥ ૧૨ ॥ શ્રી ॥ ॥ છ ॥ ॥ છ ॥:

॥ ॥ શ્રીરસ્તુ ॥ ॥ કલ્યાંણુમસ્તુ ॥ ॥ દીર્ઘાયુ: ॥ ॥

**"બ" પ્રત:**

શ્રી ફૉર્બસ ગુજરાતી સભા, મુંબઈમાં તેના હસ્તલિખિત પુસ્તક અંક ૫૩–૧: ક, ખ, ગ અને ઘનાં બે પાનાંમાં ક્રમાંક ૫૩કમાં કાશીસુતકૃત "રુકિમણીહરણ" છે. ક્રમાંક ૫૩–૧ની પ્રસ્તુત પોથીમાં પ્રથમ ૧ થી ૧૩ પત્રોમાં આ "રુકિમણીહરણ" આપેલું છે અને પોથીમાં અનુક્રમે નીચે મુજબ અન્ય કૃતિઓ ઉતારેલી છે.

| ક્રમાંક | કૃતિ | કર્તા | રચ્યાસંવત | લખ્યાસંવત | પત્ર |
|---|---|---|---|---|---|
| ૫૩ ખ | સુદામાખ્યાન | ગંગાદાસ | — | ૧૭૧૬ | ૧૦ : અપૂર્ણ : |
| ૫૩ ગ | ચંદ્રહાસની કથા | વિષ્ણુદાસ | ૧૬૩૪ | ,, | ૨૮ |
| ૫૩ ઘ | બાલચરિતની કથા | શિવદાસ | ૧૬૬૭ | ,, | ૨ |

૫૩ ઘનાં બાકીનાં પત્ર ૫૩–૨ની પોથીમાં છેઃ

આ પોથી ૮૩/૪" લાંબી અને ૬૧/૪" પહોળી એવી લાલ કપડાનું પૂઠું ચડાવેલી આડા ચોપડાની રીતે લંબચોરસ બાંધેલી છે. એના કાગળની લંબાઈ ૭૩/૪" અને પહોળાઈ ૫૩/૪" જેટલી છે. કાગળની ઉપરની બાજુએ ૬, નીચેની બાજુએ ૭, ડાબે હાથે ૫ ને જમણી બાજુ ૮ દોરા જેટલી જગા સામાન્ય રીતે છોડીને લખાણ કરવામાં આવ્યું છે. અલબત્ત, એમાં અનિયમિતતા છે. એક પૃષ્ઠમાં સામાન્યતયા ૧૪ જેટલી લીટીઓ છે અને એક લીટીમાં આશરે પચીસ જેટલા અક્ષરો કે ૧૦–૧૩ જેટલા શબ્દો છે. લખાણ સર્વત્ર કાળી શાહીથી જ કરવામાં આવ્યું છે. ક્યાંય સુશોભન નથી. કડીના ક્રમાંકો વગેરે પણ કાળી શાહીમાં જ છે.

પ્રસ્તુત પ્રત બહુ જીર્ણ નથી પણ કેટલીક જગાએ પાન ઉખાડતાં અક્ષરો ઉખડી ગયા છે. પત્ર ૩, ૧૧ ને ૧૨ આંશિક રીતે ખવાઈ જવાથી ત્રણેક બાકોરાં ધરાવે છે. અક્ષરો સારા મરોડદાર સુવાચ્ય, બહુ મોટા નહિ, તેમ બહુ નાના નહિ એવા માપસરના મધ્યમ પ્રમાણના છે. લિપિ બાળબોધ છે. આખ્યાનની નીચેની લહિયાની નોંધના " વિજાપોર મધ્યે...શુભં ભવતુ ! " એટલા શબ્દો ગુજરાતી લિપિમાં છે.

આ પ્રત તેના અંતની લહિયાની નોંધ પ્રમાણે સં. ૧૭૧૬ના વર્ષે ચૈત્ર સુદ નોમ ને શનિવારે તૈયાર થયેલી છે. તેનો લહિયો છે ભટ્ટ પ્રીતમસુત રઘુરામ અને તે શંકરપુરનો વાસી હતો. તેણે તે પ્રત લખીને વિજાપુરના ભણશાલી કામરાજને આપી હતી. આ પોથી ભા. કામરાજ રૂપાની માલિકીની હતી, પણ ભા. શ્રીપત વમલસી પાસે અબાસી(રૂપિયા ?) ૧૦૨૫ માટે ઘરાણે મૂકેલી હતી. એ જમાનામાં આવી કાવ્યપોથી પર અબાસી ૧૦૨૫ ધીરવામાં આવતા એ વિગત સમાજશાસ્ત્ર-અર્થશાસ્ત્રની દૃષ્ટિએ પણ નોંધપાત્ર છે. સાહિત્યિક કૃતિઓની ચોપડી એ જમાનામાં કેવી મૂલ્યવાન અને મહત્ત્વની ગણાતી એ આના પરથી જાણી શકાય છે.

લેખન–વિશિષ્ટતાઓ : આ પ્રતનો લહિયો સંસ્કૃતજ્ઞ લાગતો નથી એથી સંસ્કૃત તત્સમ શબ્દોની જોડણી ખોટી લખે છે. હ્રસ્વ અને દીર્ઘ સ્વરોના ભેદ જળવાયેલા નથી. " યારિ ", " યમદૂત " " કરયે " જેવા શબ્દોમાં " જ "ને સ્થાને " ય " લખાયેલો છે. " ખ "ને સ્થાને " ક્ષ " વપરાયો છે. દા. ત. રક્ષે ( રખે, ૫-૮ ), મુક્ષ ( મુખ, ૨-૧૮ ), રુક્ષજી ( રુખજી, ૪.૧૮ ), લક્ષૂં ( લખૂં, ૪.૧૮ ). " ૬ " " ૩ " વંચાય તેવો લખવામાં આવ્યો છે. દીર્ઘ સ્વરોનો ખોટો ને વધુ ઉપયોગ થયો છે, જેમ કે " મૃગટશીર મણીજડીત " ( ૧.૫ ), " વીરાજીત " ( ૧.૬ ), " સીંધૂ " ( ૫.૨૧ ). " ણ " " ન " ને " મ " એ ત્રણ અનુનાસિક વ્યંજનોની આગળના સ્વર પર બિંદુ કરવામાં આવ્યું છે. " ખ " " ષ "થી દર્શાવવામાં આવ્યો છે. " શ " " શ્ર " ( " શ્ર " પણ ભૂલથી ) લખાયો છે.

"અ" પ્રતની ભાષા કરતાં આ "બ" પ્રતની **ભાષા પ્રમાણમાં** અર્વાચીન છે, કારણ કે "બ" પ્રત "અ" પ્રત પછી પર વર્ષે લખાયેલી છે. તે પ્રતની ભાષા મધ્ય-ગુજરાતીની ચોથી મિશ્રભૂમિકા વટાવી ગઈ લાગે છે: નીચેનાં અવતરણોથી બંને પ્રતોની ભાષાના સ્વરૂપ ભેદનો ખ્યાલ આવશે:

**"અ" પ્રત પ્રમાણે :**

ગજગ્રીવા જયો રે, **ધરિ તુઝનિં** નમી,
પ્રતિબંધ **પ્રારથૂં** રે, અધમતી ઓઘ વમી.
મન મધ્યેં રહી રે, **કરજે** જ્ઞાનપ્રકાશ,
હૂં બાલક **લહિઇતુ** નથી રે, **મુઝનિઇ** તાહારી રે આસ. ૧.૧–૨
હૂં વર્ણના કરૂં તાહારી **મૂંહિનઇ** આપ્ય મતિઉદ્યોત,
તૂં આદિ અંત્ય **નિઇં** મધ્ય અવિગન અષિલ આતમક યોત્ય. ૧.૪

**"બ" પ્રત પ્રમાણે :**

ગજગ્રીવા જયો રે, **ધરુ તુજને** નમી,
પ્રતીબંધ **પ્રારથૂં** રે, અધમતી ઓઘ વમી.
મન મધ્યે રહી રે, **કરયો** જ્ઞાંનપ્રકાશ,
હું બાલક **લહેતો** નથી રે, **મુજને** તાહારી રે આસ. ૧.૧–૨
હું વર્ણવના કરું તાહારી, **મૂહને** આપ્ય **મત્યઉદ્યોત;**
તું **આદ્ય** અંત **નિ** મધ્ય **અવીગત્ય** અપીલ આતમક યોત્ય. ૧.૪

આમ "બ" પ્રતની ભાષા સ્પષ્ટ રીતે "અ" પ્રતની ભાષા કરતાં પ્રમાણમાં અર્વાચીન લાગે છે. એમાં "ઇ"નો 'એ' અને "ઉ"નો "ઓ" થઈ ચૂક્યો છે.

આરંભ: ॥ શ્રી ગણેશાય નમ । રુકમણીહર્ણની કથા ॥ ॥ રાગ ધંન્યાશી ॥ અંત:

॥ કડવાં ૧૨ ॥

॥ ઇતિ શ્રી રુકમણીહર્ણ સંપૂર્ણ ॥ સંવત ૧૭૧૬ વર્ષે ચૈત્ર સુદ ૯ શને ॥ શંકરપૂર-વાસ્તવ્યં લષીતં ભટ પ્રીતમસુત રઘૂરાંમેણ દીયતે ॥

॥ શ્રી ॥ ॥ છ ॥ ॥ શ્રી ॥ ॥ છ ॥ ॥ શ્રી ॥ ॥ છ ॥ ॥ શ્રી ॥ વિજાપોર મધ્યે ભણશાલી કામરાજને આપી. સુભં ભવતુ ॥ છ ॥ શ્રી ॥ ॥ છ ॥ ॥ શ્રી ॥ ॥ છ ॥ ॥ શ્રી ॥ છ ॥

આ પોથી ભા । કાંમરાજ રુપાની છે, ભા । શ્રીપત વમલસી પાસે ઘરણે છે અબા ૧૦૨૫ અંકે અબાસી એક હજાર પંચવીસ માટે ધણીએ પોતે મુકી છે. ॥ ॥ ॥

**સંપાદન પદ્ધતિ :**

કાશીસુતરચિત "રુકિમણીહરણ"ની અધિકૃત વાચના "અ" પ્રતને પ્રમાણભૂત અને મૂળ પ્રત માનીને તૈયાર કરવામાં આવી છે. થોડાંએક સ્થળે જ્યાં સ્પષ્ટ રીતે "અ" પ્રતનો પાઠ ખામીભર્યો કે નિકૃષ્ટ લાગ્યો ત્યાં "બ" પ્રતનો પાઠ સ્વીકાર્યો છે ને ત્યાં તેનાં કારણો આપ્યાં છે.

તત્કાલીન ભાષાભૂમિકાનો ખ્યાલ રાખીને-ભાષાવ્યાકરણને હાનિ ન પહોંચે પણ **લહિયાની કલમે** થયેલા દોષો જ દૂર થાય તે રીતે વાચના તૈયાર કરતાં નીચેના નિયમોનું અનુસરણ કરવામાં આવ્યું છે.

૧. સંસ્કૃત તત્સમ શબ્દોમાં યથાર્થ ને યથોચ્ચાર આવેલા "ષ"ને 'ષ'જ રાખવામાં આવ્યો છે, પણ અન્યત્ર "ખ"ને સ્થાને લખવામાં આવેલાં "ષ"નો "ખ" કરી દેવાયો છે.

૨. જ્યાં જ્યાં "ય", "જ"ને બદલે લખાયેલો માલૂમ પડચો છે ત્યાં ત્યાં એનું સાચું ઉચ્ચારણ "જ" કે "જ્ય" સમજીને તેમ કરી દેવામાં આવ્યું છે. ઉદાહરણો પરથી તે સ્પષ્ટ થશે.

| | |
|---|---|
| યાંહાં—જ્યાંહાં | યુગદાધાર—જુગદાધાર |
| યાંહિ—જ્યાંહિ | આપયો—આપજ્યો |
| યુગદીશ—જુગદીશ | ગ્રહિઇયો—ગ્રહિઇજ્યો |
| યેષ્ટ—જયેષ્ઠ | |
| યાહારિઇ—જ્યાહારિઇ | |

૩. "હ"નું સ્વરિત ઉચ્ચારણ જ્યાં સ્વર સહિત જુદું જ છે ત્યાં તેમ રાખવામાં આવ્યું છે, જેમ કે "એહવૂં", "તેહનિઇ", "યાહારિઇ".

તેમ જોડાયેલા "હ"ને પણ જોડેલો જ રાખ્યો છે. દા. ત. તહ્મ્યો, મૂંહ્નિઈ.

૪. "ણ" "ન" અને "મ" એ ત્રણ અનુનાસિક વ્યંજનો પૂર્વેના સ્વરો પર આવતું બિંદુ દૂર કરવામાં આવ્યું છે.

તેવી રીતે કેટલાક વર્ણો પર આવેલાં નિરર્થક બિંદુઓ પણ કાઢી નાખવામાં આવ્યાં છે. "અજ્ઞાંનીં" (૧.૧૨), "મોહિનીં" (૨.૯) કે "મૃગનયનીં" (૪.૧૪) જેવા શબ્દોને "અજ્ઞાની", "મોહિની" કે "મૃગનયની" કરીને જ સ્વીકારવામાં આવ્યા છે.

૫. હસ્તપ્રતની જોડણી મોટે ભાગે યથાતથ રાખવામાં આવી છે. જ્યાં એમાં ભૂલ જણાઈ ત્યાં એ ભાષાભૂમિકા પ્રમાણે સુધારવામાં આવી છે. દા.ત. "બલીઉ", "અરચીઆ", "આવીઆ" જેવાં રૂપોમાંના ઉપાત્ય "ઇ"ને હ્રસ્વ કરી દીધો છે.

૬. વિસર્ગ નથી જ મળતો. એથી ઉમેરવામાં પણ નથી આવ્યો. "દૂષ" કે "દુષ"નું "દૂખ" જ કરવામાં આવ્યું છે.

૭. સંસ્કૃત તત્સમ શબ્દોની જોડણી ખોટી હોય ત્યાં સુધારવામાં આવી છે. જેમ કે,

| | |
|---|---|
| હરી—હરિ | પરીધ્યાંન—પરિધાન |
| મૂની—મુનિ | શંકટ—સંકટ |
| ચીત્ત—ચિત્ત | પશૂ—પશુ |
| યદૂ—યદુ | નીરંતર—નિરંતર |
| બહૂ—બહુ | બલીષ્ટ—બલિષ્ઠ |
| નીજ—નિજ | પાપીસ્ટ—પાપિષ્ઠ |
| દૂષ્ટ—દુષ્ટ | |

પણ "ચર્ણ" "હર્ણ" "તતકાલ" "દિગમૂઢ" "સનમુખ" જેવા એ રીતે જ ગુજરાતીમાં સ્વીકારેલા શબ્દોની જોડણી જેમની તેમ રાખવામાં આવી છે, કારણ કે તેવા ફેરફાર કરવા જતાં ભાષાના તાત્કાલીન સ્વરૂપને અને કાવ્યની ગેયતાને પણ હાનિ પહોંચે.

ઉપર મુજબ કરવામાં આવેલા ફેરફારોની સાથે પાદટીપમાં મૂળપાઠ આપવાની કાળજી રાખવામાં આવી છે. જે જે શબ્દોમાં ફેરફાર કરવામાં આવ્યા છે તે તે શબ્દોનું મૂળ સ્વરૂપ પાદનોંધમાં દર્શાવવામાં આવ્યું છે અને "બ" પ્રતનાં પાઠાંતરોને જુદાં દર્શાવવામાં આવ્યાં છે. આમ અધિકૃત વાચનાની પાદટીપમાં "અ" પ્રતના ફેરફાર કરીને સ્વીકૃત કરેલા પાઠનો મૂળ પાઠ અને વાચનાને અંતે "બ" પ્રતનાં પાઠાન્તરો—એવી વ્યવસ્થા કરવાથાં આવી છે.

શરૂઆતમાં બે કડવાં સુધી "બ" પ્રતનાં સઘળાં પાઠાંતર નોંધવામાં આવ્યાં છે, જેથી એ પ્રતની લેખનગત વિશિષ્ટતાઓનો ખ્યાલ આવે પણ ત્રીજા કડવાથી ભાષા-સાહિત્યની દૃષ્ટિએ અગત્યનાં ગણાય એવાં જ પાઠાંતરો નોંધવામાં આવ્યાં છે. "બ" પ્રત, મૂળપ્રત "અ" કે તેની ઉપરથી કરવામાં આવેલી અન્ય કોઈ પ્રત પરથી પ્રતિલિખિત થયેલી છે. તેથી જે પાઠાંતરો મળે છે. તે મહંદશે ભાષાની ઉત્ક્રાન્તિને કારણે જ થયેલાં છે. કાવ્યની દૃષ્ટિએ નોંધપાત્ર હોય તેવાં પાઠાંતરો નહિવત્ છે.

**વાચના :**

## રુકિમણી હર્ણ

શ્રી ગણેશાય નમ :

(કડવું) રાગ ધન્યાશી

ગજગ્રીવા જયો રે, ધરિ તુઝનિંઇ નમી;
પ્રતિબંધ પ્રારથૂં રે, અધમતિ ઓંધ વમી. ૧
મન મધ્યેં રહી રે, કરજે જ્ઞાનપ્રકાશ;
હૂં બાલક લહિઇતુ નથી રે, મુઝનિંઇ તાહારી રે આસ. ૨

ઢાલ

આસ મુઝનિંઇ તાહરી, તૂં કરજે માહારી સાર;
અજ્ઞાનથી માંહિઇ પડ્યુ તુઝ થકી પામૂં પાર. ૩
હૂં વર્ણના કરું તાહરી, મૂહ્નિંઇ આપ્ય મતિઉદ્યોત;
તૂં આદિ અંત્ય નિંઈ મધ્ય અવિગત અખિલ આત્મક જ્યોત્ય. ૪
મુગટ શિર મણિજડિત મોહન કનકમિંઇ બાજૂલ્ય;
બ્રહ્માંડવિત જુ જમલિ દીજિઇ તુહ્ને નાવિઇ તુલ્ય. ૫
જલહલિઇ બેહૂ કાન્ય કૂંડલ વિરાજિત સૂંઢાલ;
દંત એક માહા ધવલ સુંદર દીસતુ વિકરાલ. ૬

૧ અધમતી. ૨ મંન, જ્ઞાંનપ્રકાશ. ૩ અજ્ઞાંનથી, તુઝ, પાંમૂ. ૪ ઉદ્યોત, અખિલ; યોત્ય. ૫ બ્રંહ્માંડ, તુલ્ય. ૬ કાંન્ય, વિકરાલ.

દુંદલમલની કાંદિ મોટી શોભિત સુરમાં જાણિ,
કંઢિ કમલ વિશાલ માલા, ગ્રહી ફરશી પાણિ. ૭

દિવ્ય પટ પરિધાન કીધાં, સિંદૂરિચંઇ શણુગાર;
મૂષક વાહન માહાબલિઉ, કરિઇ મોદક આહાર. ૮

ચર્ણ વાજિત્ર અભિનવૂં, ઘૂઘરી ઘુમઘુમકાર,
સુદિશુદ્ધિ બેહૂ ગમાં ચમર ઢાલિઇ અંગના અતિ સાર. ૯

બ્રહ્મવિદ્યાં શીશ જેહનિઇ, લક્ષ લાભ સુજાત્ય,
વિઘનહર વર દાસનિંઇ દારિદ્ર કરતા પાત. ૧૦

એહવુ ગુણપત્ય ગુણનિધ્ય ગ્યરવુ, ચતુર ગુણ માહારાય,
ગજાનન ગાતાં સ્યકાં અઘ જનમ કેરાં જાય. ૧૧

હૂં અજ્ઞાની આપ છૂં, અક્ષર ન જાણૂં ભેદ,
તુઝ વિના મુઝ મૂઢનીં કોણુ જાડિ કરશિંઇ છેદ ? ૧૨

નગરમુગટ ભટ નાગજી, તેહનાં વંદી ચર્ણ,
પરમ ગરનિંઈ પ્રારથી કહૂં રુકિમણીનૂં હર્ણ. ૧૩

શ્રી ભાગવત હરિવંશમાં, એ કથા વિષ્ણુપુરાણિ,
કંહી એક છિઇ વિસ્તાર, કંહી એક સંક્ષેપ સૂધુ જાણિ. ૧૪

દશમસ્કંધની કથા કોમલ સાંભલી ચિત લીધ,
કાંઇક લીધી હરિવંશની પ્રતિબંધ પૂરણ કીધ. ૧૫

શુભાશુભ નિંઇ અધિકુઓછુ ન લહૂં અક્ષરગત્ય,
હૂં મંદથી તુઝનિંઇ સ્તવૂં, મત્ય આપ્ય શ્રીગુણપત્ય. ૧૬

## ઊથલુ

મત્ય આપ્ય શ્રીગુણપત્ય સ્વામી, હૂં બાલક તાહારુ સહી,
કાશીસુત કહિઇ: શંભુસુતની કૃપા મુઝ ઊપરિ થઇ. ૧૭

## કડવૂં ૧

કડવૂં ૨ : રામ રામગ્રી

જયો જયદંબે આદિ બ્રહ્માણી જી,
કરિ માહારી ચ્યંતા દયા માન્ય આણી જી. ૧

---

૭ જાંણિ, પાંણિ. ૮ પરિધ્યાંન, બલીઉ. ૧૦ બ્રંહ્મવિદ્યા, દારીદ્ર. ૧૧ ગુણનીધ્ય. ૧૨ અજ્ઞાંનીં, જાંણૂં, મૂઝ, કોંણ. ૧૩ નરમૂગટ. ૧૪ હરીવંશમાં, વિષ્ણુપુરાંણિ, જાંદિ. ૧૫ હરીવંશની, પ્રતીબંધ. ૧૭ શંભૂસુતનીં.

રાગ રાંમગ્રી, ૧ બ્રંહ્માણી, આણી.

આદિ શક્તિ તૂં, હૂં જન તાહારુ જી,
ભવ બૂડંતાં ગ્રહિઇ કર માહારુ જી. ૨

ઢાલ

હાથ માહારુ ગ્રહે માતા, કહૂં નામી શીશ,
ગુણ વરણવૂં ગોવ્યંદના, જે દ્વારિકાનુ ધીશ. ૩

જડ જાડિ અંતરિ અવિદ્યા ઘન દહિઇ માહારૂં તંન,
આઇ, નાશ કરજે તેહનિઇ જ્યમ થાઇ નિરમલ મંન. ૪

વલી વલી તુઝનિંઇ સ્તવૂં, ચિત્ત ધરે માહારી માય,
જ્યમ કરીશ નિર્વિઘ્નપણિઇ પ્રતિબંધ પૂરણ થાય. ૫

ખંડ તે દક્ષિણ વિખિઇ એક અધિક શોભિત ગ્રામ,
ભોજસેનસુત રાય ભીષ્મક વિદર્ભાપુર નામ. ૬

રાજ્ય તે ભૂપતિ કરિઇ માહાધર્મચતુર સુજાણ,
ગૌબ્રાહ્મણનિઇ પડિઇ સંકટ પ્રથમ આપિઇ પ્રાણ. ૭

તે રાયનિઇ સુત ચ્યાર માહા ભટ સુભટ પ્રાક્રમધીર,
તે રિણ વિખિઇ જમદૂત ભાંજિઇ, જમલિ નહિ કો વીર. ૮

અપર એક સુતા હવી ગુણરૂપયોવનસાર,
મુખઇંદુ પૂરણકલાથી ગજમોહિનીઅવતાર. ૯

તનકાંતિ કેહની જમલિ દીજિઇ, નહીં બીજૂં કોય,
જવ ધર્ણ્ય ઊપરિ ચાલતી તવ વીજ લીજિત હોય. ૧૦

રુક્મિણી અભિધાન તેહનૂં, દુગધગોરમિઇ તંન,
તાતનિંઇ પ્રિય અતિ ઘણી સુત સર્વ પાછિઇ મન્ય. ૧૧

એક સમિઇ રાજા રહ્યુ તુ સભા પૂરી જ્યાંહિ,
તવ કણ્યકા આનંદભરિશ્ ઊછંગ્ય બિઇઠી ત્યાંહિ. ૧૨

પૃથવીપતિ દુહિતા પ્રત્યિંઇ ઇમ લડાવિઇ છિં સોય,
"હૂં પરણાવીશ કૂંઅરી, તહ્નિઇ કો માહાબલિઉ જોય." ૧૩

એહવિંઇ સમિઇ તેણિઇ ઠામ્ય નારદ આવિયા પરસંગ્ય,
મૃગાંબરધર, શિર જટા, મુખ્ય સદા હરિગુણરંગ. ૧૪

---

૩ નાંમી. ૪ યંમ થાઇ નીરમલ. ૫ સ્તવૂ, યંમ, પ્રતીબંધ. ૬ ષંડ, વિષિઇ, ગ્રાંમ. ૭ સુજાંણ, ગૌબ્રાહ્મણનિઇ, શંકટ, પ્રાંણ. ૮ પ્રાક્રંમ, વિષિઇ, નહીં, મોહિની. ૧૧ રુકિમણી, અભિધાંન, મંન્ય. ૧૨ યાંહિ મષઇંદુ. ૧૩ દૂહિતા, ઇમ, બલીઉ. ૧૪ ઠાંમ્ય, આવીઆ, મૂખ્ય, હરી.

મહિપાલની દ્રષ્ટિઇ પડચા ત્યારિઇ કીધૂં ડંડપ્રણામ;
"હૂં દીન જાણી દયા આણી ભલિઇ આવ્યા સ્વામ્ય". ૧૫

મધુપર્ક નિંઇ અર્ઘપાદિ પૂજા અરચિઆ મુનિ સાર,
"સ્વામી, કવણ ખંડથી આંહાં લગિઇ આવિઆ રુખ્ય, નિરધાર?" ૧૬

નારદ કહિઇ, "નરધીશ, એક છિઇ સિંધ તીરિયંઇ દેશ,
દ્વારિકાંપુરી ચક્ર ઉપરિ વશ્યું, અઘ નહિ લેશ. ૧૭

તેહની વર્ણના કેહી પરિ કહૂં જુ વિલ્લરી મુખ્ય એક,
સહસ્ર જિહ્‌વા હોત જુ તુહે ન આવત છેક. ૧૮

સંક્ષેપમાત્રિંઇ કહૂં માંડી એહ ગત્ય ઉદાર,
પણ શ્રવણે ધરતાં પાપ ત્રાસિઇ તવ ટલિઇ ભૂભાર. ૧૯

જલહલિઇ તે ગ્રામગઢ કોશીશ કનક સમાન,
પ્રાકાર તેહના સ્થકી જંખિત થયા શશિહરભાન. ૨૦

સદન સુંદર વિરાજિઇ કૈલાશવત જાજૂલ્ય.
સ્થંભ પરવાલી તણા મણિજડિત માહા બહુમૂલ્ય. ૨૧

ગારિ કસ્તૂરી તણી લેપન અંગ્યિંઇ નારિ,
મુક્તમણિના હેમનૂં તોરણ લહિઇકિઇ બારિ. ૨૨

ધ્વજ–પતાકા–પાલ્યખી–ગજ–તુરી–રથ–ભંડાર,
પુરનિવાશી સુખે સર્વે, નહી શોક લગાર. ૨૩

વાપી, કૂપ નિંઇ સરોવર બહુ ભર્યા સાયરપૂર,
સ્ફાટિક મણિ પાલિ બાંધી, નીર મોતીચૂર. ૨૪

અનેક વાડીવન સંચ્યિંઇ પવન વહિઇ હેમંત,
લલિત ફલ, દ્રૂમ, કુસુમ ઘન રતિ સદા માસ વસંત. ૨૫

હંસ નીલ નિંઇ કીર, ખગ, બક, ભ્રમર ગુંજિત ઘોર;
કાગ, કર્બરી, કોકિલા, કિંગાર કલિવર મોર. ૨૬

વ્હુહુ પાશ સાયર ગડગડિઇ, ગોમતીસંગમ જ્યાંહિ,
તે કાલનિઇ કરમી ચઢિઈ જે કરિઇ મજ્જન ત્યાંહિ. ૨૭

---

૧૫ પ્રણાંમ, જાંણી, આંણી, સ્વાંમ્ય
૧૬ અરચીઆ, મૂની, સ્વામી, ષંડથી, આવીઆ રુષ્ય નીરધાર
૧૭ દ્વારિકાંપૂરી, નહીં
૧૮ મુખ્ય
૨૦ ગ્રાંમગઢ, પ્રાકાશ, જંષિત, શશીહર
૨૧ બહુ
૨૨ લેપંન, મૂક્ત
૨૩ પાલ્ખી, નીવાશી, સુષી
૨૪ બહુ
૨૫ વંન, લલીત
૨૬ ખગ
૨૭ જ્યાંહિ

રાજધાની કમલલોચન કરિઇ છિઇ ત્યાંહાં આજ,
સંતનાં દુખ ટાલવા અવતર્યા શ્રીમાહારાજ. ૨૮

માહાબલિઉ અવતાર હરિનું આઠમુ તાં જેહ,
વૈકુંઠનિંઇ સૂનું કરી અનિંઇ ધર્યું માનુષ દેહ. ૨૯

ઊથલુ

ધર્યું માંનુષ દેહ રે, તે નારદ્દ્વિજઇ ભીષ્મકનિંઇ કહ્યૂં,
કાશીસુત કહિઇ: વિધિ સુણી નિંઇ, કૂંઅરીઇ ચિત્તશૂં લહ્યૂં. ૩૦

## કડવાં ૨

### કડવૂં ૩ઃ રાગ ગુડી

બોલ્યા શુક સુણિ પરીક્ષતરાય, એહવૂં કહી રુખ્ય નારદ જાય.
તે મહિમા કૂંઅરીઈ સુણ્યુ, લાગુ વૃહિઇ મનમાં અતિ ઘણુ. ૧

આલોચિઇ રહી ભોમિ મુઝારિ, ત્યાંહાં સ્થકી ઉઠી આવી બાહારિ,
કરસંપુટ સૂરથનિંઇ કરી, નામ્યૂં ચિત્ત શિર હરિનિંઇ ધરી. ૨

"સ્વામી, તૂં સાં છિઇ પરત્યક્ષ દેવ, હૂં હરિ વર પામૂં અવશ્યમેવ;
મનસા વાચા માહારૂં વાકય, કૃષ્ણ વર્યા તે તાહારી સાખ્ય. ૩

જુ વરૂં તુ વૈકુંઠનાથજી, અન્ય પુરષ મન્ય મેહેલ્યા ત્યજી,
પ્રાણિઇ પિતા વર જોશિંઇ કહીં, તુ માહારુ દેહ પાડૂં અહીં. ૪

જુ કુલિ કશ્યપ ઊગિઇ ભાન, અન્ય પુરુષ મમ પિતા સમાન,
સ્વામી, તૂં છિઇ વ્યાપક સહી, કૃષ્ણ પરેરી લ્યાવે અહીં." ૫

અર્ઘદાન કરી આવિ અહિઇ, નાથ તણુ મંન્ય ભાગ વૃહિઇ;
તનમનધન આરોપ્યૂં હરિ, ક્ષુધા, તૃષા, નિદ્રા પરહરી. ૬

અન્નપાનની ન કરિઇ વાત, રાતદ્દિવસ મન ચરણે નાથ.
ઈમ કરતાં વર્ષ ચાલ્યાં વહી, કન્યાયોગ્ય તાં કૂંઅરી થઇ. ૭

એક સમિંઇ દીઠાં રુકિમણી, ભીષ્મકનિંઇ મન્ય ચ્યંતા ઘણી,
વડુ પુત્ર જે રુકમકુમાર, તે પ્રત્યિંઇ નૃપ બોલ્યું સાર: ૮

"સૂત, કન્યાયોગ્ય તાહારી ભગની થાય, સોધુ વર કો બલિઉ રાય;
મિઇં જોયુ યાદવકુલ માંહિ, કૃષ્ણદેવ તેડાવુ આંહિ. ૯

---

૨૮ રાજધ્યાંની, દૂષ. ૨૯ બલીઉ, હરીનુ. ૩૦ માંનુષ, સૂણી નિંઇ.

૧ રુખ્ય, મહીમા, મંનમાં. ૨ કરસંપૂટ, નાંમ્યૂં ચીત્ત શિર હરીનિંઇ. ૩ સ્વાંમી, હરી, પાંમૂં સાખ્ય. ૪ મંન્ય, પ્રાંણિઇ, પીતા. ૫ કલિ ("બ"ના "કુલ્ય" ઉપરથી "કુલિ"), ભાંન, સમાંન સ્વાંમી, અહી. ૬ અર્ઘદાન, અવિ : "બ"–"આવી" : હરી. ૭ અન્નપાનની, ઇમ. ૮ ભીમકનિંઇ, રુક્મિણી પૂત્ર. ૯ બલીઉ.

જુ સુત, પુત્રી ત્યાંહાં દેવાય, જન્મ આપણુ સાર્થંક થાય."
બોલ્યુ સુત, નવિ આણી શંક, રાજકૂંઅરિ કયમ પામિઈ રંક?" ૧૦

આજકાલનુ એ ભરૂઆડ, રાય સંધામાં જાણે ધાડ;
ગોકુલિમાં જેણિઇ ચારી ગાય, તે કયમ અધિકારી કહિઇવાય? ૧૧

તેહનિંઇ પુત્રી કયમ દેવાય? કુલનિંઇ ખંપણ લાગિઇ, રાય."
રાજા વર્દ્ધવંત થયુ ઘણુ, કૂંઅરિયંઇ મત તાણ્યુ આપણુ. ૧૨

"માહાસુભટ બલિઉ શિશુપાલ, હેતનિઇ તેડાવ્યુ તતકાલ;
પુત્રી એહનિંઇ દેશું રાય, સાહિ આપણિઇ બલિઉ થાય." ૧૩

એક પત્રી ચરનિંઇ આપી લખી, ચાલ્યુ દૂત વિદર્ભા થકી,
શીઘ્ર થઇ પુહુતુ તતકાલ, જ્યાંહાં રાજા બેઇઠુ શિશુપાલ. ૧૪

દૂતિયંઇ પત્રી આપી ત્યાંહિ, ચેદરાજ વાંચિઇ ક્ષણમાંહિ;
"સ્વામી ભિષ્મકનિંઇ દીકરી, તુઝનિંઇ વર ઈછિઇ સુંદરી. ૧૫

રૂપવિચક્ષણ—ચતુરસુજાણુ, તૂં પાસિઇ શોભિઇ પરમાણુ."
સુણતાં શીઘ્ર થયુ શિશુપાલ, તેડ્યા રાય મહાવિકરાલ, ૧૬

શાલવ, અનુશાલવ, જરાસંધ, હરિદ્વેષીમાં આગલિ અંધ,
પાખર, ગજ, હિઇવર અવશ્યમેવ, સાવધાન દલ કીધૂં ખેવ. ૧૭

વિદર્ભા સૈન્ય ગયૂં તતકાલ, પંચાણૂં ક્ષયોહણી શિશુપાલ,
રુકમેઉ સુણી સાહાય જાય, કરસંપુટ કરી લાગુ પાય. ૧૮

આપ્યા ઊતારા અતિ શાંતિ, લગન તણી માંડી હર કાંતિ,
ગુપ્ય થિકુ તે દીઠુ ભૂપ, રુકિમણી નિંઇ મન્ય કાલસ્વરૂપ. ૧૯
કાશીસુત કહિઃ અબલા તદા, અંતરમાંહિ પામી આપદા,
શુકજી કહિઇઃ સુણિ, પરીક્ષિતરાય, હર્વિઇ કન્યાનું કહૂં ઉપાય. ૨૦

### કડવાં ૩

### કડવૂં ૪ઃ રાગ સામેરી

ભીષ્મકસુતા મન્ય દુખ ધરિઇ, લોચન તાં નીરિયંઇ ભરિઇ,
રુદન કરિઇ હરિ મ્યલવાનિં અતિ ઘણૂં એ. ૧

"અહો, યદુનંદન સ્વામી, હૂં તાં બહુ વિધિ દુઃખ પામી;
નિજ નામી સાર કરજ્યો માહરી એ. ૨

---

૧૦ પુત્રી, આંણી, કયંમ, પાંમિઇ. ૧૧ જાંણે, કયંમ. ૧૨ કયંગ, ષંપણ, તાંણ્યું. ૧૩ બલીઉ, પૂત્રી, બલીઉ. ૧૪ લષી, ચાંહાં. ૧૫ સ્વાંમી. ૧૬ સુજાંણ પરમાંણુ. ૧૭ હરીદ્વેષીમાં પાવર, સાવધાંન, ષેવ. ૧૮ સૂણી ૧૯ ગુષ્ય, મંન્ય. ૨૦ પાંમી, ઊપાય. રાગ સાંમેરી.

૧ મંન્ય, દુષ, હરી. ૨ યદૂનંદન સ્વાંમી, બહૂ, દૂષ.

ઢાલ

સાર માહારી કરુ વેગ્યિંઇ, તજીશ નહિતર દેહ જો,
શિશુપાલ માહરા પ્રાણનુ કાલ તાં આવ્યુ એહ જો. ૩

શોક આણી વસ્ત્રભૂષણ ત્યાજ કીધાં સોય જો,
તવ કર્માયૂં મુખ, કમલણી જ્યમ હેમ દાધી હોય જો. ૪

આલોચતી રહી અધોમુખ્યિંઇ, થઇ ગલિત મંનભંગ જો,
ચિંત્તમાંહિ કુંઅરી આકુલી નવિ મ્યલિઇ કુહુનુ સંગ જો. ૫

હવિઇ દિવસ એક છિઇ લગ્ન આડિયં, કયમ કરીશ હૂં, નાથ જો ?
મનમાં વર્યા મનસા તણ્યૌ, નવિ ગ્રહૂં અન્યનુ હાથ જો. ૬

તે નવિ લહ્યૂં મમ ભ્રાત ભૂંડા, જડમતિ માહામૂઢ જો.
શ્વાનનિંઇ કો શર્ણ્યં ઇછી શંઘ હાકિઇ પ્રોઢ જો ? ૭

અમૃત નાખી હાથ્યથી કો પીઇ હલાહલ વિષ્ટ જો,
તમ શ્યામસુંદર ત્યજીનિઇ શિશુપાલ તેડયુ દુષ્ટ જો. ૮

ટોલાવિછોહી મૃગલીને વનપશુ ધરિ જ્યમ જો,
ઇમ રુકિમણી વૃહિ વિલખતી યદુનાથ પાખિઇં ત્યમ જો. ૯

હૂં પડી સંકટ બહુ પરિયંઇ, કયમ જાણશિઇ યદુરાય જો ?
પણ પત્રિકા કો નથી માહારિઇ, દ્વારિકાં લેઇ જાય જો. ૧૦

અણોસરાનાં દુખ તુ સહી જાણશિઇ માહારાજ જો,
બહુ પડિ સંકટ સર્વથા તતખેવ સારિઇ કાજ જો." ૧૧

અમરીષ, ધ્રુવ, પ્રહ્લ્લાદ, પ્રીત્યિંઇ કરી તેહની સાર જો."
ત્યમ રુકિમણી કહિઇ, "નાથ, માહારી કરો વેગ્યિંઇ વાહાર જો". ૧૨

એહવિઇ એક વર્દ્ધ બ્રાહ્મણ જત મારગ માહિ જો,
પછિઇ તેડાવ્યુ દાશી કહિનિઇ રુકિમણિ બિઇઠિ જ્યાંહાં જો. ૧૩

પ્રણામ કરી નિંઇ પર્મ વાણી વદિઇ મૃગનયની સતી,
"આ પત્રિકા ઊતાવલી તહ્મ્યો લેઇ જાઉ દ્વારાવતી. ૧૪

ત્યાંહાં રાજધાની કમલલોચન કરિઇ છિઇ હરિ નાથ જો,
દિવસ કાલનું પુહર પિઇહિલા માંહિ આપવી હાથ્ય જો." ૧૫

---

પાંમી, નીજ, નાંમી, કરયો. ૩ નહીંતર, પ્રાંણનું. ૪ આણી, મુષ, યંમ. ૫ અધોમૂષ્યિંઈ. ૬ કયંમ. ૭ જડમતી, શ્વાંનનિઇ. ૮ અંમૃત નાંખી, શ્યામ, દુષ્ટ. ૯ વંન પશૂ, યંમ, ઈમ, વિલષતી, યદુનાથ પાયિઇ, ત્યંમ. ૧૦ શંકટ બહૂ, કયંમ જાંણશિઈ. ૧૧ દુષ, જાણશિઈ, બહૂ, શંકટ, તતષેવ. ૧૨ અંમરીષ, ત્યંમ. ૧૩ બ્રાંહ્મણ, ચાંહાં. ૧૪ પ્રણામ, વાણી મૃગનયની. ૧૫ રાજધ્યાંની, હરિ, માહિ.

વિપ્ર કહિઇ, "રે માત, મિં એ કામ કેહી પરિ હોય જો ?
તરણુ બલિઈ જોઇનિં શ ન મોકલુ દ્વિજ કોય જો? ૧૬

એહવૂ સુણી મુક્તાફલિઇ પછીઇ ભરી આપી થાલ જો,
વિપ્રનિંઇ બોલિઇ ઠાલવી, પછિઇ થયા દીનદયાલ જો. ૧૭

ઊથલુ

થયા દીનદયાલ રુખ્યજી, "હવિઇ હૂં જાઇશ સહી,"
કાશીસુત કહિઇઃ ત્યાંહાં સ્થકી કન્યાઇ પત્ર લખ્યૂં રહી. ૧૮

## કડવાં ૪

### કડવૂં ૫ : રાગ ધન્યાશી

વાચક તે રુકિમણી તણૂં રે, સાંભલી પરમ રસાલ,
પત્ર લખ્યૂં પરિ કરી રે, પછિઈ સોંપ્યૂં તતકાલ. ૧

"આ લેઇ પૂજ્ય, પધારીઇ રે પુરી દ્વારામતી માંહિ,
વેગ્યિંઇ કરી તહ્મ્યો આપજ્યો રે, દેવકીનું સુત જ્યાંહિ. ૨

ઢાલ

દેવકીસુત કૃષ્ણુનિંઇ ત્યાંહાં આપજ્યો નિરધાર,
પણુ કહૂં વિધિ જે પત્ર એહમાં લખ્યુ છિઇ વિસ્તારઃ ૩
સ્વસ્તિ શ્રી દ્વારાવતીપુરી મુક્તિનિર્મલ ધામ,
યોગ્ય લિખિતં વિદર્ભા રુકિમણી-દાશી-પ્રણામ. ૪
ખેમકુશલ છિઇ નાથ, તહ્મનિઇ નિરંતર માહારાજ,
પણુ કુશલ અહ્મનિંઇ તમ થકી જુ આવશ્યુ અહીં આજ. ૫
સ્વામી, ભ્રાત માહારિઇ કાજ્ય સ્વયંવર તેડાવ્યુ શિશુપાલ,
મિંઇ તહ્મનિંઇ મનસા થકી પતિ વર્યું દીનદયાલ. ૬
તે માટિંઇ અહીં આવજ્યો રે કરી ચ્યંતા મન્ય,
હૂં સદા છૂં શેવા કરી, વસુદેવસુત, ધન્ય ધન્ય. ૭
રૂપ-કુલ-ગુણુ-કાંતિ માહારી રખે જોતા એહ,
હવિઇ વાહાર વિઇહિઇલી કર વેગ્યિંઇ, તજીશ માહારુ દેહ. ૮

---

૧૬ કાંમ, બલીઇ. ૧૭ એહવૂં કહી એવા "અ" પ્રતના પાઠને બદલે "એહવૂં સુણી" એવો "બ" પ્રતનો પાઠ અર્થની દૃષ્ટિએ યોગ્ય હોઈ સ્વીકૃત, બોલિઇ. ૧૮ રુખ્યજી, લખ્યૂં.

૧ લખ્યૂં. ૨ પૂરી આપયો, જ્યાંહિ. ૩ આપયો, નીરધાર, લખ્યુ. ૪ મૂક્તિ નીર્મલ ધાંમ, લિખિતં, પ્રણાંમ. ૫ ખેમકુશલ, નીરંતર, અહી. ૬ સ્વાંમી. ૭ આવયો, મંન્થ, ધન્ય. ૮ રખે.

ભવોભવિ હૂં કંકરી રજ્યાણું તાહારી સાચ્ય,
એક વાર સ્વયંવર વિખિઇ આવી નાથ, ગ્રહિજ્યો હાથ. ૯

આગિંઇ રઘુકુલિઇં અવતાર લીધુ દાશરથિસુત રામ,
ત્યાહારિઇ હૂં તાં હૂતી કન્યા જનકનિઇં ગ્રહિઇ ઠામ્ય. ૧૦

પછિઇ માહારિઇ કાજિ્યંઇ ધનુક ભાંજ્યૂં, પુણ કીધૂં પ્રૌઢ,
બહુ રાય જોતાં હૂં વરી, સુરનર થયા દિગમૂઢ. ૧૧

તણ્યો તહીંઇ અંગીકરી ત્યમ નહિ કરુ સારિંગપાણિ,
તુ તાં માહારુ દેહ ત્યજૂં સહી અગ્નિ વિખિઇ સહી જાણિ. ૧૨

આવશ્યુ નહિ આંહાં લગિઇ તુ લાજ છિઇ યદુરાય,
તૂં શંઘનૂં ભક્ષ શ્વાન એ શિશુપાલ કયમ લેઇ જાય ? ૧૩

આવતાં કો વીર વારી રાખશિઇ જુગદીશ,
તુ પ્રાણ માહારા ત્યજૂં તે તાં પાપ તેહનિંઇ શીશ." ૧૪

એહવી પરિનૂં પત્ર લખ્યૂં, જે મુખ્ય નાવિઇ પાર;
કવિ કહિઇઃ માહારી મત્યમાન્યિંઇ કર્યું છિઇ વિસ્તાર. ૧૫

ત્યાંહાં સ્થકી તે ગ્રહી બ્રાહ્મણ પોતાનિઇ ઘરિ જાય,
સ્વજનબંધની શીષ લેઇનિંઇ સાંચર્યા રુષ્યરાય. ૧૬

ચાલતાં બહુ વેગ સંધ્યા ન હવી મારગમાંહિ,
એક ગ્રામ પાસિઇ પ્રૌઢ દીઠૂં, રહ્યા દ્વિજવર ત્યાંહિ. ૧૭

તે નગરનું નિવાશી કો હતુ જે અધિપત્ય,
વિશ્રામ કારુણિ જઇ રહ્યા મુનિ સદન્ય તેહનિઇં સત્ય. ૧૮

કુટુંબ લાગૂં પૂછવા, "ભૂદેવ, જાસ્યુ કયાંહિ ?"
"ભાઇ, કાલ્ય મુઝનિઇં પુહુચવૂં છિઇ દ્વારિકાંપુર જ્યાંહિ." ૧૯

એહવૂં વાચક સાંભલી સર્વ કો હસ્યાં વિખ્યાત,
"સ્વાંમી, તૂંહનિંઇ સહી દીસિઇ થયુ સનેપાત ! ૨૦

ક્યાંહાં દક્ષિણ દેશ નિઇં કયાંહાં સિંધ કેરુ સંગ ?
હવિંઇ વિકલસા વાધી ઘણી, ગરઢા થયા મતિભંગ." ૨૧

બ્રાહ્મણિઇં વિશ્રામ કીધુ, કૃષ્ણિંઇ લહૂં અવસ્યમેવ;
નંદ નામ સુનંદ ગુણ બિઇ મોકલ્યા તતખેવ: ૨૨

---

૯ વિષિઇ, ગ્રહિઇયો. ૧૦ દાથરથી, રાંમ, ઠાંમ્ય. ૧૧ પુંણ, બહૂ. ૧૨ ત્યંમ, નહિ, સારિંગપાંણિ, વિપિઇ, જાંણિ. ૧૩ નહીં, યદૂરાય, શ્વાંન, કયંમ. ૧૪ રાષશિઇ જુગદીશ, પ્રાંણ. ૧૫ લખ્યૂં, મુખ્ય. ૧૬ બ્રાંહ્મણ, શીષ, રુષ્યરાય. ૧૭ બહૂ, ગ્રાંમ, દીજવર. ૧૮ નીવાશી, વિશ્રાંમ, મૂની. ૧૯ મુઝનિઇ, ચાંહિ. ૨૦ વિખ્યાત, સ્વાંમી. ૨૨ બ્રાંહ્મણિઇ વિશ્રાંમ, નાંમ, તતખેવ.

"તહ્નો વહિઇલા જાઉ વર્દ્ધ પંથી, રહ્યુ મારગ માંહિ,
તેહનિઇ અહીં આણી મૂકજ્યો, જયમ કો ન જાણિઇ ત્યાંહિ. ૨૩
કનકમણિપર્યંક સાથિંઇ ઊતપત્યા લેઇ રુખ્ય,
આવી કરી મૂંક્યા પછિઇ મુનિ સ્વર્ગ્યદ્વારિ મુખ્ય. ૨૪
પ્રભાતકાલ હવુ તદા ઊઠયા, હલફલ્યા દ્વિજરાજ,
"રુકિમણીનૂં કાર્ય માહારિઇ શીઘ્ર કરવૂં આજ. ૨૫

ઊથલુ

શીઘ્ર કરવૂં કાજ, "એહવિઇ કનકપુરી દષ્ટિંઇ થઇ,
કાશીસુત કહિઇ: દેખતાં તે વર્દ્ધની મત્યગત્ય ગઈ. ૨૬

## કડવાં ૫

### કડવૂં ૬ : રાગ અંદોલા ગુડી

સ્વામી એ બ્રાહ્મણુ શોચતુ મત્ય રે;
સત્ય હૂં કોણુ? કયાંહાંનુ અહીં લગિઇ એ? ૧
સાયરનીં લિહરિઇરી ચડિઇ, ગોમતી આનંદિંઇ ગડિઇ;
દેખતાં પંથી ભિઇભીત થયુ એ. ૨

ઢાલ

ભિઇભીત્ય દેખી મન્ય થયુ, આશ્રજ પામ્યુ અત્ય,
પછિઇ મારગ માંહિઇ મ્યલ્યુ જન કો પૂછી તેહનિઇ ગત્યઃ ૩
"આ કવણુ ખંડ નિઇ ગ્રામ? એહના રાયનૂં શ્રૂ નામ?
વૈકુંઠપાં શોભા ઘણી, અતિ અધિક સુંદર ધામ!" ૪
"અરે બ્રાહ્મણુ, કાં ન જાણિઇ? નવુ આવ્યુ આંહિ?
એ દ્વારિકાં છિઇ, કૃષ્ણુ રાજા, નવિ લહિઇ પુરમાંહિ?" ૫
એહવૂં વાચક સાંભલી, સંતોખ પામ્યુ મંન્ય,
"ધન્ય ધન્ય જીવતવ્ય માહરૂં કે રુકિમણી ધન્ય ધન્ય! ૬
જે બ્રહ્માદિકનિઇ દ્વારિકાં સ્વપનિંઇ નહિ ક્ષણુમાત્ર,
તે હૂં મંદભાગી સહિઇજ્યિંઇ પામ્યુ મુક્તિપુરીની જાત્ર." ૭
પછિઇ વેગ્યિંઇ વિપ્ર ત્યાંહાંથી સંચર્યું અવશ્યમેવ,
વસિષ્ઠતનયા માંહિ મજ્જન જઇ કર્યૂં તતખેવ. ૮

---

૨૩ આણી, મૂંકયો, યંમ, જાંણિઇ. ૨૪ ઊતપત્યા, રુખ્ય, મૂની, સ્વર્ગ્યદ્વારીમૂખ્ય, ૨૬ પૂરી, દેષતાં.

૧ સ્વાંમી, બ્રાંહ્મણ, કોંણ. ૨ દેષતાં. ૩ દેષી, પાંમ્યુ. ૪ ષંડ, ગ્રાંમ, નાંમ વૈકૂંઠ, ધાંમ. ૫ બ્રાંહ્મણ, જાંણિઇ. ૬ સિંતોષ પાંમ્યુ મંન્ય, રુકિમણી. ૭ નહીં, પાંમ્યુ મૂક્તિપૂરીની યાત્ર. ૮ વસીષ્ટ, તતષેવ.

અઘઓઘ પાતક સપ્ત જન્મનાં હતાં પોઢાં જેહ,
તે સ્નાનમાત્યિંઇ સર્વ બાલી થયુ નિર્મલ દેહ. ૯

નિત્યકર્મ સંધ્યા કરી બ્રાહ્મણ, કર્વતૂં લેઇ કરિ;
વેગ્ય ચાલ્યુ સભા રાજા તણી આનંદભરિ. ૧૦

તવ કૃષ્ણનીં દષ્ટિંઇ પડ્યા આવતા મુન્ય ઉદાર,
કો દાસ-હાથ્યિંઇ સદનમાં તેડાવિઆ નિરધાર. ૧૧

અનપાનઆસનમાન દેઇનિંઇ અરચિયા આનંદ,
ચર્ણસંવાહન કંરિઇ પૂછવા હિત ગોવ્યંદ. ૧૨

"સ્વામી, કુશલં છુ તપનિંઇ વિખિઇ અતિ અગ્નિશૂં અવશ્યમેવ,
સંતોષશમદમસત્યસમિતા સહિત શ્રીભૂદેવ ? ૧૩

તે વિપ્ર શુચિમાન સદા જે યથા લાભ સમાન,
કો કલપના નહિ મન વિખિઇ, ભજિઇ નિરંતર ભગવાન. ૧૪

નિજ દેશની આખ્યાત કુહું, નરધીશનૂં શૂં નામ ?
અહીં લગિઇ કેહી પરિ આવિઆ મુનિ ? શિંઇ વિશેષ્યિંઇ કામ ?" ૧૫

"યદુવીરજી, દક્ષિણ વિખિઇ છિઇ વિદર્ભાપુર ગ્રામ,
રાય ભીષ્મક માહાબલિઉ નિવાશી તે ઠામ. ૧૬

સુત ચ્યાર સુંદર સકલ અંગ્યિંઇ, અપર દુહિતા એક,
રુક્મિણી અભિધાન તેહનૂં, પૂરણ પરમ વિવેક. ૧૭

રૂપ-યૌવન-ચાતુરી ચાલતી ગજવત વેગ્ય,
પટનીલઘટઆવર્ત્ત જાણિઇ ચંદ્ર પાખલિ મેઘ. ૧૮

તુઝ કીર્ત્તિ શ્રવણે સાંભલી આનંદ પામી અત્ય,
મનસા વર્યુ તુહ્નિઇ વીઠલા, વચ્ય સૂર્ય શાખી સત્ય. ૧૯

જ્યેષ્ઠ બાંધવ રુકમૈંઇ તેડાવ્યુ શિશુપાલ,
પણ કન્યકા કહિઇ: સર્વથા પતિ વરૂં દીનદયાલ. ૨૦

જુ ભજૂ તુ ભગવતવશ્યલ, અન્ય પુરુષ અપૂર્ખ:
ભગવાન મૂંકી જે ભજિઈ તે જાંણવુ કો મૂર્ખ. ૨૧

તે માટિઇ શ ન સંચરૂં ? કાંઇ લગાડુ મા વાર;
કાલ્ય પહિલા પુહુરમાં છિઇ લગનનુ નિરધાર. ૨૨

---

૯ સ્નાંન, નીર્મલ. ૧૦ નીત્યકર્મ, બ્રાંહ્મણ. ૧૧ મૂંન્ય ઊદાર, તેડાવીઆ નીરધાર. ૧૨ અંનપાંનઆસનમાંન, અરચીયા. ૧૩ સ્વાંમી, વિષિઇ, સમ. ૧૪ શુચિમાંન, સમાંન, નહીં, વિષિઇ, નિરંતર, ભગવાંન. ૧૫ નીજ, આષ્યાત, નાંમ, આવિઆ, મૂની, કાંમ. ૧૬ વિષિઇ, ગ્રાંમ, બલીઉ, નીવાસી, ઠાંમ, ૧૭ દ્રુહિતા, અભિધાંન. ૧૮ જાંણિઇ, પાષલિ. ૧૯ પાંમી, શાષી. ૨૦ ચ્યેષ્ટ, પૂરુષ, અપૂર્ષ. ભગવાંન, જાંણવુ; મૂર્ષ, ૨૨ નીરધાર, ૨૩ યુગદીશજી, આંણી, દેષાતાં. સ્વા ૧૦

જુગદીશજી જુ ગર્વ આણી નહીં આવું ત્યાંહિ,
તુ દેહ તજશિંઇ દેખતાં મૂંહ્નિંનઈ સાંભલી મન માંહિ. ૨૩
કુલદેવ્યપૂજન પરવરૂ, બહુ સખી ગુરુનિંઇ સાથ્ય,
તે સમિ કહ્યૂં છિઇ કૃષ્ણજી, તહ્મ્યો હરણ કરજ્યો હાથ્ય". ૨૪
પત્રિકા આપી પછિઇ, "આહામાં લખ્યૂં છિઇ જેહ,
મુખ્ય વચન તાં નેવેધ્યૂં પણ નથી લહિઇતુ એહ." ૨૫
અનંત-એહવૂં સાંભલીનિઇ હસ્યા શ્રીમાહારાજ,
"દ્વિજરાજ, તે હૂં સર્વ લહૂં છૂં, જશૂં આપણિ આજ." ૨૬
આનંદ આણી ઊઠિઆ નિઇ ઉગ્રસેન કહિ્નઇ જાય,
બેહૂ પાણિ જોડી, શીશ નામી, પત્ર મેહેલ્યૂં પાય. ૨૭
પાણિ ગ્રહીનિઇ વર્દ્ધ પુરુખ્યિઇ વાંચિઊં તતકાલ,
"અરે, જાઉ વહિઇલા સૈન્ય સાથિં, પ્રાણ ત્યજશિઇ બાલા". ૨૮
મેઘ નિઈ સુગ્રીવ આવ્યિંઇ, ચતુરવિધિ તોરંગ,
કથકરથમાં કૃષ્ણ બિઇઠા, વિપ્ર દક્ષિણ અંગ્ય. ૨૯
બલિભદ્ર પૂંઠિઇથી ચડયા દલ કરીનિઇ સાવધાન,
આગલિ થિકા ઊતાવલા પરવર્યા શ્રીભગવાન. ૩૦
પવનજવ તોખાર મેહેલ્યા મન થિકા પ્રતિમુખ્ય,
એક વાત કરતાં પઝ્યાં દ્રષ્ટિઇ વિદર્ભાનાં વૃક્ષ. ૩૧
અંબિકાઉદ્યાન પાસિઇ ઊતર્યા અવિનાશ,
"વિપ્રજી, તહ્મ્યો ક્ષિપ્ર જાઉ રુકિમણીનિંઇ પાશ. ૩૨
સ્વસ્ત કરી સંતખજ્યો મધુરવચન મધ્યે મિષ્ટ,
કહીઈ કૃષ્ણ આવ્યા કામિની, તૂં મેહેલિ મનથી કષ્ટ. ૩૩

ઊથલુ

મેહેલિ મનથી કષ્ટ," એહવી બ્રાહ્મણિંઇ વાણી સુણી,
કાશીસુત કહિઇઃ સંચર્યા પછિઇ વિદર્ભીના ઘર ભણી. ૩૪

## કડવાં ૬

### કડવૂં ૭ : રાગ મારુણી

વિદર્ભી જોતી વાટ રે, દ્વિજરાજ ગયુ જેણિઇ ઘાટ રેઃ
વલતુ નવિ દીસિઇ નાટ રે, આવ્યુ નહિ તે શા માટિ રે? વિ. ૧

---

૨૪ બહૂ સષી, કરયો. ૨૫ પત્રીકા, લષ્યૂં, મૂષ્ય. ૨૭ આંણી, ઊઠીઆ, ઊગ્રસેન, પાંણિ નાંમી. ૨૮ પાંણિ, પુરુષ્યિઇ, વાંચીઊં, પ્રાંણ. ૩૦ સાવધાંન, ભગવાંન. ૩૧ તોષાર, પ્રતીમૂષ્ય. ૩૨ ઊદ્યાંન. ૩૩ સંતોષયો, મધર્વચનમધ્યે મીષ્ટ, કાંમિની. ૩૪ બ્રાહ્મણિંઇ, વાંણી, સૂણી.

૧ નહીં, વૈ.

જુ નહિ માનિઇ અવિનાશ રે, તુ હૂં કંઠિઇ ઘાલીશ પાશ રે;
અથવા વિખ આણી ખાશ રે, હરિ વિના કરૂં દેહનાશ રે. વિ. ૨
પુરમાં બહુ માંગલ્ય હોય રે, દલવાદલ મ્યલિઆં સોય રે;
અબલા રહી ઊભી રોય રે: માહાર નાથ મેલાવુ કોય રે. વિ. ૩
કરિ કંકણ બાંધ્યાં વિશાલ રે, સાવધાન થયુ શિશુપાલ રે;
કન્યાનિંઇ વરત્યુ કાલ રે, એહવિઇ દીઠા વિપ્ર દયાલ રે. વિ. ૪
વેગલિથી બોલ્યા વાણિ રે, "મૃગનયની, રાખે પ્રાણ રે;
અખિલેશ્વર આવ્યા જાણિ રે, મૂંહ્નિ રામચંદ્રની આણ રે. વિ. ૫
ઊતરિઆ વાડીમાંહિ રે, અંબાનૂં સ્થાનક જ્યાંહિ રે;
મોકલિઉ મૂંહ્નિજી આંહિ રે, તુઝનિંઇ તે જાવૂં ત્યાંહિ રે." વિ. ૬
એક હાર હૂતુ બહુમૂલ્ય રે, ત્રેલોક્ય ન આવિઇ તુલ્ય રે,
સવિતાવંત છિઇ જાજૂલ્ય રે, પગ આગલિ મેહેલ્યુ પ્રફૂલ્ય રે. વિ. ૭
અતિ આનંદ અંગ્ય ન માય રે, મ્યલવાનિંઇ યાદવરાય રે;
રુખ્ય વાલી લાગી પાય રે, કાશીસુત પ્રીત્યિંઇ ગાય રે. વિ. ૮

## કડવાં ૭

### કડવૂં ૮: રાગ દેશાખ

શ્રીશુકજી બોલ્યા વાણી, સુણિ પરીક્ષત મનમાં આણી;
સારંગપાણિ પુર કહિનઇ પછિઇ આવિઆ એ. ૧
રાજાઇં વારતા લહીં, અખિલેશ્વર આવ્યા સહી;
શીઘ્ર થઇ રથ્ય બિઇશી સાહામુ ગયુ એ. ૨

ઢાલ

સાહામુ ગયુ ભીષ્મક માહાબલિઉ ભવભંજન છિઇ જ્યાંહાં,
વેદપુરુષનીં પૂજા કરીનિંઇ લેઇ આવ્યુ પુરમાંહાં. ૩
અનેક મણિ, માણીક, મકતાફલ શોભિત સુંદર સાર,
સભા દૃષ્ટિ કીધી અવિલોકન વલિઆ જુગદાધાર. ૪
લોક અનેક નગરનિવાશી અનોઅન્ય ઇમ બોલિઇ,
"રુકિમણી યોગ્ય લખ્યુ વર આ હો, એ બેહૂ સમતોલિઇ." ૫

---

૨ નહીં, વિષ, પાશ, હરી. ૩ બહૂ, મ્યલીઆં. ૪ સાવધાંન. ૫ વાંણિ, મૃગનયની, રાષે, પ્રાંણ, અષિલેશ્વર, જાંણિ, રામચંદ્રની આંણ. ૬ ઉતરીઆ, સ્થાંનક, યાંહાં, મોકલીઉં, તુઝનિંઇ, પ્રાસ જોતાં "બ" પ્રતમાંનો "યાંહિ" પાઠ લઈ "જ્યાંહિ" કર્યું. ૭ બહૂ, તૂલ્ય, વૈ. ૮ રુષ્ય.

૩ સાહાંમુ, બલીઉ, થાંહાં. ૪ મણી, વલીઆ, યૂગદાધાર. ૫ નીવાશી, ઇમ લષ્યુ.

શિશુપાલિઇ સંચલતા જાણી, તોરણિ આવ્યુ ચાલી;
રકમેઉ સખીઓ સર્વનિઇ એહવી આગન્યા આલીઃ ૬

"જાઉ તહ્મ્યો ભગની માહારીનિઈ પૂજાવુ કુલદેવ્ય,
લગન સમીપ અછિઇ સંધ્યાઇ વહિઇલાં વલજ્યો ખેવ." ૭

જરાસંધ કહિઇ, "યાદવનાયક આવ્યુ છિંઇ અણુતેડિયંઇ,
રખે વિઘન કરિઇ કન્યાનિંઇ, સૈન્ય સમરપુ કેડિયંઈ." ૮

આઠ સહસ્ર યોદ્ધા નારાયણી ચઢ્યા તુરી, માતંગ,
કવચ ટોપ સંગ્રામિંઈ સબલા કયમે ન પામિંઇ ભંગ. ૯

સકલ શણગાર કરીનિઇ અબલા તતક્ષણુ ઊતરી હેઠી,
હરિખ ઘણુ હરિશૂં મ્યલવાનિંઇ, જઇ રથ ઊપરિ બિઇઠી. ૧૦

જાણિઇ અર્ક અભ્રિઇ આછાદ્યુ ઇમ રહ્યૂં સૈન્ય પૂંઠિઈ,
નિશાણિઈ નિર્ઘોષ વલ્યા આઘા ચાલ્યા હલવી મૂંઠિઇ. ૧૧

ઇમ કરતાં અંબાનિંઇ સંગ્યિંઇ દીઠા દેવ મુકુંદ,
રુમિણીઇ પટઅંતર જોયૂં પૂરણકલામુખચંદ્ર. ૧૨

રથ ઊપરિ ધનક અવિલંબી બિઇઠા આદિઅનંત,
જાણિઈ શંઘ ચઢ્યુ ગિરિમસ્તક માહાશૂર બલવંત. ૧૩

ડંડપ્રણામ કર્યૂં મનસા-સિધ્યિંઇ, પરબ્રહ્મ પેખી લાજિઇ,
"વલતા હરણ કરૂં" કહિઇ મોહન, ચીતવિઊં માહારાજિઇ. ૧૪

શક્તિસદન્ય અંતરિ જઇ વેગ્યિંઇ, પૂજ્યાં બહુ રુદ્રાણી,
"અરે માત, મુઝનિંઇ થા સનમુખ, વર બહૂં સારિંગપાણિ" ૧૫

અગરગંધ નાના ફલપૂષ્ફિઇ રુષ્ટ થઇ તવ માત,
તતક્ષણ શીઘ્ર વલી શિર નામી ભીષ્મકરાયની જાત. ૧૬

વિરથ વલી પાલી પરમેશ્વરી વિદ્યોતમિઇ છિઇ કાયા,
મુદ્રિકા સહિત ગ્રહ્યુ કર સખીઇ જાણિઇ વૈષ્ણવી માયા. ૧૭

યોધ સકલ આયુધ સંભાલી વાહન હાકયાં વીર્યિઇ,
તેણિઇ સમિઈ કુતોહલ રચિઊં સુંદર શ્યામ શરીર્યિઇ. ૧૮

પવન્યિંઇ પટઅંતરિ ઊડાડી વસ્ત્ર ઊતારી લીધૂં,
જગદમાતનું વિઘ્ન સકોમલ સર્વ દેખતૂં કીધૂં. ૧૯

---

૬ જાંણી, સષીઓ. ૭ વલયો. ૮ રષે. ૯ સંગ્રાંમિઇં, કયંમે, પાંમિંઇ, ૧૦ હરીષ, હરીશૂં. ૧૧ જાંણિઇ, ઇમ, નીશાણિંઇ, નીર્ઘોષ. ૧૪ પ્રણામ, પરબ્રંહ્મ, પેષી, ચીતવીઊં.

૧૫ બહૂ, સનુમુષ, સારિંગપાંણી. ૧૬ નાંમી, ૧૭ સષીઇ, જાંણિઇ. ૧૮ આયુદ્ધ, રચીઊં. ૧૯ ઊતરી, દેષતૂં.

પડ્યા શૂર પૃથવી મોહ પામ્યા, શરીરની શુધ્ય હારી,
વચ્ય પિધશી રથ ઊપરિ લીધી, હરખ્યા દેવ મોરારી. ૨૦

સિંહનાદ કર્યું શ્રીનાથિંઇ, સૈન્ય તણૂં પડ ભાગૂં,
અનોઅન્ય પોતાના દલમાં માહાયુદ્ધ તાં લાગૂં. ૨૧

"અરે! આજ જે ક્ષત્રી કાહાવિઇ તે મુઝ પૂંઠિઇ ધાજ્યો,
કન્યાહરણ કર્યૂં મિઈ કૃષ્ણિઇ, સાવધાન સહૂ થાજ્યો." ૨૨

એહવૂં કહી તોખાર પરેર્યા, મારુતવેગ્ય ચલાવ્યા,
ભાગા વીર ગયા જે પૂરમાં બૂંબ પાડતાં આવ્યા. ૨૩

જરાસંધ્યિંઇ શિશુપાલ વીનવ્યુ, "શૂં બિઇઠા છ રાય?
કન્યાહરણ કરી એ દીસિઇ યાદવપતિ લેઇ જાય." ૨૪

કાશીસુત કહિઇઃ વર વચ્ચમાંથી મૂરછા પામી પડિઉ,
જરાસંધ માહા ખલ પાપી અત્યંત ક્રોધ્યિંઇ ચડિઉ. ૨૫

## કડવાં ૮

### કડવૂં ૯ : રાગ રામગ્રી

લહી કન્યાનૂં હર્ણ, વિશાલ જી, ચડ્યુ જરાસંધ કૃતાંતકાલ જી. ૧
"ધિક બલ માહારૂં! ધિક બહુ રાય જી! સિંહવધૂનિંઇ મૃગ લેઇ જાઇ જી. ૨

ઢાલ

કયમ જઇ સકિઇ મૃગલુ ગ્રહી?" ધાયુ જરાસંધ બલિષ્ઠ,
ગજઅશ્વરથચતુરંગદલશૂં સાંચર્યું પાપિષ્ઠ. ૩

વિપુલ દલ અવની વિખિઇ રે, વચ્ય પડયા પરબ્રહ્મ;
બાણવૃષ્ટિ કરિઇ રહ્યુ પાછલિ થિકુ અધકર્મ. ૪

"અરે કુબધી! મૂંકય કન્યા, કાં મરિઇ છિઇ ફોક?
જાઈશ તૂં કયમ જીવતુ? મારૂં ખણી ત્રેલોકય." ૫

સભગતન તે સાંભલીનિંઇ ફેરવ્યા રેવંત,
અતિ ક્રોધવશથી ચક્ર મેહેલ્યૂં, પડ્યા જોધ અનંત. ૬

વ્યૂહ્ગમાં સાયક સબલ વરસિઈ, હરિ રહ્યા વચ્યમાહિ;
એહવિઇ સમિંઇ બલિભદ્ર આવ્યા સૈન્ય સાથિં ત્યાંહિ. ૭

---

૨૦ પાંમ્યા, હરષ્યા. ૨૨ ધાયો, સાવધાંન, થાઝ્યો, ૨૩ તોષાર. ૨૫ પડીઉ, હાષલ, ચડીઉ.

રાગ રાંમગ્રી. ૨ બહૂ. ૩ કયંમં, બલીષ્ટ, પાપીષ્ટ. ૪ વિષિઇ, પરબ્રહ્મ, બાંણવૃષ્ટિ, અધકર્મ. ૫ કયંમ, ષણી. ૬ યોધ. ૭ હરિ.

અદભુત રજિયંઇ આકાશ ઢાંકયૂં, રિણુ થયુ અંધકાર,
અનોઅન્ય દલ આથડયૂં, સંગ્રામ રચિઉ સાર. ૮

માતંગશૂં માતંગ વલગા, શૂર જમલા શૂર;
નિસાણુ વાગિઇ, કવચ ભાગિઇ, અંગ અલગાં ચૂર. ૯

સુભટધડ-પાખર ઢલિઇ, ગજતોરંગમનાં તુંડ;
પક્ષી ગયા લેઇ ગગનમાં ભક્ષણુ કરેવા મુંડ. ૧૦

રાજકૂંઅરી રુધિરથી ભિઇશંક પામી આપ,
"મનમાં મ આણીશ, માન્યની" ઇમ કહિઇ વિશ્વાવ્યાપ. ૧૧

'સુભટ માહારા સબલ વઢશિઇ, કાં કરિઇ નહિ ધીર ?"
એટલિઇ એક નદી વહી રે રુધિરની ગંભીર. ૧૨

યાદવે દુરિજન દલ્યા, દલસહિત પામ્યા ભંગ,
જરાસંધ તજી ગયુ રિણુ, વિદર્ભાનિઇ સંગ્ય. ૧૩

માગધપતિ પુરમાં પલ્યુ સંતોખવા શિશુપાલ,
કહ્યૂં, "સૈન્ય ભાગૂં આપણૂં, અપરાંહન મુખ્ય છિઇ કાલ. ૧૪

એહનિંઇ છિઇ દેવ સનમુખ, કયમ કરી જીપાય ?
વલી આગલિ જાણુશૂં, આ સમિંઇ વલીઇ, રાય. ૧૫

વાર સત્તર મૂંહનિઇ, ભાંજ્યુ, કર્યું સૈન્યવિનાશ,
અઢારમિઈ રિણુ એહ ભાગુ, ગયુ સિંધનિઇ પાશ." ૧૬

દમઘોષસુત તે સાંભલીનિઇ વલ્યુ પાછુ સોય,
તે વાત જાણી રુકમકૂંઅરિચંઇ, ફરી આડ હોય. ૧૭

**ઉથલુ**

ફરી આડુ હોય રે, શિશુપાલની બહુ સ્તુતિ કરી,
"અરે સ્વામી, મુહ્નિઇ જીવતાં કયમ જાઉ કન્યા અણુવરી ?" ૧૮

## કડવાં ૯

### કડવૂં ૧૦ : રાગ ધન્યાશી

રુકમકૂંઅરનિંઇ રે, બહુવિધિ કોપ ચડયુ;
ગજતોરંગદલ સજ કરી રે, સનાલટોપ જડયુ ૧

તવ શિશુપાલનિંઇ રે, એહવાં વાયક કહી;
"યદુપતિ માર્યા વિના રે, પુરમાં પિઇસૂં નહીં. ૨

---

૮ અદ્દભૂત, સંગ્રામ, રચીઉ. ૯ નાંસાંણુ, ૧૦ પાષર, તૂંડ. ૧૧ પાંમી, આંણીશ, માંન્યની, ઇમ. ૧૨ નહીં. ૧૩ દુરીજન, પાંમ્યા. ૧૪ સંતોષવા, મુષ્ય. ૧૫ સનમુષ, કયંમ. જાંણુશૂં. ૧૭ જાંણી. ૧૮ બહૂ. સ્વાંમી, કયંમ.

રાગ ધન્યાશી. ૧ બહૂ, ૨ યદ્દપતિ.

ઢાલ

આવૂં નહીં ભગની વિના, સાંભલુ સર્વે યોધ."
પછિઇ એક ક્ષોહણી સૈન્ય લેઇનિઇ ચડયુ આણી ક્રોધ. ૩
સારથિ પરતિંઇ વદિઇ, "રથ હાકય વહિલુ વીર,
એ રાજ્યદુહિતા યોગ્ય કયાંહાંનુ અધમ જાતિ આહીર ?" ૪
પવનજવ તોખાર મેહેલ્યા, પરવર્યૂં દલ ત્યાંહિ,
બહુ માર કરતાં જઇ મ્યલ્યા, ભગવંતનિઇ વનમાંહિ. ૫
"અરે કપટી ! કાં ન થોભિઇ ? રહિઇ ઊભું આંહિ,
ગોવાલિઉં તું બહિન માહારી લેઇ સકિઇ જઇ કયાંહિ ? ૬
યાદવકુલના કુહાડા, લાલચી નીલજવંત ?"
એહવૂં કહીનિઇ ત્રણ્ય બાણિઇ હણ્યુ દેવ અનંત. ૭
પરબ્રહ્મજી પાછા મલ્યા તવ સાંધિઉં શર એક,
ભૂપસુતના ભુજવિખઇથી ધનુક છેલૂં છેક. ૮
પછી ખટ બાણુ મેહેલ્યાં, ભમાડયું લેઇ વ્યોમ,
યુગમ બાણિઇ સૂત મારી ધ્વજા પાડી ભોમ્ય. ૯
ભગવંતિઇ રથ આઘુ કરી શર પંચ પરઠયાં ક્રૂર.
વલી કૃષ્ણિઇ ધનુક બીજૂં કર્યૂં જોતાં ચૂર. ૧૦
એણી પરિ શત ચાપ કુંઅરિયંઇ પાલટયાં અવશ્યમેવ,
યગનપુરુખ્યિંઇ સબલ યુગતિંઇ છેદિયાં તતખેવ. ૧૧
વાહનથી ઊતરી પડયુ, તરુઆરિ લીધી પાણિ;
ભગવંતના રથ ભણી ધાયુ કઠિણ કહિઇતું વાણિઃ ૧૨
"હવિઇં તૂં મુઝ આગલિઇં જીવતું કેહી પરિ જાય ?"
તતકાલ એહવૂં સાંભલી પાછા વલ્યા યદુરાય. ૧૩
ક્રોધવશ નારાચ મૂંકી ખડગ કીધું ખંડ,
જઇ કેશ ઝાલ્યું વિદર્ભાપતિ નીબડ બાંધ્યું પ્યંડ. ૧૪
શિર છેદવા માંડયૂં તદા રુકિમણી ઝાલિઇ હાથ,
"હવિઇં બંધવ્યૂહણી કાં કરુ છુ જગદલોકિકનાથ ? ૧૫
ઉપરાધકૃત પણ શર્ણ્ય ઊભુ મારવા નહિ યોગ્ય,
હૂં ભ્રાતનું વધ કયમ સકૂં સહી દેખતાં આરોગ્ય ? ૧૬

---

૩ ભગનીં, આંણી. ૪ સારથી. ૫ તોષાર, બહૂ, વનમાં. ૬ ગોવાલીઉં. ૭ ત્રણ્ય બાંણિઇ. ૮ પરબ્રંહ્મજી, સાંધીઊં, વિખિઇથી. ૯ ષટ બાંણ બાંણિઇ. ૧૧ પુરુષ્યિંઇ, છેદીઆં તતખેવ. ૧૨ પાંણિ, વાંણિ. ૧૩ મૂઝ, યદૂરાય. ૧૪ ષડગ, ષંડ. ૧૫ જગદલોકિવનાથ "બ"માં "જગતલોકીકનાથ" છે. ૧૬ ઊપરાધકૃત નહીં, કયંમ દેષતાં.

શરણાગતુતનુવજ્રપંજર નામ તાહારું નેટિ.
તુઝનિંઇ ભજિઈ તે ફરી નાવિઇ કઠિણ જનુની-પેટિ. ૧૭

વરઅંગનાનૂં વચન માન્યી કર્યૂં કૃષ્ણિઇ હાસ્ય,
શિરકેશડાઢીમૂંછ સાથિંઇ સર્વ કીધૂં નાશ. ૧૮

રથ વચિંઇ ઘાલ્યુ તદા પછિઇ રાય ભીષ્મકતન,
પછિઇ ત્યાંહાં સ્થકૂં સૈન્ય ભાગૂં, વઢ્યા યાદવજન. ૧૯

ઊથલુ

વઢ્યા યાદવજન રે, બલિભદ્રજી પૂંઠિઇ ગયા,
કાશીસુત કહિઇઃ ચાલવાનિંઇ સાંતરા સહૂ કો થયા. ૨૦

કડવૂં ૧૧ : રાગ શોક રામગ્રી

રુક્મિણી રથ્ય બિઇસઇ નહીં, હેઠલિ માતનુ જાત,
તાતનૂં કહ્યૂં કીધૂં નહીં, તુ નેટિ પામિઉ પાત. રુ૦ ૧

લાજતી નાહાનડી નવિ કહિઇ, વહિઇ નેત્રમાં નીર;
તેણિઈ સમિઇ ત્યાંહાં આવિઆ બલિભદ્ર રિણધીર. રુ૦ ૨

વારવા આદિઅનંતનિંઇ ગયા શેષ ત્યાંહાં સંગ્ય,
" આજ પૂંઠિઇ કરવુ નહી રે કૃષ્ણ, રંગમાં ભંગ. રુ૦ ૩

સગપણ ઠામ્ય જેશૂં થઇ તેશૂં હાડિ કો જાઇ,
ઉત્તમનિંઇ ઉપમાન જ રે તે તુ મર્ણ કહિઇવાઇ. રુ૦ ૪

કુલવિધૂ કામન્ય, દુખ ધરિઇ, વિપતિ ભ્રાતનુ ભર્મ;
તાતનિંઇ પુત્ર સાંખિઇ નહીં એહ ક્ષત્રિઇ તણુ ધર્મ ? રુ૦ ૫

દુખ નિંઇ સુખ, સંપત્તિવિપત્ય રે, સકલ દેહનિંઇ સાથિંઇ,
શુભઅશુભ મૂંકિઇ નહીં, ઇમ સરજ્યૂં લોકથિંઇ. રુ૦ ૬

સરજ્યાનિંઇ વશ સર્વ છિઇ, મન્ય જાણજ્યો નેટિ."
એહવૂં કહી કૂંઅર કાઢિઉ હતુ જેહ રથ હેઠિ. રુ૦ ૭

"રાજકૂંઅર, રખે આણતુ દૂહવણ આજ મનમાંહિ,
યદુપતિ હાસ્ય કીધૂં ઘણૂં દેવર જાણી નિંઇ આંહિ. રુ૦ ૮

---

૧૭ નાંમ. ૧૮ માંન્યી. ૧૯ તંન, જંન. ૨૦ જંન, સહૂં.

રાગ-શોક રાંમગ્રી : ૧ પાંમીઉ, "૧ રુ." આ પ્રમાણે આખા કડવામાં છે તે બદલીને ધ્રુવપદનો પ્રથમાક્ષર પહેલો ને કડીક્રમાંક તે પછી, એવું કરી દીધું છે. ૨ આવીઆ. ૪ ઠાંમ્ય, ઊત્તમનિંઇ, ઊપમાંન. ૫ કુલવિધૂં કાંમન્ય, દૂષ, પૂત્ર, સાંષિઇ. ૬ દુષ, સુષ, ઇમ. ૭ મંન્ય જાંણયો, બીજી પંક્તિમાં "અ" પ્રતમાં "એહવૂં" પછી "કહી" નથી, તે "બ" પ્રતમાંથી લીધું છે. ૮ રષે આંણતુ,. યદુપતિ.

નગર વિદર્ભા પધારીઇ સકલ સૈન્ય સંઘાત્ય",
રુકમકૂંઅર વલતૂં વદિઇ, "એહ કચમ કીજીઇ વાત ? રુ૦ ૯
મિંઇ પુણ કીધુ આવતાં આ ક્રોધ આણીનિંઇ કાય;
તાતપુરમાં પિઇસૂં નહીં વિણ જીત્યિઇ યદરાય." રુ૦ ૧૦
ભોજકટ નેયર વાશૂં તદા જોઅણ વિસ્તાર,
રાજ્ય આપી રિણછોડજી વેગ્યિંઇ વલ્યા નિરધાર. રુ૦ ૧૧
આવતા ઉગ્રસૈન્યિંઇ લહ્યા, આનંદ અંગ્ય ન માઇ,
કાશીસુત કહિઇ; સૈન્ય શૂં રે વેગ્યિંઇ ભેટવા જાઇં. રુ૦ ૧૨

## કડવાં ૧૧

### કડવૂં ૧૨ : રાગ ધન્યાસી

રુકિમણીહરણ કરી હરિ આવ્યા, નભમંડલિ રહી અમરિચંઇ વધાવ્યા. રુ૦ ૧
ભવન શિખર ગઢ સકલ શ્રંગાર્યા, મણિમિઇ કુલશ કોશીશિઇ ધાર્યા. રુ૦ ૨
ઘરિ ઘરિ તલિઆં તોરણ બાંધિઇ, ઉત્તમ ફૂલ શી શોભા સાંધિઇ. રુ૦ ૩
નારદતુંબર બહુ જશ બોલિઇ, પંચ શબ્દ ધન ધરાધર ડોલિઇ. રુ૦ ૪
હિઇહસ્તી સુહુવડિ ચલાવ્યા, ગિરિ–પર્વત ઓપમાઇ હરાવ્યા. રુ૦ ૫
રથ ઊપરિ વરકન્યા શોભિઇ, જોતાં દૃષ્ટિ ન તેજ્યિંઇ થોભિઇ. રુ૦ ૬
"માતપિતાનાં ચરણ જુહારી, માહસ્યિં પુહુતા દેવ મોરારી. રુ૦ ૭
પાણીનૂં ગ્રહણ કર્યૂં રે જ્યાહારિઇ, ગુરુ ગોતમ્યિંઇ ઊભખેકચા ત્યાહારિઇ. રુ૦ ૮
બ્રહ્મા–ઇશ વદિઇ જિઇ વાણી, કંસાર પ્રીસિઇ છિઇ રુદ્રાણી. રુ૦ ૯
દેવકીમાતિંઇ નીરાજ કરિઊ કન્યારૂપ રીદિમાં ધરિઊ. રુ૦ ૧૦
શ્રીશુક કહિઇઃ પરીક્ષત એ સુણતાં, પાતક પંચ પલિઇ હરિ ભણતાં. રુ૦ ૧૧

---

૯ કચંમ. ૧૦ પુંણ, આંણી નિંઇ યદૂરાય. ૧૧ નીરધાર. ૧૨ ઉગ્રસેનન્યિંઇ.

૧ રુકમિણીહરણ, હરી, ધ્રુવપદ– પ્રથમાક્ષર અને કડીક્રમાંકનાં સ્થાન ઉલટાવ્યાં છે. ૨ શિષર. ૩ તલીઆં, ઊત્તમ. ૪ તૂંબર, બહૂ, "જશ" "બ" પ્રતમાંથી છે. "અ"માં "જન" છે. ૭ પીતાનાં જૂહારી. ૮ પાંણિનૂં ચાહારિઇ, ઊભક્ષેકચા.

૯ બ્રહ્મા, વાંણી. ૧૧ હરી, "બ" પ્રતની છેલ્લી છ લીટીઓનો ક્રમ વધુ સારો હોવાથી અહીંથી કડીક્રમ "બ" પ્રતને અનુસરી આપ્યો છે. "અ"માં મૂળે આમ છે:

સંવત ૧૬ ત્રિઇતાલા જાંણિ, કાર્ત્તિક સુદ ૫ પરમાંણ,
ફૂલ બંધારા માંહિ સાર, ચરણઇ રાખ્ય શ્રી યુગદાધાર.
રુકિમણીહરણ પરીપૂરણ કીધૂં, ઊત્તમપદ શ્રીનાથ્યિંઇ દીધૂં.
શ્રી શુક કહિઇ: પરીક્ષત સૂણતાં, પાતક પંચ પલિઇ હરી ભણતાં.
કાશીસુત કહિઇ: કાંઇ ન જાંણૂં, કૃષ્ણ કૃપાલ રીદિઇમાં આંણૂં.
: ૧૨. ૧૧–૧૫

રુકિમણીહરણ પરિપૂરણ કીધૂં, ઉત્તમપદ શ્રીનાથિંઇ દીધૂં. રુ૦ ૧૨
સંવત ૧૬ ત્રિઇતાલા જાણિ, કાર્તિક શુદિ ૫ પરમાણ. રુ૦ ૧૩
કુલ બંધારા માંહિ સાર, ચરણિંઇ રાખ્ય શ્રી જુગદાધાર. રુ૦ ૧૪
કાશીસુત કહિઇઃ કાંઇ ન જાણૂં, કૃષ્ણ કૃપાલ રિદિમાં આણૂં, રુ૦ ૧૫

**કડવાં ૧૨**

.ઇતિ શ્રી રુકિમણી હર્ણ તણી કથા સમાપ્ત.

**પાઠાંતર :** કડી અને પંક્તિના ક્રમે :

**કડવું ૧ :**

શ્રી ગણેશાય નમ. રુકમણીહર્ણની કથા. રાગ ધંન્યાશી ૧-૧ ધર તુજને નમી. ૧-૨ પ્રતીબંધ **પ્રારથું**, અધમતી. ૨-૧ મંન મધ્યે, કરયો જ્ઞાંન**પ્ર**કાશ.

૨-૨ હું લહેતો, મુજને. ૩-૧ મુજને તાહારી, કરે. ૩-૨ અજ્ઞાંનધી માંહે પડ્યો તૂ સ્થકી. ૪-૧ હું વર્ણવના કરું તાહારી, મૂહ્ને આપ્ય મત્યઉદ્યોત. ૪-૨ આદ્ય, નિ, અવીગત્ય અખીલ, યોત્ય. ૫-૧ મૂગટ શીર મણીજડીત, કનકમિ. ૫-૨ બ્રંહ્માંડવત જો યમલ્ય દીર્જિ ભણ તોહે નાવે તૂંલ્ય. ૬-૧ જલહલિ બેહું કાંન્ય કુંડલ, વીરાજીત સુંઢાલ. ૬-૨ દીસતો વીકાલ. ૭-૧ દુંદલમલની ક્રાંધ, શોભીત **સુંદર** જાંણ્ય. ૭-૨ કંઠે: ક: મલ વીશાલ, પાંણ્ય. ૮-૧ દીવ્ય, પરીધાંન, શીદૂરિ. ૮-૨ મુખક માહાબલીઓ કરે મોદીક. ૯-૧ ચર્ણે વાજીત્ર ઘૂઘરી ઘૂમઘૂમકાર. ૯-૨ સીધ્યબુધ્ય બેહુ, ઢાલે, તે સાર. ૧૦-૧ બ્રંહ્મવીદ્યા, શીસ યેહને, સુજાત. ૧૦-૨ વીઘન હરવ દાસના દારીદ્ર કરવા પાત. ૧૧-૧ એહવો ગણનીધી ગ્યરુઉ, ગૂણ. ૧૧-૨ સ્થકા, જન્મ. ૧૨-૧ હું અજ્ઞાંની, જાંણૂં. ૧૨-૨ તુજ વીના મુજ મૂઢની કોંણ જાડ્ય કરશે છેદ. ૧૩-૨ ગુરુને, કહુ રુકમણીનું હર્ણ. ૧૪-૧ હરીવંશમાં, વીષ્ણુપુરાંણ. ૧૪-૨ કહીએક છિ વિસ્તાર **કંહી,** સંક્ષેપ સુધુ જાંણ. બંને પ્રતોમાં આ કડીનો ક્રમાંક “૧૩” આપ્યો છે, તે ભૂલ છે; ૧૪ જોઈએ. “બ” પ્રતમાં તો તેની ઉપરની બે કડીઓના ક્રમાંકોમાં પણ ભૂલ છે. ૧૫મી કડીએ ભૂલ નીકળી જાય છે. ૧૫-૧ ચીત્ત. ૧૫-૨ હરીવંશની પ્રતીબંધ, ૧૬-૧ ને અધીકઓછૂં ન લહું. ૧૬-૨ તુજને. ઉથલો. ૧૭-૧ સ્વાંમી હુ તાહરો સહ. ૧૭-૨ કહે શંભૂસુતની ક્રીપા, મુજ ઉપરિ.

**કડવું ૨ :**

રાગ રાંમગ્રી. ૧-૧ સ્તવૂં બ્રંહ્માણી જી. ૧-૨ કરે, મન્ય આંણી જી. ૨-૧ શકત્ય, હુ, તાહારો. ૨-૨ બુડંતાં ગ્રહે, માહારો. ૩-૧ માહારો, કહું, નાંમી. ૩-૨ વર્ણવૂં, યે દ્વારિકાનો. ૪-૧ જડ જાડ્ય અંતર અવીદ્યા, દહે માહારુ તંન. ૪-૨ કરયે, તેહનિ, યમ, નીર્મલ મંન. ૫-૧ વીલી વીલી તુજને સ્તવૂં ચીત્ત. ૫-૨ યમ, નીરવીઘનપણે **પ્ર**તીબંધ પુરણ. ૬-૧ ષંડ, દક્ષણ વીષે, અધીક શોભીત ગ્રાંમ. ૬-૨ ભીમક, વીદર્ભાપૂર નાંમ. ૭-૧ ભૂપત્ય કરિ, સુજાણ. ૭-૨ **યારિ**

---

૧૨ પરીપૂરણ, ઉત્તમ. ૧૩ જાંણિ, પરમાંણ. ૧૪ રાખ્ય, શ્રીયુગદાધાર. ૧૫ જાંણૂં, આંણૂં. પુષ્પિકા સમાપ્ત. મૂળમાં “કડવાં ૧૨” એવા શબ્દો પુષ્પિકાની નીચે છે.

ગૌબ્રાહ્મણુનિ પડે સંકટ પ્રથમ આધિ પ્રાંણ. ૮-૧ રાયને પ્રાક્રમધીર. ૮-૨ **પણ.** વીષિ યમદૂત ભંજે જમલ્ય નહી. ૯-૧ દૂહીતા, ગૂણ. ૯-૨ મુષઇંદ્ર પૂરણકલાયે. મોહની. ૧૦-૧ તનકાંત્ય યેહની જમલ્ય દીજે નથી. ૧૦-૨ ઉપરિ, લજ્જીત. ૧૧-૧ રુકમણી અભિધાંન દુગ્ધગોરમે તંન. ૧૧-૨ તાતને પ્રીય અતી ઘણો, પિછે મંન. ૧૨-૧ સમિ રહ્યો તો, યાંહિ. ૧૨-૨ કંન્યકા આનંદભરિ : "શ્રૂં" નથી :, ઉછંગ્ય બેઠી. ૧૩-૧. પ્રથવીપતી દુહીતા પ્રત્યે એમ લડાવે છે સોય. ૧૩-૨ હુ, કુઅરી તૂને, માહાબલીયો. ૧૪-૧ એહવિ સમિ તેણે, આવીયા. ૧૪-૨ મૃગાંબર ને શીર, મુક્ષ, હરી ગૂણરંગ. ૧૫-૧ મહીપાલની, દ્રષ્ટે, તવ કરચૂં ડંડપ્રણાંમ. ૧૫-૨ હું, જાંણી, આંણી, ભલે, સ્વાંમ્ય. ૧૬-૧ ને અર્ઘપાદ્ય પૂજા અર્ચીઆ મૂનીસાર. ૧૬-૨ સ્વાંમી, ષંડથી, આંહા લગે આવીઆ રુક્ષ નીરધાર. ૧૭-૧ કહે છે, સીધૂતીરે. ૧૭-૨ દ્વારકાપુરી, ઉપરિ, નહી લવલેશ. ૧૮-૧ તેહની **વર્ણવના** કેહી, કરુ, જો વલરી મુક્ષ. ૧૮-૨ જીહ્વા, જો તોહે, ૧૯-૧ સક્ષેપમાત્રે કહુ, ઊદાર. ૧૯-૨ ત્રાહાસિ, તવ **તરે.** ૨૦-૧ જલહલે, ગ્રાંમગઢ, કોશીસ, સમાંન્ય. ૨૦-૨ પ્રાકાર, થકી, ઝંષીત, શશીહરભાંન. ૨૧-૧ સદન્ય સુદર વીરાજે. ૨૧-૨ **મણીજડીત સુંદર મૂંલ્ય.** ૨૨-૧ ગારય કસ્તુરી, અંગ્યે નારય. ૨૨-૨ મુક્તમણીહેમના તોરણ **બાંધ્યા** બારચ. ૨૩-૧ પાલષી ગજનૂં રથભંડાર. ૨૩-૨ પુરનીવાશી સુષી નહી. ૨૪-૧ વાપી કુંપ ને......યરપૂર. ૨૪-૨ ફાટીકમણી પાલ્ય. ૨૫-૧ સર્વ્ય, વહે. ૨૫-૨ લલીત, દ્રુમ, રતી, ૨૬-૧ ને, ષગ ભ્રમર : "બક" નથી:. ગૂંજીત. ૨૬-૨ કોકીલા કીંગાર કલીવર. ૨૭-૧ ચ્યોહોપાશ, ગડગડે, યાંહિ. ૨૭-૨ કાલને ક્રર્મી ચઢે યે કરે મરજન. ૨૮-૧ રાજધાની કમકલલોચન, કરે છે ત્યાંહિ. ૨૮-૨ સંતના દુષ, અવતરચા. ૨૯-૧ માહાબલીઓ, હરીનો આડમો, એહ. ૨૯-૨ વૈકુંઠને સૂનૂં કરી ધર્યો : "અનિંધ્ય" માટે શબ્દ નથી : ઉથલો. ૩૦-૧ ધરચો, રે નારદે. : "તે" નથી :, ભીમકને. ૩૦-૨ કહે વીધ સૂણીને કુઅરીએ **ચીત્તમાં ગ્રહચું.**

**કડવું ૩ :** ક્રમાંક પંક્તિવાર છે.

૧-૧ સૂણી : "કહી"ને સ્થાને:. ૨-૧ આલોકચે, ત્યાંહાંથી, બારચ. ૨-૨ શ્રીહરિનિ. ૩-૧ માગૂ. : "પાંમૂં" ને સ્થાને. ૪-૧ મિ મૂકયા. ૪-૨ પામૂં સહિ. ૫-૧ કશ્યપ કુંલ્ય, તો અન્ય પુરુષ માહારિ. ૫-૨ તૂં તાં છે. "અ" પ્રતની ૬-૧ની "અર્પદાન..." વાળી પંક્તિ "બ" પ્રતમાં બે વાર આવી છે, ૧૧મી અને ૧૩ મી પંક્તિ તરીકે. ૭-૧ ચીત ચર્ણે : સંભવ છે કે "બ" પ્રતના લહિયાએ જ "ચરણે" સાથે શોભે એવું "ચીત્ત" "મન" ને સ્થાને, મૂકયું હોય : ૭-૨ વલી : "વહી"ને સ્થાને. ૮-૧ ભીમકને "અ" માં ભીમકનિંધ્ય" છે, પણ પૂર્વે "ભીષ્મક" આવી ગયું છે. : ૨-૬ એટલે એમ કરી લીધું છે. : ૮-૨ જે. ૯-૧ નર. ૯-૨ કુઅરને : "કૃષ્ણદેવ" ને સ્થાને. ૧૦-૧ તો જન્મ, સારથીક. ૧૦-૨ રાજકંન્યા. ૧૧-૧ સઘલામાં. ૧૨-૧ પુલી એહને. ૧૩-૧ તેડાવો નીરધાર. ૧૪-૨ બેઠો રાજા. ૧૬-૧ તૂંઝ પાસે. ૧૭-૧ હરી દ્વેષીમાંહે. ૧૭-૨ ષર. ૨૦-૧ અંતરમાં.

**કડવું ૪ :**

૧-૨ ને. ૨-૨ રે : "એ"ને સ્થાને. ૩-૨ કાલ આવ્યો. : "તા" નથી. ૪-૧ અંનિ શોક આંણી. ૫-૧ ગલીત ગત્ય મનભંગ. ૫-૨ નચ્ય ગમે. ૬-૧ કર. ૭-૨ આવી : "ઇછી"ની

જગાએ. ૮-૧ હલાહલ ફટ. ૮-૨ શ્યાંમસુંદરને તજી. ૯-૧ મૃગલી. "અ" પ્રતની ૯મી કડી "બ" માં ૧૦મી છે, અને "અ" ની ૧૦મી કડી "બ" માં ૯ મી છે. ૧૦-૨ પર્ણી કો. ૧૧-૧ તે "અ" પ્રતના "તુ"ની જગાએ. ૧૨-૧ પ્રત્યે. ૧૩-૧ એહવે સમે. ૧૩-૨ યાંહિ. ૧૪-૨ જાયો. ૧૫-૧ કરે તે યદુનાથ. ૧૭-૧ સૂંણી: અર્થની દૃષ્ટિએ "અ" પ્રતમાંનું છુ 'કહી' અસંબદ્ધ હોવાથી "બ"ના "સૂંણી" પરથી વાચનોમાં "સૂણી" સ્વીકાર્યું છે: ૧૭-૨ ત્યારે: 'પછિઇ"ની જગાએ:

**કડવું ૫:**

૩-૧ શ્રીકૃષ્ણને. ૩-૨ પલમાંહે. ૪-૧ મુક્ત કોમલ. ૬-૨ "મઇ" નથી. ૮-૨ વહેલા કરો નહીતર. તાહારી નાથ. ૧૨-૨ નિર્વાણ્ય "સહિ જાંણિ"ને સ્થાને; ૧૩મી કડી "બ" પ્રતમાં નથી. એમાં "અ" પ્રતની ૧૪મી કડી ૧૩મી છે. આથી "બ" પ્રતના ૧૩થી ૧૬ કડીઓના ક્રમાંક, 'અ' પ્રતના ક્રમાંકથી જુદા પડે છે. ૧૭મી કડીએ બંને પ્રતોના ક્રમાંકો મળી જાય છે, "બ"માં "અ"ની ૧૩મી કડી નથી, તો "અ" માં "બ"ની૧૬મી કડી નથી તેથી. ૧૫-૨ કહ્યો છે. ૧૬-૨ સ્વજનવર્ગની. "બ" પ્રતની ૧૬મો કડી "અ" પ્રતમાં નથી. તે આવી છે:

> પ્રભાત્યના સંધ્યા લગે મુની કરી દોડાદોડ્ય.
> ઘણૂએક રુક્ષજી હલફલ્યા પણ હીંડ્યા ગાઉ ડાડોઢ.

આ કડીનું સ્થાન "અ"ની ૧૬મી કડી પછી હોઈ શકે, પણ એ મૂળ પ્રતમાં નથી, એને વાચનામાં દાખલ કરવાથી મૂળ "અ" પ્રતના પ્રાપ્ત ક્રમમાં ફેર પડે અને સંદર્ભ માટે એ આવશ્યક પણ નથી, તેથી અધિકૃત વાચનામાં લીધી નથી.

૧૮-૧ નીવાશી યે હતો અધીપત્ય. ૧૯-૨ માંહિ. ૨૦-૨ તૂજને કાંઇ શૂં થયો છે સનેપાત. ૨૪-૨ આંણી.

**કડવું ૬:**

૧-૧ મંન્ય. ૨-૨ થયો રે. ૪-૨ વૈકુંઠપિ. ૮-૧ ત્યાંહાં સ્થકી. ૧૦-૧ બ્રાહ્મણ સંધ્યા કરી. ૧૧-૨ સાથે. ૧૭-૨ પૂરણ ધર્મ વીવેક. ૨૨-૧ કાં લગાડો વાર. ૨૬-૧ એહવૂં મન્ય ધરીને. ૩૨-૨ વીદર્ભાને પાસ. ૩૩-૧ મધુર વચને મિષ્ટ.

**કડવું ૭:**

ધ્રુવપદનો પ્રથમ અક્ષર "અ" પ્રતમાં પહેલી ને સાતમી કડીમાં "વે." છે, ને અન્યત્ર "વિ"થી શરૂ થાય છે. માટે "વિ" જ યોગ્ય ગણ્યો છે. ૨-૧ આવે. ૨-૨ આંણાવી, દેહ, કરૂં નાશ રે. ૪-૨ એટલે. ૬-૧ અંબીકાનૂં આંહિ. ૬-૨ તૂજને જાવૂં છે ત્યાંહિ, મુઝને મોકલીએ આહિ.: ચરણો આગળપાછળ થયાં છે. ૭-૨ ચરણે આગલે. ૮-૨ પહેલું ચરણ "બ" પ્રતમાં નથી. પ્રેમે.

**કડવું ૮:**

૧-૧ કને આવીઆ રે: "પછિઇ" નથી: ૧-૨ અને ૨-૨ રે. "એ"ને સ્થાને: ૩-૧ યાંહિ. ૩-૨ માંહિ. ૮-૨ કરતો. ૯-૨ સંગ્રામે સુરા. ૧૦-૨ છે હરી મલવાને. ૧૧-૧ દલ પૂંઠિઇ.

૧૧-૨ વલ્યાંને ચાલ્યા. ૧૩-૨ સિંહ. ૧૫-૨ **સનમુખ થા** મુઝને. ૧૬-૧ કયાં કુલમાત. ૧૯-૨ અંગ ઉરસ્થલ. ૨૩-૧ તોષાર ચલાવ્યા.

**કડવું ૯ :**

૧૨-૨ શ્રોણિતની. ૧૫-૧ જીતાય. ૧૬-૨ નીધીને પાશ.

**કડવું ૧૦ :**

૨-૧ વીધીવાચક કહી. ૨-૨ યાદવપતી જીત્યા. ૫-૨ રણુમાંહિ. ૯-૨ સુતની ધ્વજા. ૧૦-૧ બલવંતે શર આગે કરી. ૧૫-૧ મારૂં. ૧૫-૨ જગતલોકીકનાથ. ૧૬-૨ અપરાધકૃત. ૧૭-૧ શરણાંગત્યનું વીજયપંજર. ૧૭-૨ જઠર જનૂની પેટ. ૧૯-૧ તદા અતિશય ભીમકતંન. ૧૯-૨ ત્યાંહાંથી.

**કડવું ૧૧ :**

૧-૨ નહી નેટ, "તુ" નથી. ૭-૧ છે એહ, કાઢીઓ રે હતો યે. ૯-૨ વદે રે કયમ કીજીએ તાત. ૧૦-૧ ક્રોધ. ૧૦-૨ નહી રે વણુ. ૧૧-૨ રણછોડજી રે. ૧૨-૧ આવતાં ઉગ્રસેને ગ્રહ્યા. ૧૨-૨ સૈન્યશૂં પછે ભેટવા.

**કડવું ૧૨ :**

૧. નભ રે મંડલે. ૨. નયરદ્વારચ...મણી માંણીક કોશીશે ઢાલ્યા. "અ" પ્રતની ચોથી કડી "બ"માં પાંચમી છે, 'બ"ની ચોથી કડી "અ"માં પાંચમી છે. આમ કડી ૪-૫નો ક્રમ "અ"-"બ" પ્રતોમાં ઊલટો છે. ૬. જોતાં દષ્ટે તેજ ન થોભે. ૯. આ કડી : ૯મી : "બ"માં નથી. ૧૧ હરિષ. ૧૩. સંવત સોલ **શત્તાલા** જાંણ્ય. માગશર સુદ પંચમી પરમાણ. : ૧૨. ૧૨-"બ" પ્રતઃ આ કડી પછી "બ" પ્રત "અ" પ્રતમાં નહિ એવી વિગતો આપતી નીચેની બે વિશેષ કડીઓ આપે છે :

> નક્ષત્ર ઉત્તરા ને રવીવાર, રુકમણી-હર્ણું કરચો વીસ્તાર.
> શ્રી સ્થંભપર સાયર છે યાંહિ, કવીતા કુલ બંધારા માંહિ.
>
> ૧૨. ૧૩-૧૪, "બ" પ્રત

આ બે કડીઓમાંથી પહેલી કડીની વિગતો "અ"ની "સંવત ૧૬ ત્રિઇવાલા, કાર્તિક સુદી ૫"ની વિગતો સાથે સુસંગત ન હોય અને બીજી કડીનો ઉત્તરાર્ધ "અ" પ્રતની "કુલ બંધારામાંહિ સાર, ચરણિપ્રાખ્ય શ્રી યુગદાધાર" એ કડીના પૂર્વાર્ધમાં લગભગ આવી જાય છે. એટલે એ બંને કડીઓને અધિકૃત વાચનામાં સ્વીકારી નથી.

૧૧ શુકજી. ૧૫. કીપાલ તે રદયામાં.

અંતે—

કડવાં ૧૨

॥ ઇતિ શ્રી રુકમણીહર્ણું સંપૂર્ણ ॥

છેલ્લી સાત કડીઓનો ક્રમ "બ"માં આમ છે:

દેવકીમાએ નીરંજન કરીઉ, કંન્યારુપ રદેમાં ધરીઉં.
શુકજી કહે: પરીક્ષત એ સૂણતાં, પાતીક પંચ દહે હરીષ ભણતાં.
રુકમણીહર્ણ પરીપૂરણ કીધૂં, ઉત્તમ પદ શ્રીનાથે દીધૂં.
સંવત સોલ શત્તાલા જાંણ્ય, માગશર સદ પંચમી પરમાણ.
નક્ષત્ર ઉત્તરા ને રવીવાર, રુકમણીહર્ણ કરચો વીસ્તાર.
શ્રી સ્થંભંપર સાયર છે યાંહિ, કવીતા કુલ બંધારા માંહિ.
કાશીસુત કહે: કાંઇ ન જાંણૂં, કૃષ્ણ કીપાલ તે રદયાંમાં આંણૂં.

(૧૨.૯-૧૫, "બ" પ્રત)

# બે પ્રાચીન પદ

હરિવલ્લભ ચૂ. ભાયાણી

'સ્વાધ્યાય', પુ. ૧૧, અંક ૪ (ઑગસ્ટ, ૧૯૭૪)માં ડૉ. ભો. જ. સાંડેસરાએ એક પ્રાચીન સત્યભામા-ગીત પ્રગટ કરતાં જૂની પ્રતોમાં સચવાયેલાં જૈનેતર પદોનું યોગ્ય રીતે જ મહત્ત્વ દર્શાવ્યું છે. નીચે આપેલી સીતા-હનુમાન મિલનને લગતી બન્ને કૃતિઓ એક વિવિધ રચનાઓના જૂના ગુટકામાં મળી આવી છે. ગુટકો સંવત ૧૬૨૯ની સાલનો છે, અને સંભવતઃ કૃતિઓ વધુ જૂની છે. વ્રજભાષાનું પદ તો સ્પષ્ટપણે સૂરદાસનું છે, જ્યારે બીજું અનામી પદ પણ તેની ભાષાને આધારે સોળમી શતાબ્દીમાં મૂકી શકાય. (ક્વચિત્) અનુસ્વારનો અભાવ ('સાભલો', 'અજની') હ્રસ્વ-દીર્ઘનો અવિવેક ('પુર્વ', 'દીન', 'ચીંત', 'ચિંત'), 'ઉ'નો 'અ' ('જગ', 'હનમંત') જેવામાં લેખનની થોડીક અશુદ્ધિ કે આધુનિકીકરણનાં ચિહ્ન દેખાશે. સૂરદાસના પદની ભાષામાં પણ ગુજરાતીનો પ્રભાવ દેખીતો છે. એ પદ પહેલાં પ્રકાશિત થયું છે કે નહીં તેની તપાસ હું કરી શક્યો નથી. બન્ને પદનાં શીર્ષક મેં સૂચવેલાં છે.

### [સીતાસંદેશ]

(રાગ : રામગ્રી)

સીતાજી બોલિ છે વચન :
સાભલો, અજનીના તન !
ઠાકુરજીઇ ઉતારું છે મન–
હનમંત ! રાઘવને કેહેજો,
અવગુણ અહ્મારા ગ્રેહેજો,
વીરાજી ! રામને કેહજો. ૧

પ્રેમદાય પીઉ વિના રહૂ ન જાયે,
ક્ષણ એક જ(જુ)ગ સમાનિ થાઇ,
મલવાનિ આવુ, રઘુપતિ રાય !
માહારે નહી પીતા નિ માય–
હનમંત ! રાઘવને કેહજો. ૨

આપણિ પુર્વ–જનમની પ્રીત,
તે સહૂ જાણિ છે નવનીત,
વાહલેજીઇ વાનર કીધા મીત,
હવે કાં ઉતારી છે ચીંત–
હનમંત ! રાઘવને કેહજો. ૩

એક દીન બેસારી ઉછંગ,
વેણી શીર ગુથી હૂતી અંગ,
ત્યાહારિ હતો રે બહૂ રંગ,
હવડાં થઉ છે ચિંત ભંગ–
હનમંત ! રાઘવને કેહજ્યે. ૪

એક દૂખ રાક્ષસના ઘરિબારિ,
બીજૂં દૂંખ વેગલા દેવમુરારિ
મે તજૂં આપુષણ, વારિ,
સ્વામી ! સ(સિ) ન કરો સંભાલ–
હનમંત ! રાઘવને કેહજ્યે. ૫

*

[ सीता-भेट ]

( राग–मल्हार )

बनचर कोण देस–थि आयु ॥
काहां वे राम, काहां वे लीक्षिमण
काहां थि मुद्रा पायु ॥—बनचर० १

हूं हनमांन, रामजी को सेवक
तंम सिध्धि लेन पठाउ ।
तम जन जीउ डरपे, मेरी माई !
जोर रांम दल आयुं ॥—बनचर० २

रावण मारि तुहि लई जाउ
राम–आगया नही पायु ।
सूरदास–प्रभु रावण षांह्यू (?)
सुतो संघ जगायु ॥—बनचर० ३

# અભિજાત પાંડિત્યની ઝાંખી*

**વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી**

સ્વ. પ્રો. ગૌરીપ્રસાદ ઝાલા ગુજરાતના એક અગ્રણી સંસ્કૃત પંડિત હતા. એમના સંસ્કૃત અને સંસ્કૃતિ વિશેના લેખોનો આ સંગ્રહ એમને સુયોગ્ય અંજલિરૂપ છે. આનંદશંકર, નર્મદાશંકર મહેતા, પંડિત સુખલાલજી વગેરેએ નિરૂપણ, વિવરણ અને અર્થઘટનમાં જે અનાકુલ અને અનાક્રમક, સમતાસંપન્ન વિવેકદૃષ્ટિની પ્રણાલિકા સ્થાપી છે તેને જ પ્રો. ઝાલા અનુસરે છે ને પુષ્ટ કરે છે. વિદ્યાકીય સામગ્રીનો કે સંશોધનપ્રાપ્ત હકીકતોનો દ્રોહ કર્યા વિના, વિદ્યાને સજીવ, પ્રેરક અને લોકહિતવર્ધક બનાવી શકાય એની હૃદયપ્રેરિત યુક્તિ આનંદશંકરને લાધી હતી અને તે જ દૃષ્ટિનું આ સંગ્રહ નિદર્શન છે. આ દૃષ્ટિ સંગ્રહને સૂક્ષ્મ એકસૂત્રતા અર્પે છે.

"નીરાજના"માં અનેક અને વિવિધ વિષયોના લેખો છે. એમાં સંહિતા, બ્રાહ્મણ, ઉપનિષદો, ભગવાન બુદ્ધનો ઉપદેશ, જાતકકથાઓ, ભગવદ્ગીતા, બૃહત્કાવ્યો, મહાભારત-રામાયણ, દર્શનો, ભાસ, અશ્વઘોષ, કાલિદાસ વગેરેને સંસ્પર્શતા લેખો છે. ઉપરાંત પ્રો. ઝાલાની કલ્પનાને અવકાશ આપે તેવા સંવાદો અને 'મનોવિહારો' છે. બધા વિષયોમાં પ્રો. ઝાલાની પ્રજ્ઞા અને વિદ્યાની સરખી ગતિ છે, પણ નિમિત્તભેદથી લેખોમાં અણસરખું મૂલ સમજાય એ સ્વાભાવિક છે. પ્રો. ઝાલાએ અધિકારભેદનો સિદ્ધાન્ત એક આચાર્ય તરીકે પાળ્યો છે. વાચક યા શ્રોતા કોણ છે, વ્યાખ્યાવિમર્શ માટે કેટલો અવકાશ છે એ બધું ધ્યાનમાં રાખ્યું છે. "અખંડ આનંદ"ના લેખ અને આકાશવાણીનાં સંભાષણો, "જીવનમાધુરી" અને "સંસ્કૃતિ"માંના લેખો અને "સમિધ" અને "ભારતીય વિદ્યા"માંની ચર્ચાઓ રીતિ અને વિચારસામગ્રીમાં જુદી જુદી કક્ષાનાં હોય. બધામાં કોમળ પ્રકાશવાળી જ્ઞાન અને વિચાર કે વિવરણ અને રસદર્શનની સામગ્રી મળે, પણ બધી સરખી તૃપ્તિદાયી ન હોય. ગીતા ઉપરનો "સમિધ"માંનો લેખ યા "ભારતીય વિદ્યા"-માંનો "ચ્યવનાખ્યાયિકા", આકાશવાણીનાં "પદ્યકાવ્યો" સંભાષણ કરતાં વધારે સંભૃત છે. બધા લેખો લોકભોગ્ય છે; અને "લોક"માં વિદગ્ધોનો સમાસ કરવાથી વિદગ્ધોની માનહાનિ થતી નથી.

અને ખરેખર, જનભોગ્યતાની નેમથી પ્રો. ઝાલા વધારે સરળ ભાવે વિષયમાં પ્રવેશ કરાવે છે. સરળતાથી વિહરતા છતાં તેઓ ક્ષુલ્લકતામાં સરતા નથી, અને સુશ્લિષ્ટતા સાચવે છે. અભિજાત વિદ્વત્તાનું આ એક સુંદર લક્ષણ છે. પ્રો. ઝાલાની ગદ્યશૈલીમાં પણ એ જ ગુણનો અનુભવ થાય છે: એ સુગમતાની મર્યાદા ઓળંગતી નથી અને મિથ્યાપાંડિત્ય, કલેશકર શૈલી કે પરુષ શબ્દોને ટાળે છે.

---

* સ્વ. પ્રો. ગૌરીપ્રસાદ ઝાલાના આગામી લેખસંગ્રહ 'નીરાજના'નો પ્રવેશક

આ દૃષ્ટિએ પ્રો. ઝાલાના નિબંધોનાં ઉપક્રમ અને વિવરણ વિલોકવા જેવાં છે. પંદર મિનિટનું સંભાષણ હોય કે પાંચ પાનાનો લેખ હોય પણ વિષયની ભૂમિકામાં સામાન્ય વાચકને માટે આવશ્યક એવી સામગ્રી સુવાચ્ય સંક્ષેપમાં તેઓ આપે છે. "સોમ પવમાન"નો કે "યમ-સૂક્ત"નો ઉપક્રમ વા "યોગદર્શન" કે "કર્ણભાર"નો પ્રારંભ આનાં સરસ ઉદાહરણો છે. વરુણ વિશે લખતાં એ દેવનું વિશિષ્ટ સ્થાન પ્રો. ઝાલા વર્ણવે છે :

> સૂક્તકાર ઋષિઓ ઈન્દ્ર, અગ્નિ, વાયુ, અશ્વિના, સૂર્ય, બૃહસ્પતિ, ઉષસ્ વગેરે દેવોને યજ્ઞમાં નોતરે છે, અથવા તો તેમની સ્તુતિ કરે છે તેમાં તે તે દેવો સાથે સખિભાવ—મૈત્રીનો ભાવ—ભોગવતા હોય એમ લાગે છે. જ્યારે વરુણ એક જ એવો દેવ છે જેના પ્રત્યે સમાનતા કે મૈત્રીની ભાવના નહિ, પણ નમ્રતા અને દીનતાપૂર્વક વ્યક્ત કરાતી પરાધીનતાની ભાવના ઋષિઓ સેવે છે. આનું કારણ વરુણના સ્વરૂપની અને અધિકારની ભવ્યતા છે. × × × વિશ્વનાં સર્વ અંગોપાંગો અને પ્રસંગોને વ્યવસ્થિત દશામાં સાચવનારા મહાનિયમને ઋગ્વેદના ઋષિઓ ऋत શબ્દથી ઓળખાવે છે. ઉત્ક્રાન્તિના આ મહાનિયમને કોઈ દેવ ઉલ્લંઘી શકતો નથી. ખરું જોતાં તો બીજા બધા દેવ આ ऋतને આધીન છે, જ્યારે વરુણ જ એકએવો દેવ છે, જેનો ऋत સાથેનો સંબંધ સમકક્ષ જેવો છે.

સર્વસામાન્ય સંસ્કારી શ્રોતા કે વાચકને લક્ષમાં રાખીને પ્રો. ઝાલા સંસ્કૃત અવતરણોનો મૂલાનુસારી પણ સુસ્પષ્ટ અનુવાદ આપે છે. તેમાં મૂલનું ભાવસૌન્દર્ય પણ જળવાય છે એટલું જ નહિ, "અરણ્યાનીસૂક્ત" જેવામાં તો એમની અનુવાદકલા સાથે કવિતા પણ પાંગરી ઊઠે છે. આ સંગ્રહમાં "અરણ્યાનીસૂક્ત" લેખ લઘુ પણ સાદ્યન્ત મનોહર છે. વિષયનિરૂપણની એમની વિશિષ્ટ ઘાટી પ્રમાણે આરંભે સંહિતામાંનાં ધર્મના સંસ્પર્શ વિનાનાં લોકલક્ષી (Secular) સૂક્તોનું સ્મરણ કરાવી, उषस्, पर्जन्य, रात्रिનું કવિનિરૂપિત સૌન્દર્ય ઉલ્લેખી, લેખક મનોહર પ્રકૃતિકાવ્ય अरण्यानी સૂક્તની રમણીયતા આલેખે છે. ખરેખર, આવું આધુનિક દૃષ્ટિવાળું, વાસ્તવ-દર્શી છતાં કલ્પનારુચિર પ્રકૃતિકાવ્ય ઋગ્વેદમાં હશે એવો ખ્યાલ પણ કોઈને ભાગ્યે જ આવે.

> अरण्यानी એટલે મહાવન. સૂક્તના કવિને ગાઢ અરણ્યનો સાક્ષાત્ પરિચય હશે; ગામથી થોડે દૂર વનના એકાન્તમાં—સાંજે જ્યારે બધું સૂમસામ હોય, કંસારી અને બીજાં જીવડાંઓના મહાસંગીતથી ઘેરી વનની "કોલાહલિત" શાન્તિ હોય કે દૂરથી કોઈ ગોવાળ ગાયને સાદ પાડીને આખા ય પ્રદેશને સંનાદિત કરતો હોય, કોઈ કઠિયારો ઝાડના થડને કાપતાં ઘા ઉપર ઘા કરીને એ અવાજના પડઘાથી વનના એકાન્તને ગજવતો હોય, અસૂરી સાંજે અરણ્યના ઘેરા એકાન્ત પ્રદેશમાં એકલદોકલ રહી ગયેલી વ્યક્તિનું હૃદય ખોટા ભણકારાથી ફફડી ઊઠે તેવી વેળા હોય—આવી આવી અનુભૂતિની ક્ષણો આ સૂક્તના કવિએ આ કાવ્યમાં વ્યક્ત કરી છે.
>
> રાજેન્દ્ર શાહનો કોઈ ઋષિપૂર્વજ જાણે બોલે છે :

गामङ्गैष आ ह्वयति दार्वङ्गैषो अपावधीत् ।
वसन्नरण्यान्यां सायमक्रुक्षदिति मन्यते । ऋ. १०-१४६-४.

જુઓ, પેલો ગાયને સાદ કરે છે; જુઓ ત્યાં પેલો લાકડાં કાપે છે. સંધ્યાકાળે વનમાં રહી ગયેલો વટેમાર્ગુ 'કોઈએ બૂમ પાડી !' એમ માને છે.

આ સુંદર ગદ્ય અનુવાદથી જાણે અસંતુષ્ટ હોય એમ પ્રો. ઝાલા એમના કવિત્વને પદ્યમાં વહેતું મૂકે છે :

જો ગાયને દે સાદ પેલો !
ને કાષ્ઠ અહીં આ કાપતો.
સાંજ ટાણે રાનમાં
અસુરો થયેલો કામમાં
ફફડી ઊઠે ભણકારથી.
"કોણ બોલ્યું ? કોણ એ ?"
વનસુંદરી, વનસુંદરી !

પ્રો. ઝાલાની સરસ્વતીસાધનાનો જેને પરિચય છે તે જાણે છે કે આવી પદ્યાનુસારી ભાષાન્તરની કળા તેમને સિદ્ધ હતી અને અનેક સંસ્કૃત કૃતિઓના તેમણે સુંદર પદ્યાનુવાદ કર્યા છે. ગુજરાતી કૃતિને સંસ્કૃત પદ્યમાં પણ તે સરળતાથી ઉતારી શકતા. "અરણ્યાની" જેવું જ રોચક "કર્ણભાર"નું રસદર્શન છે જે એમની નાટ્યકલાની મર્મજ્ઞતાનું દ્યોતક છે.

કાવ્યકલા પારખવાની અને માણવાની વિવેચકની દ્વિદલ સહૃદયતાનું ભગવદ્ગીતાના તેમના કવિતાદર્શનમાં સમર્થ દર્શન થાય છે. ભગવદ્ગીતા સાદ્યન્ત કવિતા છે એમ પ્રો. ઝાલા ગણતા નથી અને એમનો અભિપ્રાય વાજબી છે. કેટલોક ભાગ રચનામાં પોચો અને વર્ણનમાં માહિતીનો સમાહાર જ લાગે, પણ સમગ્રપણે એનો પ્રભાવ જેટલો ગંભીર અને ઉત્સાહી વિચારને આભારી છે તેટલો જ, કદાચ તેથી વધુ, તેના વ્યાપક કવિત્વને, તેના ભાવપ્રબોધક રચનાસૌન્દર્યને આભારી છે. એનો સંદર્ભ જ નાટ્યોચિત સંઘર્ષનો છે. આ લોકના વ્યવહાર અને નીતિધર્મની દૃષ્ટિએ તેમ જ પારલૌકિક આત્મસિદ્ધિ કે મોક્ષની દૃષ્ટિએ શોકાકુલ અને વિહ્વળ બનેલા અર્જુનના મનનું સમાધાન કરી યુદ્ધના કાર્યમાં તેને પ્રેરવો એ ભગવદ્ગીતાનું પ્રયોજન છે. કેવળ બુદ્ધિને સ્પર્શીને, તાર્કિક વિચારસરણીથી અર્જુનને ઉત્સાહિત કરી શકાય તેમ નથી—એના હૃદયને સ્પર્શવું જોઈએ અને તે કવિવાણીની છટાથી જ બની શકે. ઉપનિષદો અને ભગવદ્ગીતા જાગતિક પ્રતિષ્ઠાના ગ્રંથો થયા છે તે તેના તર્કકલાપથી નહિ, પણ સજીવ સંદર્ભમાં પ્રગટતા વિચારભાવ–કલ્પનાસમૃદ્ધ વાણીવૈભવથી. પ્રજ્ઞાનો આ આવિષ્કાર અનુભૂતિમૂલક છે એ હકીકતમાં ભગવદ્ગીતાના કાવ્ય તરીકે સનાતન પ્રભાવનું રહસ્ય રહેલું છે.

ભારતમાં પાંડિત્ય અને સંશોધનનાં અનેક અને વિશાળ ક્ષેત્રો છે. જ્ઞાનસંચય અને વિદ્યા-સંવર્ધનનાં કાર્ય થયાં કરે છે અને સંશોધકો, વિચારકો અને વ્યાખ્યાકારોએ પ્રથમ કક્ષાનું કામ પણ કર્યું છે. પણ મને એમ સમજાય છે કે પાશ્ચાત્ય વિદ્વાન જેટલી નિઃસંકોચતા અનુભવે છે તેટલી ભારતીય વિદ્વાન અનુભવતો નથી. આપણા દેશની વિદ્યાની પરંપરા અને સમાજના હૃદયનું દબાણ એને માટે થોડી વિશિષ્ટ કસોટીઓ ઊભી કરે છે. એ કસોટીઓ છે સમાજનિષ્ઠાની, સત્ય-

નિષ્ઠાની અને આત્મનિષ્ઠાની; અને એ ત્રણનો સંવાદ ન સધાય તો પંડિતબુદ્ધિ સૂક્ષ્મ ઓથાર અનુભવે છે. વિચારવિષયનાં તત્ત્વોમાં પ્રધાન-ગૌણના વિવેકથી; સારગ્રાહી દૃષ્ટિથી, અને પૂર્વપક્ષીને સંપૂર્ણ ન્યાય આપવાના સંકલ્પથી આ ઓથારને આનંદશંકર-નર્મદાશંકર-સુખલાલજી જેવા વિચારકો ભેદી શકયા છે. જગવિખ્યાત રાધાકૃષ્ણન્ આવા સત્યનિષ્ઠ પણ ઉદાર અભિગમનું સર્વોત્તમ ઉદાહરણ ગણી શકાય. પ્રો. ઝાલા એમના, પ્રમાણમાં મર્યાદિત, ક્ષેત્રમાં આ કસોટી અવગણતા નથી; અવગણે તો તો વિદ્યાનિષ્ઠાને ખમવું પડે; પણ પ્રસંગ અને અધિકારભેદમાં હૃદય-મતિ જાળવી, વૈજ્ઞાનિક તથ્યનો માત્ર નિર્દેશ કરીને તેને અળગી રાખે છે. સમાજનિષ્ઠા અને વિદ્યાનિષ્ઠા એમ બન્ને જળવાય છે.

"વાલ્મીકિ રામાયણની સમીક્ષિત આવૃત્તિ"માં રામાયણની અનેક વાચનાઓનો ઉલ્લેખ કરી સમીક્ષિત આવૃત્તિમાં કેટલુંક પરંપરાપ્રાપ્ત છોડી દેવું પડે છે એની પ્રો. ઝાલા વાત કરે છે. "સમીક્ષિત વાચનાની સ્થાપના માટેના પ્રયાસોનું પ્રજાહૃદયને ક્ષોભ પમાડે તેવું પણ પરિણામ આવે" એમ જણાવી, કિષ્કિન્ધાકાંડમાંની લક્ષ્મણની સુપ્રસિદ્ધ અને લોકહૃદયમાં અંકાઈ ગયેલી ઉક્તિ—नाहं जानामि केयूरे...—સમીક્ષિત વાચનામાંથી છોડી દેવી પડી છે એ આ પરિસ્થિતિનું ઉદાહરણ છે એમ દર્શાવી, પ્રો. ઝાલા આ વિષમતાની ચિંતાના બે શબ્દ ઉચ્ચારી વિરમે છે:

> શાસ્ત્રીય પદ્ધતિએ કરાયેલી વાચનાથી થતો સંતોષ વધારે કે ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીપુરુષના સંબંધની અને સવિશેષ તો કુટુમ્બજીવનના એક અંશની ભાવનામય ઉદાત્ત અભિવ્યક્તિને જતી કરવાથી થતું દુઃખ વધારે ? भिन्नरुचिर्हि लोकः ।

મને લાગે છે કે ભારતીય બુદ્ધિ મૂળ પદારથ સાચવી રાખી પારંપારિક લાગણીઓનું પરિશોધન કરી શકે છે અને 'ભિન્ન રુચિ'નો આશ્રય લેવાની જરૂર નહીં પડે. પણ એ થઈ જરા જુદી વાત. આ વિદ્વાનને હૃદયમન્થન કરાવતા એવા બીજા પ્રસંગ પણ સંગ્રહમાં છે જ્યાં આત્મ-નિષ્ઠાને—આત્મામાં ઊગતા સત્યની નિષ્ઠાને—કંઈ આહ્વાન છે.

"દુર્યોધન-કૃષ્ણ-સંવાદ"માં તો દલીલમાં દુર્યોધન જીતી જતો હોય એમ લાગે છે. પ્રો. ઝાલાની સત્યધર્મદૃષ્ટિ છૂપી રહેતી નથી પણ વાચકની હૃદયવૃત્તિ સાથે સંવાદ સાધી ધર્મતત્ત્વની નિગૂઢતાનો તેઓ આશ્રય લે છે:

> રામાયણમાં વાલિવધના પ્રસંગની પેઠે કે મહાભારતમાં કર્ણવધના પ્રસંગની પેઠે આ દુર્યોધનવધપ્રસંગ ધર્મ અને નીતિનો કૂટ કોયડો રજૂ કરે છે કે ધ્યેયપ્રાપ્તિમાં અધર્મ્ય કે અન્યાયી ઉપાયો યોજી શકાય કે કેમ ? અત્યારે તો એટલું જ કહેવાય કે—धर्मस्य तत्त्वं निहितं गुहायाम् ।

"एकोऽहं बहु स्याम्"માં પણ આવું તટસ્થ વલણ પમાય છે. કૂટસ્થ, કેવળ સત્ અને આ પ્રત્યક્ષ વિશ્વપ્રપંચનો સંબંધ કળી શકાય તેવો નથી. એને અંગેનું હરકોઈ વિધાન સંશયગર્ભ રહેવાનું. વિશ્વયોજનાની એ પરમકાષ્ઠા જ અગોચર અને અગમ્ય છે. "श्रुत्वाप्येनं वेद न चैव कश्चित् જેવી આપણા સૌની ગતિ સમજવી"—આટલો અનાગ્રહનો જ આગ્રહ રાખી શકાય.

હૃદયવૃત્તિનું કે પંડિતબુદ્ધિનું આ તાટસ્થ્ય પ્રોત્સાહક રીતે ઉદાર અને મર્મગ્રાહી પણ નીવડે છે. હિન્દુધર્મને યથાર્થ સમજવા માટે કોઈ એક ગ્રન્થનો આધાર લઈને બેસી જઈએ કે કોઈ એક આચારપદ્ધતિનો આશ્રય લઈએ એ વાજબી નથી. તત્ત્વદર્શનમાં એ ખોજરૂપ વિચારપ્રવાહ છે અને સાધનાપદ્ધતિમાં એ ધ્યેયને અનુરૂપ આચારવૈવિધ્યનો ભંડાર છે. પણ એ સર્વમાં પ્રાણરૂપ છે શ્રેયોલક્ષી ઉત્ક્રાન્તિની કિંવા મોક્ષની અભીપ્સા.—આ શ્રદ્ધા અને આ પ્રતીતિને પ્રો. ઝાલા તેજસ્વી વાચા આપે છે:

> સાચી વાત તો એ છે, કે જેમ વિજ્ઞાનનો કોઈ સ્થાપક નથી કે તેનો અમુક જ પ્રસ્થાનગ્રન્થ નથી તેમ આપણા ધર્મનો પણ કોઈ એક સ્થાપક નથી કે તેનો કોઈ એક જ પ્રસ્થાનગ્રન્થ નથી. ××× ધર્મ પણ જો સત્યપ્રતિષ્ઠ હોય, સત્યના સાક્ષાત્કારને અનુકૂળ રહેવાનો એનો સ્વભાવ હોય અને તેની પરિસમાપ્તિ કેવળ તાન્ત્રિક ક્રિયાઓમાં કે માન્યતાઓમાં જ ન થતી હોય તો ધર્મ પણ પરમ સત્યની ખોજરૂપ જ છે. આ વિશ્વની અંદર અને બહાર પ્રવર્તતા ઋત અને સત્યને સમજવા માટે વૈદિક કાળમાં કેટકેટલા દ્રષ્ટાઓ પ્રયત્નશીલ બન્યા છે ! ઋગ્વેદના સમયમાં જ મંત્રદ્રષ્ટાઓને સમજાઈ ગયું હતું, કે ઇન્દ્રાદિ દેવતાઓના અનેકત્વની પાછળ એકત્વ રહ્યું છે. આ દર્શન બુદ્ધિશક્તિનો નાનોસૂનો વિજય નથી. × × × કહોળે પૂછ્યું, કે આવા બ્રાહ્મણ શી રીતે થવાય ? યાજ્ઞવલ્કયે ઉત્તર આપ્યો કે येन स्यात् तेन ईदृशः एव स्यात् । ( જે રીતે કે માર્ગે એ બ્રાહ્મણ થશે તે આવો જ થશે. ) આપણો ધર્મ પણ યાજ્ઞવલ્કયની વ્યાપક દૃષ્ટિથી પરમ સત્યનું દર્શન કરતો પોતાના અમુક જ સાંપ્રદાયિક માર્ગનો આગ્રહ નથી રાખતો. "સાચો ધાર્મિક કયા ધર્મથી થવાય ?" એ પ્રશ્નના ઉત્તરમાં યાજ્ઞવલ્કયની પેઠે એ પણ કહે છે—**येन स्यात् तेन ईदृशः एव स्यात् ।**

બન્ધુ અને મિત્ર તરીકે વા અધ્યાપક, લેખક કે નાગરિક તરીકે આ બ્રાહ્મણ-આદર્શને અનુસરવાનો પ્રો. ઝાલાનો સર્વદા પુરુષાર્થ હતો.

# સંખેડા મેવાસનાં લોકગીતોમાં 'કૃષ્ણચરિત્ર'

રેવાબહેન તડવી, શંકરભાઈ સોમાભાઈ તડવી

૧ : ૧ જેઠ જાય .અને આષાઢ બેસે. આકાશ કાળાં કાળાં વાદળાંથી છવાઈ જાય. સૂર્યદેવ અવનિના મનુષ્યો સાથે સંતાકૂકડી રમતાં રમતાં પોતાની મજલ પૂરી કરે છે. રાત પડે ને મેઘ કડાકા કરે છે. વીજળીના ચમકારા આંખમિચામણાં કરાવે છે. બફારો! બસ એની તો વાત કરવાની નહિ! પરસેવાથી માનવો રેબઝેબ થઈ જાય! પશુ, પંખી અને માનવો ઉકળાટથી ત્રાસી ઊઠે, તો યે સૌ કામે લાગી પડે છે. કોઈ ખેતર સૂડે છે, કોઈ વાડાનો કચરો બહાર કાઢે છે, કોઈ ઘાસ ઘરમાં ઘાલે છે તો કોઈ ખાતર કાઢે છે—ખાતર વેરે છે. રવિ આથમતાં આથમતાં તો પવન ફુંકાવા માંડે છે. ચોતરફથી વાદળાં દોડી આવે છે. વીજળીના કડાકા થાય છે. સખત વાવાઝોડું થાય છે. સૌ બચવા માટે પોતપોતાનાં રહેઠાણમાં સંતાઈ જાય છે. કોઈનાં ઘરબાર ઊડે છે, તો કોઈની વૃક્ષવાડી ઉજ્જડ થઈ જાય છે. થોડી વારમાં પવનનું તોફાન સમે છે ને ઠંડો અને ભીનો પવન ફુંકાવા માંડે છે. પછી ઝરમર ઝરમર વરસાદ વરસી પડે છે!

૧ : ૨ હૈયામાં સૌ ઠંડક અનુભવે છે. યુગતરસી વસુંધરા પણ પાણી પી શાંત બને છે અને મધુરી સુવાસ પ્રસરી રહે છે. મયૂર કળા કરી નૃત્ય આરંભે છે. મેવાસી ખેડૂ તો વાવણીનું કામ શરૂ કરે છે, પણ આ થઈ વરસાદ વરસે તે વરસની વાત. જ્યારે ઋતુ આવ્યા છતાં વરસાદ ન પડે ત્યારે તો લોકોને ચિંતા ઘેરી લે છે; કારણ કે મેવાસી ખેડૂત માત્ર એક વરસાદને આધારે જ જીવે છે. મેવાસી ગ્રામ્ય અર્થશાસ્ત્રમાં 'મેહુલો' અગત્યનો ભાગ ભજવે છે.

૧ : ૩ એટલે ગ્રામ્યજનો મેઘ-ઉજાણી કરે છે. તે વખતે સ્ત્રી–પુરુષો ગરબા ગાય છે. સંખેડા મેવાસના લોકજીવનમાં ગરબા–રાસડા ગાવાનું જેઠ વદ કે આષાઢની શરૂઆતથી થાય છે. એ ગીતોમાં રાધા અને કૃષ્ણને લગતાં ગીતો હોય છે. તેનું સંકલન રજૂ કર્યું છે.

૧ : ૪ ગીતોનું સંપાદન ભદ્રાલી તા. સંખેડા, ગરડા તા. સંખેડા, પોચંબા તા. નસવાડી અને સીમેલ તા. નસવાડી ગામેથી થયું છે. શ્રી રેવાબહેન તડવીએ ગીતાંક ૧, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૯ અને ૨૧ અને શ્રી. શંકરભાઈ સોમાભાઈ તડવીએ ગીતાંક ૨, ૩, ૧૦, ૧૧, ૧૬, ૧૭, ૧૮, ૨૦, અને ૨૨નું સંપાદન કર્યું છે.

## ૧. ગોવિંદ હાલરું[૧]

૨ : ૧ કૃષ્ણ જન્મનું આ ગીત ગરડાથી સંપાદિત કરેલું છે. આ ઉપરાંત આમંત્રણનાં ગીતમાં કૃષ્ણજન્મનો ઉલ્લેખ છે.

---

૧ સરખાવો : રઢિયાળી રાત ભાગ ૨, ગીત ૨૨; પૃ. ૩૫

પહેલા તે માસનાં વધામણાં હરિ હાલરું રે,
બીજો માસ જાય રે ગોવિંદ હાલરું રે.
તીજા તે માસનાં વધામણાં હરિ હાલરું રે,
ચોથો માસ જાય રે ગોવિંદ હાલરું રે.
પાંચમા તે માસનાં વધામણાં હરિ હાલરું રે,
છઠ્ઠો માસ જાય રે ગોવિંદ હાલરું રે.
સાતમા તે માસનાં વધામણાં હરિ હાલરું રે,
આઠમો માસ જાય રે ગોવિંદ હાલરું રે.
નવમા તે માસનાં વધામણાં હરિ હાલરું રે,
દશમે જન્મ્યો કહાન ગોવિંદ હાલરું રે.
બાળક રહીને બોલિયું રે હરિ હાલરું રે,
માડી ! મને વ્હાલા[2] ગાવ રે ગોવિંદ હાલરું રે.
જતાં તે નાખીશ હીંચકો હરિ હાલરું રે,
આવતાં 'હાલા' ગાઈશ રે, ગોવિંદ હાલરું રે.
બાળક રહીને બોલિયું રે હરિ હાલરું રે,
માડી ! મને દાતણ દેવ રે[3] ગોવિંદ હાલરું રે.
પીત્તળ લોટો જલે ભર્યો, હરિ હાલરું રે,
દાડમ દાતણ દઈશ રે, ગોવિંદ હાલરું રે.
બાળક રહીને બોલિયું, હરિ હાલરું રે,
માડી ! મને નાવણ દેવ રે ગોવિંદ હાલરું રે.
તાંબા તે કૂંડી જળે ભરી હરિ હાલરું રે,
દૂધડે સમોવણ[4] દઈશ રે ગોવિંદ હાલરું રે.
બાળક રહીને બોલિયું હરિ હાલરું રે,
માડિ ! મને ભોજન દેવ રે ગોવિંદ હાલરું રે.
સોના તે થાળી ભોજન ભરી હરિ હાલરું રે,
ગરગરિયો કંસાર રે, ગોવિંદ હાલરું રે.
બાળક રહીને બોલિયું હરિ હાલરું રે,
માડી ! મને મુખવાસ દેવ રે, ગોવિંદ હાલરું રે.
લવિંગ સોપારી એલચી, હરિ હાલરું રે,
બીડલે બાસઠ પાન રે, ગોવિંદ હાલરું રે.
બાળક રહીને બોલિયું, હરિ હાલરું રે,
માડી ! મને બેસણ દેવ રે, ગોવિંદ હાલરું રે.
સાંધા તે માંચી હીરે ભરી, હરિ હાલરું રે,
બાજઠ બેસણ દઈશ રે, ગોવિંદ હાલરું રે.

---

૨ હાલરડું (બ. વ. પ્રયોગ) ૩ 'દ્યો'નું રૂપ: દો, આપો. ૪ દૂધનું સમોવણ, ૫ સાંધામાંચી,

## ૨ હરારી વાછરડી

૩ : ૧ સીમેલ તા. નસવાડીના રાઠવા કોળી શ્રી વાંછિયાભાઈ પાસેથી પ્રાપ્ત થયેલું આ ગીત ગોકુળ ગામની તોફાની અને હરારી ગાવલડીનું એક સરસ શબ્દચિત્ર આલેખે છે.

વાછરડી હરારી[૬] હો રામ, તારી વાછરડી હરારી.
જે આવે તે જાળવીને આવજો, મારશે શીંગડીનો ગોદો.
હો રામ, તારી વાછરડી હરારી.
જે આવે તે જાળવીને આવજો રે, બાંધી છે બેવડ નાડી,[૭]
હો રામ, તારી વાછરડી હરારી.
જે આવે તે જાળવીને આવજો રે, મારશે પગની પાટુ,
હો રામ, તારી વાછરડી હરારી.
જે આવે તે જાળવીને આવજો રે, મારશે પૂંછડાની ઝાપટ.
હો રામ, તારી વાછરડી હરારી.
વાછરડી હરારી હો રામ, તારી વાછરડી હરારી.
ગોકુળ ગામનું આવશે ગોવાળિયું રે, આડી ધરશે લાકડી,
હો રામ, તારી વાછરડી હરારી.

## ૩. વહાલો કાનુડો ગોવાળ

૩ : ૨ ગોપાલક કૃષ્ણનું દૈનિક ગોપજીવન સીમેલના રાઠવા કોળીમાં ગવાતાં આ ગીતમાં આલેખાયેલું છે.

રે મારો કાનુડો વા'લો રે, પગમેં પે'રી લાલ મોજડી;
રે મારો કાનુડો વા'લો રે, હાથમેં ઝાલી રંગત લાકડી.
રે મારો કાનુડો વા'લો રે, ગોધન ચારવા નીસરો.[૮]
રે મારો કાનુડો વા'લો રે, આજેનાં ધણ કાં ચારીઆં રે?
રે મારો કાનુડો વા'લો રે, જમના તેડે[૯] રૂડો ઝીંઝવો રે.
રે મારો કાનુડો વા'લો રે, આજનાં ધન કાં બેસાઈરાં[૧૦] રે?
રે મારો કાનુડો વા'લો રે, જમના તેડે રૂડાં ગોંદરાં રે.
રે મારો કાનુડો વા'લો રે, આજનાં દૂધ કાં કાઢિયાં રે?
રે મારો કાનુડો વા'લો રે, જમના તેડે રૂડાં ચૈડવાં રે.[૧૧]
રે મારો કાનુડો વા'લો રે, આજેનાં છાશ કાં વલોવિયાં રે?
રે મારો કાનુડો વા'લો રે, જમના તેડે રૂડી ગોળીઓ રે.
રે મારો કાનુડો વા'લો રે, આજેનાં ઘી કાં તાવિયાં રે?[૧૨]
રે મારો કાનુડો વા'લો રે, જમના તેડે રૂડાં તાવલાં રે.[૧૩]

---

૬ હરેડી, હરાઈ, ૭ દોરડું, ૮ નીકળ્યા, ૯ કાંઠે, ૧૦ બેસાડયાં, ૧૧ માટીના લોટા, ૧૨ તાવ્યાં-તાવ્યું, ૧૩ ઘી તાવવાનું (બ. વ. પ્રયોગ),

## ૪. દહીં ખાંધા ને ઢોળ્યાં !

૪.૧ : બાળકૃષ્ણ મહિયારીનાં દહીં-દૂધ ખાતા, સાથીદારોને ખવરાવતા અને ઢોળી દેતા. ગોવાલણી પાણી ભરવા જાય છે. કાનુડો છાનોમાનો બારણું ઊઘાડી ઘરમાં પેસે છે. છીંકા ઉપરથી મહીનાં ગોરસ ઉતારીને ખાય છે. થોડું ખાય ને વધારે ઢોળે છે. બધું દહીં ઢોળી દે છે, ત્યારે મહિયારી પાણી ભરી આવે છે. આમતેમ જુએ છે. ઘરમાં કૌતુક છે ! ! ત્યાં તો કાનજીને જુએ છે. નાડીએ બાંધીને મારે છે. તો યે જતાં જતાં કહે છે: મને શીદ મારે છે? આજે ખાધાં ને પાછો કાલે ખાઈશ !

હલી[૧૪] મૈયારી[૧૫] પાણી ભરવા ચાલી રે, સુંદર શામળિયા,
હલો કાનુડો બાઈણિ[૧૬] દબાયો રે, સુંદર શામળિયા,
બાઈણું ઉઘેડી ઘરમેં પેઠો રે, સુંદર શામળિયા.
આડું ભાળ્યું ને ઊંચું જોયું રે, સુંદર શામળિયા

મૂવો કાનુડો સીંકલે દબાયો રે, સુંદર શામળિયા
દઈ[૧૭] ખાધાં થોડાં ને ઘણાં ઢોઇળાં રે,[૧૮] સુંદર શામળિયા
હલી મૈયારી પાણી ભરી આઈવી રે,[૧૯] સુંદર શામળિયા
હલું માળલે[૨૦] બેડ઼લું ઊતાઈરું રે,[૨૧] સુંદર શામળિયા

બેડું ઊતારી આડું'વળું[૨૨] ભાઈલું રે,[૨૩] સુંદર શામળિયા
એણે દીધાં બાઈણા ઉઘેઇળાં રે, સુંદર શામળિયા
એણે આડું ભાઈળું ને ઊંચું ભાઇળું રે, સુંદર શામળિયા
હલો કાનુડો સીંકલે[૨૪] દબાયો રે, સુંદર શામળિયા

ધાવ[૨૫] ધાવ 'લા[૨૬] ગામના લોકો રે, સુંદર શામળિયા
મારા ઘરમાં પૂતૈકળાં[૨૭] જાઈગાં રે,[૨૮] સુંદર શામળિયા
દઈ ખાધાં થોડાં ને ઘણાં ઢોઈળાં રે, સુંદર શામળિયા
લાવો લાવો નાડ઼ી ને લાવો રાશ રે, સુંદર શામળિયા

હલા કાનુડ઼ાને બાંધો તાણી રે, સુંદર શામળિયા
મને શીદ મારો ને શીદ કૂટો રે, સુંદર શામળિયા
હું તો આજે ખાહીં[૨૯] ને કાલે પાછો રે, સુંદર શામળિયા
હું તો આજે ખાધાં ને કાલે ખાહીં રે, સુંદર શામળિયા

---

૧૪ પેલી, ૧૫ મહીયારી, ૧૫ બારણે, બારણાના ઓથે. ૧૭ દહીં, ૧૮ ઢોળ્યાં, ૧૯ આવી, ૨૦ માળી ઉપર, ૨૧ ઊતાર્યું, ૨૨ આડુંઅવળું; આમતેમ, ૨૩ જોયું, ૨૪ છીંકું, ૨૫ ધાઓ, દોડો, ૨૬ અલ્યા, જુસ્સો લાવવા આવો ઉદ્ગાર બોલાય છે, ૨૭ કૌતુક, ૨૮ જાગ્યું (બ. વ. પ્રયોગ), ૨૯ ખાઈશ: નરસિંહ મહેતાના પદ સાથે આ ભાષા પ્રયોગ સરખાવવા જેવો છે. નસવાડી તાલુકાના રાઠવા કોળીમાં એ હજુ પ્રચલિત છે.

## ૫. વા'લમાને કાજે

૫. ૧: કૃષ્ણબંસી મુનિવરની પાંસળી વીંધે તો સામાન્ય ગોપીજન આકર્ષાય તેમાં નવાઈ શી ? વહાલાની વનમાં વાંસલડી વાગી. વનમાં દર્શને જવું છે, પણ ઘરમાંથી કયા બહાને જવું ? પાણી મસે, લાકડાં મસે, છાણાં વીણવા મસે ગોપી નીસરે છે.

વા'લો વનોમેં ચારે ગાવડ઼ી રે,
હું તો શેની મોશ[30] જોવા જઈશ;
મારો વા'લો વગાડ઼ે વૅાંસળી રે.

હું તો કાખોમેં ઘાલીશ બેડલાં રે,
હું તો પૅાણી મોશે જોવા જઈશ;
મારો વા'લો વગાડ઼ે વૅાંસળી રે.

હું તો હાથોમેં ઝાલીશ બંધીયા રે,[31]
હું તો લાકડ઼ાં મોસે જોવા જઈશ;
મારો વા'લો વગાડ઼ે વૅાંસળી રે.

હું તો કાખોમેં ઘાલીશ ટોપલા રે,
હું તો છૅાણાં[32] મોશે જોવા જઈશ;
મારો વા'લો વગાડ઼ે વૅાંસળી રે.

## ૫ અ. જીવણ સાંભર્યા !

૫ : ૧અ નંદના સોહામણા કુંવરને જોવા ગોપી એટલી બધી અધીરી બની ગઈ છે કે, તે પોતાના કામકાજમાં ભૂલો કરવા લાગી: પાણી જતાં ગાગર લે છે ને ઘડો ભૂલે છે. કાપડું પહેરે છે ને સાડી ભૂલે છે. કેમ કે કૃષ્ણ કનૈયાને દીઠો નથી એટલે જમતાં ગોપીના ગળેથી કોળિયો પણ ઊતરતો નથી !

શ્યામ સલુણા કુંવર નંદના રે લોલ.
જળ ભરવાને હું તો નીસરી રે લોલ;
ગાગર લીધી ને ઘડો વિસરી રે લોલ.
ગાય દો'વાને હું તો નીસરી રે લોલ;
ત્રાંબડી લીધી, શેલો વિસરી રે લોલ.
ઝબકીને જોવા નીસરી રે લોલ;
કબજો લીધો ને સાડલો વિસરી રે લોલ.
જમતાં જીવન મને સાંભર્યા રે લોલ.
કંઠે તે ના ઉતરે કોળિયો રે લોલ.

---

૩૦ મસે, ૩૧ ભારો બાંધવાનું દોરડું, ૩૨ છાણાં,

## ૫ બ. કરશન વાંકલો

૫ : ૧બ દૂર દૂર વનમાં કૃષ્ણ બાંકો ગાય ચારે છે અને વાંસળી વગાડે છે. ગોપીના ગૃહમંદિરમાં તેના સૂર સંભળાય છે. ગોપી ઊંઘમાંથી ઝબકીને જાગે છે. કૃષ્ણનું મુખ જોવા માટે. પણ કૃષ્ણ કયાં છે? એનાં પગલાં તો પેલી રસિકા રાધાને ત્યાં પડે છે. કૃષ્ણ રાધાના આંગણામાં ચમકતી ચાલે ચાલે છે! ગોપી કરગરે છેઃ 'હે વહાલા! તું મારે ઘેર આવ. તને સાકર ભેળવીને માખણ ખવરાવું!'

કરશન વાંકલો રે
એ તો વનમેં ચારે ગાય.

વગાડે રૂડી વૉંસળી રે
એ તો મારા મંદિરિયે સંભળાય.

ઝબકીને નીસરી રે
વા'લા! તારાં મુખ જોવાને કાજ.

મુખ રળિયામણું રે
આંખો દીસે લાલ ગુલાલ.

રાધા રે તારા ચૉકમેં રે
કા'નો ચાલે ચમકતી ચાલ.

વા'લા રે મારા આવજો રે
પૉસે ભરી માખણિયાં ખવરાવું.

સાકર ભેળવું રે
વા'લા! લઈ ખોળા મહીં ખવરાવું.

## ૬. જળ ભરવા દો

૬. ૧ : શ્રી. બાબુભાઈ નાનાભાઈ તડવી (ગરડા) પાસેથી પ્રાપ્ત થયેલ આ ગીતમાં પાણીઓવારો રોકીને ગોપીઓને પજવતા કાનુડાનાં તોફાનનું વર્ણન છે.

(ઢાળ : પડવાની પર પ્રીત ઘટ મટ ભૂલી રે)

ઊંડી કોયારી[33] મધે[34] સાંકડી, જળ ભરવા દો.
માંય વસે સિંદૂરિયો નાગ, પાણી ભરવા દો.
સરખી સૈયરો પાણી સંચરી, જળ ભરવાં દો.
મારી નણદી નાનું બાળ, પાણી ભરવા દો.
સાવ સોનાનું મારું બેડલું, જળ ભરવા દો.
મારી રૂપલાની ઊંઢેણુ,[35] પાણી ભરવા દો.
પાળે ઊભો છે કાનજી, જળ ભરવા દો.

---

૩૩ નાનો કૂવો, ૩૪ મધ્યે—વચમાં, ૩૫ ઊંઢાણી,

અમે સરખી સૈયરોનો સાથ, પાણી ભરવા દો.
પૉસ[36] ભરી અમને કાંકરી મારી, જળ ભળવા દો.
અમને સવળી થઈને વાગી, પાણી ભરવા દો.
ઘેરે સાસુડી ભાંડશે, જળ ભરવા દો.
મારી નણદી છે નાર[37] નઠોર, પાણી ભરવા દો.
જેઠજી મારો વાંદરો, જળ ભરવા દો.
મારી જેઠાણી મારી જોડ, પાણી ભરવા દો.
દિયર મારો લાયળકો,[38] જળ ભરવા દો.
દેરાણી નાનું બાળ, પાણી ભરવા દો.
માટે કહું છું કાનજી, જળ ભરવા દો.
મારો પરણ્યોજી રિસાળ, પાણી ભરવા દો

## ૭ વસ્ત્રહરણ

૬ : ૨ યમુનાનાં ધીરગંભીર નીરમાં ગોપીઓ નાહવા પડતી. કૃષ્ણ વસ્ત્રો લઈને કદમ વૃક્ષ પર ચડી જતા. ખૂબ કાલાવાલા કરાવ્યા પછી ગોપીઓને વસ્ત્ર આપતા.

ધન ગોકુળ, ધન ગામડાં રે,
  ધન ખોઈદાં[39] તલાવ, વા'લા અળગા રો'ને
સોળસેં ગોપીઓ ટોળે વળી રે,
  જુમના ઝીલવા જાય, વા'લા અળગા રો'ને
સોળસેં ગોપીઓ નાવા રે પડીઓ,
  વસ્તર મેલાં[40] પાળ, વા'લા અળગા રો'ને.
વસ્તર વિઠ્ઠલો હરી ગયો રે,
  ચઈડો[41] કદમને ઝાડ, વા'લા અળગા રો'ને.
સોળસેં ગોપીઓ તલવલે રે,[42]
  આલો[43] અમ્મારાં ચીર, વા'લા અળગા રો'ને.
એક ડગલી તમે ભરો રે,
  પાંચ ડગલીઓ અમે ભરીશું:
  આપું તમારાં ચીર, વા'લા અળગા રો'ને.
પુરુષને વા'લી પાઘડી રે,
  પાઘડીને વા'લાં ફૂલ, વા'લા અળગા રો'ને.
અસ્ત્રીને[44] વા'લું કાપડું રે,
  કાપડાને વા'લી કોર, વા'લા અળગા રો'ને.[45]

---

૩૬ ખોબો (હાથનો), ૩૭ નારી, ૩૮ લાડકડો; લાડકો, ૩૯ ખોદ્યાં, ૪૦ મૂકયાં, ૪૧ ચડયો, ૪૨ ટળવળે; કાલાવાલા કરે, ૪૩ આપો, ૪૪ સ્ત્રી, ૪૫ સરખાવો = રઢિયાળી રાત ભાગ ૪; ગીત ૭૫; પૃ. ૧૦૦.

## ૮. મહી લૂંટે છે

૭ : ૧ મથુરા મહી વેચવા જતી ગોપીઓ પાસે કૃષ્ણ દાણ માગતા. દાણ માટે ઝઘડા પણ થતા. દાણના ત્રાસથી ગોપીઓ અકળાતી. રોષ રાજા કંસ પર કાઢતી. 'રામ-લખમણ બે બંધવા શામળિયાજી રે' એ ઢાળનું ગીત ગરડાના શ્રી બાબુભાઈ નાથાભાઈ તડવી પાસેથી મળ્યું છે.

કંસના રાજમેં સાવ અંધારાં, મહી લૂંટે છે રે.
લૂંટે છે પેલો નંદાજીનો લાલો, મહી લૂંટે છે રે.
તાંબા તે લોટા જળે ભર્યો, મહી લૂંટે છે રે.
દાતણ કરશે નંદાજીનો લાલો, મહી લૂંટે છે રે.

## ૮-અ. બંસી બટનો ચોક

૭ : ૧-અ ગોપી મહી વેચવા જાય છે. કૃષ્ણ તેને રોકે છે અને તેનાં મહીમાટ તોડીફોડીને ગોરસ ઢોળી દે છે. ગોપી જશોદાને ફરિયાદ કરે છે. જશોદા કૃષ્ણને મારવા લે છે. કૃષ્ણ નાસીને કદમના વૃક્ષે ચડે છે અને માતાના સોગન ખાઈને કહે છે :

'હે માતા ! ગોપીઓ તો બધી જૂઠી છે !'
આ શો રૂડો બંસીબટનો ચોક કે મહી વેચવા રે લોલ.
મારગ મળિયા મારા નાથ કે મુજને આંતરી રે લોલ.
ફોડ્યાં મારાં મહીનાં માટ કે ગોરસ મારાં ઢોળિયાં રે લોલ.
ગોપી ચાલી નંદ દરબાર કે ગોકુળ ગામ રે લોલ.
વારો જશોદા, તમારા કહાન કે નિત આડી કરે રે લોલ.
ફોડ્યાં મારાં મહીનાં માટ કે ગોરસ મારાં ઢોળિયાં રે લોલ.
જશોદાને ચડિયેલ રીસ કે લટકે (ઝટકે ?) નીસર્યાં રે લોલ.
હાથમાં લીધી કરેણની સોટી કે કૃષ્ણ કડંબ ચડિયા રે લોલ.
ઊતરો ઊતરો મારા બાલ કે કહું એક વાતડી રે લોલ.
માતા જશોદા ! તમારી આણ કે ગોપી સર્વે જૂઠડી રે લોલ.

## ૯. રાતી ગોવાલણ

૭ : ૨ ગરડાના શ્રી મગનભાઈ છગનભાઈ બારિયા અને શ્રી મોતીભાઈ છીતાભાઈ બારિયાની મંડળી પાસેથી પ્રાપ્ત થયેલા આ ગીતમાં કૃષ્ણ મહી લૂંટી લે છે, વસ્ત્રો લઈ કદમ વૃક્ષે ચડે છે. ગોપીઓ જશોદાજીને ફરિયાદ કરે છે એવું ચિતરણ છે. ગીતમાં કેટલેક સ્થળે અસ્પષ્ટ ભાવવાળા શબ્દો છે.

રાતી રાતી ગોવાલણ રાતી રે,
ગોપી મહીડાં વેચવા જાતી રે.
ગોપી મહીડાં વેચવા જાતી રે,
સામા મળ્યા છે દેવમોરારી રે.

સામા મળ્યા છે દેવમોરારી રે,
એનાં મહીડાં લીધાં ઉલાળી[૪૬] રે.
એનાં મહીડાં લીધાં ઉલાળી રે.
સોળસેં ગોપીઓ ટોળે મળીયો રે.
સોળસેં ગોપીઓ ટોળે મળીયો રે,
માતા કુંતાને[૪૭] જઈને મળીયો રે.
માતાં કુંતાને જઈને મળીયો રે,
માતા કુંતાએ કીધાં અળગાં રે.
માતા કુંતાએ કીધાં અળગાં રે,
જઈ વળગ્યાં કદમની ડાળે રે.
જઈ વળગ્યાં કદમની ડાળે રે,
કદમ ડાળ પડી છે હેઠી રે.
કદમ ડાળ પડી છે હેઠી રે,
એના હૈયેથી હાથ[૪૮] વછૂટી રે.
એના હૈયેથી હાથ વછૂટી રે,
ઝીણા ઝરમર વરસ્યા મેવલા રે.
ઝીણા ઝરમર વરસ્યા મેવલા રે,
એની નદીએ નીર ઘણાં ખલકે રે.
એની નદીએ નીર ઘણાં ખલકે રે,
ધોબી ધૂવે છે કંસના વાઘા રે.
ધોબી ધૂવે છે કંસના વાઘા રે,
ગોવાળિયે નાખી અજારી રે.[૪૯]
ગોવાળિયે નાખી અજારી[૪૯] રે,
એની લૂંટી છે લાલ બજારી રે.

## ૧૦. રાધાજીની ચૂનળી

૮. ૧ : વસંતના વાયરા વાતા હોય છે, બધે રંગરાગ અને વિલાસનું વાતાવરણ સર્જાતું હોય છે, અને એનો વિકાસ થાય એ રીતે લોકજીવનમાં મેળા અને ઉત્સવો યોજાતા હોય છે, જીવન અને કવનનો સુમેળ સધાતો હોય છે. હોળી ટાણે ગવાતા ફાગ હવે બંધ થઈ ગયા છે.

---

૪૬ હળવેથી ઊંચકી.

૪૭ જશોદાને બદલે ભૂલથી ગવાતું લાગે છે.

૪૮ હારને બદલે ભૂલથી ગવાતું લાગે છે.

૪૯ અજારી = જાળ; પરંતુ **એ જાળી** હશે કે **અજારી** હશે તે સ્પષ્ટ જાણવા મળ્યું નથી.

અગાઉના વખતમાં દાંડિયા સાથે ગોળ ફરતાં જઈ ફાગ ગવાતા એમ લોકો કહે છે. ફાગ જેવાં આ બે ગીતો સીમેલના રાઠવા કોળી વીંછિયા ભગતે લખાવ્યાં છે. ગીતમાં રાધા-કૃષ્ણનાં વસ્ત્રો રંગ્યાનો ઉલ્લેખ છે.

રંગે ભઈરાં,[૫૦] રંગે ભઈરાં રાસે તણાય રે,
આવો હોળીમાતા, રંગે ભઈરાં રે.
સોના કટોરામેં કેસર ઘોઈળાં,[૫૧]
રંગે રાજાજીની, રંગે રાજાજીની, આ મોજડી રે.
આવો હોળીમાતા, રંગે ભઈરાં રે.
રંગે ભઈરાં, રંગે ભઈરાં, રાસે તણાય રે;
સોના કટોરામેં કેસર ઘોઈળાં,
રંગે રાજાજીનાં, રંગે રાજાજીનાં આ મોળિયાં રે.[૫૨]
આવો હોળીમાતા, રંગે ભઈરાં રે.
રંગે ભઈરાં, રંગે ભઈરાં, રાસે તણાય રે.
સોના કટોરામેં કેસર ઘોઈળાં,
રંગે રાધાજીની, રંગે રાધાજીની, આ ચૂનળી રે![૫૩]

## ૧૧. વણઘાનો વરણાગિયો

૮ : ૨ ગોપ-ગોપીનો અધૂરો ફાગ મૃદંગ સાથે ગવાતો હોય એવા ઢાળનો છે. એ સીમેલ તા. નસવાડીના વીંછિયા પાસેથી મળેલો છે.

વણઘેથી[૫૪] આઈવો વેણાગિયો[૫૫] રમવાને.
રમવાને રે, રમવાને રે.
આંબા તે મૉરનો[૫૬] મૂરખો[૫૭] ઘઈડો
રમવાને રે, રમવાને રે.
ગોપી સામે રી[૫૮] બોલ;
ઘેલાં શું બોલે ગોવાળિયા રમવાને.

## ૧૨. રંગ લાગ્યો મને તારો

૮ : ૩ આ ગીતમાં રાધા-કૃષ્ણને નામે ગવાયેલું દામ્પત્યજીવન છે, એમાં મધુરું જીવન-સખ્ય છે. આ ગીત સાથે નરસિંહ મહેતા અને મહાકવિ નાનાલાલની રચનાઓ સરખાવવા જેવી છે.

રંગ લાગ્યો મને તારો રંગીલા ! રંગ લાગ્યો રે !
માથે મટૂકી ને મહીડાંની ગોળી,
મહીડાં વલોવાય અમારાં, રંગીલા ! રંગ લાગ્યો રે !

---

૫૦ ભર્યાં, ૫૧ ઘોળ્યું (બ. વ. પ્રયોગ), ૫૨ પાઘડી; ફેંટો, ૫૩ ચૂંદડી,
૫૪ વણઘા—એ નામનું સ્થળ જાણમાં નથી; વણઘા છે.
૫૫ વરણાગિયો; શોખીન, ૫૬ ચાડિયો હશે ? ૫૭ ઘડયો,
૫૮ સામે રહીને કે સામેરી હશે ?

કાળા તે નાગનાં નેતરાં રે કીધાં,
ફૂંફલીની[૫૯] કરી ઘિલોડી,[૬૦] રંગીલા૦

એક પા[૬૧] ઘૂમે મારા કાનજી રે કાળા,
બીજી પા રાધિકા ગોરાં, રંગીલા૦

હળવા હળવા ઘૂમો મારા કાનજી રે કાળા !
મહીડાંની રીતે શું જાણે ? રંગીલા૦

ઘૂમેરા રે ઘૂમતાં વાણુલાં વાયાં,
માખણ કાઢ્યાં થાળી, રંગીલા૦

માખણનો પિંડો મારો માવજી રે ખાશે,
છોરુલાં પીશે છાશ, રંગીલા૦

સોનાની થાળી સિંદૂરે અજવાળી,
માંય પીરસી સુંવાળી,[૬૨] રંગીલા૦

ઉપર બેસાડું કા'ન કાળા ! રંગીલા૦[૬૩]

## ૧૩. રાધાગોરી

૮ : ૪. કૃષ્ણ રાધાને સંબોધીને ગવાયેલ ગીતમાં દામ્પત્યજીવન જ આલેખાયેલું છે. જીવનની સદસદ્ રુચિઓ ગવાઈ પોતાના માટે, પણ ચડી ગઈ કૃષ્ણ-રાધાના નામે. ગુસ્સે થયેલ કૃષ્ણ, રાધાને મારે છે. ગુજરાતમાં પ્રચલિત બીજા પ્રાદેશિક પાઠો કરતાં આ પાઠ વધારે લાંબો છે. આ ગીત ' મા ! તું પાવાની પટરાણી, ભવાની કાળકા રે લોલ ! ' એ ઢાળે પણ ગવાય છે.

આડા રે અવળા ડુંગરા, વચમાં વાટ,
કે કરસન[૬૪] ચારે ગાવડી રે લોલ.

કરશનજી ચારે વનમાં ગાય,
કે વગાડે રૂડી વાંસળી રે લોલ.[૬૫]

વાંસળીમાં સારા શબ્દા બોલ,
કે રાધાગોરીને દળે વસ્યાં રે લોલ.[૬૬]

---

૫૯ કાબરચિતરું સાપોલિયું, ૬૦ ખીલી, ૬૧ પાસ, બાજુ, ૬૨ પૂરી, ૬૩ સરખાવો : રઢિયાળી રાત, ભાગ ૨, ગીત ૨૭, પૃ. ૪૩.

૬૪ પાઠાંતર : કરશનજી ચારે વનમાં ગાય,
કે હાથમાં રંગત લાકડી રે લોલ.

૬૫ પાઠાંતર : વાંસળીમાં સારા શબ્દા બોલ,
કે વાગે રૂડી વાંસળી રે લોલ.

૬૬ ,, વાંસળીના શબ્દ કાને સાંભળિયા,
કે રાધાગોરીને દલે વસ્યા રે લોલ.

રાધાગોરી ભાતડિયાં લઈ ચાલ્યાં,
કે ગળતાં ચૂરમાં રે લોલ.
માથે રે મેલ્યો ગળગળિયો કંસાર,
કે ખોળે ઘાલ્યાં ચૂરમાં રે લોલ.
ગોવાળિયા ! દેખાડ વનની વાટ,
કે વનમાં[૬૭] ભૂલાં પડ્યાં રે લોલ.
રાધાગોરી ! અવલે કાંઠે ધેન,
કે કરશન ચારે ગાવડી રે લોલ.
કરશનજી ! કાં ઉતારું તારાં ભાત ?
કે શેં નથી બોલતા રે લોલ ?
આવાં રૂડાં આસોપાલવનાં ઝાડ,
કે શેં યે નથી સૂઝતાં રે લોલ ?
રાધાગોરી ! અવલે કાંઠે ધેન,
કે પાછી વાળજો રે લોલ.[૬૮]
કરશનજી ! તમારી ચારેલ ધેન,
કે અમ થકી નહિ વળે રે લોલ.[૬૯]
કરશનજીને ઝટકે ચઢિયેલ રીસ,
કે જમતા ઊઠિયા રે લોલ..[૭૦]
કરશનજીએ[૭૧] ભાંગી કદમની ડાળ,
કે રાધિકાને મારવા રે લોલ.
સોટીઓ મારીઓ સો ને સાઠ,
કે લોહીની નીકો વહે રે લોલ.
મારી રે મારી અવળાસવળી ઢોંટ,[૭૨]
કે ડાબા પગની મોજડી રે લોલ.
કરશનજી ! મારવી એટલી માર,
કે ઓરતા રહી જશે રે લોલ.

---

૬૭ પાઠાંતર : વન–વને–વનમાં.
૬૮ „ : રાધાગોરી ! ડુંગરે ચરતેલી ગાય,
કે ગાય પાછી વાળજો રે લોલ.
૬૯ પાઠાંતર : પ્રભુજી ! તમારી ગાય,
કે અમ થકી નહિ વળે રે લોલ.
૭૦ „ : પ્રભુજીને ઝટકે ચઢિયેલ રીસ,
કે જમતાં ઊઠિયા રે લોલ.
૭૧ „ : પ્રભુજીએ, ૭૨ ધોલ,

રાધાગોરીને ઝટકે ચઢિયેલ રીસ,
કે ઝટ પાછાં વળ્યાં રે લોલ.

રાધાગોરીએ દડબડ મેલી દોટ,
કે ભોગળ ભીડિયાં રે લોલ.

ઝીણા ઝરમર વરસ્યા મેઘ,
કે ઝબૂકે વીજળી રે લોલ.

કરશનજી ગાયો ચારી ઘેર આવ્યા,
કે આંગણ ઊભલા રે લોલ.

રાધાગોરી ઉઘાડજો રે કમાડ,
કે માથે ભીનાં મોરિયાં[૭૩] રે લોલ.

મારાં સોને જડયાં કમાડ,
કે ભોગળ ભીડિયાં રે લોલ.

જાવો જાવો રે માનીતીને મો'લ,
કે સવારે વહેલા આવજો રે લોલ.

કરશનજીને ઝટકે ચઢિયેલ રીસ,
કે ઝટ પાછા વળ્યા રે લોલ.

કરશનજીએ ઝાલી દ્વારકાંની વાટ,
કે હાથમાં તૂંબડી રે લોલ.

આવી રે રૂડી વેડિયા વડની છાંય,
કે તાંબા બેડાં જળે ભર્યાં રે લોલ.

આવ્યો કયા મલકનો સૂબો,
કે બેડાં વટાળિયાં રે લોલ.

કરશનજી સૂતા વડલા છાંય,
કે નિંદરા જગાડિયાં રે લોલ.

જોષી જોજો રૂડા જોષ,
કે લગન કા'રે[૭૪] આવશે રે લોલ ?

આયવાં રે આયવાં બારશ ને બુધવાર,
કે લગન ગયાં વેગળાં રે લોલ.

જોષી ! જોજો રૂડા જોષ,
કે જોયામેં આલું જોટડી રે લોલ.

---

૭૩ મોળિયાં-ફેંટો, ૭૪ ક્યારે,

આયવાં રે આયવાં સાતમને શનિવાર,
કે લગન આયવાં ઢૂકડાં રે લોલ.
સાગ રે કેરી થાંભલીઓ વઢાવો,
કે માંડવડા રચાવજો રે લોલ.૭૫
લીલા રે પીળા વાંસડિયા વઢાવો,
કે માંડવડા છવરાવજો રે લોલ.
આંબા રે કેરાં પાંનડિયાં મંગાવો,
કે તોરણ બંધાવજો રે લોલ.
લીલા રે પીળા ચોખલિયાં પિલાવો,
કે ચોખા ચોડજો રે લોલ.
ગંગા રે કેરી ગોરમટી મંગાવો,
કે ચોરીઓ બંધાવજો રે લોલ.
ગુજર ગામનાં ગુજરિયાં મંગાવો,
કે ફરતાં મેલાવજો રે લોલ.
નડિયાદ ગામનાં નાડલિયાં૭૬ મંગાવો,
કે ફરતાં વીંટાળજો રે લોલ.
પઇણાં રે પઇણાં સીતા ને શરીરામ,
કે રાધાને મેલ્યાં ઝૂલતાં રે લોલ.૭૭

## ૧૪. ઊંચી રબારણ

૮ : ૫. કનૈયો આપમેળે ગોપકન્યા રાધા સાથે વનમાં ગાંધર્વલગ્નથી પરણ્યો હતો. એવી લોકકથા છે. તેનું આ ગીતમાં આલેખન છે. અને 'રાધાને મેલ્યાં ઝૂલતાં' એમ ગવાય છે. એ આ ગોપકન્યા રાધાથી જુદી છે, એવી લોકસમજનું આવરણ છે.

ઊંચી રબારણ ઝરમરિયાવાળા ચીર જો,
માથે ને દોણી રે રબારણ ઊતરી.
આગળ પાછળ વાછેરાંની હાર જો.
વહેતી ને નદી રે રબારણ ઊતરી.
પાળે રે ઊભો કાનુડિયો ગોવાળ જો.
કહે રે રબારણ ! પરણી કે કુંવારી જો ?
કહે રે કાનુડિયા ! તારે શી પડપૂછ જો ?
નથી ને પરણીબાળ કુંવારડી.

---

૭૫ પાઠાંતર : કે રાવજીના ચોકમાં રે લોલ—આ પંક્તિ અંત સુધી પણ ગવાય છે.
૭૬ નાડાં, ૭૭ સરખાવો : આખું ગીત : રઢિયાળી રાત : ભા. ૩, ગીત ૧૮, પૃ. ૩૯.

કહે રે કાનુડિયા ! પરણ્યો કે કુંવારો જો.
કહે રે રબારણ ! તારે શી પડપૂછ જો ?
નથી ને પરણ્યો રે બાળ કુંવારડો.
જોષી રે ગામના જોષીડા તેડાવો જો,
લગનિયાં જોવડાવો રે રાવજીના ચોકમાં.

( બાકીનું ગીતાંક ૧૩ મુજબ ગવાય છે. )

પરણ્યાં રે પરણ્યાં સીતા ને સરીરામ જો,
રાધાને મેલ્યાં રે વનમાં ઝૂલતાં !

## ૧૪-અ. પાસે ઊભો કાનજી રે, ગોપીનાં ઘરગામ

૮ : ૫-અ. પાણી ભરીને આવતી ગોપી સાથે કૃષ્ણને મેળાપ થાય છે. કૃષ્ણ પૂછપરછ કરે છે. ગોપી પોતાનું ઠામ ઠેકાણું આપે છે : 'ઊંચા મારા મહેલ છે. આંગણે આસોપાલવ અને કદમ વૃક્ષોની ઘટા છે. ત્યાં હીરનો હીંડોળો બાંધેલો છે !'

સાહેલી હું તો સરોવર પાણી ગઇ'તી
પાળે ઊભો કાનજી રે લોલ.
છોરી રે તું તો કયા ગામની પનિયારી
અછુતાં પાણી સાંચરી રે લોલ.
હું તો મારા ગોકુળની રહેનારી
ગોકુળિયા ગામની રે લોલ.
જોયું રે જોયું ગોકુળ તારું ગામ
કે કયા ખૂણે રે'વું રે લોલ ?
ઊંચા રે મારા દરબારના મહેલ
કે નીચે મારા ઓરડા રે લોલ.
ઓંગણે આસોપાલવનાં ઝાડ
કે કદમ કેરી છાંયડી રે લોલ.
ત્યાં રમે સીતા ને શરીરામ
હીંડોળો મારો હીરનો રે લોલ !

## ૧૫. મથુરાની ગુજરી–૧

૯ : ૧. કહાન ગોપી પાછળ ઘેલો થઈને સ્ત્રીવેશે તેને ત્યાં જાય છે અને તેને ભોળવે છે તેનું આ ગીત સીમેલ, તા. નસવાડી ગામેથી સંગ્રહેલું છે.

માથે મટુકી ને મહીડાંની ગોળી ( ૨ ) મહીડાં વેચે ચંદરાવેણી રે
મથુરાંની ગુજેરી[૭૮] રમેતી[૭૯] આવી.

---

૭૮ ગુજરી; ગુર્જરી, ૭૯ રમતી,

વેચંતી હાટંતી[૮૦] નગરીમેં આવી (૨)
કાનુડે છેડલો ઝાલિયો રે; મથુરાંની૦
મેલ મેલ કાનવર ! છેડલો અમારો (૨)
મુજ ઘેર સસરો ખિજાઈ પડશે રે; મથુરાંની૦
તારા સસરાને ચોરે બેસાડું (૨)
હાવે નહિ છોડું ચંદરાવેણી રે; મથુરાંની૦
માથે મટુકી ને મહીડાંની ગોળી (૨)
મહીડાં વેચે ચંદરાવેણી રે; મથુરાંની૦
વેચંતી હાટંતી નગરીમેં આવી (૨)
કાનુડે છેડલો ઝાલિયો રે; મથુરાંની૦
મેલ મેલ કાનવર ! છેડલો અમારો (૨)
મુજ ઘેર જેઠુ ખિજાઈ પડશે રે; મથુરાંની૦
તારા જેઠુને[૮૧] ઘોડુલે રમાડું (૨)
હાવે નહિ છોડું ચંદરાવેણી રે; મથુરાંની૦
માથે મટુકી ને મહીડાંની ગોળી (૨)
મહીડાં વેચે ચંદરાવેણી રે; મથુરાંની૦
વેચંતી હાટંતી નગરીમેં આવી; (૨)
કાનુડે છેડેલો ઝાલિયો રે; મથુરાંની૦
મેલ મેલ કાનવર ! છેડલો અમારો (૨)
મુજ ઘેર સાસુ ખિજાઈ પડશે રે; મથુરાંની૦
તારી સાસુને રેંટિયે બેસાડું (૨)
હાવે નહિ છોડું ચંદરાવેણી રે; મથુરાંની૦
માથે મટુકી ને મહીડાંની ગોળી (૨)
મહીડાં વેચે ચંદરાવેણી રે; મથુરાંની૦
વેચંતી હાટંતી નગરીમેં આવી (૨)
કાનુડે છેડલો ઝાલિયો રે; મથુરાંની૦
મેલ મેલ કાનવર ! છેડેલો અમારો (૨)
મુજ ઘેર જેઠાણી ખિજાઈ પડશે રે; 'મથુરાંની૦
તારી જેઠાણી ઘઈંટીએ[૮૨] બેસાડું (૨)
હાવે નહિ છોડું ચંદરાવેણી રે; મથુરાંની૦
માથે મટુકી ને મહીડાંની ગોળી, (૨)
મહીડાં વેચે ચંદરાવેણી રે, મથુરાંની૦

---

૮૦ સાટંતી—ખરીદતી ( વેચવું ને સાંટવું—સાટું કરવું-સોદો કરવો. ). ૮૧ જેઠ. ૮૨ ઘંટીએ.

વેચંતી હાટંતી નગરીમેં આવી (૨)
કાનુડે છેડેલો ઝાલિયો રે; મથુરાંની૦
મેલ મેલ કાનવર ! છેલ્લો અમારો (૨)
મુજ ઘેર દિયૉર ખિજાઈ પડશે રે; મથુરાંની૦
તારા દિયૉરને દળુલે[૮૩] રમાડું (૨)
હાવે નહિ છોડું ચંદરાવેણી રે; મથુરાંની૦
માથે મટુકી ને મહીડાંની ગોળી (૨)
મહીડાં વેચે ચંદરાવેણી રે; મથુરાંની૦
વેચંતી હાટંતી નગરીમેં આવી (૨)
કાનુડે છેડેલો ઝાલિયો રે; મથુરાંની૦
મેલ મેલ કાનવર ! છેડલો અમારો (૨)
મુજ ઘેર દેરાંણી ખિજાઈ પડશે રે; મથુરાંની૦
તારી દેરાંણીને ખાંડણિયે બેસાડું (૨)
હાવે નહિ છોડું ચંદરાવેણી રે; મથુરાંની૦
માથે મટુકી ને મહીડાંની ગોળી (૨)
મહીડાં વેચે ચંદરાવેણી રે; મથુરાંની૦
તાંથીનો[૮૪] કાનવર ચાલી નીકળિયો (૨)
સોની દુકૉન[૮૫] જી[૮૬] ઊભો રિયો રે; મથુરાંની૦
ભઈ રે સોનીડા ! તું મારો વીરો (૨)
કલિયાં આલે સારાં શોભીતાં રે; મથુરાંની૦
તાંથીનો કાનવર ચાલી નીકળિયો (૨)
ચૂડગળિયા[૮૭] દુકાને જી ઊભો રિંયો રે; મથુરાંની૦
ભઈ રે ચૂડગળિયા ! તું મારો વીરો (૨)
ચૂડલો આલે સારો શોભીતો રે; મથુરાંની૦
તાંથીનો કાનવર ચાલી નીકળિયો (૨)
વાંણિલા દુકૉન જી ઊભો રિયો રે; મથુરાંની૦
ભઈ રે વાંણિલા ! તું મારો વીરો (૨)
ઓઢણી આલે સારી શોભતી રે; મથુરાંની૦
તાંથીનો કાનવર ચાલી નીકળિયો (૨)
કંહારી દુકૉન જી ઊભો રિયો રે; મથુરાંની૦

---

૮૩ ગેડીદડે, ૮૪ ત્યાંથી, ૮૫ દુકાન, ૮૬ જઈ, ૮૭ મણિયારો; ચુડગર.

ભઈ રે કંસારી ![૮૮] તું મારો વીરો (૨)
બેડલું આલે સારું શોભીતું રે; મથુરાંની૦

તાંથાનો કાનવર ચાલી નીકળિયો (૨)
ઓરા[૮૯] દુકોન જી ઊભો રિયો રે; મથુરાંની૦

ભઈ રે ઓરલિયા ![૯૦] તું મારો વીરો (૨)
ડોયો આલે સારો શોભતો રે; મથુરાંની૦

તાંથાનો કાનવર ચાલી નીકળિયો (૨)
મોચીડા દુકોન જી ઊભો રિયો રે; મથુરાંની૦

ભઈ રે મોચીડા ! તું મારો વીરો (૨)
મોજડી આલે સારી શોભતી રે; મથુરાંની૦

માથે મટુકી ને મહીડાંની ગોળી (૨)
મહીડાં વેચે ચંદરાવેણી રે; મથુરાંની૦

ઊઠો રે વોવવર ![૯૧] ભેટણાં ભેટો (૨)
પેલી આવે સગી બેનેડી રે; મથુરાંની૦

નથી કાકોની, નથી બાવોની[૯૨] (૨)
કાંથી આવે સગી બેનેડી રે; મથુરાંની૦

ભેટણાં ભેટે ને ખભા દેખાયા (૨)
ખભા દેખાય સગા[૯૩] મરધોના[૯૪] રે; મથુરાંની૦

ઊઠો ને વોવવર ! ભાણેલાં પીરસો (૨)
તમે જમો ને તમારાં છૈયાં જમાડો (૨)
અમે જમશું સગી બેનેડી રે; મથુરાંની૦

ઊઠો ને વોવવર ! ઢોલિયા ઢાળો (૨)
ઢોલિયા ઢાળી ઊભાં રિયાં રે; મથુરાંની૦

તમે પોઢો ને તમારાં છૈયાં સુવરાવો (૨)
અમે પોઢશું સગી બેનેડી રે; મથુરાંની૦

ઢોલિયે બેસતાં છેડેલો ઝાલિયો (૨)
સખો[૯૫] દેખાય સગા કાનવરનો રે; મથુરાંની૦
ચંદરાવેણીને કાનુડો હેરી ગયો રે; મથુરાંની૦

---

૮૮ કંસારો. ૮૯–૯૦ વહોરો, ૯૧ વહુઆરું, ૯૨ બાવા–મોટા કાકા.
૯૩ બરાબર: ૯૪ મરદ, ૯૫ સ્વરૂપ.

## ૧૬. મથુરાંની ગુજરી–૨

૯ : ૨. આ ગીત જુદા ઢાળનું છે. તે પોચંબા, તા. નસવાડી ગામેથી શ્રી. ચંચળબેન ભલાભાઈ તડવી પાસેથી ૧૯૪૬-૪૭માં સંગ્રહેલું. કાનજી ચંદ્રાવળીનાં સગાંને આર્થિક રીતે રાજી કરી દે છે.

માથે મટુકી ને મહીડાંની ગોળી, મહીડાં વેચે ચંદરાવેણી.
વેચંતી વેચંતી ભોંયરામાં પેઠી
છોડો છોડો કાનજી ! છોડો છોડો મોહનજી !
પાલવડો મારો ફાટશે, ઘેરે સસરા મારા ખીજશે રે,
તમારા સસરાને હુકલો[૯૬] લઈ આલું સવા લાખનો રે.
છોડો છોડો કાનજી ! છોડો છોડો મોહનજી !
પાલવડો મારો ફાટશે, ઘેરે સાસુ મારી ખીજશે રે.
તમારી સાસુને સાળલો[૯૭] લઈ આલું સવા લાખનો રે.
છોડો છોડો કાનજી ! છોડો છોડો મોહનજી !
પાલવડો મારો ફાટશે, ઘેર જેઠ મારા ખીજશે રે.
તારા જેઠોને પાઘડી લઈ આલું સવા લાખની રે.
છોડો છોડો કાનજી ! છોડો છોડો મોહનજી !
પાલવડો મારો ફાટશે, ઘેરે દિયર મારા ખીજશે રે.
તમારા દિયરને વેલડી લઈ આલું સવા લાખની રે.

## ૧૭. મથુરાંની ગુજરી–૩

૯ : ૩. આમરોલી, તા. નસવાડી ગામેથી શ્રી દામાભાઈ ચીમાભાઈ તડવી પાસેથી તા. ૧૩-૩-'૬૭ના રોજ પ્રાપ્ત કર્યું. આગળનાં બંને ગીતોમાં પરણેલી ગોપીનો ઉલ્લેખ છે. આ ગીતમાં કુંવારી ગોપકન્યા અને કાનજીનો ઉલ્લેખ છે. એટલે આ ગીતમાં કૃષ્ણનું ખરાબ ચિત્ર રજૂ થતું નથી.

મહીડાંની ગોળી 'લા માથે મટુકી,
મહીડાં વેચે ચંદરાવેણી રે,
મથુરોમેંની ગુજરી રમતી આવી.
વેચંતી હાટંતી નગરીમેં પેઠી,
કાનુડે પાલવ ઝાલિયો રે; મથુરોમેંની૦
છોડ છોડ કોનજી ! પાલવ અમારો,
મુજ ઘેર માડી વાટ જુવે રે; મથુરોમેંની૦
તારી માડી તો મારે સાસુજી લાગે,
હાવે ની છોડું ચંદરાવેણી રે ! મથુરોમેંની૦

---

૯૬ હુક્કો, ૯૭ સાડલો.

તારી માડીને દેણુલાં દળાવું,
છોડ઼ છોડ઼ કૉનજી ! પાલવ અમારો;
મુજ ઘેર બાપાજી વાટ જુવે રે; મથુરોમેંની૦
તારો બાપો તે મારે સસરોજી લાગે,
હાવે ની છોડું ચંદરાવેણી રે; મથુરોમેંની૦
તારા બાપાને ઘોડુલે બેસાડું,
છોડ઼ છોડ઼ કૉનજી ! પાલવ અમારો;
મુજ ઘેર વીરાજી વાટ જુવે રે; મથુરોમેંની૦
તારો વીરો તો મારે સાળોજી લાગે,
હાવે ની છોડું ચંદરાવેણી રે; મથુરોમેંની૦
તારા વીરાને દળુલે રમાડું,
છોડ઼ છોડ઼ કૉનજી ! પાલવ અમારો,
મુજ ઘેર બે'નીજી વાટ જુવે રે; મથુરોમેંની૦
તારી બે'ની તો મારે સાળીજી લાગે,
હાવે ની છોડું ચંદરાવેણી રે; મથુરોમેંની૦
તારી બે'નીને ઢીંગલે રમાડું,
આગળ નાળિયેરી[૯૮] ને પાછળ ખજૂરી,
તો ચંદરાવેણીનો ઓરીલો[૯૯] રે;
મથુરોમેંની ગુજરી રમતી આવી૦

## ૧૮. કાગળ ખૂટચો

૧૦ : ૧. ગોકુળભૂમિ પર જાણે ધરતીકંપ થયો. કૃષ્ણ મથુરા સિધાવ્યા અને ગોપ–ગોપીઓ મૂઢ બની ગયાં. આનંદ ને ઉત્સવ બંધ થઈ ગયા. કૃષ્ણને પ્રાણપ્રિય રાધા દિઙ્ગમૂઢ બની ગઈ. છેલ્લી વિદાય વખતે રાધા બોલી : ' હે કૃષ્ણ ! જાવ કહું છું તો તમારી ઉપર મારો પ્રેમ નથી એમ થાય છે; તમને ફાવે તેમ કરો એમ કહું તો તમારી ને મારી વચ્ચે જુદાઈ છે એમ સાબિત થાય. માટે અમારા ઝૂરતાં હૈયાંની આરઝૂ પારખી, હે કૃષ્ણ ! આવજો !'

મથુરા ગયેલા કૃષ્ણનો પ્રેમ ઘટી ગયો છે એમ ગોપીઓ માને છે.

ધન ગોકુળ ધન ગામ મારા વા'લા !
ધન વંદરાવન[૧૦૦] ચોક મારા વા'લા !
લાવો કાગળ લાવો શઈ[૧૦૧] મારા વા'લા !
કાગળ ખૂઈટા[૧૦૨] ને શઈ ઢળી મારા વા'લા !
કાગળનો લખનારો મથુરામેં સધાઈરો[૧૦૩]
પૈસાનો પાશેર મારા વા'લા !
અડધાનો અચ્છેર મારા વા'લા !

૯૮ નાળિયેરી, ૯૯ ઓરડો, ૧૦૦ વૃંદાવન, ૧૦૧ શાહી, ૧૦૨ ખૂટચા, ૧૦૩ સધાર્યો–ગયો.

## ૧૯. ઘટે નહિ તમને રે ![૧૦૪]

૧૦ : ૨. પ્રેમ કર્યા પછી હડસેલી મૂકનાર પ્રિયતમને પ્રેયસી ઠપકો આપે છે.

આ શો જુમનાજીનો આરો, કદમનો છાંયો રે,
ત્યાં ઊભા છે દેવ મોરારી, માયા લાગી અમને રે.
વા'લે પૂર્ણું પિછોડો ઓઢાડચો, વા'લે મારે અમને રે,
હવે ખેંચી ખેંચી શું જાવ, ઘટે નહિ તમને રે !
વા'લે આંગળીએ વળગાડચાં, વા'લે મારે અમને રે,
હવે તરછોડી શું જાવ, ઘટે નહિ તમને રે !
વા'લે ઊંડા કૂવલિયા ખોદાવ્યા, વા'લે મારે અમને રે,
વા'લે ઊંડા કૂવામાં ઊતાર્યાં, વા'લે મારે અમને રે.
હવે વરત વાઢી શું જાવ, ઘટે નહિ તમને રે !
વા'લે અમૃત પાઈને ઉછેરેલ, વા'લે મારે અમને રે.
હવે વખડાં ઘોળી શું પાવ, ઘટે નહિ તમને રે !

## ૨૦. રાધાવિરહ–૧

૧૦ : ૩. રાધાવિરહની વેદના મહિનાનાં ઋતુકાવ્યો દ્વારા ગવાઈ છે. આ ગીત પોચંબાનાં ચંચળબહેન તડવી પાસેથી મળ્યું હતું.

કારતક કમળા કાનજી કૈં આલુંના શણગાર,
હર કૈં આલુંના શણગાર, ગોવિંદ ઘેર ના આયવા રે.
માગસર મહિને મનોહરા એનું રૂપે છત્રી ભોજન થાય,
હર એનું રૂપે છત્રી ભોજન થાય, ગોવિંદ ઘેર ના આયવા રે.
પોષ મહિનાની ટાઢો[૧૦૫] ઘણી ને, ગોપી પહેરો ચરનાં ચીર[૧૦૬] (૨) ગોવિંદ૦
મા' મહિને હેમાળો હળકચો, ઘરમાં નો રે'વાય (૨) ગોવિંદ૦
ફાગણ ફૂઈલો ફૂલડાં ને કૈં, મધુરા શી બોલે મોર (૨) ગોવિંદ૦
ચૈતર ચંપો મો'રિયો ને કૈં, મો'રી દાડમ દ્રાક્ષ (૨) ગોવિંદ૦
વૈશાખે વન વેડિયાં ને કૈં, વેડી આંબા ડાળ (૨) ગોવિંદ૦
જેઠે મહિને જગવિયાં ને કૈં, જગવ્યાં જે કાર[૧૦૭] (૨) ગોવિંદ૦
અખાડે અન્ન ઉર્હમટાં ને કૈં, વરસ્યો છે વરસાદ (૨) ગોવિંદ૦
શ્રાવણ વરઈસો સરોવરિયે ને કૈં, નદીનાળા ભરપુર (૨) ગોવિંદ૦
ભાદરવો ભર ગાજ્યો ને કૈં, જગવ્યાં જે જે કાર[૧૦૮] (૨) ગોવિંદ૦
આસો માસો દીપાવલી ને, ગોપી ગરબે રમવા જાય (૨) ગોવિંદ૦
બાર માસે પૂરા થયા ને કૈં, તેરમે અધિક માસ (૨) ગોવિંદ૦

---

૧૦૪ સરખાવો : પાઠાંતરો : ૧. સોરઠી : સંતવાણી : પ્રેમલક્ષણા ભક્તિખંડ; ૨. રઢિયાળી રાત : ભાગ ૨, ગીત ૪૬, પૃ. ૬૯; ૩: ગુજરાતી લોકસાહિત્યમાળા મણકો ૨, ગીત ૯૫૪, પૃ. ૪૦

૧૦૫ ટાઢનું બહુવચન, ૧૦૬ ચરણાંચીર–દેહ ઢંકાય એવી સાડી, ૧૦૭ જયકાર, ૧૦૮ જય જય કાર,

## ૨૧. રાધાવિરહ-૨

૧૦ : ૪. રાધા માસ માસની વિશેષતા યાદ કરી, કૃષ્ણ સાથે અનુભવેલાં સુખનાં સંભારણાં ઉર આણી વિરહવેદના વ્યક્ત કરે છે.

કારતકે કૃષ્ણ ગયા મેલી,
હવે હરિ ! શું કહીએ તમને ?
આવો હરિ ! શામળિયા વા'લા ![૧૦૯]
માગસરે મારગડે જ્યાં 'તાં,
ભેળાં બેસી ભોજનિયાં જમતાં,
હવે હરિ ! શેં નથી ગમતાં !—આવો૦

પોષે તો શોષે પઈડો અમને,
વા'લા મારા શું કહીએ તમને ?—આવો૦

મહા સતિ મારગડે રમતાં,
હવે હરિ ! શેં નથી ગમતાં ?—આવો૦

ફાગણે ફેરા ફરે હોળી !
ચૂંદણી મારી કેસરમેં રોળી !—આવો૦

ચૈતરે ચિત્ત કરે ચાળા,
મધુવન મોરલીઓવાળા,
વા'લા મારા મેલી ગયા અમને !—આવો૦

વૈશાખે વાટડલી જોતી,
ઊભી રૈ ડૂસકડે રોતી !—આવો૦

જેઠે તો જગજીવન આવિયા,
સૌ લોકે વધામણી લાવિયા,—આવો૦

અખાડે અબળા રહી ઝાંખી,
મેઘ આવી વરસ્યો રે વાડી,—આવો૦

શ્રાવણ તો સરવડીઓ વરસ્યો,
નદીએ નીર ઘણાં ઢળશે;
દેવસીકો[૧૧૦] પિયુ પિયુ કહી તલખે,[૧૧૧]
તરસે જીવ તલસે અમારો !—આવો૦

---

૧૦૯ પાઠાંતર : (૧) આવો હરિ ! રાસ રમો વા'લા !
(૨) આવો હરિ ! રાસે રમેવાને !

૧૧૦ દેવતરસ્યો, ૧૧૧ ટળવળે.

ભાદરવો ભલી પેરે ગાજિયો,
નદીકિનારે નીર ઘણાં ખલકે !—આવો૦
આસો માસો દિવાળલી આવી,
બેઠી વાંકો અંબોડો મેલી,
તેરસે ત્રંબાળું ગાજે,
દૂધડે ધોવું તારા પાવલિયા ![112]—આવો૦[113]

## ૨૨. લખી રાખેલા લેખ !

૧૧ : ૧. મસ્તીખોર માખણચોર ગોપીવલ્લભ કનૈયાનું બાલજીવન અને ચરિત્ર સંક્ષિપ્તમાં વર્ણવતું આ ગીત પોચંબાના શ્રી ત્રિકમભાઈ બાપુભાઈ ભીલ પાસેથી પ્રાપ્ત થયેલું છે. કૃષ્ણને શેરડીનો સાંઠો છોલતાં હાથે છરી બેસે છે. કનૈયાની માવડી ચીંથરાં લેવા દોડે છે. પાસે ઊભેલી દ્રૌપદી ચીંથરાં લાવતાં સુધી ધારજ ન ધરી શકી. તેનું હૈયું અનુકમ્પાથી ધ્રૂજી ઉઠયું. તેણે પોતાનો સોનૈયાની કિંમતનો નવરંગી હીરનો ચીર ફાડીને કૃષ્ણને પાટો બાંધ્યો ! યોગેશ્વર કૃષ્ણે તે ઉકેલી તાંતણા ગણી જોયા ! કૌરવસભામાં ચીર ખેંચાવાથી નવસ્ત્રા થતી દ્રૌપદીને નવસો નવાણું ચીર પૂર્યાનો પ્રસંગ આ ગીતમાં લોકકવિએ વણી લીધો છે. ગીતના બે ભાગ પડે છે. પાછલો ભાગ કદાચ કોઈએ રચેલ હોય એવી શંકા જાય છે.

ઊંચી ગોવિંદજીની પીપળલી રે,
નીચે સોનીડાનાં હાટ વહાલા !
આવી બેઠા પરદેશી કાગ વહાલા !

સોને જડાવું તારી ચાંચલડી રે, રૂપલે મઢાવું તારી પાંખ વહાલા !
ઊડી ગયા પરદેશી કાગ વહાલા !

દેવકીએ શરીકૃષ્ણ જનમિયા રે, જનમિયા માઝમરાત, વહાલા !
ગોળીએ ગોરસ પૂર મારી માતા ! મહીડાં વલોવવાના કોડ વહાલા !
મામા બોલાવે શરીકૃષ્ણ રે, ફોઈ બોલાવે ભગવાન, વહાલા !
મા ! મને માખણ આલ મારી માતા ! માખણ ખાધાના ઘણા કોડ વહાલા !
ગોળીએ આવીને શરીકૃષ્ણ ઊભા, ગોળીના કકડા વીસ, વહાલા !
શેરડીએ જાય ભરપૂર વહાલા !

શેરેલી સાંઠો આલ મારી માતા ! ભૂખ્યા હશે ભગવાન વહાલા !
શેરેલી સાંઠો એ છોલતાં રે, છરી બેઠી હરિને હાથ, વહાલા !
જસોમતી તે ચીથરાં લાવે, પાટો બાંધવા હરિને હાથ વહાલા !
દ્રૌપદીએ પાલવ ચીર્યા, પાટો બાંધ્યો હરિને હાથ વહાલા !
ત્રિકમે તેના તાંતણા ગણ્યા, લખી રાખેલા લેખ વહાલા !

---

૧૧૨ પગ, ૧૧૩ સરખાવો : રઢિયાળી રાત ભા. ૩. ગીત ૬૫; પૃ. ૮૩, ગુજરાતી લોકસાહિત્યમાળા, મણકો ૧, ગીત ૩૭૫: પૃ. ૩૩૭.

[૨]

હસ્તિનાપુરમાં હોડ જ બકી, કૌરવ–પાંડવ રમ્યાં જુગટું વહાલા !
પ્રથમ હાર્યા હસ્તિનાપુર, બીજે હાર્યા તે ગરથભંડાર, વહાલા !
ત્રીજે તે હાર્યા ચતુર ચૂકાવી,[૧૧૪] ચોથે હાર્યા દ્રૌપદી નાર, વહાલા !
પાંડવો હાર્યા ને હિંમત મે'લી, એની જગમાં થયેલી જાણ, વહાલા !
દુઃશાસન તો દોડતો રે આવ્યો, આવ્યો દ્રૌપદીને મે'લ, વહાલા !
કર ઝાલીને ચોટલો ઝાલી, લાવ્યો સભાની માંય, વહાલા !
દુઃશાસને તેનાં ચીર રે ખેંચ્યાં, વિસંભરે[૧૧૫] જોયું તે વાર, વહાલા !
ભરી સભામાં પરભુજીએ આવી, પડછો દીધો દ્રૌપદી તે નાર,[૧૧૬] વહાલા !
ગાય શીખે ને સાંભળે રે, તેનો વૈકુંઠ હોજો વાસ, વહાલા !

---

૧૧૪ પોતાની જાતને, ૧૧૫ વિશ્વંભર, ૧૧૬ પાઠાંતર: પરચો દીધો તે વાર વહાલા !

# શ્રીમદ્ રાજચંદ્રની દૃષ્ટિએ સત્

**ઉમાકાન્ત પ્રેમાનન્દ શાહ**

શ્રીમદ્ રાજચંદ્રજીના પોતાના જ શબ્દોમાં સત્ બાબત નીચે મુજબ જાણવા મળે છે— "મહાત્માઓએ ગમે તે નામે અને ગમે તે આકારે એક 'સત્'ને જ પ્રકાશ્યું છે. તેનું જ જ્ઞાન કરવા યોગ્ય છે, તે જ પ્રતીત કરવા યોગ્ય છે, તે જ અનુભવરૂપ છે, અને તેજ પરમપ્રેમે ભજવા યોગ્ય છે. તે 'પરમસત્'ની જ અમો અનન્ય પ્રેમે અવિચ્છિન્ન ભક્તિ ઇચ્છીએ છીએ. તે 'પરમસત્'ને પરમજ્ઞાન કહો, ગમે તો પરમપ્રેમ કહો, અને ગમે તો 'સત્-ચિત-આનંદ સ્વરૂપ' કહો, ગમે તો 'આત્મા' કહો, ગમે તો 'સર્વાત્મા' કહો, ગમે તો એક કહો, ગમે તો 'અનેક' કહો, ગમે તો 'એકરૂપ' કહો, ગમે તો 'સર્વરૂપ' કહો, પણ 'સત્' તે 'સત્' જ છે, અને તે જ બધા પ્રકારે કહેવા યોગ્ય છે, કહેવાય છે, સર્વ એ જ છે, અન્ય નહીં.

એવું તે પરમતત્ત્વ, પુરુષોત્તમ, હરિ, સિદ્ધ, ઈશ્વર, નિરંજન, અલખ, પરબ્રહ્મ, પરમાત્મા, પરમેશ્વર અને ભગવત આદિ અનંત નામોએ કહેવાયું છે. અમે જ્યારે પરમતત્ત્વ કહેવા ઇચ્છી તેવા કોઈ પણ શબ્દમાં બોલીએ તો તે એ જ છે, બીજું નહીં." *

ઉપરના શબ્દો ખૂબ જ મનન કરવા યોગ્ય, સર્વજ્ઞાનના, શ્રીમદ્ રાજચંદ્રના વિચારના, અનુભવના, જ્ઞાનના દોહનરૂપ છે. એમાં ટૂંકામાં, શ્રીમદે ઘણું કહી નાંખ્યું છે. એમાંથી જે બોધ જે જ્ઞાન ફલિત થાય છે તે વિષે થોડો વિચાર કરવાની જરૂર છે.

સત્ એટલે જેની હસ્તિ હોય તે, સત્ એટલે હોવું તે. જે કદિ હોય અને કદિ ના હોય તે સત્ ના હોઈ શકે. જે છે તે ત્રણે કાલમાં અવિનાશી છે તે 'સત્' છે. એ જ પરમતત્ત્વ, એટલે કે Ultimate Reality છે. એ જ પરમાત્મા, પરબ્રહ્મ, પરમેશ્વર છે. એ સર્વાત્મા, સર્વાન્તરયામી છે. એ તત્ત્વ, જે એક જ છે, તે અવિભાજ્ય જ હોઈ શકે કેમકે વિભાજન એ નાશની ક્રિયા છે અને સત્નો કદિ અભાવ, નાશ હોઈ જ ના શકે, એ સત્-ચિત્-આનંદરૂપ સર્વાત્મતત્ત્વ જ ધ્યાન કરવા યોગ્ય, અનુભવ કરવા યોગ્ય છે. તેની ભક્તિ અનન્યભાવે અવિચ્છિન્ન પણે થાય તેવી ઇચ્છા, શ્રીમદ્ પ્રગટ કરે છે.

પરમતત્ત્વ—એટલે કે Ultimate Reality—એક જ હોઈ શકે. એની, એ સત્ની, અનન્યભાવે, અવિચ્છિન્નપણે ભક્તિ થાય એવી ઇચ્છા પ્રકટ કરી, શ્રીમદ્ રાજચંદ્રજીએ અહીં અનન્ય શરણાગતિની આવશ્યકતા દર્શાવી છે.

---

*આ વચનો શ્રીમદ્ રાજચંદ્ર જીવન-સાધના, સંપાદક, મુકુલભાઈ કલાર્થી, પ્રકાશક, ત્રિકમલાલ મહાસુખરામ શાહ—(પ્રમુખ, શ્રીમદ્ રાજચંદ્ર જન્મ-શતાબ્દી મંડળ, અમદાવાદ) એ પુસ્તકમાંથી ઉતાર્યા છે.

એ સત્‌ને જ ' આત્મા ' તેમજ ' સર્વાત્મા ', ' એક ' તેમ જ ' અનેક ' રૂપે સંબોધાય છે એ દર્શાવી, એ એકજ પરમતત્ત્વ સત્ જ ભિન્ન ભિન્ન આત્મારૂપે અનેકરૂપે પ્રતીત થાય છે એ સૂચવી સર્વ આત્માના ઐક્યનું, એ સત્‌ના સાકાર તેમ જ નિરાકારરૂપનું સૂચન કર્યું લાગે છે. અને " સર્વ એ જ છે, અન્ય નહીં " એ શબ્દો દ્વારા આ વસ્તુ સ્પષ્ટ કરી છે.

શ્રીમદ્‌ના આ લખાણમાં સર્વદર્શન પ્રત્યે સમભાવ પણ નીતરે છે. મનુષ્યમાત્રનો પુરુષાર્થ એ પરમતત્ત્વની પ્રાપ્તિનો હોવો જોઈએ. સર્વ કોઈ, હરેક જીવનમાં, એ પરમતત્ત્વની પ્રાપ્તિ તરફ જ પ્રગતિ કરે છે. એટલે એ જે સમયે, જે અવસ્થામાં, જ્યાં સુધીનું દર્શન અને અનુભવ પામે ત્યાં સુધીનું તેટલું જ દર્શન રજૂ કરે. એટલે એ પ્રત્યેક દર્શન પ્રત્યે સમભાવથી, ઉદારભાવથી જોવું જોઈએ. પરમતત્ત્વ, સત્ એ અનુભવની પરાકાષ્ઠા છે ત્યાં સુધી પહોંચનાર વિરલા હોય છે. જેણે એ પરમતત્ત્વનો સ્વાનુભવ કર્યો છે તે સર્વમાં એ પરમતત્ત્વને જ જૂએ છે તેથી એની જીવન-દૃષ્ટિ સમત્ત્વવાળી હોય છે.

પરમતત્ત્વ, પરમસત્ એના વિના, સત્–દૃષ્ટિ, સત્–આચાર, સત્–વાણી, સત્–વિચાર વિના–કોઈ ગુણ, કોઇ સાધન, ફલિત થતા નથી. જેનામાં આ સત્ દૃષ્ટિ હોય તે જ સમત્ત્વ ધારણ કરતો હોય છે અને તેથી તે જ સાચો અહિંસક રહી શકે છે. સત્ય વિના મન, વાણી અને કર્મથી સત્યાચરણ વિના; સાચી અહિંસા ધારણ થઈ શકતી જ નથી. સત્યાચરણ વિનાની ભારતની અહિંસા સ્વરાજ્ય આવતાં જ કેવી અદૃશ્ય થઈ ગઈ અને દેશબાંધવો અંદર અંદર પણ સ્વાર્થ ખાતર એકબીજાને લૂટતા, દ્વેષ કરતા નથી અટક્યા તે આપણે છેલ્લા વીસ વર્ષમાં જોયું છે. સર્વ ગુણોનું મૂળ એ પરમતત્ત્વ " સત્ " છે અને એ " સત્ "ને સત્–માર્ગથી જ પામી શકાય. ગાંધીજીનું ખરું બળ એમના સત્યાચરણમાં હતું અને એ સત્યાચરણના પ્રતાપે જ તેઓ પોતાના જીવનમાં આવી અહિંસા કેળવી શક્યા હતા.

શ્રીમદ્ રાજચંદ્રના 'સત્' અંગેનાં શરૂમાં ટાંકેલાં વચનો એમના પોતાના અમુક અનુભવના આધારે લખાએલાં હોવાનો સંભવ છે. આ બાબતમાં, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ તરફથી ઈ. સ. ૧૯૫૧માં પ્રગટ થએલા, **શ્રીમદ્ રાજચંદ્ર** નામક ગ્રન્થમાંથી, શ્રીમદે સં. ૧૯૪૭માં મુંબાઈથી લખેલ એક પત્ર( જે સદર પુસ્તકના પૃ. ૨૭૩–૨૭૪ ઉપર છપાયો છે તે )નો ઉતારો આપું છું જેથી સમજાશે કે શ્રીમદ્ પોતે પોતાના સાધનમાં કેટલા આગળ વધી ગયા હતા. એઓશ્રીનું મુખ્ય ધ્યેય સત્યની–સત્‌ની પ્રાપ્તિનું હતું :—

## સર્વાત્મા હરિને નમસ્કાર

'સત્' સત્ છે, સરળ છે, સુગમ છે, તેની પ્રાપ્તિ સર્વત્ર હોય છે.

સત્ છે. કાળથી તેને બાધા નથી. તે સર્વનું અધિષ્ઠાન છે. વાણીથી અકથ્ય છે. તેની પ્રાપ્તિ હોય છે. અને તે પ્રાપ્તિનો ઉપાય છે.

ગમે તે સંપ્રદાય, દર્શનના મહાત્માઓનો લક્ષ એક 'સત્' જ છે. વાણીથી અકથ્ય હોવાથી મૂંગાની શ્રેણે સમજાવ્યું છે; જેથી તેઓના કથનમાં કંઈક ભેદ લાગે છે; વાસ્તવિક રીતે ભેદ નથી.

લોકનું સ્વરૂપ સર્વ કાળ એક સ્થિતિનું નથી; ક્ષણે ક્ષણે તે રૂપાંતર પામ્યા કરે છે; અનેક રૂપ નવાં થાય છે; અનેક સ્થિતિ કરે છે અને અનેક લય પામે છે; એક ક્ષણ પહેલાં જે રૂપ બાહ્ય જ્ઞાને જણાયું નહોતું, તે દેખાય છે; અને ક્ષણમાં ઘણાં દીર્ઘ વિસ્તારવાળાં રૂપ લય પામ્યાં જાય છે. મહાત્માના વિદ્યમાને વર્તતું લોકનું સ્વરૂપ અજ્ઞાનીના અનુગ્રહને અર્થે કંઈક રૂપાન્તરપૂર્વક કહ્યું જાય છે; પણ સર્વ કાળ જેની એક સ્થિતિ નથી એવું એ રૂપ 'સત્' નહીં હોવાથી ગમે તે રૂપે વર્ણવી તે કાળે ભ્રાંતિ ટાળી છે, અને એને લીધે સર્વત્ર એ સ્વરૂપ હોય જ એમ નથી, એમ સમજાય છે. બાળજીવ તો તે સ્વરૂપને શાશ્વતરૂપ માની લઈ ભ્રાંતિમાં પડે છે, પણ કોઈ જોગજીવ એવી અનેકતાની કહેણીથી મૂંઝાઈ જઈ 'સત્' તરફ વળે છે. ઘણું કરીને સર્વ મુમુક્ષુઓ એમ જ માર્ગ પામ્યા છે. 'ભ્રાંતિ'નું જ રૂપ એવું આ જગત વારંવાર વર્ણવવાનો મોટા પુરુષનો એ જ ઉદ્દેશ છે કે તે સ્વરૂપનો વિચાર કરતાં પ્રાણી ભ્રાંતિ પામે કે ખરું શું? આમ અનેક પ્રકારે કહ્યું છે, તેમાં શું માનું, અને મને શું કલ્યાણકારક? એમ વિચારતાં વિચારતાં એને એક ભ્રાંતિનો વિષય જાણી, જ્યાંથી 'સત્'ની પ્રાપ્તિ હોય છે એવા સંતના શરણ વગર છૂટકો નથી, એમ સમજી તે શોધી શરણાપન્ન થઈ 'સત્' પામી 'સત્' રૂપ હોય છે.

જૈનની બાહ્યશૈલી જોતાં તો અમે તીર્થંકરને સંપૂર્ણજ્ઞાન હોય એમ કહેતાં ભ્રાંતિમાં પડીએ છીએ. આનો અર્થ એવો કે જૈનની અંતર્શૈલી બીજી જોઈએ. કારણ કે 'અધિષ્ઠાન' વગર આ જગતને વર્ણવ્યું છે, અને તે વર્ણન અનેક પ્રાણીઓ, વિચક્ષણ આચાર્યોને પણ ભ્રાંતિનું કારણ થયું છે. તથાપિ અમે અમારા અભિપ્રાય પ્રમાણે વિચારીએ છીએ, તો એમ લાગે છે કે તીર્થંકરદેવ તો જ્ઞાની આત્મા હોવા જોઈએ, પણ તે કાળ પરત્વે જગતનું રૂપ વર્ણવ્યું છે. અને લોકો સર્વકાળ એવું માની બેઠા છે, જેથી ભ્રાંતિમાં પડચા છે. ગમે તેમ હો, પણ આ કાળમાં જૈનમાં તીર્થંકરના માર્ગને જાણવાની આકાંક્ષાવાળો પ્રાણી થવો દુર્લભ સંભવે છે, કારણ કે ખરાબે ચઢેલું વહાણ, અને તે પણ જૂનું, એ ભયંકર છે. તેમ જ જૈનની કથની ઘસાઈ જઈ, 'અધિષ્ઠાન' વિષયની ભ્રાંતિરૂપ ખરાબ તે વહાણ ચઢયું છે, જેથી સુખરૂપ થવું સંભવે નહીં. આ અમારી વાત પ્રત્યક્ષપણે દેખાશે.

તીર્થંકર દેવના સંબંધમાં અમને વારંવાર વિચાર રહ્યા કરે છે કે તેમણે 'અધિષ્ઠાન' વગર આ જગત વર્ણવ્યું છે, તેનું શું કારણ? શું તેને 'અધિષ્ઠાન'નું જ્ઞાન નહીં થયું હોય? અથવા 'અધિષ્ઠાન' નહીં જ હોય? અથવા કોઈ ઉદ્દેશે છુપાવ્યું હશે? અથવા કથન ભેદે પરંપરાએ નહીં સમજાયાથી 'અધિષ્ઠાન' વિષેનું કથન લય પામ્યું હશે? આ વિચાર થયા કરે છે. જોકે તીર્થંકરને અમે મોટા પુરુષ માનીએ છીએ, તેને નમસ્કાર કરીએ છીએ, તેના અપૂર્વ ગુણ ઉપર અમારી પરમભક્તિ છે, અને તેથી અમે ધારીએ છીએ કે 'અધિષ્ઠાન' તો તેમણે જાણેલું, પણ લોકોએ પરંપરાએ માર્ગની ભૂલથી લય કરી નાંખ્યું.

જગતનું કોઈ 'અધિષ્ઠાન' હોવું જોઈએ, એમ ઘણાખરા મહાત્માઓનું કથન છે. અને અમે પણ એમ જ કહીએ છીએ કે 'અધિષ્ઠાન' છે. અને તે 'અધિષ્ઠાન' તે હરિ ભગવાન છે. જેને ફરી ફરી હૃદય દેશમાં જોઈએ છીએ.

'અધિષ્ઠાન' વિષે તેમ જ ઉપલાં કથન વિષે સમાગમે અધિક સત્કથા થશે. લેખમાં તેવી આવી શકશે નહીં. માટે આટલેથી અટકું છું.

જનક વિદેહી સંસારમાં રહ્યા છતાં વિદેહી રહી શકયા એ જોકે મોટું આશ્ચર્ય છે, મહા મહા વિકટ છે, તથાપિ પરમજ્ઞાનમાં જ જેનો આત્મા તદાકાર છે, તેને જેમ રહે છે, તેમ રહ્યું જાય છે. અને જેમ પ્રારબ્ધકર્મનો ઉદય તેમ વર્તતાં તેમને બાધ હોતો નથી. દેહસહિતનું જેનું અહંપણું મટી ગયું છે, એવા તે મહાભાગ્યનો દેહ પણ આત્મભાવે જ જાણે વર્તતો હતો; તો પછી તેમની દશા ભેદવાળી કયાંથી હોય?

શ્રીકૃષ્ણ એ મહાત્મા હતા, જ્ઞાની છતાં ઉદયભાવે સંસારમાં રહ્યા હતા, એટલું જૈનથી પણ જાણી શકાય છે, અને તે ખરું છે; તથાપિ તેમની ગતિ વિષે જે ભેદ બતાવ્યો છે તેનું જુદું કારણ છે. અને ભાગવતાદિકમાં તો જે શ્રીકૃષ્ણ વર્ણવ્યા છે તે તો પરમાત્મા જ છે. પરમાત્માની લીલાને મહાત્મા કૃષ્ણને નામે ગાઈ છે. અને એ ભાગવત અને એ કૃષ્ણ જો મહાપુરુષથી સમજી લે તો જીવ જ્ઞાન પામી જાય એમ છે. આ વાત અમને બહુ પ્રિય છે, અને તમારા સમાગમે હવે તે વિશેષ ચર્ચીશું. લખ્યું જતું નથી.

સ્વર્ગનરકાદિની પ્રતીતિનો ઉપાય યોગમાર્ગ છે. તેમાં પણ જેમને દૂરંદેશી સિદ્ધિ પ્રાપ્ત થાય છે, તે તેની પ્રતીતિ માટે યોગ્ય છે. સર્વકાળ એ પ્રતીતિ પ્રાણીને દુર્લભ થઈ પડી છે. જ્ઞાનમાર્ગમાં એ વિશેષ વાત વર્ણવી નથી, પણ તે બધાં છે, એ જરૂર.

મોક્ષ જેટલે સ્થળે બતાવ્યો છે તે સત્ય છે. કર્મથી, ભ્રાંતિથી અથવા માયાથી છૂટવું તે મોક્ષ છે. એ મોક્ષની શબ્દવ્યાખ્યા છે.

જીવ એક પણ છે અને અનેક પણ છે. અધિષ્ઠાનથી એક છે. જીવરૂપે અનેક છે. આટલો ખુલાસો લખ્યો છે, તથાપિ તે બહુ અધૂરો રાખ્યો છે, કારણ લખતાં કોઈ તેવા શબ્દો જડ્યા નથી. પણ આપ સમજી શકશો, એમ મને નિઃશંકતા છે.

તીર્થંકરદેવને માટે સખત શબ્દો લખાયા છે માટે તેને નમસ્કાર."

ઉપરનો પત્ર જે ગ્રન્થમાંથી ઉતાર્યો છે, તેમાંજ (શ્રીમદ્ રાજચંદ્ર, પૃ. ૩૦૯) સંવત્ ૧૯૪૮માં શ્રીમદે લખેલો બીજો એક નાનો પત્ર છપાયો છે તે પણ આ સંદર્ભમાં વિચારવા યોગ્યછે:

"ભગવતને સર્વ સમર્પણ કર્યા શિવાય આ કાળમાં જીવનું દેહાભિમાન મટવું સંભવતું નથી. માટે અમે સનાતન ધર્મરૂપ પરમ સત્ય તેનું નિરંતર ધ્યાન કરીએ છીએ. જે સત્યનું ધ્યાન કરે છે, તે સત્ય હોય છે."

શ્રીમદ્ રાજચંદ્રનો સત્યાચરણનો આગ્રહ તેમના નીચેના શબ્દોમાં પણ પ્રગટ થાય છે:—

"ચમત્કાર બતાવી યોગને સિદ્ધ કરવો, એ યોગનું લક્ષણ નથી. સર્વોત્તમ યોગી તો એ છે કે જે સર્વપ્રકારની સ્પૃહાથી રહિતપણે, **સત્યમાં કેવળ અનન્ય નિષ્ઠાએ જે સર્વપ્રકારે 'સત્' જ આચરે છે, જગત જેને વિસ્મૃત થતું છે,** અમે એ જ ઇચ્છીએ છીએ." (જૈન, ભાવનગર, વર્ષ ૬૬, અંક ૪૪, ૧૮, નવેમ્બર ૧૯૬૭માં આપેલો ઉતારો)

અનન્ય નિષ્ઠાએ, સર્વપ્રકારે સત્-આચરણનો આગ્રહ રાખનાર કોઈ પણ કારણે અથવા દેશકાલની પરવા વિના નિર્ભેળ સત્યનો જ સેવક બની શકે. સત્યની સાથે બાંધછોડ થઈ શકે નહિ. ગાંધીજી કહેતા હતા કે Truth is Absolute, સત્ય નિરપેક્ષ છે, સર્વોપરિ છે. શ્રીમદ્ રાજચંદ્રનો સત્ અંગેનો ખ્યાલ આવો જ લાગે છે.

# ‘અનુસ્મૃતિ’ અને ‘સમયદ્વીપ’

**દિલાવરસિંહ જાડેજા**

“અનુસ્મૃતિ” એ ડૉ. ભોગીલાલ જ. સાંડેસરાનો ઇતિહાસ અને સાહિત્યવિષયક લેખ-સંગ્રહ છે. અનુસ્મૃતિ એટલે ભૂતકાળ અંગેની સ્મૃતિ અને તેમાં પણ ભૂતકાળ અંગેની પ્રિય સ્મૃતિ, ફરીને વાગોળવું ગમે એવું સ્મરણ. અન્ય વિષયોમાં ગૌણ કરી ડૉ. સાંડેસરાનું ચિત્ત આપણા ઇતિહાસ અંગેના ચિંતન તરફ “અનુસ્મૃતિ” લેખસંગ્રહમાં વારંવાર વળે છે અને તેથી લેખસંગ્રહનું શીર્ષક “અનુસ્મૃતિ” અન્વર્થક જણાય છે.

“અનુસ્મૃતિ” લેખસંગ્રહમાં આપણા પ્રાચીન અને મધ્યકાલીન શિલ્પ, સ્થાપત્ય તથા સાહિત્ય વિશેના લેખો છે. પ્રાચીન અને મધ્યકાલીન ગુજરાતમાં ધર્મજીવન, સોલંકીયુગનું સાંસ્કૃતિક જીવન જેવા લેખો વાંચતાં આપણને ખ્યાલ આવે છે કે સોલંકીયુગનું ગુજરાત એ લેખકનો પ્રિય અભ્યાસવિષય છે. લેખકના હૃદયના ભાવસ્પર્શથી ધબકતો મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ વિશેનો “તસ્મૈ શ્રી ગુરવે નમઃ” નામક સજીવ લેખ સમગ્ર ગ્રન્થમાં જુદો તરી આવે છે.

આ લેખો વાંચતી વખતે પહેલી છાપ એની વિગતસભરતાની પડે છે. ડૉ. સાંડેસરાના લેખોમાં અપાયેલી અનેક વિગતો પ્રાપ્ત થતા અસલ આધારોને અવલંબીને અપાયેલી હોય છે. જે મુદ્દાને ડૉ. સાંડેસરા ઉપસાવવા માગે છે તેને જુદાં જુદાં ઐતિહાસિક પ્રમાણોનો ઉપયોગ કરી તેઓ પરિપુષ્ટ કરે છે. જેનો આધાર પ્રાપ્ત થઈ શકે, જેને પ્રમાણનું સમર્થન મળી શકે એવું જ કથન કરવાનું ડૉ. સાંડેસરાનું એક ઇતિહાસકને છાજે એવું વલણ છે. પ્રાપ્ત એટલાં ઐતિહાસિક સાધનોનો ઉલ્લેખ કરી, કોઈ એક નિશ્ચિત તારણ ઉપર આવવાની ડૉ. સાંડેસરાની પદ્ધતિ છે. આ પદ્ધતિ યોગ્ય છે, કેમ કે આખરે તો સાધનોને આધારે ઇતિહાસ રચાય છે.

ઇતિહાસક તરીકે ડૉ. સાંડેસરા પ્રજાના સાંસ્કૃતિક જીવનને કેન્દ્રમાં રાખવાનું મનોવલણ ધરાવે છે. “કાન્હડદેપ્રબંધ–સાંસ્કૃતિક દૃષ્ટિએ” જેવી કૃતિચર્ચામાં પણ આ મનોવલણ ઊપસી આવે છે. ઇતિહાસ એટલે માત્ર રાજાઓની તવારીખ નહિ. રાજાઓએ લડેલી લડાઈઓના બયાનનું નામ ઇતિહાસ નહિ. ઇતિહાસમાં ગણતર સત્તાધીશોએ ખેલેલા રાજકીય આટાપાટાને જ સ્થાન ન હોઈ શકે. ઇતિહાસના કેન્દ્રમાં હોવું જોઈએ વ્યાપક પ્રજાજીવન, પ્રજાનું સંસ્કાર-જીવન. આધુનિક ઇતિહાસકારોમાં દેખાતું આવું વલણ ડૉ. સાંડેસરાના લેખોમાં વરતાય છે.

પ્રાચીન સિક્કાઓ અને શિલાલેખોની તુલનાએ સાહિત્યિક રચનાઓને ઇતિહાસના સૌથી મહત્ત્વના સાધન તરીકે લેખક સ્વીકારે છે. એમાં પણ પ્રજાજીવનને કેન્દ્રમાં રાખી વિચારવાનું લેખકનું વલણ પ્રતીત થાય છે, કેમ કે સાહિત્યરચનામાં તત્કાલીન જીવનસંદર્ભને પામવાની વિપુલ સામગ્રી મળી રહેતી હોય છે.

“અનુસ્મૃતિ”માં થોડા શબ્દોની ચર્ચા થયેલી છે. સામાજિક અને દૈનિક પરિવર્તનોની સાથે કેટલાક નવા વિચારો જન્મે છે. એ વિચારોને વ્યક્ત કરવા નવા શબ્દો તૈયાર થાય છે અને

નવા શબ્દો જો તૈયાર ન થયા હોય તો જૂના પ્રચલિત શબ્દોમાં નવા અર્થસંદર્ભનું આરોપણ થાય છે. આ દૃષ્ટિબિન્દુના સંદર્ભની રસિક ચર્ચા "અનુસ્મૃતિ"માં થયેલી છે. આવી ચર્ચા કરતાં પહેલાં લેખક તાત્ત્વિક ભૂમિકા બાંધે છે. અને એ ભૂમિકા ઉપરથી વિશિષ્ટ શબ્દના વિશ્લેષણ તરફ તેઓ વળે છે.

"વેદવિદ્યામાં લોકમાન્ય ટિળકનું સંશોધન" નામક લેખમાં માહિતી સારા પ્રમાણમાં મળે છે, પણ એમાં મૂલ્યાંકન નથી મળતું. વેદના કાલનિર્ણય તથા આર્યોના મૂળ નિવાસસ્થાન વિશે શ્રી ટિળકનાં શાં મંતવ્યો હતાં તે લેખકે નોંધ્યાં છે, પણ એ મંતવ્યોની પરીક્ષા એમણે નથી કરી. કાંઈક આવી જ છાપ "જૂના ગુજરાતી ભાષાસાહિત્યમાં પ્રો. ઠાકોરનું કાર્ય" નામના અન્યથા રસપ્રદ લેખ વિશે પડે છે. પ્રાચીન કાળની કોઈ મહત્ત્વની કૃતિનો પરિચય લેખક કરાવે છે તે વાચક માટે ઉપયોગી અને જ્ઞાનવર્ધક નીવડે તેવો હોય છે, પણ ચર્ચ્ય કૃતિ વિશે કાંઈક વિગતે રજૂ થયેલી વિવેચનાત્મક છણાવટ અંગેની આપણી અપેક્ષા ત્યાં પૂરેપૂરી સંતોષાતી નથી.

"અનુસ્મૃતિનું" ગદ્ય શાસ્ત્રીય ચર્ચાને છાજે તેવું તર્કબદ્ધ અને વિષયના સિલસિલાબંધ નિરૂપણવાળું છે, સંક્ષિપ્ત અર્થગર્ભ શૈલીએ આ લેખો રચાયા છે. એ શૈલીમાં મિથ્યા પ્રસ્તાર નથી. લેખના આરંભથી જ વિષયના કેન્દ્ર તરફ સરતી શૈલીનો અનુભવ "અનુસ્મૃતિ"માં થયાં કરે છે. ડૉ. સાંડેસરાનું ભૂતકાળ તરફનું દૃષ્ટિબિન્દુ અરસિક કે શાસ્ત્રજડ વિદ્વાનનું નથી, પરંતુ ઇતિહાસના સ્થૂળ અવશેષોનો ધબકાર જીવંત રીતે પામનાર રસિક અને સંવેદનશીલ પંડિતનું છે. વિષયની શાસ્ત્રીય ચર્ચા કરતી વખતે, શાસ્ત્રીય ચર્ચાનો રંગ અળપાઈ ન જાય એ રીતે, ક્વચિત્ ઉષ્માભર્યા ભાવસ્પર્શ એમના ગદ્યમાં અનુભવાય છે.

"અનુસ્મૃતિ"માં ઐતિહાસિક સ્થળોનાં માત્ર વર્ણનો આપણને નથી મળતાં, એ સ્થળોનું નિરીક્ષણ-પરીક્ષણ કરવાને કારણે એક બહુશ્રુત સાહિત્યકારના ચિત્ત ઉપર શો પ્રતિભાવ પડ્યો એનું સજીવ બયાન પણ આપણને સાંપડે છે.

"અનુસ્મૃતિ"માં ડૉ. સાંડેસરાની વિદ્વત્તા, ઐતિહાસિક દૃષ્ટિ અને તુલનાત્મક વિવેચન-શક્તિનાં પ્રમાણો મળે છે. ઇતિહાસ અને સાહિત્યવિષયક લેખનમાં ડૉ. સાંડેસરાની દૃષ્ટિ ભાવાત્મક છે. એમના અભ્યાસનું ફલક વ્યાપક છે. સોમેશ્વરકૃત "કીર્તિકૌમુદી"ની વાત કરતી વખતે આરંભે એ પ્રકારની અનેક કૃતિઓનાં તેઓ દૃષ્ટાન્તો આપે છે. તુલનાત્મક સંદર્ભો આપવાની આ પદ્ધતિ ડૉ. સાડેસરાના સમગ્ર ગ્રન્થમાં જોવા મળે છે. ગ્રન્થના નિરૂપણમાં હકીકતો અને વિગતો ઉપરનું લેખકનું ઘણું પ્રભુત્વ અને પ્રસ્તુત વિગતોને કોઈ વ્યાપક મુદ્દા સાથે સમન્વિત કરવાની શક્તિ આપણું ધ્યાન ખેંચશે.

*

શ્રી ભગવતીકુમાર શર્માની એક લઘુ નવલકથા "સમયદ્વીપ"માં દ્વિધાના દ્વીપ ઉપર ઊભા રહેલા વાર્તાનાયક નીલકંઠની કથા કહેવાયેલી છે. પરંપરાગત રૂઢ ધર્મસંસ્કારોવાળા ગામડાના એક બ્રાહ્મણકુટુંબમાં જન્મેલો નીલકંઠ, કાળક્રમે મુંબઈ જેવા મહાનગરમાં એક અદ્યતન સુશિક્ષિતનું જીવન જીવતો બની જાય છે. જીવન વિશે વૈજ્ઞાનિક અને બુદ્ધિનિષ્ઠ દૃષ્ટિકોણ ધરાવતો વર્તમાન-કાળનો એક નીલકંઠ અને બીજો નીલકંઠ તે રૂઢિચુસ્ત પુરોહિતનો શ્રદ્ધાળુ પુત્ર–શંકરની આરતીની આશકા ધરતો. શ્રદ્ધાનું આકાશ અને અશ્રદ્ધાનું પાતાળ એવાં બે અંતિમો વચ્ચે જીવતો નીલકંઠ બે

જુદા જુદા કાલખંડો વચ્ચે ખેંચાયા કરે છે. ભૂતકાલીન સ્મૃતિના સલિલમાં સ્નાન કરતો નીલકંઠ ભૂતકાળના એના જીવનના આધારો વિશે ક્યારેક શંકાશીલ બની જાય છે. એક બાજુ સુખમધુર શૈશવકાળ છે અને બીજી બાજુ દુઃખકઠોર વર્તમાનની ભીંસ છે. ભૂતકાલીન રમ્ય શૈશવનો આધાર તૂટી ગયો છે અને વર્તમાનની ભૂમિ ઉપર કથાનાયક મહોરી શકતો નથી.

અદ્યતન ગુજરાતી કવિતામાં ઝળકતો આ વિષય ભગવતીકુમારની નવલકથામાં રસિક રીતે નિરૂપાયો છે. નવલકથાકારના શબ્દોમાં જ 'સમયદ્વીપ'ની થીમનો નિર્દેશ સાંભળીએ: "રેશમી-ઊની વસ્ત્રો અને પિત્તળ-પાષાણની ઝાંખી મૂર્તિઓ, સંધ્યા-પૂજા, મંત્રોચ્ચાર અને તુલસી દુર્વા-બીલીપત્રમાં વસતો મનાતો ધર્મ ઘસાતો જતો હોય એમ લાગે છે, અને તે સાથે જ શ્રદ્ધાઓ, મૂલ્યો, નિષ્ઠાઓ તથા વિશ્વાસોનો એક પ્રલંબ સમયખંડ પણ ભારેસલ્લ શિલાની જેમ બ્રહ્માંડના અસ્તિત્વના જલધિને તળિયે બેસતો જતો હોય એવો અનુભવ થઈ રહ્યો છે. વ્યતીત સમયનાં બધાં જ મૂલ્યો અને માન્યતાઓને વળગી રહી શકાયું નથી, તો નવા સમયનાં બધાં જ મૂલ્યો અને માન્યતાઓ સાથે પણ હજી સહમત થઈ શકાતું નથી. આને જ કદાચ સંક્રાંતિ કહેતા હશે લોકો." વાર્તાકારની આવી માનસભૂમિકામાંથી અથવા તો વાર્તારચનાની આવી કાચી સામગ્રીમાંથી "સમયદ્વીપ"નો કલાઘાટ સરજાયો છે.

આ નવલકથામાં મનુષ્યના બહારના આવરણ નીચે છુપાયેલી ભીતરી સૃષ્ટિને છતી કરવામાં આવી છે. ભગવતીકુમારની નવલકથાકાર તરીકેની આ એક લાક્ષણિકતા છે—માનવપાત્રના અંતરનાં ઊંડાણમાં ચાલતી હલચલનો નાજુક કલમે સજીવ પરિચય આપવાની માનવમનની કોમ્પલેક્સ: સંકુલ: લાગણીઓને નજાકતપૂર્વક મૂર્ત કરવાની ભગવતીકુમારની શૈલી મને ગમે છે. નીલ અને નીરા જેવાં પાત્રોની સંવેદનશીલતાના ધબકારનો વાચકને અનુભવ કરાવવાની વાર્તાકાર પાસે કળા છે. પાત્રજીવનમાં નર્યા સ્થૂળ આલેખનોમાં સરવું અને પાત્રમનની આંતરિક ગતિ-વિધિને નિરૂપવા જતાં ગૂંચવણવાળી અમૂર્તતામાં પણ ન સરવું, એવી સુવર્ણમધ્યનો આશ્રય લેતી વાર્તાકારની વાર્તા કહેવાની ચિત્રાત્મક પદ્ધતિનો અનુભવ "સમયદ્વીપ"માં થાય છે. બીજી રીતે આ વાર્તા કહું તો, પાત્રજીવનનાં કેવળ ભૌતિક આલેખનોમાં વાર્તાકારને જેમ રસ નથી તેમ એમને પાત્રની માત્ર માનસિક ગતિવિધિ રજૂ કરવાનો પણ રસ નથી. દૃષ્ટિગોચર થતું સ્થૂળ વિશ્વ અને એ સ્થૂળ વિશ્વની પાછળ ઢંકાયેલી રહેલી મનોસૃષ્ટિ—એ બન્નેને આકારબદ્ધ કરવામાં નવલકથાકારને સરખો રસ છે.

ભગવતીકુમારની વાર્તાકાર તરીકે એક બીજી વિશેષતા જે સ્થળવિશેષનું વર્ણન કરતા હોય એનું વાતાવરણ પ્રત્યક્ષકર બનાવવાની છે, પછી એ વાતાવરણ વિલુપ્ત થતા જતા ગુજરાતના કોઈ ગામડાના રૂઢિચુસ્ત કુટુંબનું હોય કે પછી મુંબઈ જેવા મહાનગરની વૈભવશાળી જીવન જીવતી ભોગવિલાસમસ્ત વ્યક્તિઓને લગતું હોય.

બેવડે દોરે નવલકથાની રજૂઆત કરવાની ભગવતીકુમારની પ્રિય પદ્ધતિ "સમયદ્વીપ"માં પણ પ્રયોજાઈ છે. એક દૃશ્ય મુંબઈનું, બીજું ગામડાનું. પાત્રજીવનના વર્તમાનના તાણામાં ભૂત-કાળનો વાણો સાહજિક રીતે વણાતો જાય છે. તાણાવાણાની આ રસપ્રદ ગૂંથણી તાજગીવાળા ઇન્દ્રિયરાગી ગદ્યના માધ્યમ દ્વારા આપણી સમક્ષ પ્રત્યક્ષ થતી રહે છે. ગુજરાતી લઘુનવલકથાના ક્ષેત્રે "સમયદ્વીપ"નું સ્થાયી કહી શકાય એવું અર્પણ હવે પછી ગણાય તો મને એનું આશ્ચર્ય નહિ થાય.

# ગ્રન્થાવલોકન

**ઉન્મીલન :** લેખક પ્રો. અનંતરાય રાવળ; પ્રકાશક ; વોરા ઍન્ડ કંપની, ગાંધી ચેમ્બર્સ, ગાંધી માર્ગ, અમદાવાદ-૧; પૃ. ૩૦૨, મૂલ્ય : બાર રૂપિયા.

આ અગાઉ 'સાહિત્યવિહાર', 'ગંધાક્ષત', 'સાહિત્યવિવેક', 'સાહિત્યનિકષ', 'સમીક્ષા', 'સમાલોચના', 'ગ્રંથસ્થ વાઙ્મય', 'તારતમ્ય' વગેરે આઠ વિવેચનસંગ્રહો પ્રો. રાવળના નામે પ્રગટ થયા છે. 'ઉન્મીલન' તેમનો નવમો વિવેચનસંગ્રહ છે.

સંગ્રહના નાનામોટા વીસ લેખોમાંથી મોટા ભાગના – એટલે કે તેર–લેખો જે તે પુસ્તકોના અભ્યાસી પ્રવેશકો છે. "ધર્માન્તર અને 'કાન્ત'ની કવિતા" તથા 'પંડિત યુગના મહારથી' એ બે લેખો, અનુક્રમે કવિ 'કાન્ત' અને પ્રો. બ. ક. ઠાકોરવિષયક અધ્યયન ગ્રન્થો માટે લખાયેલા અભ્યાસ લેખો છે. કલાપીના ગદ્ય સાહિત્ય વિશેનો લેખ એ ગુજરાત યુનિવર્સિટી વ્યાખ્યાન છે, તો 'રમણભાઈની સાહિત્યસાધના', 'આનંદશંકરની અક્ષરયાત્રા', 'કવિશ્રીની લલિતેતર રચનાઓ' અને 'સાહિત્યક્ષેત્રનું ભાવિ'—એ ચાર લેખો આકાશવાણી વાર્તાલાપો છે.

સંગ્રહનો પ્રથમ લેખ 'પશ્યંતીનો પ્રસાદ' નામે છે. એ લેખમાં લેખક, શ્રેયસ્સાધક અધિકારી વર્ગના આચાર્ય શ્રીમન્નૃસિંહાચાર્યજી જેવા યોગસિદ્ધ, જ્ઞાનનિષ્ઠ મહાત્માની પશ્યંતી વાણીના પ્રસાદરૂપ પ્રેરક-પ્રબોધક કાવ્યવાણીનું રસદર્શી વિવેચન કરી તેનું ઐતિહાસિક મૂલ્ય સમજાવે છે. નરસિંહ મહેતાની જેમ, શ્રી નૃસિંહાચાર્યજી પણ પ્રથમ ભક્ત અને જ્ઞાની અને પછી કવિ છે. માત્ર સાધનરૂપે પ્રયોજેલ પદ્યરચનાઓમાં પણ કવિ તરીકેની તેમની સજ્જતાનું સુભગ દર્શન કેવી રીતે થાય છે તે પ્રો. રાવળે સોદાહરણ વિગતે સમજાવ્યું છે. સમૃદ્ધ વૈવિધ્ય, પદ્યકૌશલ, સંગીતજ્ઞતા, શબ્દપ્રભુત્વ, ગુજરાતી ભાષા અને હિન્દી ભાષાનું સવ્યસાચીપણું, મધ્યકાલીન ગુજરાતી કવિતાની પરંપરાને અનુસરવાનું વલણ, સ્વતંત્ર રણકતો નારસિંહી અવાજ વગેરે તેમની કેટલીક વિશિષ્ટતાઓનું લેખકે નિદર્શન કર્યું છે. લેખને અંતે પ્રો રાવળ લખે છે: "શ્રી નૃસિંહાચાર્યજીની કવિતાનું સ્થાન જૂની પરંપરાનું સાતત્ય લંબાવનાર ગઈ સદીના ઉતરાર્ધના કવિવૃંદમાં તેની સત્ત્વસંપત્તિને કારણે આગળ પડતું અને માનભર્યું છે અને ઐતિહાસિક મૂલ્યનું છે."

'પંડિતયુગની સાહિત્યચર્ચા' અને 'દ્યોતક ધર્મતત્ત્વમીમાંસા'. એ બન્ને લેખો અનુક્રમે 'દી. બ. નર્મદાશંકર મહેતા સ્મારકગ્રન્થ' અને નર્મદાશંકર મહેતાકૃત 'ધર્મતત્ત્વવિચાર'ના વિદ્વત્તાપૂર્ણ લાંબા પ્રવેશકો છે. 'દ્યોતક ધર્મતત્ત્વમીમાંસા' એ આ સંગ્રહનો તેત્રીસ પાનાંનો લાંબો એક ઉત્તમ લેખ છે. તેમાં શ્રી નર્મદાશંકર મહેતાનાં અભ્યાસલેખો, વ્યાખ્યાનો, પુસ્તકોના પ્રવેશકો, અવલોકનો અને 'પરિશિષ્ટ'માં જિજ્ઞાસુ સાધકવૃત્તિના મિત્રો-પ્રશંસકોની પૃચ્છાના ઉત્તરો, પુરસ્કૃત કર્યા છે. જેમ આચાર્ય આનંદશંકર ધ્રુવનું ઉત્તમ તેમના ધર્મ-તત્ત્વજ્ઞાનવિષયક લેખોમાં છે તેમ જ નર્મદાશંકરનું પણ ઈ. સ. ૧૯૧૪ થી ઈ. સ. ૧૯૩૪ના ગાળામાં, આચાર્ય

ધ્રુવ જેવાને બાદ કરતાં, નર્મદાશંકરની કક્ષાનાં બીજા વિદ્વાનો વિરલ હતા તેમ પ્રો. રાવળ આ ગ્રન્થમાં વિલસતાં વિદ્વત્તા ને તત્ત્વવિચારણાના ઊંચી કક્ષાના લેખોને આધારે કહે છે. ભારતીય પરંપરાનું વિપુલ તેટલું જ ઊંડું શાસ્ત્રજ્ઞાન, અશેષ નિરૂપણ, તત્ત્વવિચાર-વિવરણશક્તિ, ઐતિહાસિક તુલનાત્મક ચિકિત્સકવૃત્તિ, તરતમવિવેક ને પર્યેષક બુદ્ધિ, સમન્વયદર્શિતા, રહસ્યોદ્ઘાટનની શક્તિ, બુદ્ધિપ્રામાણ્યનો આગ્રહ, વૈજ્ઞાનિક અભિગમ અને અબદ્ધ ખુલ્લાપણું—નર્મદાશંકરના લેખસંગ્રહમાં વ્યક્ત થતા આવા ગુણવિશેષોનો સોદાહરણ ઉલ્લેખ પ્રો. રાવળ તેમના આલેખમાં કરે છે. વિસ્તારભયે અવતરિત કરતો નથી. પણ પૃ. ૨૫૪ ઉપરની નર્મદાશંકર ધર્મતત્ત્વ-મીમાંસાનો ઉપસંહાર કરતી કંડિકા, શ્રી મહેતાની શક્તિની તેમ જ પ્રો. રાવળની વિવેચનશૈલીની દ્યોતક છે. અનેક અવતરણો દ્વારા શ્રી મહેતાના લેખોને બિરદાવ્યા પછી તટસ્થ બુદ્ધથી પ્રો રાવળ એમનાં લખાણો માટે કહે છે: "જેમ સારા નિબંધકાર બનવાની શક્યતા અને શક્તિ તેમની પાસે હતી છતાં નર્મદાશંકર નિબંધના કલાકાર નથી બની શક્યા તેમ એક સારા ગદ્યલેખક હોવા છતાં એ સમર્થ શૈલીકાર પણ નીવડી શક્યા નથી, કારણ દેખીતું છે. તેઓ સાહિત્યધર્મી લેખક નથી. પ્રકૃતિએ, રુચિએ અને પ્રયોજને ધર્મવિવરણકાર અને તત્ત્વવિચારક જ છે. વક્તવ્ય અને વિચારણા ઉપર જ તેમનો ભાર હોય છે. તેની શાબ્દિક અભિવ્યક્તિ એમને માટે સાધન જ હોય છે, સાધ્ય નહિ. એમને માટે **अर्थं वाचोऽनुधावति** જેવું બનતું લાગે છે." (પૃ. ૨૫૮)

ધર્મ અને તત્ત્વજ્ઞાનના નિપુણ જ્ઞાતા નર્મદાશંકર, સાહિત્યશાસ્ત્રના યથાવશ્યક જ્ઞાનથી પણ કેવા સજ્જ હતા અને વાંચવા પ્રાપ્ત થયેલી સાહિત્યકૃતિઓના મૂલ્યાંકનમાં તેનો તથા પોતાના શાસ્ત્ર-પાંડિત્યનો કેવો સાર્થ વિનિયોગ કરનારા અભ્યાસી સહૃદય હતા તેની સાબૂત પ્રતીતિ તેમના સાહિત્યવિષયક લેખો તથા વ્યાખ્યાનોના સંગ્રહ દ્વારા થાય છે. 'પંડિતની સાહિત્યચર્ચા' એ લેખમાં, પંડિતપ્રવર નર્મદાશંકરનાં ગ્રન્થસ્થ સાહિત્યકીય લખાણો અને અખો, દયારામ, બાલાશંકર, ગોવર્ધનરામ વગેરે સાહિત્યકારોની સેવાઓને મૂલવવાનો જે ઉપક્રમ છે તેની સહૃદય વિવેચકની ગુણદૃષ્ટિયુક્ત સમીક્ષા છે. શ્રીમન્ નૃસિંહાચાર્યજીની લાંબી પણ અધૂરી રહી ગયેલી કથા 'ત્રિભુવનવિજયી ખડ્ગ'ના શ્રી મહેતાના ઉપોદ્ઘાતને, કૃતિને વાંચવા-સમજવા માટે 'આંખે પહેરવાના ખાસ ચશ્મા' તરીકે પ્રો. રાવળ નિર્દેશે છે તો, દયારામની ભક્તિકવિતા માટેના શ્રી મહેતાના અભિપ્રાયને પ્રો. રાવળ, 'આખરી' ગણાવે છે. અખા વિશેના શ્રી મહેતાના ચાર લેખો પ્રો. રાવળ 'વસ્તુપરિચાયક ને સ્વાધ્યાય પ્રકાર'ના ગણાવે છે તો ગોવર્ધનરામના 'સ્નેહ-મુદ્રા'નો નેગેટિવ કાચ 'હૃદયરૂદિતશતક'ના સંસ્કૃત કાવ્યમાં છે તેમ કહે છે. 'કવિ બાલ: જીવન અને સાહિત્યસેવા'ના લેખને 'સોનાના મૂલનું' લખાણ, ગણાવે છે. દયારામ અને બાલાશંકરને સમજવાની વાંચકોને જે દૃષ્ટિ નર્મદાશંકરે આપી તેને પ્રો. રાવળ 'ઐતિહાસિક મૂલ્યની 'સાહિત્યસેવા' કહે છે.

'સત્ત્વવંતી વિચારગોષ્ઠિ' એકનિષ્ઠ સાહિત્યકાર 'ધૂમકેતુ'ના સાહિત્ય વિષયક લેખ-સંચય નામે 'સાહિત્ય વિચારણા'નો પ્રવેશક છે. 'સાહિત્યવિચારણા'ના લેખક માટેનો પ્રો. રાવળનો અભિપ્રાય આ પ્રમાણે છે: "વિચાર વગરના જીવન માટે અછાનો તિરસ્કાર એકથી વધુ વખત વ્યક્ત કરનાર સર્જક 'ધૂમકેતુ'નું અંદરનું કાંઈક વિચારકનું પણ ખરું; ભલે, જીવનના તલસ્પર્શી ગંભીર શાસ્ત્રીય પર્યાલોચકનું નહિ, પણ માનવ-વ્યવહાર-સમાજ અને દેશના

સમકાલીન જીવનસંદર્ભમાં મહત્ત્વના ઠરતા પ્રશ્નો પરત્વે પ્રજાના સંસ્કાર અને હૈયાસાબૂતીની ફિકરથી પ્રેરાઈને પોતાની રીતે પ્રામાણિકપણે વિચારવા મથનાર અને પોતાનાં મંતવ્યો ઉત્સાહથી ઉદ્‌ગારનાર સમાજશ્રેયાર્થી ચિંતનરસિકનું તો જરૂર." (પૃ. ૧૫૧) 'પુસ્તક સમગ્રમાં 'ધૂમકેતુ' ગંભીર થઈને બોલતા-લખતા-વિચારતા નિબંધકાર, ગદ્યકાર અને વિચારકના સ્વાંગમાં જ આપણી સમક્ષ ઉપસ્થિત થાય છે.'

'ગાંધીદર્શનની સમીક્ષા' એ શ્રી શાંતિલાલ દેસાઈકૃત 'ગાંધીતત્ત્વમીમાંસા'નો આમુખ છે. ગાંધીજી પ્રત્યે પ્રેમાદરપૂર્વક છતાં શાસ્ત્રીય અન્વેષણાત્મક સ્વાધ્યાયની રીતે લખાયેલા પી.એચ.ડી. માટેના આ પ્રબંધ( Thesis )ની કેટલીક વિશેષતાઓ તેમ જ મર્યાદાઓ પ્રો. રાવળે નિર્દેશી છે. 'શોભતું પિતૃશ્રાદ્ધ' તે શ્રી દક્ષિણકુમાર ગૌરીશંકર જોષી લિખિત સંસ્મરણકથા 'ઉત્તરયાત્રા'નો પ્રવેશક છે. સ્વ. 'ધૂમકેતુ'ના યથાર્થ પરિચય માટે 'ધૂમકેતુ' લિખિત 'જીવનપંથ' અને 'જીવનરંગ'ની પૂર્તિરૂપ અત્યંત વિશ્રાંતિપૂર્વક લખાયેલી તેમના ચિરંજીવીની આ સંસ્મરણકથાને પ્રો. રાવળ, 'ધૂમકેતુ'ની નિકટનજરી ( Close-up ) તરીકે ઓળખાવે છે અને એની આબેહૂબતા ( Life-likeness ) અને મુક્તશૈલીનાં વખાણ કરે છે. સંસ્મરણોનાં આલેખનમાં દક્ષિણકુમાર યાથાર્થ્યઘાતક પિતૃભક્તિથી દૂર રહ્યા છે અને સંસ્મરણોની પસંદગીમાં તેમણે પ્રમાણમાં ઠીક ઠીક ઔચિત્ય દાખવ્યું છે તેની સહર્ષ નોંધ લે છે. 'સ્ફૂર્તિદાયક સત્સંગ' શ્રી યશોધર ન. મહેતાકૃત 'સાક્ષાત્કારને રસ્તે' નામના તેમના બીજા લેખસંગ્રહનો ટૂંકો પ્રવેશક છે. પત્રકારી ઢબનાં, હળવી શૈલીનાં મુક્તચિંતનવિહાર કરતાં 'ગોષ્ઠિકુશળ બહુશ્રુત પુરુષ'નાં આ લખાણોને પ્રો. રાવળ, 'લઘુનિબંધાત્મક લખાણો' તરીકે ઓળખાવે છે. શ્રી યશોધરની લખાવટમાં ક્યાંક ક્યાંક શ્રી રમણલાલ દેસાઈ, શ્રી મેઘાણી અને શ્રી કનૈયાલાલ મુનશીનો લહેકો સંભળાય છે તે પ્રો. રાવળે સ-દૃષ્ટાંત નિર્દેશ્યું છે. અત્યંત મિતાક્ષરી શૈલીમાં પ્રો. રાવળ આ કૃતિ માટે કહે છે: "ચમકતા વિચારો જો આ લખાણોને સત્ત્વબળ તો લખાવટ એને સાહિત્ય-ગુણ આપે છે." (પૃ. ૨૯૪)

'ભદ્રા' એ નાથાલાલ દવેકૃત વાર્તાસંગ્રહ છે. પ્રો. રાવળે એના પ્રવેશકમાં, લેખકની પ્રયોગશીલતા, સ્થલકાલપાત્રાદિની વિવિધતા, એમની વિનોદપ્રિયતા. એમનાં અવલોકન, સંવેદન અને જીવનદૃષ્ટિને બિરદાવ્યાં છે, તો એડગર ઍલન પોના વાર્તાકલાના આદર્શને લક્ષમાં રાખી એના દોષો પણ દર્શાવ્યા છે. આ પ્રવેશક દ્વારા પ્રો. રાવળની વાર્તાકલાની વિભાવના પણ સ્પષ્ટ થાય છે.

'સાર્થનામ નાટિકાસંગ્રહ' એ શ્રી પુષ્કર ચંદરવાકરના બીજા નાટિકાસંગ્રહ 'યજ્ઞ'નો આમુખ છે. આ 'આમુખ'માં સંગ્રહની કુલ બાર કૃતિઓના વસ્તુનું પૃથક્કરણ કરી, તેનું વર્ગીકરણ કરી, શક્ય હોય ત્યાં એનાં મૂળ નિર્દેશી, એ મૂળ સાથે નિરૂપિત વસ્તુની તુલના કરી, એની વિશેષતાઓ અને મર્યાદાઓ, ઋજુ અને સમતોલ ભાષામાં દર્શાવેલ છે.

'કાળની સમસ્યાનું નાટક' તે, પ્રસિદ્ધ સ્કોચ નાટ્યકાર સર જેમ્સ બેરીકૃત 'મેરી રોઝ' નાટકનો ડૉ. ભદ્રમુખરાય કે. વૈદ્યે 'માધવી' નામે કરેલ રૂપાન્તરનો 'આમુખ' છે. આ 'આમુખ'માં સર જેમ્સ બેરીની નાટ્યકાર તરીકેની વિશિષ્ટતાઓ દર્શાવી ગુજરાતી લેબાશમાં એનું રૂપાંતર કેવુંક થયું છે તે ચર્ચ્યું છે. કૃષ્ણ-સુદામાની લોકકથામાં, યોગવાસિષ્ઠનાં બે ત્રણ

આખ્યાનોમાં 'I have been here before'માં પ્રીસ્ટલીએ તેમ જ 'મેરી રોઝ'માં સર જેમ્સ બેરીએ નિરૂપેલી કાળની વિભાવનાની પ્રો. રાવળે કરેલી તુલનામાં તેમની ચિંતનશીલ વિદ્વતા ડોકાય છે.

'ધરતીનો મોંઘેરો મોર' તે શ્રી પન્નાલાલ પટેલની 'ભાંગ્યાનાં ભેરુ'નું અનુસંધાન અને 'માનવીની ભવાઈ'ની પૂર્ણાહૂતિરૂપ નવલકથા 'ઘમ્મરવલોણું'નો રસદર્શી યથોચિત પ્રવેશક છે. આપણા સાહિત્યકારોની સામાન્ય મર્યાદાની વાત કરતાં પ્રો. રાવળ લખે છે: "પોતાને ફાવી ગયેલી અને સહૃદય વાંચકોની તાળીઓ પામેલી વિશિષ્ટતાઓ તથા કલા-કારીગરી તેમની આગળ ફરી રજૂ કરવાની સ્વાભાવિક લાલચમાં સર્જકો એક વાર સફળતા મેળવ્યા પછી પોતાના જ અનુકરણ કે પુનરાવર્તનમાં સરી પડતાં હોય છે. મુનશીની 'પાટણની પ્રભુતા'વાળી નવલત્રિપુટી ન્હાનાલાલનાં નાટકો, 'ધૂમકેતુ'ની વાર્તાઓ અને ઐતિહાસિક નવલકથાઓ, રમણલાલ દેસાઈની નવલકથાઓ, મેઘાણી અને પેટલીકરની સામાજિક નવલકથાઓ તથા ગુણવંતરાયની સાગરકથાઓ અને અર્ધ-ઐતિહાસિક નવલકથાઓ આનાં દૃષ્ટાન્તરૂપ છે." (પૃ. ૨૦૬) શ્રી પન્નાલાલની આવી મર્યાદાઓનો સમભાવપૂર્વક ઉલ્લેખ કરી ગુણદર્શનમાં અંતે કહે છે: "'સરસ્વતીચંદ્ર'ના ચાર ભાગ પછી મુનશીની 'પાટણની પ્રભુતા'વાળી નવલત્રિપુટી અને તેની પછી પન્નાલાલની આ નવલત્રિપુટી મહાકથાની સપાટીની રચના ગણાશે. સો વરસની ગુજરાતી નવલકથાનું વામનના ત્રીજા પગલા જેવું એ પરાક્રમી પગલું છે." (પૃ ૨૧૦).

'ચકરાવાની કથા' તે શ્રી પીતાંબર પટેલકૃત 'આઠમો કોઠો' નામનો નવલકથાનો સમભાવી 'પ્રવેશક' છે. શ્રી પન્નાલાલ પટેલ અને શ્રી પીતાંબર પટેલની નવલકથાઓના પ્રવેશકો નિમિત્તે, નવલકથાના કલાસ્વરૂપની પ્રો. રાવળની વિભાવના પણ સ્પષ્ટ થાય છે. 'નિજાનંદી કવિ-પંખી' તે શ્રી પિનાકિન્ ઠાકોરના લેખમાં, અનુલ્લિખિત રહેલ કાવ્યસંગ્રહ 'ઝાંખી અને પડછાયા'નો રસદર્શી પ્રવેશક છે. અત્યંત મિતાક્ષરી શૈલીમાં તે શ્રી ઠાકોરને આ રીતે મૂલવે છે: "કવિ તરીકે પિનાકિન્ 'સુંદરમ્'-ઉમાશંકરની અનુજ પેઢીના. એમની આધુનિકતા વિશેષ મૂર્ત થાય છે એમના છંદોના પરંપરિત પ્રયોગોમાં એમની કવિતાની સૌન્દર્યલક્ષિતામાં અને વિવિધ ભાવોર્મિઓના સભાન કલાત્મક આલેખનના પુરુષાર્થમાં" (પૃ. ૨૭૨) 'રમણભાઈની સાહિત્ય-સાધના' અને 'આનંદશંકર'ની અક્ષરયાત્રા, એ બે લેખ, તે બે સાહિત્યકારોની જન્મશતાબ્દી નિમિત્તે આકાશવાણી પરથી પ્રસારિત થયેલ વાર્તાલાપો છે. આ બન્ને વાર્તાલાપોમાં આકાશ-વાણીની સમયની મર્યાદામાં રહીને પણ પ્રો. રાવળે સૂક્ષ્મ વિવેક દ્વારા, એ બન્ને મહાનુભાવોના મહત્ત્વના જીવનકાર્યને યથાર્થ રીતે મૂલવ્યું છે. 'કવિશ્રીની લલિતેતર રચનાઓ' એ આ સંગ્રહનો ટૂંકામાં ટૂંકો પણ સારગ્રાહી લેખ છે. ન્હાનાલાલ કવિની લલિતેતર રચનાઓની તેમાં સંક્ષિપ્ત સમીક્ષા છે. 'સાહિત્યક્ષેત્રનું ભાવિ' એ આકાશવાણી વાર્તાલાપમાં પ્રો. રાવળ, પૂર્વ-પશ્ચિમમાં પ્રચલિત સાહિત્યસ્વરૂપો અને સાહિત્યવલણોનો સંક્ષેપમાં ખ્યાલ આપી અંતે કહે છે. "પણ માનવીનું આંતરચૈતન્ય જ જ્યાં કામ કરે છે, તેવા ક્ષેત્ર વિશે કોઈ જબરી ને ચોક્કસ આગાહીઓ કરવી મિથ્યા છે. એ ચૈતન્ય કંઈ નવા ધડાકા પણ કરી બેસે. એટલું ખરું કે સાહિત્યના ક્ષેત્રમાં ઊધુંચત્તું ગમે તે ને ગમે તેટલું થાય, પરંતુ સદા સર્વદા પ્રવર્તતું તો રહેવું જોઈશે આ સૂત્ર: સૌન્દર્યમેવ જયતે ના સૌન્દર્યમ્". (પૃ. ૩૦૨)

'ધર્માન્તર અને 'કાન્ત'ની કવિતા' એ આ સંગ્રહનો એક અભ્યાસલેખ (Study) છે. એમના યથાતથ મૂલ્યાંકનમાં તે કહે છે: "ધર્માન્તરમાં પરિણમેલી 'કાન્ત'ની ધર્મખોજ માનવસ્વભાવની, સમાજશાસ્ત્રની, ધર્મતત્ત્વજ્ઞાનની અને ખાસ તો ગયા શતકના ઉત્તરાર્ધના ગુજરાતના સાંસ્કૃતિક ઈતિહાસની દષ્ટિએ એક રસપ્રદ અને બોધક ઘટના છે." (પૃ. ૭૩) એ ધર્માન્તરની તેમની કવિતા પર થયેલી અસરને સંક્ષેપમાં આમ વર્ણવે છે: "ધર્માન્તર પછીની 'કાન્ત'ની બધી કવિતા સૌંદર્યને પક્ષેથી સત્યને પક્ષે જઈ બેઠેલા કલાકારનું સર્જન બની છે એમ કહેવાય. (પૃ. ૮૯) 'પંડિત યુગના મહારથી' એ પ્રો. બ. ક. ઠાકોર વિશેનું સમ્યક્ ગુણદોષદર્શી વિવેચન છે.

આ સંગ્રહમાં સ્વાધ્યાયલેખ(Study)નો ઉત્તમ નમૂનો તો "'કલાપી'નું ગદ્ય સાહિત્ય" એ ખાસ્સાં પ૩ પાનાંનું યુનિવર્સિટીવ્યાખ્યાન છે. આ વ્યાખ્યાન દ્વારા તેમણે સિદ્ધ કરવા ધાર્યું છે આ: "કલાપી"નું પ્રગટ થયું છે તેટલું ગદ્યસાહિત્ય એવુ છે કે પ્રવાસવર્ણનકાર, પત્રલેખક, સંવાદલેખક, ધર્મતત્ત્વચિંતક અને ગદ્યકાર તરીકેનું તેમનું કાર્ય તથા પ્રદાન આપણા સાહિત્યના ઇતિહાસમાં આદરભરી નોંધ પામે નહિ તો 'કલાપી'ના સાહિત્યસર્જન વિશેની એમાંની નોંધ અધૂરી જ ગણાય". (પૃ. ૨૨) ગદ્યમાં લખાયેલાં 'કલાપી'નાં લલિત તેમ જ લલિતેતર ઊર્મિપ્રણિત, કેટલીકવાર વક્તૃત્વ છટાથી અંકિત, બહુધા સાદાં ટૂંકાં વાકયોવાળું છતાં કેટલીકવાર સમગ્ર લખાણની વિસ્તૃત છણાવટ કરી 'ઘણીવાર ચિત્રાત્મક, કેટલીકવાર આલંકારિક, કેટલીકવાર સુદીર્ઘ વીચિમાલાયુક્ત મહાવાકયની રમત ખેલી જાણતું લયલોલ અને બધી વખત સજીવ રસાત્મક અને પ્રવાહી' (પૃ. ૩૬) એવા શિષ્ટ સાહિત્યમાં ખપી શકે તેવા 'કલાપી'ના ગદ્યને આ રીતે બિરદાવ્યું છે. "'કલાપી' ગુજરાતના ગયા શતકના છેલ્લા દાયકાના એક સારા અને સમર્થ ગદ્યકાર છે. સારું ગુજરાતી ગદ્ય લખવામાં માર્ગદર્શક થાય એવા લેખકોનાં નામ વિદ્યાર્થીવર્ગને ચીંધવાના હોય તો હું મણિલાલ દ્વિવેદી, ગાંધીજી, કાકા કાલેલકર, અને મેઘાણીનાં નામની ભેગું 'કલાપી'નું નામ પણ અવશ્ય મૂકું" (પૃ. ૭૨)

'ઉન્મીલન'નો ટૂંકામાં ટૂંકો લેખ પાંચ પાનાંનો છે ને લાંબામાં લાંબો લેખ પ૩ પાનાંનો છે; પણ પ્રો. રાવળનાં ટૂંકાં કે લાંબાં–સર્વ લખાણોમાં આંખે ઊડીને વળગે એવો ગુણ હોય તો તે છે સ્વસ્થ સમતોલ અને સમભાવી સમીક્ષા. દોષ કરતાં એમની દષ્ટિ ગુણલક્ષી છે. અલબત્ત, દોષદર્શન કરાવતાં કે કોઈના વિધાનનો વિરોધ કરતાં પણ તેઓ કદીય કટુ બનતા નથી. 'કલાપી'ના સંવાદોની વાત કરતાં, 'સુંદરમ્'ના વિધાનને તેઓ ચકાસે છે: "સંવાદોમાં બહુ ચમક નથી એમ 'સુંદરમે' કેમ કીધું હશે? 'કલાપી'ના સંવાદોમાં સારી ચમક છે, વિચારોની અને ભાષાની બંનેની આગળ નોંધી છે તે બધી તેની વિશિષ્તાઓને લીધે ગુજરાતના સંવાદ-સાહિત્યમાં હું તેને આગળ મૂકવા તૈયાર છું-' કાન્તના સંવાદો કરતાંય આગળ." (પૃ. ૬૮) 'દ્યોતક ધર્મતત્ત્વ-મીમાંસા'માં તેઓ લખે છે: "નર્મદાશંકરનું આ કાર્ય કક્ષામાં મણિલાલ અને આનંદશંકરના કાર્યથી કોઈ રીતે ઉતરતું નથી, કયારેક તેનાથી વિશિષ્ટ પણ છે." (પૃ. ૨૬૨) 'પિતૃતર્પણ'ની ન્હાનાલાલની અતિ 'પિતૃપ્રશંસાની તેઓ ટીકા કરે છે તો (શોભતું પિતૃશ્રાદ્ધ)માં, દક્ષિણકુમાર યાથાર્થ્યદ્યોતક પિતૃભક્તથી એકંદરે દૂર રહ્યા છે તેની પ્રશંસા પણ કરે છે. નરસિંહરાવ, ન્હાનાલાલ ને મુનશી માટેના પ્રો. ઠાકોરના વલણને નાપસંદ કરવા છતાં પણ એમના લેખનગુણને બિરદાવે

છે "એક સ્વ. પૃથુ શુકલકૃત 'ફૂલપાંદડી' વિશે લખતાં કવિશ્રીએ પોતાના નરસિંહરાવ ને ઠાકોર સામેના પૂર્વગ્રહને આવેશવાળી ભાષામાં પ્રગટ કરવા જતા સમતુલા ખોઈ છે." (પૃ. ૧૨૫) એમ સમતુલા સાચવીને પ્રો. રાવળ કહે છે.

વિવેચક તરીકેનો પ્રો. રાવળનો બીજો ગુણ તે તેમની ઐતિહાસિક ને તુલનાત્મક દૃષ્ટિ. ગમે તે કર્તા, કૃતિ કે સાહિત્યસ્વરૂપની વાત કરતા હોય તોપણ તેમની આ દૃષ્ટિ મૂર્તિમંત થયા વિના રહેતી નથી. 'પશ્યંતીનો પ્રસાદ'માં જ્ઞાનભક્તિ કવિતાનું ઐતિહાસિક અનુસંધાન દર્શાવી તેઓ વિવેચ્ય કૃતિની તુલના કરે છે. 'કલાપી'ના પ્રવાસસાહિત્યની ચર્ચા કરતાં, કાકા સાહેબ કાલેલકરના પ્રવાસસાહિત્ય સાથે તેને સરખાવે છે. પત્રસાહિત્યની વાત કરતાં ગાંધીજીને યાદ કરે છે અને સંવાદસાહિત્યની વાત કરતાં 'કલાપી'ના સંવાદ પ્લેટો કરતાં લેન્ડોરના સંવાદોની શૈલીના છે" એમ કહે છે. ધર્માન્તર પછીની 'કાન્ત'ની કવિતાની વાત કરતાં રોમન કેથેલિઝમનો સ્વીકાર કર્યા પછીની ટી. એસ. એલિયટની કવિતા આગલી કવિતાને મુકાબલે ફીકી ને અનુત્કટ હતી-કાન્તની જેમ—તેમ કહે છે. 'પંડિતયુગના મહારથી 'માં તે લખે છે "એમનું (પ્રો. બ. ક. ઠાકોરનું) માનસ મોટા પ્રમાણમાં ગ્રીક (હેલેનિક) અને પાશ્ચાત્ય પ્રકારનું અને સમગ્રપણે એમનો ઝોક બુદ્ધિવાદ પર, નરસિંહરાવે વર્ડ્ઝવર્થને, 'કલાપી' એ વર્ડ્ઝવર્થ-શૈલીને, 'કાન્તે' કીટ્સને અને ન્હાનાલાલે ટેનીસનને નજર સમક્ષ રાખી કાવ્યસર્જન કર્યું લાગે તો, આવા વ્યક્તિત્વવાળા ઠાકોરે કંઈક સભાનપણે ગુજરાતના બ્રાઉનિંગ, હોપકિન્સ, એઝરા પાઉન્ડ કે એલિયટ થવા ચાહ્યું હોય એમ લાગે." (પૃ. ૧૧૩)

'ઉન્મીલન'ના ટૂંકા લેખોમાં મર્મગામી અને મિતભાષી વિવેચકની વિશેષતા વરતાય છે તો લાંબા લેખોમાં વિદ્વાન પ્રાધ્યાપકની પૃથક્કરણ શક્તિ અને કૃતિને સમગ્રતાએ ચકાસવાની દૃષ્ટિ-શક્તિનું નિર્દેશન થાય છે. તલસ્પર્શી અભ્યાસ, સહૃદયભાવકની ગુણદૃષ્ટિ, રસસંવેદનપટુતા, વિગતોની ચોકસાઇ, સાહિત્યપદાર્થ અને તેના આંતર-સ્વરૂપની સૂક્ષ્મ પરખ, પીઢ પ્રૌઢ લેખનશૈલી 'ઉન્મીલન'ના અનેક લેખોમાં દૃષ્ટિગોચર થાય છે. આવા વિવેચનસંગ્રહ પ્રગટ કરવા બદલ લેખક અને પ્રકાશકને અભિનંદન.

**રણુજિત પટેલ (અનામી)**

* * *

**મૂઠી ઊંચેરો માનવી :** સંપાદક : કાન્તિ શાહ અને બીજા. પ્રકાશક : અમદાવાદ જિલ્લા સર્વોદય મંડળ, અમદાવાદ-૧, પૃ ૫૬૮, મૂલ્ય : ત્રીસ રૂપિયા.

મુખ્યત્વે 'મહારાજ' અને 'દાદા' તરીકે ઓળખાતા સંતવિભૂતિ શ્રી રવિશંકર વ્યાસના વિશાળ અને ઉદાત્ત વ્યક્તિત્વનાં ભિન્ન ભિન્ન પાસાંઓનું મૂલ્યાંકન અને આલેખન કરવું એ અત્યંત કપરું કાર્ય છે. એ મહાનુભાવ માટે ગમે તેટલું લખો તોપણ જે કંઈ કંડારાય તે મહારાજની વાસ્તવ મૂર્તિ આગળ તો વામન જ લાગે ! અને તેથી જ સ્વામી આનંદે વર્ષો પહેલાં એક લેખનું 'The tallest among them all' એવું શીર્ષક આપેલું તેનું ગુજરાતી રૂપાંતર '**મૂઠી ઊંચેરો માનવી**' દાદાના ગૌરવગ્રન્થને માટે સંપૂર્ણ રીતે સાર્થક લાગે છે. શ્રી કાન્તિ

શાહે, શ્રી કૃષ્ણવદન શાહ વગેરેની સહાયથી ખૂબ ખંત, પરિશ્રમ અને પ્રેમપૂર્વક પ્રસ્તુત દળદાર અંજલિ-ગ્રન્થનું સંકલન-સંપાદન કર્યું છે તે પ્રશસ્ય છે. બાકી જેમનું સમગ્ર સુદીર્ઘ ભેખધારી જીવન જ નિષ્કામ સેવાના અનવદ્ય ગૌરવગ્રન્થમણિ જેવું છે એવા નિરપેક્ષ નીતિદક્ષ તપસ્વી ઋષિ પ્રત્યે પ્રેમાદર પ્રકટ કરવા પ્રસિદ્ધ થતો સ્મૃતિગ્રન્થ જીવનગ્રન્થ આગળ જાણે ઝાંખો જ લાગે !

ગાંધીજીના સ્થૂળ અને સૂક્ષ્મ સાન્નિધ્યને સેવનારા અનેક રાષ્ટ્રપ્રેમી પુરુષો પૈકી એ મહાત્માનાં અસલ શીલ અને સત્ત્વને પી-પચાવી જનારી વિરલ વિભૂતિઓમાં પૂ. વિનોબાજી અને દાદા છે. ગાંધીજી જેમ, મહારાજશ્રીના કાર્યપ્રસંગોએ પણ અનેક સજ્જનો-સાધકોના વૈચારિક વિશ્વમાં સજીવ પરિવર્તન આણ્યું છે. અલબત, ગાંધીજીની બાબતમાં આ ક્રાન્તિકારી પ્રભાવ વધુ વ્યાપક હતો. ગાંધીજી પ્રત્યેની મહારાજની જે આગવી દૃષ્ટિ અને ભાવના હતી તે તેમના જીવનઘડતરમાં એમણે ભજવેલા ભાગ પરથી સ્પષ્ટ તરી આવે છે.

દાદા એટલે અંધારાને અજવાળતો હીરો, લોઢાને સોનું બનાવતો પારસમણિ. બાહ્ય આડંબરથી અલિપ્ત એવા સેવાધર્મના રંગે રંગાયેલા, અપરિગ્રહ અને અસ્તેયવ્રતના તાણા-વાણાથી વણાયેલા દાદાના દીવાદાંડી જેવા જીવનમાં ગીતાબોધ્યા ગુણોનો અદ્‌ભુત સંગમ જોવા મળે છે. ગ્રામોદ્ધાર, ભૂદાન વગેરે...બહારથી ભૌતિક લાગે એવાં ક્ષેત્રોમાં ભલે એમની સેવા પથરાયેલી લાગે, પરંતુ તેમના તપઃપૂત વ્યક્તિત્વના પાયામાં તો ઊંડે ઊંડે નિર્ઝરતો આધ્યાત્મિક સ્રોત જ છે કે જે આ પુરુષપુંગવને ગમે તેવા કપરા કે અટપટા સંયોગોમાં પણ સાચી જ દિશા અને દૃષ્ટિ સૂઝાડે છે. એ જ આ સાચા ‘ આત્મવાન્ બ્રાહ્મણ ’ની **કોઠાસૂઝ** કે **હૈયા-ઉકલત.** માટે તો અધ્યાત્મ અને લોકસેવાના સંગમતીર્થ અને શિવ-સમર્પિત બીલીપત્ર સમા પુનિત પ્રશાંત જીવનને સહજભાવે જીવનાર દાદા માટે વિનોબાજી ‘ તુકારામ કોટિના ’, ‘ કરુણાઘન સંત ’ તથા ‘ નિત્ય વર્ધમાન સનતકુમાર ’, ‘ સદાબાલ ’ અને ‘ સદાદાસ ’ જેવા બિરુદો યોજે છે. ‘ પ્રભુના વિરાટ સ્વરૂપનું જ કામ ’ છે એવું સમજી આત્મીયતાથી નિષ્ઠાપૂર્વક સતત કર્મરત રહેનાર આ કર્મયોગીને કર્મસંન્યાસ સિદ્ધ થઈ ચૂક્યો છે એમ કહેવામાં જરાયે અત્યુક્તિ થતી નથી.

કુટુંબગૃહમાંથી સમાજગૃહમાં પ્રવેશી ઉત્તરોત્તર ‘ **वसुधैव कुटुम्बकम्** ’ની વ્યાપક દૃષ્ટિને વરવાનો પરમ પુરુષાર્થ ચાલુ રાખનાર આ મૂક પણ સ્વયંપ્રકાશ લોકસેવકના ક્રમિક વિકાસનો ખ્યાલ તો એમના વિવિધ પ્રવૃત્તિઓમાં ગળાબૂડ છતાં સતત અંતર્મુખ જાગરુક રહેનારા સાધક-જીવનનો અભ્યાસ કરવાથી જ આવી શકે. એ શ્રદ્ધાન્વિત ‘ હરિ મારગના જાત્રી ’ને જુદા જુદા લેખકોએ ‘ જંગમ તીર્થ ’, ‘ ગુજરાતના ગાંધીસમયની જીવતી જાગતી યુનિવર્સિટી ’, ‘ ગુજરાતની કામધેનુ ’ વગેરે રૂપકોથી બિરદાવ્યા છે. પોતાની બાલસુલભ નિર્વ્યાજ નિખાલસ પણ હૃદયમાં સોંસરી ઊતરી જતી પ્રાસાદિક પારદર્શી—પણ સમગ્ર જીવનના અનુભવનો નિચોડ ઊતારતી—તળપદી તલસ્પર્શી શીલસુવાસિત વાણીથી ભલભલા બૌદ્ધિકોને અનાયાસે આંજી શકનાર કે પરાસ્ત કરનાર દાદાના સમસ્ત અસ્તિત્વમાંથી [ શ્રી પ્રબોધ ચોકસી લખે છે તેમ ] “ કશા અંજન વિનાની નિરંજન વ્યંજના ” નિરંતર ઝમ્યા કરતી હોવાનું જણાય છે.

સમગ્રપણે ગાંધીયુગની એક ધબકતી ધીંગી તાસીર ઉપસાવી આપનાર આ ગ્રન્થ ચાર ભાગમાં વિભાજિત થયેલો છે જેમાં સિદ્ધહસ્ત સાહિત્યકારો તથા પહેલી જ વાર કલમ હાથમાં

ઝાલનાર ભાવિક લેખકોનાં નાનાં-મોટાં લખાણો છે. પહેલા ખંડમાં લેખાંજલિ, ભાવાંજલિ અને કાવ્યાંજલિનો સમાવેશ થાય છે. બીજા ખંડમાં શ્રી કૃષ્ણવદન શાહે ગાંધીચીંધ્યા પંથે અવિરત-પણે ચાલી રહેલી જીવનયાત્રાની લગભગ પોણોસો પાનમાં તબક્કાવાર વિગત સરળ ભાષામાં રજૂ કરી છે. તેની સાથે જોડેલો ૧૨૦ સુંદર ફોટાઓનો ' છવિ-સંપુટ ' દાદાના વ્યક્તિત્વને સમજવામાં સહાયભૂત બની રહે છે. ત્રીજા ' કાર્ય-ઝાંખી ' વિભાગમાં અ.સૌ. સૂરજબા તથા નિકટનાં સ્વજનોનાં સંસ્મરણો ઉપરાંત સ્વરાજ્યની લડતનાં અને જેલસહયાત્રીઓનાં સંસ્મરણો, તથા નાનાંમોટા પ્રકીર્ણ લગભગ બસો જેટલાં લખાણો મહારાજના સર્વતોભદ્ર પ્રેરક જીવન-કાર્યની ઝાંખી કરાવે છે. છેલ્લા ' શબ્દ-ઝાંખી ' વિભાગમાં સંપાદકે, મહારાજે જુદે જુદે સમયે અનેક વિષયો પરત્વે પોતાનાં મંતવ્યો સહજભાવે વ્યક્ત કર્યાં હોય તેમાંથી તથા કેટલાક પત્રોમાંથી પસંદગીની કંડિકાઓ-વિષયવાર શીર્ષક બાંધી–આપી છે એ અત્યંત ઉપયોગી કાર્ય કર્યું છે. મહારાજની-વૈખરી નહીં પણ-સત્ય સરળ છતાં અપટુ પ્રાસાદિક ઋતંભરા હૃદય-વાણીનો રણકો વાચકના હૃદયને ( મગજ દ્વારા નહીં ) સીધેસીધો જ સ્પર્શી જાય છે.

ઊંચી જાતના કાગળ, સ્વચ્છ અને સર્વોત્તમ છાપકામ પ્રશસ્ય છે. ' મૂઠી ઊંચેરો માનવી 'નું મનન ગમે તે કદ–કક્ષાના માનવીને એકાદ આંગળ જેટલું જીવન ઉચ્ચ કરવાની પ્રેરણા આપવા સમર્થ છે. સંપાદક-પ્રકાશકે આ સત્કાર્ય દ્વારા ગુજરાત પર મહદ્ ઉપકાર કર્યો હોઈ તેઓ ખરેખર ધન્યવાદને પાત્ર છે. દાદાની શતાબ્દી-પૂર્તિ વધુ ઉજ્જ્વલ બની રહે એ અભ્યર્થના સહ હું એ પરમ ' ઊર્ધ્વ મૂર્ધન્ય 'માનુષને પ્રણામ કરું છું અને તેઓશ્રીની ચિંતનકણિકાથી વિરમું છું:

**" ઈશ્વર માળી છે, આપણે ફૂલડાં છીએ. ફૂલ ખીલેલાં જોઈ માળી રાજી થાય. એમ ઇશ્વરને રાજી રાખવા માટે આપણે પણ ખીલેલા રહેવું. એટલે કે પ્રભુના પ્રેમમાં રહેવું. માનવ માત્રની સાથે પ્રેમથી રહીએ, તો જ ઈશ્વરનો બાગ ખીલેલો રહે. "**

**મહેન્દ્રકુમાર મો. દેસાઈ ( કુમાર )**

* * *

**શુદ્ધાદ્વૈતમાં બ્રહ્મવાદ** ( શ્રી વલ્લભાચાર્યના શુદ્ધાદ્વૈતમાં બ્રહ્મવાદ અને પુષ્ટિભક્તિ તત્ત્વનું સ્વરૂપ ), વ્યાખ્યાતા : જેઠાલાલ ગોવર્ધનદાસ શાહ, પ્રકાશક ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯, મૂલ્ય: રૂપિયા સાત અને પચાસ પૈસા.

વ્યાખ્યાતા શ્રી. જેઠાલાલ ગોવર્ધનદાસ શાહે આ ગ્રંથમાં પોતાનાં આઠ વ્યાખ્યાનો દ્વારા શુદ્ધાદ્વૈતવેદાંતદર્શનનું હાર્દ સરલ અને સ્પષ્ટ શબ્દોમાં સમજાવવા સ્તુત્ય પ્રયાસ કર્યો છે અને તેમાં તેઓ સફલ થયા છે.

પ્રથમ વ્યાખ્યાનમાં વ્યાખ્યાતાએ ભારતીય તત્ત્વજ્ઞાન અને ધર્મના સંબંધની આવશ્યક્તા ઉપર પ્રકાશ ફેંકી ભારતીય તત્ત્વજ્ઞાનનો ઉત્તરોત્તર વિકાસ કેવી રીતે થયો છે તેનું નિરૂપણ કર્યું છે

અને શુદ્ધાદ્વૈત દર્શનની પૂર્વપીઠિકા સચોટ રીતે રજૂ કરી છે. બીજા વ્યાખ્યાનમાં પ્રમાણ-ચતુષ્ટય અથવા પ્રસ્થાન ચતુષ્ટયીનું સ્વરૂપ સમજાવી ઘટાદિ પદાર્થોમાં બ્રહ્મનું દર્શન કરાવતી પ્રક્રિયાનો સંક્ષેપમાં સ્પષ્ટ શબ્દોમાં વ્યાખ્યાતાએ આપણને ખ્યાલ આપ્યો છે. ત્રીજા વ્યાખ્યાનમાં તેમણે બ્રહ્મવાદમાં આ સર્વ ભગવદ્રૂપ હોવાથી ભગવાન જ તે તે રૂપે પ્રમેય છે એમ બતાવી માયાવાદમાં નિર્વિશેષ અને સવિશેષ એવા બ્રહ્મના કલ્પિત ભેદોનું શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણના શબ્દોમાં નિરસન કર્યું છે, તેમ જ અક્ષરબ્રહ્મ, પુરુષોત્તમ અને શ્રીકૃષ્ણ એ ત્રણે શબ્દોના મર્મને શાસ્ત્રીય આદરગ્રંથોના પ્રમાણથી સ્પષ્ટ કર્યો છે. ચોથા વ્યાખ્યાનમાં તેમણે જગત એ બ્રહ્મની કૃતિ અને પરિણામ છે એવો સૂત્રકારનો આશય સમજાવતાં પ્રતિપક્ષોના જુદા જુદા વાદોનું સૂત્રકારની શૈલીમાં ખંડન કર્યું છે અને બ્રહ્મવાદમાં સ્વીકારાયેલા અવિકૃત પરિણામવાદને અને જગત અને સંસારના ભેદને શ્રીવલ્લભાચાર્યની પરિભાષામાં સરલ રીતે સ્પષ્ટ કર્યો છે. પાંચમા વ્યાખ્યાનમાં તેમણે બ્રહ્મવાદમાં જીવના તાત્ત્વિક સ્વરૂપ અને છઠ્ઠા વ્યાખ્યાનમાં બ્રહ્મની સાથે જીવનો સંબંધ ફરીથી પ્રાપ્ત કરવાનાં સાધનોને સમજાવ્યાં છે. સાતમા વ્યાખ્યાનમાં શ્રી વલ્લભાચાર્યે પુષ્ટિમાર્ગ દ્વારા શૂદ્રો અને સ્ત્રીઓને સમાજમાં યોગ્ય સ્થાન આપી સમાજસુધારકનું અદ્ભુત કાર્ય કેવી રીતે કર્યું છે તે વ્યાખ્યાતાએ સુબોધિની અને તત્ત્વદીપનિબંધ વગેરે તેમના ગ્રન્થોમાંથી અવતરણો આપી સચોટ સમજાવ્યું છે અને પુષ્ટિભક્તિનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. છેલ્લા આઠમા વ્યાખ્યાનમાં પુષ્ટિભક્તિના રહસ્યને સમજાવતાં ષોડશ ગ્રન્થોનો સંક્ષેપમાં વિચાર કર્યો છે અને રાસપંચાધ્યાયીના રહસ્ય ઉપર સુંદર પ્રકાશ ફેંક્યો છે.

શુદ્ધાદ્વૈત વેદાન્તદર્શનના રહસ્યને સમજવામાં અને તેનું તુલનાત્મક અધ્યયન કરવામાં આ વ્યાખ્યાનો ઘણાં ઉપકારક બને તેવાં છે. વ્યાખ્યાનોને અન્તે આપવામાં આવેલી પુરવણીઓ અને સન્દર્ભગ્રન્થોની સૂચી આ પુસ્તકની ઉપયોગિતામાં વધારો કરે છે.

આ પુસ્તકમાં આપેલાં વ્યાખ્યાનોના વ્યાખ્યાતા શુદ્ધાદ્વૈત વેદાન્તદર્શનના અંગુલિગણ્ય, લબ્ધપ્રતિષ્ઠ અને પ્રૌઢ વિદ્વાનોમાંના એક અગ્રગણ્ય વિદ્વાન છે. શુદ્ધાદ્વૈત વેદાન્તદર્શન ઉપર તેમનાં અગિયાર પ્રકાશનો પ્રસિદ્ધ થઈ ચૂક્યાં છે, પણ આ પુસ્તકમાં છપાયેલા બીજા વ્યાખ્યાનમાં પ્રમાણોની સંખ્યાના પરામર્શ પ્રસંગે વ્યાખ્યાતાએ 'અર્થાપત્તિ'ને બદલે 'અર્થાનુપપત્તિ' તેમ જ 'દૃષ્ટાર્થાપત્તિ' અને 'શ્રુતાર્થાપત્તિ'ને બદલે 'દૃષ્ટાર્થાનુપપત્તિ' અને 'શ્રુતાર્થાનુપપત્તિ' એવા શબ્દપ્રયોગો કર્યા છે, જે એમાં શરતચૂક થઈ હોય તેમ લાગે છે. અર્થની અનુપપત્તિનો પરિહાર કરવા સારુ અર્થાન્તરની કલ્પનાને મીમાંસકો 'અર્થાપત્તિ' કહે છે. 'અર્થાનુપપત્તિ' નામનું પ્રમાણ કોઈ પણ દર્શનકારે સ્વીકાર્યું નથી. આ અંગેનો સુધારો બીજી આવૃત્તિમાં કરી લેવો જરૂરી છે.

ખ્યાતિવાદના વિચાર પ્રસંગે વ્યાખ્યાતાએ શ્રીવલ્લભાચાર્યે સ્વીકારેલી ખ્યાતિનો નામનિર્દેશ કરી તેના ઉપર થોડું વિવરણ આપ્યું હોત તો શુદ્ધાદ્વૈત દર્શનના અભ્યાસીને વધુ લાભ થાત. બ્રહ્મવાદના સમર્થનમાં શ્રીમદ્ ભાગવત અને તેના ઉપરની સુબોધિનીનો ઉપયોગ કર્યો હોત તો શુદ્ધાદ્વૈતના અભ્યાસીને શ્રીમદ્ ભાગવતની ચોથા પ્રસ્થાન તરીકે ઉપયોગિતા સમજવામાં વધુ અનુકૂલતા થાત.

વ્યાખ્યાતાએ તેમનો 'શુદ્ધાદ્વૈત સિદ્ધાન્ત' નામના પુસ્તકના મોટા ભાગને વ્યાખ્યાનો રૂપે શબ્દશઃ અહીં મુદ્રિત કરેલો છે છતાં આ પુસ્તકનું મહત્ત્વ તેથી ઓછું થતું નથી.

થોડી કાળજી રાખવામાં આવી હોત તો અનેક મુદ્રણદોષો ટાળી શકાત.

શુદ્ધાદ્વૈત સિદ્ધાન્તના રસિકોને આ પુસ્તક વાંચવાની ભલામણ કરું છું અને વ્યાખ્યાતાને આ પ્રકાશન બદલ ધન્યવાદ આપું છું.

**હરિપ્રસાદ છ. મહેતા**

* * *

**ગુજરાતમાં બ્રાહ્મીથી નાગરી સુધીનો લિપિ-વિકાસ :** લેખક પ્રવીણચંદ્ર ચીમનલાલ પરીખ, પ્રકાશક : ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯; પૃ. ૩૦૨, મૂલ્ય બાર રૂપિયા.

ગુજરાતમાં ઉપલબ્ધ બ્રાહ્મી લિપિનો પ્રાચીનતમ નમૂનો એ ઈસવી સન પૂર્વે ત્રીજી સદીનો, જૂનાગઢના પાદરમાં ગિરનારની તળેટીમાં આવેલો, અશોકનો શાસનલેખ છે એ પછી સમયાનુક્રમે આ તરફ આવીએ તેમ શિલાલેખો, શૈલલેખો, સિક્કાઓ, તામ્રપત્રો, માટીની તકતીઓ ઉપર કોતરેલા અભિલેખો તથા ચૌલુક્યયુગની અને એ પછીની તાડપત્ર અને કાગળ ઉપર લખાયેલી પુષ્કળ હસ્તપ્રતો ઉપલબ્ધ હોઈ ગુજરાતમાં લિપિવિકાસ માટે વિપુલ સામગ્રી મળે છે અને ગુજરાતી લિપિ એ નાગરીનું જ લેખનની સરળતા માટે વિકસેલું સ્વરૂપ હોઈ ગુજરાતમાં બ્રાહ્મીમાંથી ઉદ્‌ભવેલી લિપિનો આશરે ત્રેવીસસો વર્ષનો વિકાસ અવગત થાય છે.

શ્રી પ્રવીણચંદ્ર પરીખે સર્વ પ્રાપ્ત પ્રમાણોનો ઉપયોગ કરીને આ લિપિવિકાસ આલેખ્યો છે. મૌર્યકાલીન બ્રાહ્મીનો પરિચય આપી તેમાંથી અલગ અલગ પ્રકરણરૂપે ક્ષત્રપકાલીન, ગુપ્તકાલીન, મૈત્રકકાલીન, અનુમૈત્રકકાલીન ચૌલુક્યકાલીન અને અનુચૌલુક્યકાલીન લિપિની ઉત્ક્રાંતિ તેમણે આલેખી છે તથા અંકચિહ્નો, સંખ્યાલેખનની અન્ય પ્રાચીન પદ્ધતિઓ, પ્રાચીન વિરામચિહ્નો, આદિનો પરિચય આપી છેલ્લે ૧૬મીથી ૧૯મી સદી સુધી ગુજરાતમાં પ્રચલિત નાગરી લિપિનો તથા એમાંથી વિકસેલ ગુજરાતી લિપિનો પ્રમાણોપેત ઇતિહાસ આલેખ્યો છે. પરિશિષ્ટોમાં ગુજરાતમાં જૈન પરંપરામાં પ્રચલિત નાગરી લિપિનો તથા લેખનનાં પ્રાચીન સાધન અને તેની પ્રક્રિયાનો પરિચય અપાયો છે.

આ વિષયમાં આ પહેલાં થયેલાં સંશોધનકાર્યોનો શ્રી પરીખે લગભગ અશેષ કહી શકાય એવો પણ સમીક્ષાપૂર્ણ ઉપયોગ કર્યો છે. લિપિની ઉત્ક્રાંતિની આ વિગતપૂર્ણ ચર્ચા પ્રત્યક્ષ ઉદાહરણો સિવાય ભાગ્યે જ ચર્ચી કે સમજાવી શકાય. આથી આ પુસ્તકમાં લિપિવિકાસના પાંત્રીસ પટ્ટો આપવામાં આવ્યા છે, તેથી જિજ્ઞાસુ વાચકને તેમ જ લેખવિદ્યા(Epigraphy)ના વિદ્યાર્થીને વિષયનિરૂપણ સુગમ થાય છે. નિરૂપણની શૈલી વસ્તુલક્ષી, સ્પષ્ટ અને સરળ છે.

લેખવિદ્યાવિષયક આ ઉત્તમ ગ્રન્થ ગુજરાતીમાં તૈયાર કરવા બદલ શ્રી પ્રવીણચંદ્ર પરીખને અભિનંદન ઘટે છે.

**ભોગીલાલ જ. સાંડેસરા**

* * *

## સાભાર સ્વીકાર

૧ **ગુલછડી :** સંપાદક, શ્રી સુરેશ દલાલ, પ્ર. ચીમનલાલ પી. શાહ, ચીમનલાલ પેપર કું., મેકમીલન બિલ્ડિંગ, ૨૭૬ ડૉ. ડી. એન. રોડ, મુંબઈ-૧, પૃ. ૨૦, કિંમત : છાપેલ નથી.

૨ **બિનસાંપ્રદાયિકતા અને મુસ્લિમ માનસ :** લે. શ્રી યાસીન દલાલ, પ્ર. મયુર પોકેટ બુક સીરીઝ, શબ્દ સંગમ અલંકાર ચેમ્બર, ઢેબર ચોક, રાજકોટ, પૃ. ૧૪ + ૧૨૮, કિંમત રૂા. ૩ = ૦૦, પાકું પૂઠું રૂા. ૫ = ૦૦.

૩ **ઈશાવાસ્ય ઉપનિષદ્ :** સંપાદક ડૉ. કે. એમ. ત્રિવેદી, પ્ર. સરસ્વતી પુસ્તક ભંડાર, હાથીખાના, રતનપોળ, અમદાવાદ, પૃ. ૬ + ૯૮, કિંમત રૂા. ૩ = ૨૫ પૈ.

૪ **ફારસી શબ્દોનો સાર્થ વ્યુત્પતિ કોશ, ભાગ-૨ :** લે. ડૉ. છોટુભાઈ આર. નાયક, પ્ર. શ્રી કુલસચિવ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૩૮૦૦૦૯, પૃ. ૪ + ૨૮૪, કિંમત રૂા. ૧૦ = ૦૦ .

### શ્રી ભાનુશંકર ઓધવજી વ્યાસ રચિત, 'નીરજ', પ્રતાપપરા, જિનની વંડી પાસે, વાંકાનેર(સૌરાષ્ટ્ર)નાં પ્રકાશનો :

૫ **ખારો સમંદર મીઠા વારિ :** પૃ. ૧૦૫, કિંમત રૂા. ૫ = ૦૦.

૬ **તરંગ :** પૃ. ૨૭, કિંમત છાપેલ નથી.

૭ **પદરવ :** પૃ. ૮ + ૭૨, કિંમત રૂા. ૫ = ૦૦.

૮ **અજયભોમનાં અનુપમ ગાન :** પૃ. ૧૬૮, કિંમત રૂા. ૭ = ૦૦.

૯ **પ્રરોહ :** પૃ. ૧૪ + ૧૨૪, કિંમત રૂા. ૫ = ૭૦.

૧૦ **સોના ઈંઢોણી રૂપા બેડલું :** પૃ. ૧૦૪, કિંમત છાપેલ નથી.

### શ્રી શોભન રચિત '<u>આયુ</u>' <u>પ્રકાશન</u>, સ્પેકટ્રમ, બીજો માળ, રિલીફ સીનેમા પાસે, અમદાવાદ-૩૮૦૦૦૧નાં પ્રકાશનો

૧૧ **આરોગ્ય આપણા સૌનું-૧ વિહાર :** પૃ. ૪૦, કિંમત રૂા. ૧ = ૦૦.

૧૨ **ત્રિફલા :** પૃ. ૩૨, કિંમત રૂા. ૦ = ૭૫ પૈ.

૧૩ **ઊઠો ! આયુર્વેદને અપનાવો :** પૃ. ૪૦, કિંમત રૂા. ૧ = ૦૦ પૈ.

૧૪ **ઘરગથ્થુ તાત્કાલિક સારવાર :** પૃ. ૯૬. કિંમત રૂા ૧ = ૫૦ પૈ.

૧૫ **તુલસી :** પૃ. ૨૪, કિંમત રૂા. ૦ = ૫૦ પૈ.

૧૬ **આપણાં ઈમર્જન્સી ઔષધો :** પૃ. ૮ + ૨૪૦, કિંમત રૂા. ૫ = ૦૦.

૧૭ **દ્રાક્ષ :** પૃ. ૩૨, કિંમત રૂા. ૧ = ૦૦.

૧૮ **આમળાં :** પૃ. ૮ + ૧૫૦, કિંમત રૂા. ૨ = ૫૦ પૈ.

૧૯ **આરોગ્ય આપણા સૌનું-૧, આહાર :** પૃ. ૧૪ + ૯૬, કિંમત રૂા. ૨ = ૫૦ પૈ.

૨૦ **અનુભવનું અમૃત :** પૃ. ૩૨૦, કિંમત રૂા. ૬ = ૦૦.

૨૧ **શિરઃશૂલ :** પૃ. ૮ + ૮૦, કિંમત રૂા. ૧ = ૫૦ પૈ.

૨૨ **રોજિંદા આયુર્વેદ :** પૃ. ૧૨ + ૨૪૪, કિંમત રૂા. ૩ = ૦૦.

૨૩ **સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં રીતિવિચાર :** લે. પ્ર શ્રી રાજેન્દ્ર નાણાવટી, ૯ મધુવન સોસાયટી, નાનપુરા, સુરત પૃ.–૭૨, કિંમત રૂા. ૫=૦૦.

૨૪ **બારમાસા–સંગ્રહ–ખંડ–૧ :** સંશોધક-સંપાદક : ડો. શિવલાલ જેસલપુરા, પ્ર. શ્રી નરેન્દ્ર જેસલપુરા–૧૩, તેજપાલ સોસાયટી, પાલડી, અમદાવાદ-૭, પૃ-૮+૩૨૪, કિંમત રૂા. ૧૫=૦૦

૨૫ **ન્યાય–વૈશેષિક :** લે. શ્રી. નગીન જી. શાહ અને પ્ર. શ્રી જે. બી. સેંડિલ, અધ્યક્ષ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ–૬, પૃ. ૧૬+૬૦૮, કિંમત રૂા. ૨૮=૦૦

૨૬ **લોકશાહીનું સ્વરૂપ :** લે. શ્રા. પુરુષોતમ ગણેશ માવળંકર, પ્ર. સંનિષ્ઠ પ્રકાશન વતી, પૂર્ણિમા પુરુષોતમ માવળંકર, માવળંકર હવેલી, ભદ્ર, અમદાવાદ-૧ પૃ. ૭૦ કિંમત રૂા. ૨=૫૦ પૈ.

# સ્વાધ્યાય

પુસ્તક ૧૨ : અંક ૧ નવેમ્બર, ૧૯૭૪

દીપોત્સવી વિ. સં. ૨૦૩૦

## અનુક્રમ

| | | | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૧. | હીરાણંદકૃત ‘ દીવાલી ગીત ’—ભોગીલાલ જ. સાંડેસરા | ... | ૧–૨ |
| ૨. | સર્વહિતૈષી શ્રીકૃષ્ણ—ઉપેન્દ્રરાય જ. સાંડેસરા | ... | ૩–૧૬ |
| ૩. | છાયા નાટક—બિપિનચંદ્ર કાપડિયા | ... | ૧૭–૨૪ |
| ૪. | ચૌલુક્ય ગુર્જરેશ્વરોનાં દાનશાસનો અને તેમાં વ્યક્ત થતું ગુજરાતદર્શન—નવીનચંદ્ર આચાર્ય | ... | ૨૫–૪૫ |
| ૫. | નાડોલ અને નાડલાઈનાં દેવમંદિરો—મધુસૂદન ઢાંકી | ... | ૪૬–૫૬ |
| ૬. | કાશીસુતકૃત “ રુકિમણીહરણ ”—બહેચરભાઈ પટેલ | ... | ૫૭–૮૬ |
| ૭. | બે પ્રાચીન પદ—હરિવલ્લભ ચૂ. ભાયાણી | ... | ૮૭–૮૮ |
| ૮. | અભિજાત પાંડિત્યની ઝાંખી—વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી | ... | ૮૯–૯૩ |
| ૯. | સંખેડા મેવાસનાં લોકગીતોમાં ‘ કૃષ્ણચરિત્ર ’ —રેવાબહેન તડવી, શંકરભાઈ સો. તડવી | ... | ૯૪–૧૧૭ |
| ૧૦. | શ્રીમદ્ રાજચંદ્રની દૃષ્ટિએ સત્—ઉમાકાન્ત પ્રેમાનંદ શાહ | ... | ૧૧૮–૧૨૧ |
| ૧૧. | ‘ અનુસ્મૃતિ ’ અને ‘ સમયદ્વીપ ’—દિલાવરસિંહ જાડેજા | ... | ૧૨૨–૧૨૪ |
| ૧૨. | ગ્રન્થાવલોકન : | | |
| | (૧) ઉન્મીલન | ... | ૧૨૫–૧૩૦ |
| | (૨) મૂઠી ઊંચેરો માનવી | ... | ૧૩૦–૧૩૨ |
| | (૩) શુદ્ધાદ્વૈતમાં બ્રહ્મવાદ | ... | ૧૩૨–૧૩૪ |
| | (૪) ગુજરાતમાં બ્રાહ્મીથી નાગરી સુધીનો લિપિવિકાસ | ... | ૧૩૪ |
| | (૫) સાભાર સ્વીકાર | ... | ૧૩૫–૧૩૬ |

# ખાંસીના ૪ મોરચા પર હૂમલો કરનાર!






## ગ્લાયકોડીન

**એક ઇલાજ—જે ૪ પ્રકારે ખાંસી પર પૂરો કાબૂ મેળવે છે.**

□ મગજમાં—ખાંસીના કેન્દ્ર પર નિયંત્રણ કરે છે. □ ગળામાં—ભરાવો દૂર કરે છે, બળતરા શાંત પાડે છે □ છાતીમાં—જકડાયેલા સ્નાયુઓને આરામ આપીને સહેલાઇથી શ્વાસ લેવામાં મદદ કરે છે. □ ફેફસામાં—ગૂંગળાવતા કફ અને ચીકણા પ્રવાહીને છૂટા પાડીને ખાંસીને દૂર કરે છે.

ખાંસીના સંપૂર્ણ નિયંત્રણ માટે ગ્લાયકોડીન જેવો અસરકારક બીજો કોઇ પણ ઇલાજ નથી.

ત્વરિત અસરકારક • મધુર સ્વાદવાળું • કરકસરયુક્ત

ભારતમાં ખાંસીનો સૌથી વધુ વિશ્વસનીય ઘરગથ્થુ ઇલાજ.

Alembic

everest/365k/ACW Guj




આપનાં સંતાનોને ઉચ્ચ શિક્ષણ આપવાનો સમય આવી પહોંચે ત્યારે તેને લગતો ખર્ચ ઉઠાવવા માટે આપે તૈયારી કરી લીધી છે?

**દેના બેંકમાં** બચતખાતું અથવા ફિક્સ્ડ ડિપોઝિટ ખાતું ખોલીને <u>અત્યારથી જ નિયમિત</u> બચત કરવા માંડો.

**દેના બેંકની બીજી ૬ બચત યોજનાઓ :**
સગીર બચત યોજના • રિકરિંગ ડિપોઝિટ યોજના • માસિક સેવિંગ્સ-કમ-એન્યૂઇટી યોજના • વિવિધલક્ષી ડિપોઝિટ યોજના કેશ સર્ટિફિકેટ્સ • વીમા સાથે સંકળાયેલી બચત ડિપોઝિટ યોજના.

**દેના બેંક**
(ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા અંડરટેકિંગ)
હેડ ઓફિસ : હૉર્નિમેન સર્કલ,
મુંબઈ ૪૦૦૦૦૧.

Ratan Batra/DB/G/238

## શ્રી સયાજી સાહિત્યમાળા

| | | રૂ. ન.પૈ. |
|---|---|---|
| ૧ | **ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—પ્રો. કે. કા. શાસ્ત્રી | ૮=૦૦ |
| ૨ | **આપણું વિશ્વ**—શ્રી. છોટુભાઈ સુથાર | ૯=૦૦ |
| ૩ | **આપણી ખનિજસંપત્તિ**—ડૉ. ન. મૂ. શાહ | ૪=૦૦ |
| ૪ | **ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક: સ્વ. રમણલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર : શ્રી. કિશોરકાન્ત યાજ્ઞિક | ૪=૦૦ |
| ૫ | **કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી | ૧૩=૦૦ |
| ૬ | **અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે | ૫=૫૦ |
| ૭ | **ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી | ૧૮=૦૦ |
| ૮ | **હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૧૧=૦૦ |
| ૯ | **માનવસર્જિત વસ્ત્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ | ૧૦=૫૦ |
| ૧૦ | **ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા | ૩=૦૦ |
| ૧૧ | **શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ)**—સ્વ. નાગરદાસ અમરજી પંડ્યા | ૮=૦૦ |
| ૧૨ | **ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા,** ભાગ ૧ | ૯=૦૦ |
| ૧૩ | **આધુનિક ગુજરાતના સંતો**—ડૉ. કેશવલાલ ઠક્કર | ૯=૦૦ |
| ૧૪ | **કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પુરોહિત | ૭=૫૦ |
| ૧૫ | **ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય સાંડેસરા | ૧૫=૫૦ |
| ૧૬ | **ફારસી સાહિત્યનો ઇતિહાસ**—શ્રી. એમ. એફ. લોખંડવાલા | ૬=૦૦ |
| ૧૭ | **મહાગુજરાતના મુસલમાનો, ભાગ ૧-૨**—કરીમ મહંમદ માસ્તર | ૧૭=૦૦ |
| ૧૮ | **ઓખામંડળના વાઘેરો**—શ્રી કલ્યાણરાય ન. જોશી | ૧૩=૦૦ |
| ૧૯ | **ગુજરાત: એક દર્શન** (બીજી આવૃત્તિ)—શ્રી શિવપ્રસાદ રાજગોર | ૧૫=૫૦ |
| ૨૦ | **પેટ્રોલિયમ**—શ્રી પદ્મકાન્ત ર. શાહ | ૧૩=૦૦ |
| ૨૧ | **પંચદશીતાત્પર્ય**—સ્વામી પ્રણવતીર્થજી | ૬=૦૦ |
| ૨૨ | **અખો અને મધ્યકાલીન સન્તપરંપરા**—ડૉ. યો. જ. ત્રિપાઠી | ૧૪=૫૦ |
| ૨૩ | **શ્રીમદ્ ભાગવત: ભાગ ૨**—સ્વ. નાગરદાસ અ. પંડ્યા | ૧૧=૫૦ |
| ૨૪ | **ચરકનો સ્વાધ્યાય, ભાગ ૧**—શ્રી બાપાલાલ ગ. વૈદ્ય | ૨૬=૦૦ |
| ૨૫ | **આકાશના દીવા**—સ્વ. રજનીકાન્ત મોદી (બાળકો માટે) | ૪=૦૦ |
| ૨૬ | **માતા અને બાળક**—શ્રીમતી વત્સલા મહેતા (શ્રી. માતુશ્રી જમનાબાઈ ગ્રન્થમાળા, પુષ્પ ૫) | ૮=૦૦ |

પ્રાપ્તિસ્થાન : **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**

**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ, વડોદરા**

# વિજેતા બેલડી

હોડ જીતવા માટે ખેડૂત શ્રેષ્ઠ પૈકીના બે બળદની ઉત્તમ જોડને જોતરે છે. જ્યોતિ સર્વશ્રેષ્ઠ પમ્પ અને સર્વશ્રેષ્ઠ મોટરનું ઉત્પાદન કરે છે અને એ બન્નેને એક એકમમાં જોડીને એ યુનિબિલ્ટ પમ્પનું નિર્માણ કરે છે.

પમ્પ મોટરના ઉત્પાદન ક્ષેત્રમાં જ્યોતિની દાયકાઓની તાંત્રિક જાણકારી, વિશેષજ્ઞતા તેમજ ઊંડા સંશોધનના ફલસ્વરૂપ યુનિબિલ્ટ પંપ ઉત્તમ કામગીરી બજાવવામાં મોખરે છે. એ વિપુલ પાણી પૂરું પાડે છે અને ઓછામાં ઓછા વિદ્યુત ખર્ચે ચાલે છે. વધુ અનાજ ઉગાડવા આપ નચિંતપણે યુનિબિલ્ટ પર આધાર રાખી શકો છો!

## જ્યોતિ યુનિબિલ્ટ

ઉત્પાદક :

જ્યોતિ લિમિટેડ, વડોદરા ૩

***quality is our creed***





everest/716a/JY gj



પોસ્ટ ઑફિસ રિકરીંગ
ડિપોઝીટ યોજનાથી
આપની વૃદ્ધાવસ્થા અને કુટુંબ
નિશ્ચિંત બને છે.
આ યોજનામાં વીમા જેવા લાભો
પણ મળે છે.

નાની બચત
ઘડપણનો સહારો

વિગત માટે
કલેક્ટર કચેરી. પોસ્ટ ઑફિસ
જિલ્લા બચત અધિકારી

આજ માટે
તૈયાર છો.
પણ
આવતી
કાલ નો
વિચાર
કર્યો છે?



મા-પ્રા-ગુજ ૩-૭૪

# બૅન્ક ઑફ બરોડા હવે આપશે નાણાંકિય સહાય વિચક્ષણ વિદ્યાર્થીઓ માટે.



કૉલેજના શિક્ષણ માટે, અનુસ્નાતક અભ્યાસ માટે અથવા ટેકનીકલ કે વ્યાવસાયિક વિષયોના ડિપ્લોમા અભ્યાસક્રમ માટે તેમજ વધુ તાલીમાર્થે વિદેશપ્રવાસ માટે વિદ્યાર્થીઓને હવે નાણાંકિય સહાય મળી રહેશે.

વધુ વિગતો માટે આપની નજીકની બૅન્ક ઑફ બરોડાની શાખાના એજન્ટને મળો. એ આપને તમામ જરૂરી માર્ગદર્શન આપશે.

BANK OF BARODA

આપની પ્રગતિનું સોપાન —

**બૅંક ઑફ બરોડા**

ભારતમાં તથા પરદેશો - બ્રિટન, પૂર્વ આફ્રિકા, મોરિશિયસ, ફિજીટાપુઓ અને ગિયાનામાં મળીને ૧૨૫ ઉપરાંત શાખાઓનું જૂથ.

Shilpi BOB-1/72-1518 Guj

# સ્વાધ્યાય

## સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડે છે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂા. ૧૨=૦૦ ન.પૈ. (ટપાલખર્ચ સાથે)

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....પૌં ૧.૧૦

૩. આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવે છે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા વૉલ્યુમ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમ ડાયરેક્ટર, ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યુટ, વડોદરા, એ નામે મોકલવું.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉક્સ નં. ૭૫, વડોદરા.

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શક્ય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા જરૂરી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
લોકમાન્ય ટિળક રોડ,
પો. બૉક્સ નં. ૭૫,
**વડોદરા**

**સંપાદક**

મુદ્રક: શ્રી બંસીલાલ મોહનલાલ શાહ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા. પ્રકાશક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, નવેમ્બર, ૧૯૭૪.



ચિત્ર ૪

સોમેશ્વર મન્દિર, નાંડોલ, મૂલપ્રાસાદ (૧૦મી સદીનો અંત કે ૧૧મી સદીનો પ્રારંભ)

[ ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી ઢાંકીનો લેખ ]



ચિત્ર ૭

'ચારભુજા'ના વિષ્ણુમન્દિરનું શિખર, નાડોલ (૧૧મી સદીનું બીજું ચરણ)

(ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી ઢાંકીનો લેખ)